॥ ૐ ॥

શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ

સાયલા

# આરાધના શિબિર-૧૯

(મણિરત્નમલા અને યોગશાસ્ત્ર – પ્રકાશ ૧થી ૪ અને ૧૨)

તા. ૨૫-૧૨-૨૦૦૧ થી ૩૧-૧૨-૨૦૦૧

• સંચાલન •
બ્ર. નિ. શ્રી નલિનભાઈ

• સંકલન કર્તા •
બ્ર. નિ. શ્રી રસિકભાઈ




**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
નેશનલ હાઈવે ૮ એ ઉપર
સોભાગ પરા, સાયલા-૩૬૩ ૪૩૦.
ફોન : (૦૨૭૫૫) ૨૦૫૩૩, ૨૦૭૯૧
E-mail : rajsobhag@yahoo.com

॥ ૐ ॥

# આરાધના શિબિર - ૧૯

(મણિરત્નમાલા અને યોગશાસ્ત્ર)

[પ્રકાશ ૧ થી ૪ અને ૧૨]


સંચાલન

બ્ર. નિ. નલિનકાંત કોઠારી

સંકલન

બ્ર. નિ. રસિકભાઈ શાહ



શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ

સોભાગ પરા, સાયલા-૩૬૩૪૩૦

પ્રકાશક : **પ્રકાશન સમિતિ**
શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
સોભાગ પરા, સાયલા-૩૬૩૪૩૦

આવૃતિ : વિ.સં. ૨૦૫૮
ઈ.સ. ૨૦૦૧

પ્રત : ૫૦૦

મુદ્રક : **નૈષધ પ્રિન્ટર્સ**
નારણપુરા ગામ
**અમદાવાદ-૧૩**
ફોન : ૭૪૯ ૧૬ ૨૭

પ્રાપ્તિસ્થાન : **શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
શ્રી રાજ સોભાગ આશ્રમ
સોભાગ પરા, **સાયલા**
જિ. સુરેન્દ્રનગર-૩૬૩૪૩૦
ફોન : (૦૨૭૫૫) - ૨૦૫૩૩
Tele/Fax : (૦૨૭૫૫) - ૨૦૭૯૧
Email - rajsaubhag@yahoo.com

# પ્રસ્તાવના

**અપ્પા નઈ વેયરણી, અપ્પા મે કુડ સામલી ।**
**અપ્પા કામદુધા ધેણુ, અપ્પા મે નંદનવન ॥**

**– ઉ. સૂત્ર**

આપણો આત્મા વૈતરણી નદી સમાન છે. આત્મા કુડ શાલ્મલીવૃક્ષ છે. આત્મા કામધેનુ ગાય છે, તેમજ આત્મા પોતે જ નંદનવન છે.

આપણે સૌ આત્માને ઓળખવા અને અનુભવવાનો પુરુષાર્થ કરી રહ્યા છીએ. તેના અનુસંધાને પ્ર.કૃ.દેવે "મણિરત્નમાલા" અને "યોગશાસ્ત્ર"નું વાંચન કરવાનું તેઓના પત્રોમાં મુમુક્ષુઓને જણાવેલ હતું. આપણે આ શિબિરમાં તે બંને વિષયો પસંદ કરેલ છે.

"મણિરત્નમાલા"- વૈરાગ્યપ્રેરક પુસ્તક છે જ્યારે "યોગશાસ્ત્ર" એ આત્માને યોગ્યતા પ્રાપ્ત કરવાનું અને એ દ્વારા આત્મ અનુભવ સુધી પહોંચવા માટેનું માર્ગદર્શન આપતું પુસ્તક છે. તે બંનેનો અભ્યાસ કરી તેના પર ચિંતન અને મનન દ્વારા સૌ મુમુક્ષુઓ પોતાની સાધનામાં ઉત્તરોત્તર આગળ વધે એજ અભ્યર્થના.

પ્રકાશન સમિતિ
**શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ**
સાયલા

# મણિરત્નમાલા

આ 'મણિરત્નમાલા'માં સંક્ષેપથી સર્વ શાસ્ત્રના સારરૂપ વિષય લેવામાં આવેલ છે. સંસાર સાગરથી તરવાને માટે આ ઉત્તમ નૌકા સમાન છે. વેદાંત(આગમ)ની પ્રક્રિયાની પ્રાપ્તિને માટે આ ચિંતામણિ છે. પરમ હંસો(સત્પુરુષો)ને વિશ્રાંતિ માટે આ માનસરોવર છે. આનંદ અનુભવના સંકલ્પને પૂર્ણ કરનાર આ કલ્પવૃક્ષ છે. મોક્ષની જીજ્ઞાસાવાળા મુમુક્ષુઓને આ કામધેનું છે અને અનેક અધ્યાસરૂપ પરિવાર સહિત અજ્ઞાનરૂપ હાથીનું મર્દન કરવામાં આ ગ્રંથ સિંહ સમાન છે.

***અપાર સંસારસમુદ્રમધ્યે નિમજ્જતો મે શરણં કિમસ્તિ ||***
***ગુરો કૃપાલો કૃપયા વદૈત- દ્વિશ્વેશપાદાંબુજદીર્ઘનૌકા || ૧ ||***

**શિષ્ય પુછે છે કે** - હે કૃપાલુ ગુરુ ! આ અપાર એવા સંસારસમુદ્રમાં ડૂબતો એવો જ હું છું, તેને સંસારરૂપી સમુદ્રથી પાર ઉતરવાને માટે શરણ શું છે ? અર્થાત્ કયા ઉપાય દ્વારા હું પાર ઉતરી શકું તેમ છું ? તે કૃપા કરીને કહો.

**ગુરુ કહે છે કે,** - વિશ્વેશ ! પાદાંબુજ રૂપ જે મોટું વહાણ છે, તે તારે શરણ છે; અર્થાત્ વિશ્વેશ એટલે વિશ્વ જે જગત્ તેના ઈશ, પરમેશ્વર અથવા વિશ્વેશ તે સદ્‌ગુરુ તેનાં પાદાંબુજનું સેવન કરવાથી, તે દ્વારા જ્ઞાનપ્રાપ્તિ થતાં ભવસંસારથી પાર ઉતરી શકીશ; એટલે કે ગુરુના પાદારવિન્દરૂપી વહાણ ભવાબ્ધિથી પાર ઉતારનાર છે.

સંસાર સમુદ્રમાં જો ખરેખરું સાધન પ્રાપ્ત થાય; તો જ જન્મમરણના ફેરામાંથી મુક્ત થવાય છે. અને જો સાધન હાથ ન લાગે તો જન્મ મરણ થયા જ કરે છે. માટે સંસાર સમુદ્રથી પાર થનારને, પાર થવા માટે ગુરુના ચરણકમળનો આશ્રય સર્વોત્કૃષ્ટ છે. જેમ અપાર એવા સાગરથી પાર ઉતરવા માટે જેમ ચતુર ખલાશીની આવશ્યકતા છે; તેવી જ નહિ પણ તે કરતાં વિશેષ આવશ્યકતા

સંસાર સમુદ્રથી પાર ઉતરવાને માટે ગુરુની છે. ગુરુના ચરણ કમળરૂપી દૃઢ વહાણ છે અને ગુરુના ચરણ કમળમાં અનન્ય ભાવથી પ્રેમ કરવો એ દ્રવ્ય છે(એટલે આત્મારૂપ છે.) આ પ્રમાણે જ્યારે મનુષ્ય અનુસરે, તો જ સંસાર સાગરથી પાર ઉતરી શકે છે. વળી શુભ કર્મો કરીને તે કર્મો પરમાત્માને અર્પણ કરી (નિષ્કામપણે કર્મયોગની સાધના કરી) તે પરાયણ થવું તો જ સંસાર સાગર તરી શકાય છે.

***બ્રહ્મનિષ્ઠો ગૃહસ્થઃ સ્યાત્ તત્ત્વજ્ઞાન પરાયણઃ ।***
***યત્ યત્ કર્મ પ્રકુર્વીત તદ્ બ્રહ્મણિ સમર્પયેન ॥***

ગૃહસ્થે બ્રહ્મનિષ્ટ તથા તત્ત્વજ્ઞાન પરાયણ થવું જોઈએ અને જે કાંઈ કર્મ કરવામાં આવે, તે તેણે પરબ્રહ્મને અર્પણ કરવું જોઈએ. એટલે કે જે કોઈ કાર્ય કરવામાં આવે તે નિષ્કામભાવથી કરવું જોઈએ. કારણ કે કોઈપણ ફળ પ્રાપ્તિનો ઉદ્દેશ મનમાં રાખીને કરેલું કર્મ સકામ કહેવાય છે. તે કર્મના ફળ અનુસંધાનની વાસનાનો સંચય બંધનનો હેતુ થાય છે, અને ફળની કામના સિવાય નિષ્કામ કર્મ મુક્તિનો હેતુ થાય છે. આ માટે ભક્તિ કરવી તે ભક્તિના નવ પ્રકાર આ પ્રમાણે કહ્યા છે.

૧. સત્પુરુષોનો સંગ કરવો, એ પહેલો પ્રકાર છે.

૨. જ્ઞાનીપુરૂષોની કથાના પ્રસંગમાં રૂચી કરવી એ બીજો પ્રકાર છે.

૩. અહંકાર તજીને ગુરુના ચરણકમળોની સેવા કરવી એ ત્રીજો પ્રકાર છે.

૪. કપટનો ત્યાગ કરી, પરમાત્માના ગુણાનુવાદ કરવા એ ચોથો પ્રકાર છે.

૫. દૃઢ વિશ્વાસથી પરમાત્માના નામ સ્મરણરૂપ મંત્રનો જપ કરવો એ પાંચમો પ્રકાર છે.

૬. જીતેન્દ્રિયપણું, સારો સ્વભાવ, ઘણા કર્મો કરવામાં વૈરાગ્ય અને સર્વદા સજ્જનોના ધર્મમાં અભિરૂચિ એ છઠ્ઠો પ્રકાર છે.

૭. સર્વ જગતને પોતાના આત્મા સમાન જોવું, સંતજનોને પરમાત્માથી પણ અધિક ગણવા એ સાતમો પ્રકાર છે.

૮. જે કાંઈ પોતાને પ્રાપ્ત થાય તેટલાથી સંતોષ રાખવો અને સ્વપ્ને પણ પારકા દોષો જોવા નહિ એ આઠમો પ્રકાર છે.

૯. સર્વ સાથે સરળતાથી વર્તવું, પરમાત્મા(પ્રારબ્ધ)નો ભરોસો રાખવો અને મનમાં હર્ષ- શોક રહિત થવું. એ નવમો પ્રકાર છે. આ સઘળા પ્રકાર જેના અંત:કરણમાં દઢ હોય છે, તેઓ બ્રહ્મભાવને પામે છે.

નિશ્ચળ બ્રહ્મ(આત્મ) સ્વરૂપ અને સંસારથી પાર ઉતારનાર જે ગુરુ તે સાક્ષાત વિશ્વેશ્વર છે. મનોનિગ્રહ કરનાર બ્રહ્મ સ્વરૂપ ગુરુના પાદારવિન્દ ત્રિવિધ તાપને દૂર કરી, બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે અને જેથી સંસારમાં આવાગમન ટળી જાય છે.

ગુરુને કૃપાળુ શબ્દ લગાડ્યો છે, તે એ માટે કે જેઓ કૃપાયુક્ત હોય છે, તેઓ જ આવો સન્માર્ગ દર્શાવી તે માર્ગે વિચરવા શિષ્યને સુબોધ આપે છે. ગુરુ બોધ આપે છે તે બોધ પણ શિષ્ય નિર્મળ અંત:કરણવાળો હોય તો જ અવધારી શકે છે.

***બદ્ધો હિ કો યા વિષયાનુરાગી કો વા વિમુક્તો વિષ્યે વિરક્ત: ||***
***કો વાઽસ્તિ ઘોરો નરક: સ્વદેહ સ્તૃષ્ણાક્ષય: સ્વર્ગપદંકિમસ્તિ || ૨ ||***

(શિષ્ય પોતાના બંધની નિવૃત્તિ માટે બદ્ધ લક્ષણ પુછે છે.)

અક્ષરાર્થ :

શિષ્ય - બદ્ધ કોણ કહેવાય ?

ગુરુ - જે વિષયોમાં અનુરાગવાળો છે તે.

શિષ્ય - વિમુક્ત કોણ ?

ગૂરૂ - વિષયોથી જે વિરક્ત છે તે.

શિષ્ય - ઘોર નરક ક્યું છે ?

ગુરુ - પોતાનો દેહ છે તે.

શિષ્ય - સ્વર્ગપદ શું કહેવાય ?

ગુરુ - તૃષ્ણાનો ક્ષય તે.

જે શબ્દ સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ વિષયોને પાંચ જ્ઞાનેન્દ્રિયો વડે ગ્રહણ કરે છે અને તેમાં આસક્ત થાય છે તે બદ્ધ કહેવાય છે. એટલે કે તેને નવા કર્મોનું બંધન થયા કરે છે. આ પાંચ વિષયોમાં રાચવાથી બંધન થાય છે માટે તેનાથી અળગા રહેવાનો પુરૂષાર્થ કરવાનો છે. વિષયોમાં આસક્ત થવાથી દેહાદિમાં અહંભાવ ઊભો થાય છે તે બંધન છે. આ બંધનને કારણે જીવ જુદી જુદી યોનિયોમાં ભમ્યા કરે છે. અને જન્મમરણ કરી મહાદુઃખને પામે છે. માટે શમ અને દમ દ્વારા ઇન્દ્રિયોને વશ કરી નિર્વિકાર-નિર્વિકલ્પ સમાધિને પ્રાપ્ત કરવા માટે પુરૂષાર્થ કરવાનો છે. જો તારે નિર્વિકલ્પ સમાધિરૂપ સ્થિતિ પ્રાપ્ત કરવી છે તો ક્ષમા, આર્જવ, દયા, સંતોષ અને સત્ય એ પાંચ સાત્ત્વિક ગુણની અગત્ય છે, તેનું સેવન કર.

પોતાનો દેહ છે તે ઘોર નરક છે. કારણકે દેહમાં જે અહંતા અને મમતા રહેલી છે તેને કારણે સ્થૂળ દેહની પ્રાપ્તિ થાય છે અને તેને કારણે અનેક વિકટ દુઃખો રૂપી જાળમા ફસાયેલા રહેવું પડે છે જેને નરક કહેવામાં આવેલ છે.

હે જીવ ! તને લાંબા-કાળથી પ્રાપ્ત થયેલી દેહાદિની અહંબુદ્ધિ તેનો ત્યાગ કરી દે અને વિવેક બુદ્ધિને ધારણ કરીને નિરંતર પરબ્રહ્મનું જ આત્મભાવથી ચિંતન કર્યા કર. કે જેના વડે તું મુક્તપણું પ્રાપ્ત કરી શકીશ.

જે કોઈ દેહને કારણે દુઃખી થાય, તેને ગોરો, કાળો માને, દેહના સર્ગને કારણે પોતાને રોગી માને, દેહની જુવાનીએ યુવાન માને, વૃદ્ધ થતાં વૃદ્ધ માને તે ઘોર નરકમાં જ પડેલો છે.

પણ જેવું અનાદિકાળથી ચાલ્યા આવતા દેહાભિમાનરૂપી પાશમાંથી છૂટવા માટે શુદ્ધ વિચાર કરે કે, હું તો બોધસ્વરૂપ અખંડ અને પરિપૂર્ણ આત્મ સ્વરૂપ છું, તો તું સુખી થઈશ. જ્ઞાનરૂપી ખડગ હાથમાં ધારણ કરી પાપભાવોને કાપીને સુખી થવાનો પ્રયત્ન કર.

અષ્ટાવ્રકજી શિષ્યને કહે છે કે ‘જો તું દેહને તથા આત્માને વિવેક કરીને જુદા જાણ અને આત્મામાં વિશ્રામ કરીને એકાગ્ર ચિત્તવાળો થા. તો તું હમણાં જ મનુષ્ય દેહને વિષે પરમાનંદ તથા શાંતિ પામીશ. એટલે કે તું અનેક અનર્થ રહિત થઈશ.’

તૃષ્ણાનો ક્ષય તે સ્વર્ગ(મોક્ષ). વિષયતૃષ્ણાનો નાશ તે જ સ્વર્ગ(મોક્ષ) પદ છે. જે તૃષ્ણાને જીતી લે છે, તે નિત્યમુક્ત છે. નિશ્ચયથી તો આત્મા નિત્ય મુક્ત છે, તેને બંધ કે મોક્ષ કાંઈ નથી, પણ જે તૃષ્ણા છે એ જ મોટો બંધ છે. માટે તૃષ્ણાનો નાશ થતાં જ મોક્ષ સિધ્ધ થાય છે.

***સંસારહૃત્ કસ્તુ નિજાત્મબોધ : । કોમોક્ષહેતુ: પ્રથિત: સએવ ।।***
***દ્વારં કિમેકં નરકસ્ય નારી । કાસ્વર્ગદા પ્રાણ શ્રૃતામહિંસા ।।૩।।***

અર્થ :

શિષ્ય - હે ગુરુ ! સંસારને કોણ હરે છે ?

ગુરુ - નિજાત્મબોધ તે સંસારને હરે છે.

શિષ્ય - મોક્ષનો હેતુ કોણ ?

ગુરુ - જે પ્રસિદ્ધ બોધ છે તે.

શિષ્ય - નરકનું દ્વાર શું છે ?

ગુરુ - સ્ત્રી છે તે. - કામ વિષય છે તે.

શિષ્ય - પ્રાણિયોને સ્વર્ગદાતા કોણ છે ?

ગુરુ - અહિંસા.

ગુરુ કહે છે કે - 'સંસાર નિવૃત્તિનો ઉપાય નિજાત્મબોધ છે. અર્થાત્ 'અહં બ્રહ્માસ્મિ' એવું નિર્મળ જ્ઞાન થાય ત્યારે સંસાર નાશ પામે છે. જ્યાં સુધી મનમાંથી સંસાર ભાવ ગયા નથી. ત્યાં સુધી ગમે તે વેષ ધારણ કરે તો પણ મુક્તિ થતી નથી. જ્યાં સુધી અંતરમાંથી વાસના નિર્મૂળ થઈ નથી અર્થાત્ મન વાસનાથી વિરક્ત થયું નથી, ત્યાં સુધી જે વેષ ધારણ કરે છે તે રૌરવ નર્કમાં પડે છે. માટે વાસનાને નિર્મૂળ કરવાનો પુરૂષાર્થ કરવો એ મુખ્ય વાત છે. જ્યારે વાસનાનો ત્યાગ થાય એટલે સંસાર ભાવોનો નાશ થાય ત્યારપછી જે સંસારમાં વર્તવું થાય તે પ્રારબ્ધ સમજવું. નિજાત્મબોધ તે શું ? ગુરુ જવાબ આપે છે - જે જીવ અધિકારી થઈને, સાધન ગ્રહીને ચતુષ્ટય સંપન્ન થઈને ગુરુને શરણ જાય, ત્યારે ગુરુ મહાવાક્ય (મર્મરૂપ વાત)નો ઉપદેશ કરે અને તે ઉપદેશથી જે

જ્ઞાન-પોતાના સ્વરૂપનો બોધ થાય તે નિજાત્મબોધ કહેવાય છે.

મોક્ષનો હેતુ આ જ નિજાત્મ બોધ કહેલો છે. જેને સત્યાત્મ બોધ પણ કહેવામાં આવે છે.

નારી - કામવાસના - વિષયવાસના એ જ નરકનું દ્વાર છે. તેમાં આસક્ત થઈને વર્તવું તે જ નરકનો માર્ગ છે. એ મુમુક્ષુએ જાણવું. તેનો સર્વથા ત્યાગ કરે તો મોક્ષમાર્ગે જાય છે. મદ્યપાનમાં જેમ મોટું પાપ છે તેમજ કામવાસનાના સંગમાં પણ તેટલું જ પાપ છે. માટે તે બન્ને નો ત્યાગ કરવો કે જેથી નરકમાં જવું ન પડે. અહીંયા એમ પણ કહી શકાય કે, 'જે કોઈ ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તે છે અને પરસ્ત્રીમાં માતૃબુદ્ધિ રાખે છે તે બ્રહ્મચારી સમાન ગણાય છે. પરદારાનો ત્યાગ અને સ્વદારામાં સંતોષ કરનાર તે ગૃહસ્થી બ્રહ્મચારી કહેવાય છે. માટે આ પ્રમાણે અનુસરનાર ગૃહસ્થને બાધ આવતો નથી. માટે વગર પરણ્યે પણ રાજી થવું નહિ અને પરણીને સ્ત્રીનો ત્યાગ કરીને પણ રાજી થવું નહિ. જ્યારે સમ્યક્‌પણે બાહ્યાંતરનો ત્યાગ થાય તો જ તે ખરો ત્યાગ છે. માટે મનથી સ્ત્રી - કામવાસનારૂપ વિષયનો ત્યાગ કરવો.'

અહિંસા સ્વર્ગદાતા(મોક્ષદાતા) છે. અહિંસા એટલે સમભાવ બધા જીવોને પોતાના સમાન ગણવા અને તેની હત્યા ન થઈ જાય તે લક્ષમાં રાખી જીવન જીવવાનો પુરૂષાર્થ કરવો. હિંસા એટલે વિષમભાવ. જો આત્માને અનુભવ્યો હોય તો પછી સર્વ પ્રાણીઓ વિષે સમભાવ રહી શકે. માટે અહિંસા એ સ્વર્ગ(મોક્ષ)ને દેનાર છે. અહિંસા ભાવ માનસિક, વાચિક, અને કાયિક હોવો જોઈએ. એટલે કે મનથી, વચનથી કે કાયાથી હિંસા કોઈપણ જીવની ન થાય તે લક્ષમાં રાખવાનું છે.

***અહિંસા પરમો ધર્મો, અહિંસા પરમં તપઃ ।***
***અહિંસા પરમં જ્ઞાન, અહિંસા પરમાગતિ ॥***

અહિંસા એ પરમ એટલે ઉત્કૃષ્ટ ધર્મ છે, અહિંસા એ પરમ કરેલાં ઉત્કૃષ્ટ તપ છે. અહિંસા એ પરમ જ્ઞાન છે અને અહિંસાથી પરમ ગતિ-ઉત્કૃષ્ટ સ્થિતિ-માંથી પ્રાપ્ત થાય છે.

અહિંસા એ સ્થુળથી અને સૂક્ષ્મથી પણ પાળવાની છે. જેનું ફળ સ્વર્ગ-મોક્ષ મળે છે.

***શેતે સુખં કસ્તુ સમાધિ નિષ્ઠો જાગર્ત્તિ કોવા સદસદ્વિવેકી ।***
***કેશત્રવઃ સંતિ નિજેંદ્રિયાણિ તાન્યેવ મિત્રાણિ ચિતાનિકાનિ ॥ ૪ ॥***

**અર્થ :**

શિષ્ય - હે ગુરુ ! સુખે શયન કોણ કરે છે ?

ગુરુ - જે સમાધિનિષ્ઠ છે તે.

શિષ્ય - જાગૃત કોણ છે ?

ગુરુ - જે સદ્ અસત્ વિવેકી છે તે.

શિષ્ય - શત્રુ કોણ છે ?

ગુરુ - પોતાની ઇન્દ્રિયો છે તે.

શિષ્ય - મિત્ર કોણ છે ?

ગુરુ - ઇન્દ્રિયો જીતાણી એટલે તે જ મિત્ર છે.

જે સમાધિનિષ્ઠ છે તે સુખે સૂવે છે. તે સમાધિ સવિકલ્પ અને નિર્વિકલ્પ એમ બે પ્રકારની છે. સવિકલ્પ સમાધિ હઠપૂર્વક-જાગૃતિપૂર્વક કરવી પડે છે. જ્યારે નિર્વિકલ્પ સમાધિ જ્ઞાનનું પરિણામ છે. આત્મસુખ તો નિર્વિકલ્પ સમાધિમાં જ પ્રાપ્ત થાય છે.

***ધ્યાતૃધ્યાન પરિત્યજ્ય ક્ષાદ્ધયૈક ગૌચરમ્ ।***
***નિવાત દીપવ શ્ચિતં સમાધિ રભિધીયતે ॥૫॥***

એટલે કે ધ્યાતા અને ધ્યાનથી પર થઈને એક ધ્યેય જ જેનો વિષય છે, એવું નિવાત દીપના જેવું ચિત્ત, સમધિ કહેવાય છે. નિદિધ્યાસનની પરિપકવ અવસ્થા તે સમાધિ. નિદિધ્યાસનનનો એટલે ચિંતનનો અભ્યાસ વૃદ્ધિ પામતાં તેમાં ધ્યાતા અને ધ્યાન ધ્યેય રૂપ બની જાય છે. એટલે કે બ્રહ્મસ્વરૂપ બની જાય છે. અને ચિત્ત સ્થિર થઈને પવન વગરના દીપક જેવું થઈ જાય છે. શ્વાસોચ્છ્વાસ

પણ સ્થિર થઈ જાય છે. આવી અવસ્થા તે સમાધિ કહેવાય છે. યોગ સાધના દ્વારા કેવળ વૃત્તિ શૂન્ય થયેલું અત્યંત અપરિણામી બનેલું ચિત્ત આત્માને વિષે સ્થિતિ કરે છે એટલે આત્મમય થઈ જાય છે. વૃત્તિ માત્રનો લય થઈ જાવાથી ચિત્ત હવે આત્મામય થઈ જાય છે. એ જ સમાધિ છે.

આમ જે પુરૂષ આત્મસ્વરૂપમાં જ આનંદિત છે અને આત્મસ્વરૂપથી તૃપ્ત છે, આત્મામાં જ સંતુષ્ટ છે તેને કાંઈ કર્તવ્યરૂપ નથી. તેનો આત્મા નિવાત સ્થાનમાં મૂકેલા દીપકની જ્યોતિ જેવો સ્થિર છે. અને પ્રકાશમાન છે. અનાત્માકાર વૃત્તિના વ્યવધાનરહિત બ્રહ્માકાર વૃત્તિની સ્થિતિ તે નિદિધ્યાસન.

આખા જગતમાં સર્વ જગ્યાએ આત્માઓ રહેલા છે એ પ્રકારે નિશ્ચય કરીને સર્વ ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો તે 'યમ' કહેવાય છે.

હું આત્મા(બ્રહ્મ) છું એ પ્રકારે જ્ઞાનનો પ્રવાહ અને વિજાતીય તિરસ્કૃતિ અર્થાત બ્રહ્મથી અતિરિક્ત સકલ સંસાર મિથ્યા છે, એ પ્રકારના જ્ઞાનને નિયમ કહે છે.

ચૈતન્ય સ્વરૂપ અનુભવ(અવલોકન) કરીને, જે પ્રપંચનો ત્યાગ કરવો તે ત્યાગ કહેવાય છે: જેથી શીઘ્ર મોક્ષ મળે છે.

જે વાણી અને મન દ્વારા પ્રાપ્ત નથી થઈ શક્તો એવી પરબ્રહ્મ સ્થિતિ તે મૌન છે. એ મૌન જ્ઞાનીપુરૂષોને સ્વભાવ સિદ્ધ હોય છે.

સર્વપ્રકારના પદાર્થોમાં બ્રહ્મભાવના કરી સર્વપ્રકારની ઇન્દ્રિયોની વૃત્તિ રોકવી તે પ્રાણાયામ કહેવાય છે. મિથ્યાત્વભાવોને બહાર કાઢવા તે રેચક પ્રાણાયામ છે, આત્મસ્વરૂપ અને તેના ગુણોમય સ્થિતિમાં રહેવું તે પૂરક પ્રાણા-યામ છે. નિશ્ચળતાથી એક આત્મા જ સર્વ સ્વરૂપ છે એવો નિશ્ચય તે કુંભક પ્રાણાયામ કહેવાય છે. આવો પ્રાણાયામ જ્ઞાનીઓને હોય છે.

ચિત્તને ચૈતન્યસ્વરૂપ આત્મામાં લગાડવું તે પ્રત્યાહાર છે, મનને બ્રહ્મસ્વરૂપના દર્શનમાં નિશ્ચળ કરવું તે ધારણા કહેવાય છે. બધાજ પ્રકારની બાધાઓને દૂર કરીને બ્રહ્મસ્વરૂપમાં જ સ્થિતિ કરવી તે ધ્યાન છે. એ પ્રમાણે થવાથી બ્રહ્મસ્વરૂપમાં જ સ્થિતિ કરવી તે ધ્યાન છે. એ પ્રમાણે થવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

નિર્વિકારી ચિત્ત વડે - પોતાને બ્રહ્મ સ્વરૂપ જ્ઞાન વડે સકળ પ્રપંચ ભાવનો પરિત્યાગ કરવો તે સમાધિ કહેવાય છે.

આ પ્રમાણે નિર્વિકલ્પ સમાધિવાળો સુખપૂર્વક શયન કરે છે.

જાગૃત એટલે કોણ જાગે છે ? તેનો પ્રત્યુતર આપતાં ગુરુ કહે છે કે - જેણે સદ્-અસદ્નો વિવેક કર્યો તે જાગ્યો-જાગૃત થયો. એટલે કે આત્માને દેહથી ભિન્ન જાણ્યો તે જાણ્યો. સત્ તે આત્મા અને અસત્ તે દેહ, આ પ્રમાણે જેણે આત્માને દેહથી ભિન્ન જાણ્યો તે જાગૃત થયો.

પોતાની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો જ પોતાની શત્રુ છે. કારણ કે જીવ તેમાં આસક્ત થઈને રમે છે. જીવ જ્યાં સુધી ઇન્દ્રિયો વડે વિષય ભોગવટો કરવાનો પ્રયત્ન કરે છે ત્યાં સુધી જન્મ-મરણના અસહ્ય દુઃખને પામે છે. માટે ઇન્દ્રિયો જ પોતાની મહાન શત્રુ છે.

મન અને ઇન્દ્રિય જો જિતાય તો તે જ મિત્ર છે માટે મન તથા ઇન્દ્રિયોને જીતવા પ્રયત્ન કરવો જોઈએ.

જ્યારે આપણને સદ્ગુરુ દ્વારા બોધ પ્રાપ્ત થાય છે ત્યારે જ આપણે જાણી શકીએ છીએ કે મન અને ઇન્દ્રિયોના વિષયોમાં રાચવું તે શત્રુતાનું કામ કરે છે અને સંસારમાં રખડાવે છે. માટે ઇન્દ્રિયોને જીતી લેવાથી તે જ મિત્ર બની જાય છે.

***કોવા દરિદ્રો હિ વિશાલ તૃષ્ણા: શ્રીમાંશ્ચકો યસ્ય સમસ્તિ તોષ: ||***
***જીવન્મૃતો કસ્તુ નિરુદ્યમો ય: કોવાડમૃતાસ્યા ત્સુખ નિરાશા || ૫ ||***

**અર્થ :**

શિષ્ય - દરિદ્રી કોણ ?

ગુરુ - વિશાળ તૃષ્ણાવાળો તે.

શિષ્ય - લક્ષ્મીવાળો કોણ ?

ગુરુ - જે સન્તોષી છે તે.

શિષ્ય - જીવતે મૂવો કોણ ?

ગુરુ - નિરુદ્યમી જીવતે મૂવો છે.

શિષ્ય - અમૃત સમાન સુખદાતા કોણ છે ?

ગુરુ - નિરાશા અમૃત સમાન સુખદાતા છે.

દુષ્ટ વિષય ભોગની તૃષ્ણાવાળો દરિદ્રી છે. તૃષ્ણા મહામોહદાયિની, ભયકારિણી અને વિષલતારૂપ છે. જેમકે પોતાની પાસે દ્રવ્ય છતાં પણ બીજા પાસેથી મેળવવાની ઇચ્છા કરવી અને મુળ મૂડીમાં વ્યાજ વગેરેથી વધારો કરવો તે તૃષ્ણા છે. અધિક તૃષ્ણાવાળો દરિદ્રી જાણવો. પોતાની પાસે સંપૂર્ણ વ્યવસ્થતા છે. છતાં તેનો ઉપયોગ ન કરતાં નવીન ઉત્પન્ન કરવા પ્રયત્ન કરે છે તે દરિદ્રી છે અને મહાદુઃખને પ્રાપ્ત થાય છે. ઉદર નિમિત્તે ધંધો કરવો જોઈએ, પણ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પાલન કરવું જ જોઈએ. જે એમ કરતો નથી તે દરિદ્રી છે. જેમ તૃષ્ણા વધારે તેમ દરિદ્રીપણું પણ વધારે ગણાય છે.

જેને સંતોષ છે તે લક્ષ્મીવાન છે. જેને સમ્યક્ તૃપ્તિ છે તે શ્રીમાન છે, જેની પાસે કાંઈ નથી છતાં પણ કોઈપણ પદાર્થની ઈચ્છા ન કરે તે ખરેખરો સંતોષી છે. સંતોષ સમાન એકપણ સુખ નથી અને અસંતોષ સમાન એકે દુઃખ નથી. પૃથ્વી પર વહેતું પાણી પવિત્ર છે, પતિવૃતા સ્ત્રી પવિત્ર છે. ક્ષમાવાન રાજા પવિત્ર છે અન્ને સંતોષી બ્રાહ્મણ પવિત્ર છે. માટે સંતોષ તે જ સુખ છે અને તે જ શ્રીમાન(ધનવંત) છે.

જે ઉદ્યમહીન છે તે જીવતાં છતાં મરેલો છે એટલે કે જે પરમાત્મ સ્વરૂપને મેળવવા માટે પ્રયત્ન કરતો નથી તે જીવતો હોવા છતાં મરેલા સમાન છે. જે પોતાની વાહવાહ થાય, તેમજ બીજા પોતાને મોટો ગણે એ પ્રકારના પ્રપંચો કર્યા કરે છે, પાપથી ડરતો નથી, એ ઉદ્યમી કહેવાતો નથી અને આ પ્રમાણે કરનાર જીવતા છતાં મરેલા સમાન જ છે. શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે - ધનને મેળવતાં, મેળવેલા ધનને વાપરતાં, રક્ષણ કરતાં, વાપરતાં, નાશ થતાં તથા તેનો ઉપભોગ કરતાં મનુષ્યોને પરિશ્રમ, ત્રાસ, ચિંતા તથા ભ્રમ થાય છે. ચોરી, હિંસા, મિથ્યાભાષણ, દંભ, કામ, ક્રોધ, મદ, વૈર, અવિશ્વાસ, કામવાસનાનું વ્યસન આ બધા અનર્થો ધનથી જ થાય છે. માટે આવા દુઃખદાયક દ્રવ્ય માટે ઉદ્યમ કરે અને પરમેશ્વરને- પરમાત્માને-બ્રહ્મસ્વરૂપને ઓળખવાનો ઉદ્યમ કરે નહિ તે જીવતે મૂવો છે.

જે આશા વગરનો છે. તે મહાસુખી છે. વિષય ભોગની દુષ્ટ દુરાશા જ્યારે નાશ પામે છે ત્યારે મહાસુખી થાય છે. આશા રાખવી એ જ મોટું દુઃખ છે અને નિરાશા(નિર+આશા) જેનામાંથી સંપૂર્ણ આશાઓ નાશ પામી ગઈ છે. સંપૂર્ણ આશા તૃષ્ણાથી રહિત એવા જ્ઞાનીપુરૂષ જ સૌથી સુખી છે.

નિર + આશા એટલે આશા તૃષ્ણા રહિતપણું. આ જેને પ્રાપ્ત છે તેવા જ્ઞાનીઓ જ હોય છે. અને જ્ઞાનીને આશારહિતપણું, સ્પૃહા રહિતપણું સહજ હોય છે. તેથી નિરાશાને અમૃત સમાન કહેલ છે. જેમ અમૃત પીવાથી અમર થવાય છે તેમ નિરાશા જેને પ્રાપ્ત થઈ છે એટલે કે જે આશારહિત સંપૂર્ણ જ્ઞાન અવસ્થામાં બિરાજમાન છે તે સર્વદા સુખી છે એટલે કે નિર+શા-આશાતૃષ્ણા રહિત છે તે જ સુખેથી સૂઈ શકે છે. આશાવાળો તો હંમેશાં ભયમાં જ ફફડતો જ હોય છે એટલે જે કાંઈ મળેલું હોય તેનો આનંદ લઈ શકતો નથી અને નથી મળેલ તેને મેળવવાની તૃષ્ણામાં જ તણાઈ જાય છે. તેથી અમૃત સમાન સુખી બનવું હોય તો આશાનો ત્યાગ કરો.

***પાશોહિ કો યો મમતા ભિધાન; સમાહ યત્યેવ સુરેવ કાસ્ત્રી ।***
***કોવા મહાંધો મદનાતુરોયો મૃત્યુશ્ચ કો વાપયશઃ સ્વકીયમ્ ॥ ૬ ॥***

**અર્થ :**

શિષ્ય - પાશ શું છે ?

ગુરુ - મમતા છે તે પાશ છે.

શિષ્ય - મદિરા સમાન મોહ કોણ ઉપજાવે છે ?

ગુરુ - સ્ત્રી મદિરા સમાન મોહ ઉપજાનવનાર છે.

શિષ્ય - મોહાન્ધ કોણ છે ?

ગુરુ - મદનાતુર છે તે.

શિષ્ય - મૃત્યુ તે શું ?

ગુરુ - પોતાનો અપયશ તે મૃત્યુ.

પાશ એટલે બંધનરૂપ શું છે ? મમતા છે તે પાશ-બંધન છે. અહંતા

મમતાના લક્ષણથી જે અભિમાન તે જ મુખ્ય પાશ છે. ઘૃણા, લજ્જા, ભય, શોક, જુગુપ્સા, કુળ, શીલ અને જાતિ એ આઠ પાશ-બંધન છે. આ આઠ પાશ મમતારૂપી પાશના અંતર્ગત છે. સર્વદોષોનું મૂળ અહંકાર છે; અને તેથી સંસારના દુ:ખ ઊભા થાય છે. પાશ એટલે ફાંસો એમ પણ અર્થ થાય છે. ઉપર પ્રમાણે આઠ પ્રકારના અભિમાન કરવા રૂપ વર્તન કરવું તે પાશ-ફાંસો-બંધન છે. જગતમાં જે કોઈ પ્રકારનું દુ:ખ ભોગવવાનું આવે છે તેનું કારણ મમતા છે. માટે સુખની જરૂર હોય તેણે મમતાનો મૂળમાંથી નાશ કરવો ઘટે છે.

સ્ત્રી - કામવાસના મદિરા સમાન મોહ ઉપજાવનાર છે. જેમ મદિરા પીનારને વિહ્વળ બનાવે છે. તેમ કામ વાસનારૂપ વિષય જીવને મોહિત કરી દે છે અને તેથી ધર્માધર્મ કર્તવ્યાકર્તવ્ય અને સદસદ્વિવેક રહિત કરી દે છે. મદિરાનું પાન કરવાથી જ જીવ વિહ્વળ બને છે પણ કામવાસના ઊભી થતાં જ જીવ વિહ્વળ બની જાય છે. માટે કામવાસના તરફથી દૃષ્ટિ હઠાવી દેવી. પીવારૂપ મદિરાનો નશો તો થોડો સમય રહી નાશ પામી જાય છે પણ કામ વાસના રૂપ મદિરાનો નશો ઉતરતો નથી, પણ એને પોસવાથી વધતો જાય છે. સર્વદુ:ખનું મૂળ કારણ કામવાસના છે. જેઓ આ કામવાસનાના મોહમાં સપડાયા નહિ તેઓ જ સંસારના આવાગમનથી મુક્ત થઈ શક્યા છે. અને જેઓ તેમાં ફસાયા તેઓ લક્ષચૌરાશી યોનિના મહા અસહ્ય કષ્ટને પામ્યા છે. વિવેકી પુરૂષ પણ જો જાગૃતિ ન દાખવે તો કામવાસના વિવેકભ્રષ્ટ કરી નાખે છે. કામવાસનાના સ્મરણથી પાપ, તેવી દૃષ્ટિ કરવાથી ઉન્માદ અને તેનો સ્પર્શ કરવાથી મોહ ઉત્પન્ન થાય છે. માટે કામવાસનાનો સર્વથા ત્યાગ કરવા તરફ આગળ વધવું જોઈએ.

મહાન્ધ કોણ છે ? મદનાતુર છે તે મહાઅંધ છે. કલત્ર અને પુત્રાદિ અભિલાષાવાળો, રોગી જેમ રોગથી વિહવળ થાય છે, તેમ તે વિહવળ થાય છે. તેની પાસે વિવેકરૂપી નેત્ર ન હોવાથી તે મહાઅંધ છે. જે પુરૂષને અથવા સ્ત્રીને ઉપસ્થ ઇન્દ્રિયનો ભોગ નિવૃત થયો નથી તે મહાઅંધ છે. તે પાપથી ડરતો નથી. નિંદ્ય કર્મથી ડરતો નથી. ભક્ષ્યાભક્ષ્યથી ડરતો નથી. સુરાપાન, ચોરીથી પણ ડરતો નથી. કામવાસનાને કારણે અહીં તહીં ભટકતો ફરતો ફરે છે અને લોકોમાં પણ ધિક્કારને પાત્ર થાય છે. જેઓ વિષયોમાં લપટાયેલા છે તેવાઓના પડછાયે પણ ઊભા રહેવું નહિ, વળી જે આંખે આંધળો છે તેને વાસ્તવિક

આંધળો નહિ, પણ જે મદનાતુર છે તે જ ખરો અંધ છે.

પોતાનો અપયશ થવો એનું નામ જ મૃત્યુ છે; અપકીર્તિ સહિત જીવવા કરતાં પણ વિચારશીલને મરી જવું એ સારું છે. સંસારમાં રહેલા મનુષ્યનું મુખ્ય કર્તવ્ય છે કે પોતાના ધર્મના સેવનથી ઘણા કાળ પર્યન્ત રહેવાવાળા યશરૂપ ઉજ્જ્વળ ચન્દ્રમાંનો ઉદય થાય. એથી વિશેષ પરલોકમાં સુખ નથી, માટે કીર્તિની હાનિ કરવી જોઈએ નહિ.

પોતાના વર્ણાશ્રમ ઉચિત ધર્મનો ત્યાગ કરી, મદ્યપાન, માંસ ભક્ષણ, પરસ્ત્રી કે પરપુરુષ અંગ અને તેવાઓની સોબત તથા પારકાને પીડા આપવાથી અપયશ થાય છે. માટે આવા દુષ્ટ આચરણોનો ત્યાગ કરવો. અપયશવાળાનું સ્થૂળ શરીર હોવા છતાં તે મૃત્યુ પામ્યા સમાન જ છે. અપકીર્તિવાળાને કોઈ આદર આપતું નથી, તેનો કોઈ વિશ્વાસ કરતું નથી, તેને કોઈ પોતાને ત્યાં આવવાં દેતું નથી, સર્વ તેના તરફ તિરસ્કારની નજરે જુએ છે. માટે અપકીર્તિ એ મરણ કરતાં પણ અધિક છે. તેમજ આત્મશ્લાઘા કરવી એ પણ મૃત્યુરૂપ છે. માટે અપકીર્તિ ન થાય તેવું લક્ષ રાખવું.

***કોવા ગુરુર્યો હિ હિતોપદેષ્ટા શિષ્યસ્તુ કો યો ગુરુભક્ત એવ ।***
***કોદીવ રોગો ભવ એવ સાધો કિમૌષધં તસ્ય વિચાર એવ ॥***

**અર્થ :**

શિષ્ય - ગુરુ કોણ ?

ગુરુ - હિતોપદેશ દેનાર તે.

શિષ્ય - શિષ્ય કોણ કહેવાય ?

ગુરુ - ગુરુભક્ત હોય તે.

શિષ્ય - હે સાધો ! મોટો રોગ કયો ?

ગુરુ - સંસાર.

શિષ્ય - તેનું ઔષધ શું છે ?

ગુરુ - સંસારનો વિચાર કરવો તે.

હિતનો ઉપદેશ કરે તે ગુરુ. સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ જેનાથી થાય તે હિતોપદેશ કહેવાય. વૈરાગ્યાદિ થી સાધન સંપન્ન થવાય તેવો ઉપદેશ કરે તે ગુરુ કહેવાય. ચોરાસી લાખ યોનિમાં ફરવું તેના સમાન એકે દુખ નથી અને કૈવલ્ય મુક્તિને પામવાનાં સમાન એકે સુખ નથી. ચતુષ્ટ્ય સાધનોને જે સમજાવે છે અને તે પ્રમાણે વર્તવાનું જે કહે છે તે ગુરુ છે. એ ચાર સાધનો આ પ્રમાણે છે. ૧. વિવેક, ૨. વિરાગ-વૈરાગ્ય, ૩. શમાદિ ષટ્ સંપત્તિ અને ૪. મુમુક્ષતા. વિવેક એટલે આત્મા અવિનાશી ક્રિયારહિત છે અને જગત તેથી વિપરીત સ્વભાવવાળું છે એવું જે જ્ઞાન તે વિવેક. વિરાગ એટલે જગતના સકળ ભોગ તરફ અનાસક્તિ અને તેનો ત્યાગ. શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપશમ અને તિતિક્ષા એ ષટ્સંપત્તિ. મુમુક્ષતા એટલે બ્રહ્મની પ્રાપ્તિ અને અનર્થની નિવૃત્તિરૂપ મોક્ષની ઇચ્છા તે.

પુરૂષ માત્રના અંતઃકરણ વિષે ત્રણ દોષ રહેલા છે. મળ, વિક્ષેપ અને આવર્ણ. નિષ્કાળ કર્મથી અંતઃકરણનો મળ નામનો દોષ દૂર થાય છે. ઉપાસનાથી વિક્ષેપ નામનો દોષ દૂર થાય છે. અને સત્પુરૂષ વડે પ્રાપ્ત થયેલા જ્ઞાન વડે આવર્ણ(અજ્ઞાન) દોષ દૂર થાય છે. જેણે નિષ્કાળ કર્મ, ઉપાસના દ્વારા મળ અને વિક્ષેપ દૂર કર્યા છે તે અધિકારી છે.

અજ્ઞાન અને પ્રપંચ એ બન્ને જન્મ-મરણરૂપી દુઃખના હેતુ છે, માટે તેને અનર્થ કહીએ છીએ, તે અનર્થની નિવૃત્તિ અને પરમાનંદની પ્રાપ્તિ તે મોક્ષ છે. આ પ્રમાણે જે ઉપદેશ કરી જીવનમુક્ત કરે તે હિતોપદેશ. હિતોપદેશ દેનાર ગુરુ છે. કૈવલ્ય મુક્તિ છે. સદેહે જીવનમુક્ત દશા થાય ત્યારે પમાય છે અને તે સર્વોત્તમ મુક્તિ છે. જે વિષયના ત્યાગ કરાવે તે જ ખરો ગુરુ છે. ગુરુ નિઃસ્પૃહ, જ્ઞાનમૂર્તિ, વિષયના ત્યાગી હોવા જોઈએ. મોક્ષનો ઉપદેશ કરે તે ગુરુ છે. ગુરુની ભક્તિ કરે તે શિષ્ય છે. ગુરુ જે તત્વોપદેશ કરે તે પ્રમાણે મન, વાણી તથા કાયાથી વર્તે એવા લક્ષણવાળો ભક્તિમાન હોય, તે ગુરુનાં ઉપદેશને પાત્ર શિષ્ય કહેવાય છે.

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ, ગુરુર્દેવ મહેશ્વર : ।**
**ગુરુરેવ પરબ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

ગુરુ જ બ્રહ્મા છે, ગુરુ જ વિષ્ણુ છે, ગુરુ તે જ મહેશ્વર છે. ગુરુ જ પરબ્રહ્મ છે. તેવા શ્રી ગુરુને નમસ્કાર છે. આમ ગુરુને જ્યારે માને ત્યારે શિષ્ય અધ્યાત્મમાર્ગનો અધિકારી થાય છે. ગુરુભક્તિ કરવી કઠણ છે. પણ જેને પરમાત્માની પૂર્ણકૃપા હશે (પ્રારબ્ધ અનુકુળ હશે) તે જ ગુરુઆજ્ઞા પાળી શકે છે. અને ગુરુની ભક્તિ કર્યા વિના અન્ય ભક્તિથી બ્રહ્મસ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. ગુરુમુખમાં રહેલી વિદ્યા ગુરુની ભક્તિ કરવાથી પ્રાપ્ત થાય છે. જે ગુરુની ભક્તિ કરે છે તે પરમપદને પામે છે.

જ્ઞાનીને વાસના નથી. સ્વાધીન છે. રાગદ્વેષ રહિત છે માટે જેવું પ્રારબ્ધ ઉદય આવે છે તેવી તે ચેષ્ટા કરે છે. જે આદરરહિત, કામરહિત, ક્રોધરહિત, લોભરહિત અને ઉપાધિ રહિત હોય તે સદ્‌ગુરુ કહેવાય છે. ગુરુનો આવો મહિમા છે, માટે શિષ્યે સર્વથા સદ્‌ગુરુની સેવા કરવી જોઈએ.

સંસાર એ જ મહા અસાધ્ય રોગ છે. આ શરીર જ આધિ, વ્યાધિ અને ઉપાધિનો નિધિ છે. જેથી તેમાં અનેકાનેક રોગો ઉદ્‌ભવે છે. શરીરને થતા રોગો તો શરીર રહે ત્યાં સુધી જ રહે છે. પણ ભવરૂપી રોગ એવો તો અસાધ્ય છે કે તેથી લક્ષ ચોરાસીમાં જન્મ-મરણનાં અસહ્ય દુઃખો અનુભવવા પડે છે; માટે જેનો જન્મ મરણરૂપ સંસાર ટળી ગયો નથી, તે મહારોગી છે. માટે આ મહારોગને નિર્મૂળ કરવા પ્રયત્ન કરવો જરૂરી છે. આ મહારોગથી મુક્ત શી રીતે થવાય ? તે નિરંતર વિચાર કરવો.

સંસારરૂપ દીર્ઘ મહારોગનું ઔષધ સારો વિચાર કરવો તે છે, હું કોણ છું ? સંસાર કોને છે ? આ પ્રમાણે વિવેક થતાં જ સંસાર ટળી જાય છે. વિવેક ચુડામણિમાં કહ્યું છે કે - કર્મો (નિષ્કામપણે કર્મો) કરવાથી ચિત્ત શુદ્ધિ થાય છે, પણ યથાર્થ આત્મજ્ઞાન થતું નથી. આત્મજ્ઞાન તો ચિત્ત શુદ્ધિ થયા પછી સુવિચારણા પ્રગટાવવાથી જ થાય છે. તેમજ સદ્‌ગુરુના વચનથી અને વિચારથી સ્વરૂપનો નિશ્ચય થાય છે એટલે આત્માના સ્વરૂપને જાણવાની ઇચ્છાવાળાએ

દયાના સાગરરૂપ અને બ્રહ્મવેત્તા ઉત્તમગુરુના સમીપ રહીને આત્માની વિચારણા કરવી.

સંસાર એટલે શું ? જન્મ મરણ થાય તે જ સંસાર છે અને તે સાથે મારે જરાપણ સંબંધ નથી, આવો વિચાર કરવો તે સુવિચાર છે. આપણો સંસાર આત્મસ્વરૂપના અજ્ઞાનથી જ ઉત્પન્ન થયો છે, માટે સ્વસ્વરૂપના સ્ફુરણ જ્ઞાન વડે અજ્ઞાનનો નાશ થાય છે.

***કિં ભૂષણાદ્ ભૂષણ મસ્તિ શીલમ્ તીર્થં પરં કિં સ્વમનો વિશુદ્ધમ્ ।***
***કિમત્રહેયં કનકંચ કાન્તા શ્રાવ્યં સદા કિં ગુરુ વેદ વાક્યમ્ ॥ ૮ ॥***

**અર્થ :**

શિષ્ય - ઉત્તમમાં ઉત્તમ ભૂષણ શું છે ?

ગુરુ - શીલ છે તેજ ઉત્તમમાં ઉત્તમ ભૂષણ છે.

શિષ્ય - ઉત્તમ તીર્થ કયું કહેવાય ?

ગુરુ - પોતાનું નિર્મળ મન હોય તો તેજ ઉત્તમ તીર્થ છે.

શિષ્ય - આ જગતમાં ત્યાગ કરવા યોગ્ય શું છે ?

ગુરુ - કનક અને કાંતા(કામ) એ ત્યાગ કરવા યોગ્ય છે.

શિષ્ય - નિરંતર શ્રવણ કરવા યોગ્ય શું છે ?

ગુરુ - ગુરુનાં અને વેદનાં (આગમનાં) વચન સાંભળવા યોગ્ય છે.

સ્ત્રી અને પુરૂષનું સારામાં સારૂં ભૂષણ શીલ છે. શીલ વગર બીજા સુવર્ણાદિના ભૂષણો પહેર્યા હોય તો તે નિષ્ફળ છે, વ્યર્થ છે. શીલ એટલે પ્રત્યેક સ્ત્રી તથા પુરૂષે મન, વાણી કે કર્મથી અયોગ્ય ક્રિયા કરવી નહિ. શીલરૂપી આભૂષણ તો આલોક અને પરલોકમાં ઉત્તમ પ્રકારનું સુખ આપનાર છે. અર્થાત્ આ લોકમાં શોભા તથા કીર્તિને વધારી પરલોકમાં અક્ષયસુખ આપે છે. માટે સર્વથા શીલ પાળવું એ ઉત્તમ છે. બાહ્ય આભુષણ તો જીવને જોખમમાં મૂકવાનું પણ કામ કરી શકે. માટે શીલ આભૂષણ જ સાચું છે.

પોતાનું રાગદ્વેષાદિથી શૂન્ય વિશુદ્ધ મન છે, તે જ પરમતીર્થ છે. બાહ્યતીર્થ તો અનેક છે પણ સત્ય, ક્ષમાદિ મનનાં તીર્થ છે. સત્ય, ક્ષમા, ઇન્દ્રિય, નિગ્રહ, દયા, આર્જવતા, દાન, દમ, સંતોષ, બ્રહ્મચર્ય, મધુરભાષણ, જ્ઞાન, ધૃતિ અને જપ એ તીર્થ છે, તે કરતાં પણ પોતાનું વિશુદ્ધ મન એ સર્વોત્તમ તીર્થ છે. મન નિર્મળ હોય તો તે તીર્થયાત્રા કરવા જેટલું ફળ આપે છે, પરમપદની પ્રાપ્તિ મનની નિર્મળતા હોય તો જ થાય છે. કહ્યું છે કે 'મન એવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો:' - મન જ મનુષ્યને બંધ અને મોક્ષનું કારણ છે. 'હું અને મારૂં' એ મમત્વના અભાવને આપનારૂં જે જ્ઞાન છે, તે જ્ઞાન થકી મનનો લય થઈ જાય છે. માટે ગમે તે પ્રયત્ન દ્વારા મનને નિર્મળ કરી બોધપાત્ર થવું. 'હું અને મારૂં' એ ભાવ ટળી જતાં રાગદ્વેષરૂપ પરિણતિ નાશ પામી જાય છે. મન એવું જ્યારે થઈ જાય ત્યારે કાંઈપણ વિશેષ કર્તવ્ય રહેલું નથી. આથી જ નિર્મળ મનને પરમતીર્થ કહેલ છે.

મન છે તે કડવી તુંબડી સમાન છે. કાયિક્, વાચિક્ અને માનસિક્ જે કર્મ છે તે કાંકરા છે, જપ, તપ એ રાખ છે, અને સંયમ એ જળ છે, વૈરાગ્ય છે તે પલાળી રાખવું છે અને તેને ધોવું તે જ્ઞાન છે. અર્થાત્ મનને ઉપર કહ્યા પ્રમાણે સંસ્કાર આપી શુદ્ધ કરવાનું છે. આ મનને ગુરુરૂપ તીર્થના પ્રભાવથી પવિત્ર કરવાનું છે. મનને નિર્મળ કરવા માટે સદ્‌ગુરુ અને શાસ્ત્રનો સંગ આદિ તીર્થ સેવનની આવશ્યકતા રહેલી છે. જ્ઞાનરૂપી જેમાં પ્રવાહ છે, ધ્યાનરૂપી જેમાં જળ છે, જે જળ રાગદ્વેષરૂપ મળનો નાશ કરે છે, એવા માનસ તીર્થમાં - મનરૂપી તીર્થમાં જે સ્નાન કરે છે તે પરમગતિને પામે છે

કનક અને કાંતા - કામવિષય એ બન્ને ત્યાગ કરવા યોગ્ય છે. કારણ કે આ બન્ને પદાર્થ બંધન કરાવનાર છે. જેને કલ્યાણની આકાંક્ષા છે તેણે કામ ઉત્તેજીત થાય તેવી આકૃતિ કે ચિત્રો પણ જોવાં નહિ; કારણ કે વિષય અને ઇન્દ્રિયોનો સંયોગ જ ક્ષોભ ઉપજાવનાર છે.

ગુરુમુખે વેદાંત (આગમ) વાક્ય થકી મહાસુંદર એવું આત્મ ચૈતન્ય શ્રવણ કરીને તથા સાક્ષાત્કાર કરીને પછી વિષયમાં પ્રીતિ રાખે, તો તે આત્મજ્ઞ પુરૂષ કહેવાય નહિ, પણ મલિન થયો છે તેમ કહેવાય.

મહાપ્રેમથી ભરેલ સુંદર નવયૌવના(નવયુવાન)ને જોઈને જેને કામવાસના

ઉત્પન્ન થતી નથી તથા મહાવિકરાળ મૃત્યુને જોઈને જેના મનમાં ભય ઉત્પન્ન થતો નથી તે જ જીવન્મુક્ત છે.

જેઓને વૈરાગ્ય સ્થિર થયો છે અને પરિપૂર્ણ બોધ થતાં સર્વાત્મક ભાવ થયા છે, તેવાઓ કોઈપણ પ્રસંગમાં વિહ્વળ થતા નથી. તલસ્પર્શી વિચાર કરતાં સર્વ અનર્થોનું મૂળ કામવાસના જ છે માટે અનર્થના દ્વાર સમાન કામવાસનાથી દૂર રહેવું. જેમ કામવાસનાનો સંગ કરવો યોગ્ય નથી, તેમ સુવર્ણ કહેતાં બધાં જ પ્રકારના ઘરેણાં કે બાહ્ય વૈભવ પણ મહા અનર્થના મૂળ સમાન છે.

અહર્નિશ ગુરુના મુખકમળથી અમૃત સમાન ઝરતાં વેદ(આગમ) વચન શ્રવણ કરવાં, બ્રહ્મ(આત્મા)ના નિશ્ચયવાળાં જે શ્રુતિનાં વચન છે, તે જ વેદ(આગમ) વચન છે. કહ્યું છે કે બ્રહ્મ ચિદ રૂપે નિત્ય છે, નિરામય એટલે માયાના મેલથી રહિત છે. વાણીથી કહી શકાય તેમ નથી. પ્રણવ એટલે ૐકાર તેનું પણ એ આદિ છે. ચળે નહિં તેવું છે, અને સદા નિશ્ચયરૂપ છે.

સદ્‌ગુરુનાં વચનો જ સન્માર્ગનો વિચાર ઉત્પન્ન કરાવે છે, મનને નિર્મળ કરાવે છે. અને બ્રહ્મસ્વરૂપનું ઓળખાણ કરાવે છે. માટે સદ્‌ગુરુનાં જે વચન છે તે પણ વેદ(આગમ) વચન સમાન જ છે અને તેવાં જ વચન શ્રવણ કરવાં કે જેથી ભવસાગરના બંધનથી મુક્ત થઈ જવાય; પણ બીજાં સાંસારિક કે વિષયાદિકના વચનો શ્રવણ કરવાથી શ્રેય તો થતું નથી, પણ બંધનકારક બને છે. કલ્યાણકારી તો બ્રહ્મસ્વરૂપને જાણનારા જ્ઞાનીપુરૂષોનાં જ વચન છે; માટે જ સાંસારિક સંબંધી વાતોનો પરિત્યાગ કરીને કલ્યાણકારક વચનો શ્રવણ કરવાં કે જેથી ચોરાશી લક્ષ યોનિમાં ભટકવાનું ટળી જાય.

***કેહેતવો બ્રહ્મગતેસ્તુ સંતિ સત્સંગતિ દાન વિચારતોષા: ॥***
***કેસંતિ સંતોડખિલ વીતરાગા અપાસ્ત મોહા: શિવતત્વ નિષ્ઠા: ॥ ૯ ॥***

**અર્થ :**

શિષ્ય - બ્રહ્મગતિનો હેતુ કોણ છે ?

ગુરુ - સત્સંગતિ, દાન, વિચાર અને સન્તોષ એ ચાર બ્રહ્મગતિના હેતુ છે.

શિષ્ય - સંત કોણ કહેવાય ?

ગુરુ - જેની સર્વમાંથી આસક્તિ ઉઠી ગઈ છે, વીતરાગ થયા છે અને વૈરાગ્ય (આસક્તિનો ત્યાગ). થઈ ગયેલ છે, જેમણે મોહને મટાડી નાખેલ છે, અને જે શિવતત્વ (સિદ્ધ રૂપ તત્વ) એટલે કે પરબ્રહ્મ પરમાત્મામાં નિષ્ઠાં રાખનારા છે, તે સંત કહેવાય.

સત્સંગતિ, દાન, વિચાર અને સંતોષ એ ચાર બ્રહ્મ(મોક્ષ) ગતિના હેતુ છે.

સત્સંગ એટલે કે જ્યાં સત્ કહેતાં સાચો સંગ હોય તે સત્સંગ છે; અર્થાત્ જે સંત અહર્નિશ પરમાત્મ સ્વરૂપમાં હોય કે તેના ચિંત્વનમાં હોય, તેનો સમાગમ તે સત્સંગ(પરમ સત્સંગ) છે. તેઓ જે વચનો કહે છે. તેના વડે સાધક સાંસારિક બંધનને કાપી શકે છે. આવા ઉત્તમ સત્સંગનો લાભ લેવાની જિજ્ઞાસાથી જવું તેનું નામ સત્સંગ છે. આવા સત્સંગથી અપૂર્વ કલ્યાણ એટલે શુદ્ધ સ્વરૂપના જ્ઞાનરૂપ સ્થિતિ થાય છે. જેને સત્સંગ અને વિવેકરૂપી દૃઢ નેત્ર ન હોય, તે છતી આંખે અંધ છે.

સજ્જનનો સમાગમ, બુદ્ધિના જડપણાનો નાશ કરે છે, સત્ય બોલવાનું શીખવે છે, સન્માનનું ઉત્તમપણું બતાવે છે. પાપને દૂર કરે છે. ચિત્તને પ્રસન્ન કરે છે. અને દિશાઓમાં કીર્તિનો ફેલાવો કરે છે. આમ સજ્જનનો સમાગમ સર્વ કાર્યોને સિદ્ધ કરે છે. સત્સંગ અને વિવેકથી ઉત્તમ જ્ઞાનની પ્રાપ્તિ થામ છે; માટે વિવેકસહ સત્સંગતિ કરવી, એ જ બ્રહ્મ(આત્મ) ગતિનું પ્રથમ સાધન છે.

બ્રહ્મગતિનો બીજો હેતુ દાન છે. દાન સન્માર્ગે આપવું જોઈએ. અર્થાત્ પાત્ર-કુપાત્રની પરીક્ષા કરીને દાન પોતાની શક્તિ પ્રમાણે આપવું કારણ કે દાન અને ભોગ રહિત ધનનો સર્વથા નાશ થાય છે. જેમ જેમ દયાયુક્ત દાનવૃદ્ધિ પામે છે, તેમ તેમ અંતઃકરણ નિર્મળ થતું જાય છે, અને બ્રહ્મ(આત્મ) ગતિમાં પ્રેમ વૃદ્ધિ પામતો જાય છે. જે કાંઈ દાન સાત્ત્વિકપણે અપાય તે સર્વોત્કૃષ્ટ દાન છે. રાજસ્ કે તાપસ્ વૃત્તિથી દાન આપવાથી તેનું ફળ બ્રહ્મ(આત્મ) ગતિમાં સહાયક થતું નથી.

બ્રહ્મગતિનો ત્રીજો હેતુ વિચાર છે. નિત્ય અને અનિત્યવસ્તુનો વાસ્તવિક સમજથી નિશ્ચય કરી, અનિત્યનો ત્યાગ કરવો અને નિત્યનું ગ્રહણ કરવું એ

વિચાર છે. વિવેકથી વૈરાગ્ય પ્રગટે છે. વિવેક તો બ્રહ્મવિદ્ ગુરુને શરણે જવાથી પ્રગટે છે.

બ્રહ્મગતિનું ચોથુ સાધન સંતોષ છે. સર્વ વ્યવહાર શાંતપણે કરવો. જે કાંઈ પ્રારબ્ધને અનુલક્ષીને પ્રાપ્ત થાય, તેથી તૃપ્ત-સંતોષી રહેવું. કાંઈપણ ઇચ્છા કરવી નહિ કે રાખવી નહિ. સર્વ કામનાનો ત્યાગ કરી જે મળે તેમાં જ સંતોષ રાખવો. જે દ્વન્દ્વાતીત છે; દ્વન્દ્વોના ક્લેશથી રહિત છે, મત્સરભાવ વિનાનો છે તથા અર્થ સિદ્ધિ-અસિદ્ધમાં એક સરખો રહેવાવાળો, કર્મ-ક્રિયા કરીને પણ બંધનને પ્રાપ્ત થતો નથી. આથી સ્પષ્ટ સમજાય છે કે સંતોષીને સુખ કે દુઃખ નથી. મત્સરભાવ નથી અને જે મળે તેમાં જ તૃપ્ત રહે છે. આવી ઉત્તમ પ્રકારની વૃત્તિ વગર બ્રહ્મપ્રાપ્તિ થવી અશક્ય છે. માટે બ્રહ્મગતિના ચોથા સાધન સંતોષની ઘણી અગત્ય છે.

જેને સર્વ પદાર્થમાંથી આસક્તિ ઉડી ગઈ છે. વૈરાગ્ય સ્થિર થયેલ છે. મોહ પાતળો પડ્યો છે. વૈરાગ્ય સ્થિર થયેલ છે. મોહ પાતળો પડ્યો છે. અથવા ક્ષીણ થયો છે અને જે શિવ તત્ત્વ (શુદ્ધ આત્મ તત્ત્વ પરમાત્મ તત્ત્વ)માં નિષ્ઠાવાન છે તે જ સંત કહેવાય છે.

વૈરાગ્યના મંદ, સાધારણ, ઉન્મની, તીવ્ર અને નિર્મળ એવા પાંચ પ્રકાર કહ્યા છે. માઠા પ્રસંગોને અનુસરી સંસારભાવ પ્રત્યે વૈરાગ્ય પ્રગટે છે અને તે પ્રસંગ ઉપરથી સમય પસાર થતાં વૈરાગ્યભાવ છૂટી જાય છે તે વૈરાગ્યને મંદ અથવા દુઃખગર્ભિત વૈરાગ્ય કહેવાય છે. સ્વર્ગાદિકના વિવિધ પ્રકારના વૈભવોની વાર્તા સાંભળતાં, માનવીય સુખોમાં અભાવ થતાં વૈરાગ્ય પ્રગટે છે, તે સાધારણ અથવા મોહ ગર્ભિત વૈરાગ્ય છે. આ વધારે વખત રહે છે, પણ બંધનનું કારણ તો બને જ છે. મનનો પરાજય થતાં ઉન્મની વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. પોતે તત્ત્વના અભ્યાસવાળો હોય, તેનું અભિમાન કરી કોઈ સાથે વિવાદ ન કરે, સંતોષથી અનુસરે અને જગત તથા જગતના ભાવો નાશવંત છે, એમ જે સમજે તે ઉન્મની વૈરાગ્યવાળો કહેવાય છે. આ વૈરાગ્ય જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે અને આવા વૈરાગ્યથી મોક્ષના સાધનની પ્રાપ્તિ થાય છે અને સાધન પ્રાપ્ત થતાં તેના વડે પરમપદને પમાય છે. પરમગતિની પ્રાપ્તિ માટે સાધના કરનારનો અવતાર દેવલોકમાં કે મનુષ્યજાતિમાં ઉત્તમ ઘેર થાય છે. યોગ સાધના કરતાં પણ જો

કદાચ તે યોગભ્રષ્ટ થયો હોય તો પણ તેનો દેહ પડતાં તે પુન: પવિત્રકુળમાં જન્મ ધારણ કરે છે, અથવા બુદ્ધિમાન પ્રાજ્ઞ યોગિઓના કુળમાં જન્મે છે. અનેક પ્રકારના ભોગો ઘરબાર વિગેરે અપ્રિય અને બંધનકારક જણાતાં આ સંસાર ભયંકર જણાય અને સંસાર તાપ રૂપ લાગે અને પરમાત્મ પદ મેળવવાની તીવ્ર ઝંખના ઉત્પન્ન થાય તે તીવ્ર વૈરાગ્ય છે. જેનો વૈરાગ્ય તીવ્ર હોય તે જ સંસાર ત્યાગવાનો અધિકારી બને છે. જેમ કોઈને કાગડાની વિષ્ઠાને ગ્રહણ કરવાની ઇચ્છા થતી નથી, તેમજ જગતમાં વિષય ભોગનાં પ્રાપ્ત સાધનો કર્મજન્મ હોવાથી અનિત્ય છે. નિર્મળ વૈરાગ્ય વગર પરમપદની પ્રાપ્તિ થવી અશક્ય છે. જે આ પ્રમાણે પાંચેય વૈરાગ્યને પ્રાપ્ત થાય છે તે પરમ વૈરાગી કહેવાય છે, મંદ વૈરાગ્યથી શરૂ કરી નિર્મળ વૈરાગ્ય સુધી પહોંચે તો પરમપદની પ્રાપ્તિ થાય. તે પછી પુન: જન્મ ધારણ કરવો પડતો નથી. જેને સ્વરૂપનો નિશ્ચય થઈ ગયેલો છે તે મોહ રહિત છે. અથવા તેનો મોહ નાશ પામ્યો છે.

શિવ, બ્રહ્મા અને પરમાત્મા એ સર્વ શિવતત્ત્વને જ સૂચવનારાં નામ છે. શિવતત્ત્વ સ્વયં પ્રકાશિત છે અને સર્વનો પ્રકાશ કરનારાં છે. શિવ એટલે આત્મભાવોને પોતાની અંદર ખીલવી સંસાર ભાવથી પર થયા છે. બ્રહ્મા એટલે પોતના જગતને ઊભુ કરનાર અને પરમાત્મા એટલે શિવ અને બ્રહ્માથી પર થઈ શુદ્ધ ચિદાનંદ તત્ત્વરૂપ સ્થિતિ સાથે લક્ષ્યાર્થથી આત્માની કરી તેમાં જ તદાકાર થવું તે પરબ્રહ્મ કે પરમાત્મ સ્વરૂપમાં નિષ્ઠા કહેવાય છે. આમ જેની પરબ્રહ્મમાં એક નિષ્ઠા થયેલી છે, જેણે સત્સ્વરૂપને જાણી લીધું છે, અને જેનો સર્વ પ્રકારનો મોહ ટળી ગયો છે તે જ સંત કહેવાય છે. મોહ ટળવાથી સુખદુ:ખ વિ. દ્વન્દ્વોથી જે પર થયા છે, એવા આત્મવેત્તા સત્પુરૂષ પોતે કલ્યાણરૂપ થઈ, અન્યને કલ્યાણરૂપ થવાનો ઉપદેશ અને માર્ગનું માર્ગદર્શન આપે છે. આવી સ્થિતિ વાળા જ સંત કહેવાય.

***કો વા જ્વર: પ્રાણભૃતાં હિ ચિંતા મૂર્ખોસ્તિ કો યસ્તુ વિવેક હીન: ।***
***કાર્યા મયાકા શિવવિષ્ણુભક્તિ : કિં જીવનં દોષ વિવર્જિતં યત્ ॥ ૧૦ ॥***

**અર્થ :**

શિષ્ય - પ્રાણી માત્રને જ્વર શું કહેવાય ?

ગુરુ - પ્રાણી માત્રને ચિંતા છે તે જ્વર છે.

શિષ્ય - મૂર્ખ કોણ કહેવાય ?

ગુરુ - જે વિવેક વગરનો છે તે મૂર્ખ છે.

શિષ્ય - મારે શું કર્ત્તવ્ય છે ?

ગુરુ - શિવની અને વિષ્ણુની ભક્તિ કરવી. શિવ એટલે પરમ તત્ત્વરૂપ સ્થિતિ અને વિષ્ણુ એટલે આત્મભાવનું સર્જન કરનાર. આ બન્નેની ભક્તિ કરવી. શિવ અને વિષ્ણુ બન્ને આપણી અંદર જ રહેલા છે.

શિષ્ય - જીવન કયું કહેવાય ?

ગુરુ - જે દોષ વગરનું જીવાય તે.

પ્રાણભૂત જે મનુષ્ય છે, તેને ચિંતા છે, તે જ્વર-તાવ રૂપ છે. કારણ કે ચિંતાથી સર્વ દગ્ધ એટલે દાઝેલા છે. ચિંતા છે તે રૂપ, ગુણ, ચાતુર્ય, વિવેક ઇત્યાદિનો વિધ્વંશ કરે છે. ચિંતા જેવો બીજો કોઈ જ્વર-તાવ નથી, જે સુખનો નાશ કરે છે અને દુઃખની પ્રાપ્તિ કરાવે છે. અજ્ઞાન એ દુઃખ છે અને જ્ઞાન એ સુખ છે. જે કાંઈ દુઃખ કે ચિંતા થાય છે, તે અજ્ઞાન વડે જ થાય છે. કહ્યું છે કે - ચિંતા અને ચિતા બેય સમાન છે. ચિતા છે તે માત્ર જીવ વગરના શબને બાળવાનું કાર્ય કરે છે, પણ ચિંતા તો જીવતાં મનુષ્યને બાળી નાંખે છે. આ સંસારમાં દુઃખ માત્ર ચિંતાથી જ થાય છે, અન્ય પ્રકારે થતું નથી, એવાં નિશ્ચયવાળો ચિંતા કરતો નથી, ત્યારે તે શાંતિ પામી સુખી થાય છે, અને પછી તેને તૃષ્ણા રહેતી નથી. મનુષ્યને ચિંતા ઉપજે છે, ત્યારે તેની સાથે જ નાના પ્રકારનાં દુઃખ થાય છે, પરંતુ ચિંતા મટતાં તે તુરત મટી જતાં નથી. કહ્યું છે કે -

***ચિંતાએ ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન;***

***લાજ કાજ વિદ્યા ઘટે, ચિંતા ચિતા સમાન***

જે વિવેકહીન છે તે મૂર્ખ છે. સત્યાસત્યને ઓળખવું તે વિવેક છે. અને તેને જે ન ઓળખે તે મૂર્ખ છે. માટે મોક્ષના સુખના હેતુ માટે વિવેક સંપાદન કરવો.

ભીક્ષા માગીને ફરવું એ ઉત્તમ છે, પરંતુ મૂર્ખનું જીવન તો હણાઈ ગયેલું સમજવું. માટે વિવેકની આવશ્યકતા છે. વિવેક વગર જ્ઞાન થતું નથી અને જ્ઞાન વગર મુક્તિ નથી. જ્ઞાન પ્રગટાવવા માટે વિવેક, વૈરાગ્ય શમાદિ ષટ્ સંપત્તિ અને મુમુક્ષતા એ ચાર સધન છે, પરંતુ તેમાં વિવેક એ પ્રધાન સાધન છે; કેમકે વિવેકથી વૈરાગ્યાદિ ઉત્પન્ન થાય છે.

શિષ્યે ગુરુજીને પૂછ્યું કે બ્રહ્મ જ્ઞાન મેળવવા માટે શું કર્ત્વ્ય છે ? (ગુરુએ ઉત્તર આપ્યો કે સદા શિવ(શુદ્ધ આત્મા) અને વિષ્ણુ(જેઓ એ આત્મભાવનું સર્જન કર્યું છે.) તેઓની ભક્તિ કરવી એ કર્તવ્યરૂપ છે. વિષ્ણુ(અરિહંત) અને શિવ(સિદ્ધ)ના ગુણોને સાંભળવા તે શ્રવણ. તેમના ગુણગ્રામ કરવા તે કીર્તન. ભગવદ્રુપ ગુરુના ચરણનું સેવન કરવું તે પાદસેવન, તેમનું પૂજન કરવું તે અર્ચન, અષ્ટાંગ પ્રણામ કરવા તે વંદન, હે ભગવાન ! આપ વગર મારો ઉદ્ધાર નથી એ દાસ્યભાવ સ્નેહથી ગુરુકુળવાસમાં રહેવું તે સખ્ય અહંતા, મમતાથી રહિત થઈ દાસ ભાવ, સ્નેહથી ગુરુકુળ વાસમાં રહેવું તે સખ્ય, અહંતા, મમતાથી રહિત થઈ દાસભાવથી સમર્પણ કરવું. પોતાના શરીરના કે કુટુંબાદિના પોષણમાં ઉદાસીન, પક્ષપાત રહિત રહેવું તે આત્મ નિવેદ્દન. સ્કંદ પુરાણમાં પણ કહ્યું છે કે - પ્રાણી માત્ર પ્રત્યે દયા, પ્રિય ભાષણ, પ્રાણી માત્રના હિતમાં શ્રદ્ધા કરવી તે સાક્ષાત્ શિવસ્વરૂપની ભક્તિ કરવા સમાન છે. પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રી રાખવી, શિવભક્તિમાં પ્રેમ રાખવો. ગુરુના વચન ઉપર વિશ્વાસ રાખવો. ગુરુની સેવા કરવી, તે પણ ભક્તિની રીત છે.

જે જીવનથી જન્મ સાફલ્ય ગણાય તે જીવન ક્યું કહેવાય ? તેનો ઉત્તર ગુરુ આપતા કહે છે કે :- દોષરહિત જીવન તે જ કલ્યાણકારક છે. આત્માના છ શત્રુઓ - કામ, ક્રોધ, લોભ, મોહ, સ્પૃહા અને ઇર્ષા(જુગુપ્સા)નો ત્યાગ કરવો. કારણકે કામથી દ્રવ્ય અને આત્મ ગુણોનો વ્યય થાય છે. ક્રોધથી મન ઉદ્વેગ પામે છે. લોભથી અસંતોષરૂપી અગ્નિ આત્માના ગુણોનો હ્રાંસ કરે છે, મોહથી(મિથ્યાત્વ મોહથી) કાર્ય-અકાર્યનો વિવેક શૂન્ય થઈ જાય છે. સ્પૃહાથી સંતોષ ગુણની હાનિ થાય છે. અને ઇર્ષા(જુગુપ્સા)થી વૈરભાવ જાગૃત થાય છે. માટે દોષરહિત જીવન જીવવું તે જ કલ્યાણકારક છે. જીવનમાં કપટ અને ચોરી

આદિ તથા અન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યથી જીવન ગાળવું તે વ્યર્થ જીવન છે, કારણ કે તે ધર્મથી વિરૂદ્ધ આચરણ કરે છે. અન્યાયથી ઉપાર્જિત ધન વડે જો ધર્મ કરવામાં આવે તો તે ધર્મ પણ જીવને નરક તરફ ધકેલી દે છે. માટે સ્વાર્થથી કે પરાર્થથી પણ અન્યાય કરવો નહિ. માટે દોષ રહિત ઉદ્યમ કરી જીવન ગાળવું એ જ ઉત્તમ જીવન છે. તે જ જગતમાં ભૂષણ સમાન છે. પરમાત્મ ભક્તિમાં પરાયણ રહી, આત્મસ્વરૂપને જાણી જેણે જન્મ સફળ કર્યો તેનું જીવન ધન્ય છે.

***વિદ્યા હિ કા બ્રહ્મગતિપ્રદા યા બોધો હિ કો યસ્તુ વિમુક્તિ હેતુઃ ।***
***કો લાભ આત્મવાગમો હિ યો વૈ જિતં જગત્ કેન મનો હિ યેન ॥***

**અર્થ :**

શિષ્ય - વિદ્યા કઈ કહેવાય ?

ગુરુ - બ્રહ્મગતિને આપે તે વિદ્યા.

શિષ્ય - બોધ કયો કહેવાય ?

ગુરુ - જેથી મુક્તિ મળે તેનું નામ બોધ.

શિષ્ય - લાભ શું કહેવાય ?

ગુરુ - આત્માને ઓળખવો તે લાભ.

શિષ્ય - જગત કોણે જીત્યું ?

ગુરુ - મન જેણે જીત્યું તેણે જગત જીત્યું.

જે બ્રહ્મગતિ-મોક્ષમાર્ગમાં આગળ વધારે તે જ ખરી વિદ્યા કહેવાય. શાસ્ત્રોનું જ્ઞાન હોય પણ બ્રહ્મવિદ્યા - આત્મવિદ્યાની પ્રાપ્તિ ન થાય તો તે વિદ્યા, વિદ્યા કહેવાતી નથી. જે શાસ્ત્રોની જાણકારી ધરાવે છે પણ બ્રહ્મ(આત્મા)ને જાણતો ન હોય તો તેનું સર્વ જાણપણું નિરર્થક છે. વેદ-આગમ-જાણી લેવાથી કે તેનો પાઠ કરવાથી મુક્તિ થતી નથી મુક્તિ તો જ્ઞાન- આત્મજ્ઞાનથી જ થાય છે. પરમાર્થનું જાણપણું ગુરુના બોધ વડે જણાય છે. જ્ઞાન તો પૂર્વના પુણ્યની

પ્રબળતાથી, સત્વગુણી મનોવૃત્તિથી અને નિર્મળ બુદ્ધિથી સત્પુરૂષ જ્ઞાની દ્વારા પ્રાપ્ત થાય છે અને તે પ્રાપ્તિ થતાં બ્રહ્મપદ-આત્મામાં એકતા થતાં વાર લાગતી નથી. જેવી આત્મ સ્વરૂપની ઓળખાણ - અનુભૂતિ થઈ તે સાથે જ સંશય નિર્મૂળ થઈ જાય છે. જે વડે બ્રહ્મની પ્રાપ્તિ થાય તે જ વિદ્યા કહેવાય બાકી અવિદ્યા કહેવાય. માટે જે બ્રહ્મવિદ્યાનો બોધ આપે તે જ વિદ્યા કહેવાય. માટે એવી વિદ્યાનો અભ્યાસ રાખવો એ શ્રેયસ્કર છે.

જેનાથી મુક્તિ મળે તે બોધ કહેવાય. જેનાથી જન્મ મરણ રૂપ દુઃખ નાશ પામે તે બોધ. જેનું યુક્તિવાળુ વચન હોય અને તે વચન બાળક દ્વારા પણ કહેલું હોય તો પણ ગ્રહણ કરવું. જે મોક્ષ મળે તેવો સદુપદેશ આપે તેને ગુરુ કે પરમેશ્વર ગણવા. જે મોક્ષ થાય તેવો બોધ કરે તેને જ સગા, સંબંધી અને મિત્ર કહેવા. હું બહિર્ભાવનો કર્તા પણ નથી અને ભોક્તા પણ નથી એવું જ્ઞાન જ્યારે પણ થાય ત્યારે મુક્તિ થાય છે. મુક્તિનું મૂળ કારણ બ્રહ્મ-આત્મજ્ઞાન છે.

આત્માને ઓળખવો એના સમાન બીજો એક પણ લાભ નથી. જે લાભમાં સર્વ લાભ અન્તર્ગત છે. જે લાભ થકી અપર લાભ નથી. જે સુખથી અપર સુખ નથી, જે જ્ઞાનથી અપર જ્ઞાન નથી, તે બ્રહ્મત્ત્વ આત્મસ્વરૂપનો લાભ છે. માટે આત્મલાભ વગર અન્ય લાભમાં લોભાવાથી આત્મા વેગળો થતો જાય છે. આત્મલાભ કે આત્મજ્ઞાન વગર અન્ય જે જે લાભ માટે શ્રમ કરવો તે આત્માને દૂર કરનાર હોવાથી મહા હાનિકારક છે. આત્મજ્ઞાનની હાનિ એ જ વાસ્તવિક મહા હાનિ છે અને આત્મજ્ઞાનનો લાભ એ જ વાસ્તવિક લાભ છે. માટે જ આત્માને જાણવો એ લાભ કહેલ છે.

જેણે મન જીત્યું છે તેણે જગતને જીતી લીધું છે; એટલે કે સંકલ્પ-વિકલ્પાત્મક રૂપી મન જેણે જીત્યું છે તેણે સર્વ જીત્યું છે. સ્વર્ગાદિક જે ચૌદ રાજલોક છે તે જગત કહેવાય છે. અને સંકલ્પ વિકલ્પ કરાવનાર મન છે, એ મનનો, પ્રણવના અભ્યાસ દ્વારા અથવા ગુરુએ બતાવેલા માર્ગે આરાધના કરીને, જય કરવો જોઈએ. જે મનને જીતી લે છે તે ઉન્મની ભાવને પ્રાપ્ત થાય છે. તેણે આખા જગતને જીતી લીધું એમ કહેવાય છે. મનનો પરાજય કર્યા

વગર બીજી બધી મહેનત નિષ્ફળ જાય છે. જે મનને જીતી લે છે તેનો કોઈ પરાભવ કરી શકતું નથી.

***શૂરાન્મહાશૂરતમોસ્તિ કો વા મનોજ બાણૈ ર્વ્યથિતૌ ન યસ્તુ ।***
***પ્રાજ્ઞોતિ ધીરશ્ચ સમોસ્તિ કો વા પ્રાપ્તો ન મોહં લલના કટાક્ષૈ: ।।***

**અર્થ :**

શિષ્ય - શૂરવીર કરતાં પણ મહા શૂરવીર કોણ ?

ગુરુ - જે કામદેવના બાણથી વીંધાયો નહિ તે.

શિષ્ય - પ્રાજ્ઞ, અતિધીર અને સમ કોણ કહેવાય ?

ગુરુ - જે લલનાના કટાક્ષોથી મોહ પામેલા નથી તે.

શૂરવીર કરતાં પણ મહા શૂરવીર કોણ ? એ શિષ્યના પ્રશ્નનો ગુરુ ઉત્તર આપતા કહે છે કે, મન થકી જેનો જન્મ છે, એવો જે કામદેવ તેના બાણથી જે વ્યથા પામતો નથી તે મહા શૂરવીર છે. તે કામદેવનાં ઉન્માદન, સ્તાપન, શોષણ, સ્તંભન તથા સંમોહન નામના પાંચ બાણ છે. એ પાંચ બાણ વડે જે પીડા પામતો નથી તે મહાશૂરવીર છે; કારણ કે જ્યારે માણસમાં કામાતુરતા વ્યાપે છે ત્યારે તે અત્યંત વ્યાકુળ થઈ જાય છે. ભર્તૃહરિ કહે છે કે 'હાથીનો ગર્વ હરવામાં કેટલાક શૂરા છે, પણ કામને જીતનારા તો વિરલા જ છે.' 'કંદર્પ(કામદેવ)નો દર્પ ઉતારનારા તો વિરલા જ છે.'

જે પુરૂષ કામના-કટાક્ષથી મોહ પામતો નથી, તે પૂરૂષ પ્રાજ્ઞ, તે જ ધીર અને તે જ સમ- સમાન ચિત્તવાળો છે.

ધીરની ધીરતા, વીરની વીરતા, ગંભીરની ગંભીરતા, અને વિદ્વાનની વિદ્વતા, કામ-વાસનાના બાણ સામે કોણ જાણે ક્યાં પલાયન કરી જાય છે તેની સમજણ પડતી નથી. માટે એના સપાટાથી મુક્ત થવાનો કામવાસાનાનો સંગ ત્યજવા સિવાય બીજા કોઈ ઉપાય નથી. જો વિષયોનો સંગ રહે તો મોહ ઉપજ્યા વિના રહેતો નથી, માટે સંગનો ત્યાગ કરવો એ જ સત્પુરૂષોનો માર્ગ છે. પાધરા-સીધા માર્ગે ચાલ્યા જવાથી કાંટા વાગતા નથી અને ઠેકાણે પહોંચી

જવાય છે. ઇન્દ્રિયોનું સમજણથી દમન કર્યા વગર કામ-વાસનાઓ નાશ પામતી નથી. વિષયોના સંગની પાછળ સર્વ અનર્થો અને બંધન રહેલાં છે. માટે અનર્થોથી દૂર રહેવું હોય તો સત્પુરૂષનો સંગ કરવો. સર્વ સંગ જ દુ:ખનું કારણ છે. તેથી તો ત્યાગી જ્ઞાનીના શરણમાં રહેવું હિતાવહ છે. જે સમદૃષ્ટિવાળા અને વિષયોથી મોહ પામેલા ન હોય તે જ પ્રાજ્ઞ, ધીર અને સમ કહેવાય છે. ભર્તૃહરિ કહે છે કે - ધીર પુરૂષ જ સકળ જગતને વશ કરે છે. વિષયરૂપી બાણ જેનાં ચિંત્તને ભેદતાં નથી, કોપરૂપ અગ્નિનો તાપ જેનાં ચિત્તને બાળતો નથી, અને ઘણા વિષયો લોભરૂપી પાશથી જેના ચિત્તને ખેંચતા નથી. તેવો ધીર પુરૂષ આ સઘળા જગતને જીતે છે.

***વિષાદ્વિષં કિં વિષયા: સમસ્તા દુ:ખી સદા કો વિષયાનુરાગી ।***

***ધન્યોસ્તિ કો યસ્તુ પરોપકારી ક: પૂજનીયો નનુ તત્વનિષ્ઠ: ।।૧૩।।***

**અર્થ :**

શિષ્ય - વિષથી પણ વિષ કયું ?

ગુરુ - સમસ્ત વિષયો છે તે.

શિષ્ય - નિરન્તર દુ:ખી કોણ ?

ગુરુ - જે સદા વિષયાનુરાગી છે તે.

શિષ્ય - ધન્ય કોણ છે ?

ગુરુ - જે પરોપકારી છે તે ધન્ય છે.

શિષ્ય - પૂજનીય કોણ છે ?

ગુરુ - તત્ત્વમાંજ નિષ્ટાવાળો પૂજનીય છે.

ઐહિક વિષયો કે જે બંધનકારક છે, તે જ ખરેખર વિષ-ઝેર છે. વિષયો જ મહા ઝેર છે, કારણ કે વિષયો છે તે જન્મો જન્મ જન્મમરણ કરાવે છે. જ્યારે દ્રવ્ય વિષ તો માત્ર એક દેહનો નાશ કરે છે. માટે સર્વોપરી વિષ વિષય છે. જે વિષયનું ચિંતન કરે છે, તેની તે વિષયમાં પ્રીતિ ઉત્પન્ન થઈ જાય છે.

પ્રીતિ થવાથી ઇચ્છા થાય છે. અને તે ઇચ્છાનો પ્રતિબંધ થવાથી ક્રોધ ઉત્પન્ન થાય છે.

***ક્રોધાત્ ભવતિ સંમોહ:, સંમોહાત્ સ્મૃતિ વિભ્રમ: ।***
***સ્મૃતિ ભ્રશાદ બુદ્ધિનાશો, બુદ્ધિનાશાત્ પ્રણશ્યતી ॥***

ક્રોધ ઉત્પન્ન થતાં સમોહ થાય છે, એટલે કે વિવેક રહેતો નથી; અર્થાત શું કર્તવ્ય અને શું અકર્તવ્ય છે ? એવો વિચાર નાશ પામી જાય છે. અવિવેકથી સ્મૃતિ નાશ પામે છે. સ્મૃતિનો નાશ થતાં બુદ્ધિ છે નષ્ટ થઈ જાય છે. અને બુદ્ધિનો નાશ થતાં સર્વસ્વ નષ્ટ થઈ જાય છે; અર્થાત્ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે. માટે વિષયરૂપી વિષનો ત્યાગ કરવો અને સત્ય, ક્ષમા, આર્જવતા, દયા, સંતોષ આદિ જે મોક્ષના ઉપાય છે તેનું સેવન કરવું. વિષયના નશાથી મનુષ્ય કાન હોવા છતાં સાંભળતો નથી, આંખો હોવા છતાં દેખતો નથી અને હૃદય ભ્રમીત થઈ જાય છે. એટલે પછી તેને સન્માર્ગ પ્રાપ્ત થતો નથી. માટે વિષરૂપ વિષયોનો ત્યાગ કરવો.

શિષ્યે પૂછ્યું કે - હે ગુરુ ! લોકમાં નિરંતર દુ:ખી કોણ ? ગુરુ ઉત્તર આપે છે કે - હે શિષ્ય ! જે વિષયમાં અનુરાગવાળો છે તે મહા દુ:ખી છે, જે વિષવત્ વિષયોને ભોગવવામાં અનુરાગવાન છે અને તેની દૃઢ આસક્તિવાળો છે તે મહાદુ:ખી છે અને મુક્ત થઈ શક્તો નથી.

ધન્ય કોણ છે ? જે પરોપકારી છે તે ધન્ય છે. જે દ્રવ્યથી કાંઈપણ આપે છે, તે ધન્ય છે, પણ જે બ્રહ્મવિદ્યાને પરોપકાર્થે ઉપદેશે છે તે મહા ધન્ય છે. જે પરોપકારી હોય છે તે તો જેમ વૃક્ષમાં ફળ આવતાં, ફળનાં ભારથી નમી જાય છે, તેમ નમ્ર હોય છે, જે અપકારી પ્રાણીનો પણ ઉપકાર કરે છે, તે ધન્ય છે. જેના હૃદયમાં પરોપકારવૃત્તિ જાગ્રત છે, તેની વિપત્તિ નાશ પામે છે અને તે પગલે પગલે સંપત્તિને - આત્મસંપત્તિને પામે છે.

આત્માનો જે થકી બોધ થાય તેવા બોધનું નામ પરોપકાર છે; કેમકે આત્માનો યથાર્થ બોધ થતાં મોક્ષરૂપ અલભ્ય લાભ પ્રાપ્ત થાય છે; માટે જે દ્વારા મોક્ષપદ મળે એવાં આત્મજ્ઞાનનો બોધ કરનારો વાસ્તવિક રીતે પરોપકારી કહેવાય. કારણકે આત્મજ્ઞાન રૂપ ઉપકારથી જીવાત્માને ભવસાગરમાં પુન:

આવવું પડતું નથી; માટે એવો જે ઉપકાર કરનાર છે તેને ધન્ય છે, અને તેનું જીવન સફળ છે.

શિષ્ય પૂછે છે - પૂજનીય કોણ છે ? ગુરુ ઉત્તર આપે છે કે -

જે તત્ત્વમાં નિષ્ઠાવાળો છે તે પૂજનીય છે; તેની પૂજા કરવાથી બધાની પૂજા એમાં સમાઈ જાય છે, આવી જાય છે. આવા પુરૂષની- તત્ત્વજ્ઞાનીની સેવા તથા ભક્તિ કરવાથી મુક્તિ મળે છે. મન, વાણી અને શરીર વડે જે તત્ત્વને જાણનારાની પ્રેમથી ભક્તિ કરે છે, તે તત્ત્વજ્ઞાનીની પ્રસન્નતાથી મુક્ત થાય છે. તત્ત્વવેત્તાની સેવા કરનાર મુક્ત થાય છે, તો પછી તત્ત્વવેત્તા પોતે મુક્ત થાય જ. જ્ઞાન થવાથી જ્ઞાનીના દેહની ચેષ્ટા ટળી જતી નથી, તેમ આ પ્રમાણે જ કરવું, તેનો તેઓ માટે કાંઈ વિધિ પણ નથી, તેઓને તો પ્રારબ્ધને કારણે શારીરિક ચેષ્ટા જેમ થતી હોય તેમ થયા કરે છે.

જે આત્મસ્વરૂપમાં જ આનંદિત છે અને આત્મસ્વરૂપથી તૃપ્ત છે, અને આત્મામાં જ સંતુષ્ટ છે, તેને કાંઈપણ કર્તવ્યરૂપ નથી. તેથી જ તેઓ પૂજનીય છે.

***સર્વાસ્વવસ્થાસ્વપિ કિં ન કાર્યં કિં વા વિધેયં વિદુષાં પ્રયત્નાત્ ।***
***સ્નેહશ્ચ પાપં પઠનં ચ ધર્મ: સંસારમૂલં હિ કિમસ્તિ-ચિંતા ॥૧૪॥***

**અર્થ :**

શિષ્ય - સર્વ અવસ્થામાં ન કરવા યોગ્ય કાર્ય શું ?

ગુરુ - સ્નેહ અને પાપ એ ન કરવાનાં છે.

શિષ્ય - પ્રયત્નપૂર્વક વિદ્વાનોએ શું કરવાનો છે ?

ગુરુ - બ્રહ્મવિદ્યાનું અધ્યયન અને ધર્મ.

શિષ્ય - સંસારનું મૂળ શું છે ?

ગુરુ - ચિંતા છે તે સંસારનું મૂળ છે.

સર્વ અવસ્થામાં મુમુક્ષુઓએ કોઈપણ વિત્ત આદિ વિષયમાં સ્નેહ ન કરવો; કારણ કે સ્નેહથી દુ:ખ થાય છે. સ્નેહથી જ જન્માદિ દુ:ખ આવી પડે છે. મુક્તિના દ્વાર રૂપ મનુષ્ય જન્મ પામીને જે પક્ષીના સમાન ઘરમાં આસક્ત છે, તે અંધારામાં

પડેલો છે. દુ:ખનું મૂળ સ્નેહ છે, સ્નેહથી ભય થાય છે, તથા શોક, હર્ષ વિ સર્વ સ્નેહથી થાય છે. માટે પ્રમાદથી પણ સંસારી પ્રાણીઓ કે વસ્તુઓ પર સ્નેહ ન કરવો. તથા સર્વ અવસ્થામાં સર્વકાળમાં તથા દેશમાં પાપ કરવું નહિ. બ્રહ્મહત્યા, સુરાપાન, સોનાની ચોરી અને ગુરુની સ્ત્રી પ્રત્યે ગમન વિગેરે મહાપાપો કહેવાય છે. પોતાના શ્રેયાર્થે પ્રમાદથી પણ પાપને રસ્તે ચડવું નહિ. પાપ છે તે જીવને નરકમાં નાંખે છે, લોકમાં ધિક્કારને પાત્ર પાપ કરનાર થાય છે.

કાયાના ત્રણ, વચનનાં ચાર અને મનનાં ત્રણ એમ દશ પ્રકારનાં પાપ કહ્યા છે. પ્રાણાતિપાત તથા પરદારાહરણ કે ગમન, ઇત્યાદિ પાપ કાયાથી થાય છે. તેનો ત્યાગ કરવો. મિથ્યાપ્રલાપ, પારૂષ્ય, પૈશુન્ય અને અનૃત ભાષણ એ ચાર પાપ વાણીથી થાય છે. અનભિધ્ય, અન્ય સર્વમાં અને સર્વ પ્રકારે સોહૃદ રાખવું એ મનના ત્રણ પ્રકારના પાપ છે. આ ઘણા પ્રકારના પાપ રહેલા છે, તેમાં પણ કોઈપણ પ્રાણીને સંસારમાં બંધન થઈ જાય તેવો ઉપદેશ કરવો તેના સમાન એક પણ પાપ નથી માટે તેવા પાપથી સદૈવ ડરીને દૂર રહેવું.

બ્રહ્મ-આત્મ-પ્રતિપાદક સત્ શાસ્ત્રોનું શ્રવણ કરવું તે ધર્મ છે અને તુચ્છ વિષય થકી ચંચળ મનનો નિરોધ કરવો અને આત્મામાં બુદ્ધિને સ્થિર કરવી. ધર્મને મુમુક્ષુએ યથાર્થપણે અનુસરવું જોઈએ. દાન, તપાદિ મનુષ્યને પવિત્ર કરનાર છે, જ્ઞાન છે તે મનુષ્યનાં પાપોનો ક્ષય કરનાર છે. પાપના ક્ષયથી જ્ઞાન અને જ્ઞાનથી મોક્ષ થાય છે. માટે પરમાત્મા પ્રત્યે અર્પણભાવ રાખી શ્રદ્ધાથી ધર્મનું આચરણ કરવું. તેમજ ફળની આકાંક્ષાથી રહિત થઈને કર્મ કરવાવાળો પુરૂષ પરમપદ તે પ્રાપ્ત થાય છે. માટે સુજ્ઞ મુમુક્ષુ પ્રારંભથી જ સ્નેહ તથા પાપ એ મહાન દોષોને દૂર કરે છે અને બહ્મવિદ્યા તથા ધર્મને ગ્રહણ કરે છે. બ્રહ્મવિદ્યા છે તે સર્વદુ:ખનો નાશ કરનારી છે, અવિચ્છન્ન સુખ આપનારી છે, માટે એ વિદ્યાને નિરંતર આત્મયોગીઓ ધારણ કરે છે. એ વિદ્યાની પ્રાપ્તિ ધર્મને અનુસરવાથી થાય છે. ધર્મ એટલે મન કે વચનથી કોઈનું પણ અશ્રેય કરવું નહિ, ન્યાયથી વર્તવું, યમ-નિયમાદિક્ પાળવા, સત્ય અને સદાચારને અનુસરવા. કોઈથી વિરોધ કરવો નહિ. મનનો દ્વેષ કરવો નહિ, ચરાચર સાથે સમભાવથી વર્તવું, અહંતા મમતાનો પરિત્યાગ કરવો, એ ધર્મ છે માટે બ્રહ્મ વિદ્યાનો અભ્યાસ અને ધર્મનું પાલન એ કર્તવ્યરૂપ છે.

સંસારનું મૂળ શું છે ? ચિંતા છે તે સંસારનું મૂળ છે. ચિંતા અજ્ઞાનથી થાય છે. વિવિધ પ્રકારના પદાર્થો ન મળ્યા હોય તો તે મળવાની ચિંતા, જો મળ્યા હોય તો તેના સંરક્ષણની ચિંતા, આ પ્રકારે ઘણા પ્રકારની ચિંતા, આધિ, વ્યાધિ અને ઉપાધિના યોગે થાય છે. તે જ સંસારનું મૂળ છે. એ ચિંતા જ્ઞાન થતાં દૂર થાય છે. નિર્મૂળ થાય છે: ચિંતા મનમાં થાય છે ત્યાં સુધી અજ્ઞાન છે, અને ત્યાં સુધી સંસાર પણ છે. ચિંતા નિર્મૂળ થતાં જ સંસાર પણ ટળી જાય છે. ચિંતા અવિદ્યાથી થાય છે. તે જ પ્રપંચનું કારણ છે. તે અવિદ્યા નાશ થતાં બ્રહ્મ(આત્મા)ની પ્રાપ્તિ થાય છે. માટે વિવેકથી સત્યાસત્ય સમજી ચિંતાને તજવી અને ચિંતા મટી તો સંસાર પણ મટવાનો છે - ટળવાનો છે - ક્ષય થવાનો છે.

*વિજ્ઞાન્મવિજ્ઞતમોસ્તિ કો વા નાર્યા પિશાચ્યા ન ચ વંચિતો યઃ ।*

*કા શૃંખલા પ્રાણભૃતાં ચ નારી દિવ્યં વ્રતં કિંચ નિરસ્તદૈન્યમ્ ॥૧૫॥*

**અર્થ :**

શિષ્ય - જ્ઞાનીનાં કરતાં પણ મહાજ્ઞાની કોણ ?

ગુરુ - નારીરૂપ(કામવાસના રૂપ) પિશાચિણીથી જે છેતરાયો ન હોય તે.

શિષ્ય - સર્વ પ્રાણીને બેડીરૂપ કોણ છે ?

ગુરુ - સ્ત્રી(કામવાસના)/વિષયાસક્તિ બેડીરૂપ છે.

શિષ્ય - દિવ્ય વ્રત કયું કહેવાય ?

ગુરુ - દીનપણું જેમાં ન હોય તે.

જે મનુષ્ય કામવાસના રૂપ પિશાચણીથી છેતરાતો નથી અને કામવાસનાને સ્વાધીન થતો નથી તે મહાજ્ઞાની છે. કામવાસનામાં જેનું મન રોકાયેલું છે. તેના તપથી, વિદ્યાથી, ત્યાગથી, શ્રવણથી કે મૌનથી શું મળે ? અર્થાત્ કાંઈપણ પ્રાપ્ત થાય નહિં પણ ઉલ્ટાનો બંધનમાં પડે. માટે આત્મજ્ઞાન દ્વારા કામવાસનાને દૂર કરવા પ્રયત્નશીલ રહેવું પડે. તો જ મુક્તિ તરફ આગળ વધી શકાય કામવાસના જ જન્મમરણના ફેરા કરાવનાર છે માટે તેનાથી દૂર રહેવું જોઈએ.

વિષય પ્રત્યેના રાગ તે જ જીવને સંસાર પરિભ્રમણની બેડીરૂપ છે. વિષય પ્રત્યેની વાસના જ મનુષ્યને અપકીર્તિનું પાત્ર બનાવી દે છે. મોક્ષની ઇચ્છાવાળા માટે વિષયનો કે વિષયીનો સંગ કરવો તે ક્લેશ આપનાર છે. જગતમાં જોઈએ તો વિષયના સંગી પ્રાણીઓ પોતાના પ્રાણ ખોઈ નાખતા જોવામાં આવે છે. માટે તેનાથી દૂર રહેવા પ્રયત્ન કરી દૂર રહેવું જોઈએ. કામવાસના રૂપ વિષયમાં જે ફસાતા નથી તે ભાગ્યશાળી છે.

દીનપણા રહિતનું જે વ્રત તે દિવ્યવ્રત કહેવાય છે. દીનતાથી સર્વ વ્રત નાશ પામે છે. શ્રી શુકદેવજી કહે છે કે - દીનપણાનો જેણે ત્યાગ કરેલો છે. તેણે જ ઉત્તમવ્રત ધારણ કરેલું છે. જેનું મન પરમાત્મ સ્વરૂપમાં લીન થઈ ગયું છે, તેને કોઈની દીનતા કરવી પડતી નથી. તેને પછી અન્ય પ્રયાસ કરવાની અગત્ય રહેતી નથી પણ જેના મનનો દીનતાથી પરાજય થયેલો છે, તેનું સર્વ નિષ્ફળ છે; અર્થાત્ તેની વિદ્યા, તપ, ત્યાગ, શાસ્ત્રશ્રવણ, એકાંત અને મૌન સર્વ નિરર્થક છે અને જે દીનતામાં ફસાયો નથી તેનું જ્ઞાન કીર્તિ, વિદ્યા અને તેજની અતિવૃદ્ધિ થાય છે અને તે સત્પુરૂષોના ઉપદેશ દ્વારા ઉત્તમબોધને પામે છે, માટે જેમાં દીનતાને અવકાશ નથી એવા સદાચાર અને બ્રહ્મચર્ય વ્રત પાળવાં, તેથી મોક્ષ થાય છે અને તે જ દિવ્યવ્રત છે. તેનાથી જ આત્મજ્ઞાન થઈ મોક્ષ થાય છે માટે મોક્ષની જીજ્ઞાસાવાળાએ દીનપણારહિત દિવ્યવ્રતનું આચરણ કરવું.

*જ્ઞાતું ન શક્યં હિ કિમસ્તિ સર્વૈ-*
*યોષિન્મનો યચ્ચરિતં તદીયમ્ ॥*
*કા દુસ્ત્યજા સર્વજનૈ ર્દુરાશા*
*વિદ્યાવિહિન પશુરસ્તિ કો વા ॥ ૧૬ ॥*

**અર્થ :**

શિષ્ય - કોઈથી પણ જાણી ન શકાય એવું શું છે ?

ગુરુ - સ્ત્રીનું મન અને તેનું ચરિત્ર - મનુષ્યનું મન અને તેનું ચરિત્ર.

શિષ્ય - કોઇથી ત્યાગ ન થઈ શકે તેવું શું છે ?

ગુરુ - દુરાશા - ભુંડી આશા.

શિષ્ય - પશુ કોણ કહેવાય ?

ગુરુ - વિદ્યાવિહીન છે તે પશુ છે.

સ્ત્રી(અથવા મનુષ્ય)નું મન અને ચરિત્ર બીજાંથી સમજી શકાતાં નથી. આ જગતમાં બુદ્ધિમાન અને વિચારવાન મનુષ્યો રહેલાં છે, પરંતુ બીજાના મનની અને તેના ચરિત્રની ખબર તેઓને પણ ઘણીવાર પડતી નથી. સુરાસુર પણ આના ભોગ બનેલા છે.

વિષયી મનુષ્યનું મન કોઇપણનો દ્રોહ કરતાં અચકાતું નથી. મનુષ્ય પ્રાણીઓમાં જે દોષો દેખાય છે તે પૂર્વકૃત ક્રમને અનુસરીને હોય છે. માટે મન અને ચરિત્રને સમજવું મુશ્કેલ પડે છે. વિષયી મનુષ્ય સ્વચ્છંદપણે વિચરે છે અને લાજ વિગેરેને નેવે મૂકી દે છે. એમ કરીને ભ્રષ્ટ થાય છે.

દૂરાશા ત્યજી શકાય તેમ નથી. સ્ત્રી, ધન આદી ક્ષણભંગુર પદાર્થ સંબંધી જે દુરાશા-દુષ્ટ આશા- તૃષ્ણા છે તે ત્યજવી મુશ્કેલ છે. આ જગતમાં જેટલા નામ રૂપાત્મક પદાર્થો છે, તે સર્વનો ત્યાગ થઈ શકે છે; પણ એક દુરાશા-દુષ્ટ આશાનો ત્યાગ થઈ શક્તો નથી જે મિથ્યા આશા બાંધવી તે દુરાશા-દુષ્ટ આશા છે. આ આશા જ્યાં સુધી ઇન્દ્રિયો અને મન વશ થયેલાં નથી ત્યાં સુધી થયા જ કરે છે. શંકરાચાર્યજી કહે છે કે - આગળ અગ્નિ બળતો હોય પાછળથી સૂર્યનો તાપ લાગતો હોય, રાત્રે ટૂંટીયુંવાળીને-પેટ તરફ વળીને સૂતો હોય, હાથમાં ભિક્ષા કરતો હોય અને ઝાડ નીચે સૂતો હોય, એવો તપસ્વી પણ આશાપાશને છોડતો નથી, તો કલ્યાણ થતું નથી.

જે મનુષ્યે આશાને પાછળ મૂકી નિરાશપણાનું ગ્રહણ કર્યું છે. તે જ સઘળું ભણ્યો છે, સકળ શ્રવણ કર્યું છે અને તેણે જ સર્વ કર્યું છે. જ્યાં સુધી આશાનો ત્યાગ કર્યો નથી ત્યાં સુધી સર્વ વૃથા છે; કારણકે આશા સર્વને નિષ્ફળ કરવાની તાકાત ધરાવે છે.

જેણે જગતને મોહ પમાડનારી આશારૂપ સર્પિણીને જીતેલી છે, તેને જ

આ જગતમાં ધન્ય છે, તે જ પુણ્યને ભોગવવાવાળો છે, અને તે જ ક્લેશરૂપ સમુદ્રના પારને પામ્યા છે, માટે જેણે ભવસાગરથી પાર થવાની જીજ્ઞાસા રાખી છે. તેણે સર્વથા આશાનો-દુરાશાનો ત્યાગ કરવો. આશા તેજ પરમ દુઃખ છે અને નિરાશા છે તે પરમસુખ છે. જગતમાં જોકે ઘણાં પશુઓ રહેલાં છે, પણ જે વિદ્યાવિહીન છે તે જ ખરો પશુ છે. વિદ્યા બે પ્રકારની છે એક પરા અને બીજી અપરા તેમાં અપરા વિદ્યા અનેક સંશયને છેદનારી છે. આ અપરા વિદ્યા વગરનો જે છે તે પશુ છે; કારણકે પશુ જેમ આહાર, નિંદ્રા અને મૈથુન આદિને જાણે છે, પણ પોતાના શ્રેય સાધનને જાણતું નથી, તે પ્રમાણે જ શાસ્ત્રના-શ્રુતના જ્ઞાન વગરનો જે મનુષ્ય છે તે માત્ર ઉદર ભરવાવાળો, પોતાનુ હિતાહિત જાણતો નથી. શાસ્ત્રના (શ્રુત) જ્ઞાનવગરનું જીવન શોભતું નથી અને વિદ્યા વગરનો મનુષ્ય પૂંછડા વગરનો પશુ છે. મનુષ્ય રૂપ, યૌવનથી સંપન્ન હોય, વિશાળ કુળ હોય, પણ વિદ્યા વગર શોભતો નથી. જે શબ્દ બ્રહ્મને જાણે છે તે પરાવિદ્યા છે અને તે માત્ર શ્રમરૂપ થઈ પડે છે.

જગતમાં ઘણા પ્રકારની વિદ્યાઓ રહેલી છે, તેમાં બ્રહ્મવિદ્યા જ સર્વોત્તમ છે. બ્રહ્મવિદ્યાનો બોધ થયો ન હોય તો બીજી જેટલી વિદ્યાનું જ્ઞાન થાય તે સર્વ મોક્ષ અપેક્ષાએ નકામું છે. બ્રહ્મવિદ્યાને જાણ્યા વગર પોતાના સ્વસ્વરૂપની ખબર પડતી જ નથી અને તેને કારણે તેની સમ-વિષમ દૃષ્ટિ મટતી જ નથી. માટે જ બ્રહ્મવિદ્યા વગરનાને પશુનું રૂપક આપેલું છે.

***વાસો ન સંગઃ સહ કૈર્વિધેયો મુર્ખેશ્ચ પાપૈશ્ચ ખલૈશ્ચ નીચૈઃ ।***
***મુમુક્ષણા કિં ચરિતં વિધેયમ્ સત્સંગતિ નિર્મમતેશ ભક્તિઃ ॥૧૭॥***

**અર્થ :**

શિષ્ય - વાસ અને સંગ કોની સાથે ન કરવો ?

ગુરુ - મૂર્ખ, પાપી, ખળ અને નીચ સાથે કરવો નહિ.

શિષ્ય - મુમુક્ષુઓએ કરવાનું અને આચરવાનું શું છે ?

ગુરુ - સત્પુરૂષની સત્સંગતિ, મમતારહિતપણું અને ઈશ્વરભક્તિ.

મૂર્ખ, પાપી, ખળ અને નીચ પુરૂષોનો સંગ ન કરવો; કારણ કે તેઓ દેહાદિમાં અહં બુદ્ધિવાળા છે, ક્રૂર હોય છે, નિર્દય હોય છે, પરમાત્માની ભક્તિ કરનારની નિંદા કરનારા હોય છે. આવા દુર્જનોનો સંગ મુમુક્ષુએ પ્રમાદ થકી પણ કરવો નહી; કારણકે તેમનો સંગ કરવાથી ધર્મ, આચાર અને સત્બુદ્ધિનો નાશ થઈ જાય છે અને તેમ થતાં નરકની પ્રાપ્તિ થાય છે.

પર્વતમાં ન જઈ શકાય તેવાં સ્થાનોમાં, જંગલી જાનવરો સાથે ફરવું ઉત્તમ છે, પણ ક્યાંય મૂર્ખ માણસનો સંગ ઉત્તમ નથી એટલે કે મૂર્ખ માણસનો સંગ સર્વથા તજવો જોઈએ. જે દેશમાં તત્ત્વને જાણનારો, ફળથી ભરેલો અને શીતળ છાયાવાળો સજ્જનરૂપ વૃક્ષ ન હોય, ત્યાં કદિ પણ નિવાસ કરવો નહિ.

ઉપદેશ કદાચ ન કરતા હોય; તો પણ સત્પુરુષો પાસે જવું, કેમકે તેઓનો જે કંઈ વાર્તાલાપ થતો હોય, તે પણ ઉપદેશરૂપ થઈ પડે છે; સજ્જનોની સામાન્ય વાતો પણ સુબોધ આપનારી હોય છે, કારણ કે એ તો નિરંતર શ્રેય થાય તેવી જ વાર્તા કરતા હોય છે.

૧. જે શાસ્ત્રના અર્થને યથાર્થ જાણતો હોય, પરંતુ તે પ્રમાણે સાધન ન કરતો હોય, તો તે મૂર્ખ છે.

૨. જે શાસ્ત્રનું જ્ઞાન ધરાવતો હોય, ગુરુપદ ધારણ કરી બેઠો હોય, ઉપદેશ પણ કરતો હોય પણ શિષ્યને અવળે માર્ગે દોરતો હોય તે પાપી છે.

૩. જે મહંતપણાનો ડોળ કરતો હોય, અંતરમાં દ્રવ્ય સંપાદન કરવાની વૃત્તિ હોય અને સામાનું અહિત થતું હોય તો પણ ભલે થાય પણ પૈસા લેવા કે જેથી આપણો નિર્વાહ ચાલે છે, એવા વિચારથી ગૃહસ્થોને ગમે તેવો ઉપદેશ આપે છે અને તે ઉપદેશ દ્વારા દ્રવ્ય એકઠું કરે છે તે ખળ કહેવાય છે.

૪. જે પુરૂષ સર્વ વિદ્યાર્થી સંપન્ન હોય છતાં પણ જો તેમાં યત્ કિંચિત પણ કામ હોય તો તે નીચ કહેવાય.

કામ, ક્રોધ અને લોભ એ ત્રણેય આત્માનો નાશ કરનાર છે તથા નરકના હેતુ છે; માટે એ ત્રણેનો ત્યાગ કરવો જોઈએ.

સંગથી કામ ઉત્પન્ન થાય, કામ થયો એટલે ક્રોધ પણ થાય. માટે સંગ કરવો નહિ.

જે પ્રમાણે પોતે કલ્યાણનું સાધન જાણી અનુસરતા હોય, તે જ પ્રમાણે અન્યને બોધ કરતા હોય તેવા સજ્જનોનો સંગ કરવો, સમાગમ કરવો કે જેથી વ્યવહાર અને પરમાર્થ સુધરતાં જન્મમરણના ફેરા ટળે છે.

મુમુક્ષુએ સત્સંગ, મમતા રહિતપણું અને પરમાત્મભક્તિ કરવાની છે. સર્વશ્રેયનાં સાધન કરાવે અને પરમ નિવૃત્તિની પ્રાપ્તિ કરાવે, એવા સત્પુરૂષોના સમાગમનું નામ સત્સંગ કે સત્સંગતિ કહેવાય છે. મિથ્યાજ્ઞાનીઓના સંગમાં પડવું નહિ. જે પુરૂષો કેવળ બ્રહ્મ- આત્માની વાત કરવામાં જ કુશળ છે, જેઓની વૃત્તિ ક્ષણમાત્ર બ્રહ્માકાર થતી નથી તથા જેઓ વિષયમાં પ્રીતિવાળા છે, તે પુરૂષો મોટા અજ્ઞાની છે. તેથી આ સંસારમાં તેઓ પુનઃ પુનઃ જન્મે છે તથા મરણ પામે છે. આવાઓનો સંગ કરવો યોગ્ય નથી.

સાંસારિક ભાવોમાં જે અહંત્વ છે, મમતાપણું છે તે ત્યાગવાનું છે. જ્યાં સુધી અહંતા મમતા છે. ત્યાં સુધી જીવ સાધના માર્ગમાં આગળ વધી શકતો નથી. માટે મુમુક્ષુએ મમતારહિત થવાનું છે.

પરમાત્મ સ્વરૂપની, સાકારી જ્ઞાની પુરૂષની ભક્તિ કરવી. તે જ શ્રેયરૂપ છે. આમ સર્વોત્તમ ભક્તિ સાથે સર્વ પ્રકારના અભિમાનનો ત્યાગ કરવો અને સત્પુરૂષોનો સત્સંગ કરવો કે જેથી જન્મમરણના ફેરા ટળી જાય.

***લઘુત્વમૂલં ચ કિમર્થિતૈવ ગુરુત્વબીજં પદયાચનં કિમ્ ।***
***જાતોસ્તિ કો યસ્ય પુનર્ન જન્મ કો વા મૃતો યસ્ય પુનર્ન મૃત્યુઃ ॥૧૮ ॥***

**અર્થ :**

શિષ્ય - હલકાઈનું મૂળ શું ?

ગુરુ - અર્થિપણું - માગણપણું તે.

શિષ્ય - મોટાઈનું બીજ - મૂળ શું ?

ગુરુ - જેનો પુનઃ જન્મ થતો નથી તે. જેને હવે જન્મ લેવાનો નથી તે ભવની અપેક્ષાએ ઉત્પન્ન થયો કહેવાય

શિષ્ય - મુવેલો કોણ કહેવાય ?

ગુરુ - જેનું ફરીને મરણ ન હોય તે. જેણે જન્મ મરણના ફેરા ટાળીને સંપૂર્ણ શુદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી છે. તે મુવેલો છે. કારણ ફરી મરણ રહ્યું નથી.

માગવું કે માગણી કરવી એ જ હલકાઈનું મૂળ છે. જે માગણી કરે છે તે 'શ્રી' 'હ્રી', 'ધી' 'ધૃતિ' અને 'કીર્તિ' એ પાંચેયના ત્યાગનો પાત્ર થાય છે. અર્થાત્ તે પાંચેય તેની પાસેથી જાલી જાય છે. આવા લોકોને પ્રારબ્ધ આધીનથી જે વિત્ત આદિ પદાર્થ મળે છે; તો પણ તેમાં સંતોષ માનતો નથી. માટે હલકામાં હલકું યાચવું એ છે. માટે પ્રારબ્ધ અનુસાર જે મળે ને અલ્પ હોય તો પણ સંતોષ માની લેવો શાસ્ત્રમાં કહ્યું છે કે :-

સર્વથી હલકું તૃણ-ઘાસ છે. ઘાસથી હલકું રૂ છે અને રૂથી પણ હલકો યાચક છે, ગમે તેવો તુચ્છ પદાર્થ હોય અથવા કિંમતી હોય પણ તે માગવાથી હલકાઈ થાય છે. આમ સાંસારિક પદાર્થોની યાચના કરવાથી માગણ હલકો થાય છે, હલકાઈનું કારણ માગણી - યાચના છે.

પણ ગુરુ પાસેથી સ્વપદ મેળવવા માટેની યાચના કરવી એ હલકાઈ નથી સ્વસ્વરૂપનું ઓળખાણ થવા માટે જે યાચના કરવી પડે તે તો મહત્તાનું કારણ છે. કારણ કે પોતાના પદને જાણવાથી ઉત્તમ મોક્ષપદ મળે છે.

જેને હવે પુનઃ જન્મ લેવાના નથી તે જ ખરો જન્મેલો કહેવાય છે. સંપૂર્ણ જ્ઞાની છે તેનો પુનર્જન્મ થતો નથી; અર્થાત્ જ્ઞાન વગર પુનર્જન્મ મટતો નથી. જેનો જન્મ થાય છે. તે તો જન્મે છે, વૃદ્ધિપામે છે, તરુણ થાય છે, વૃદ્ધ થાય છે અને નાશ પામે છે. આ છ વિકારો વળગે છે. આ છ વિકારો ભૌતિક શરીરમાં થાય છે. શુદ્ધ સ્વરૂપમાં કાંઈ ફેરફાર થતો નથી. આવા શુદ્ધ સ્વરૂપી જે જ્ઞાનીઓ છે તેઓનો પુનર્જન્મ થતો નથી. માયાના ઉદરમાંથી નિકળવું તે જ વાસ્તવિક જન્મવું છે. માયાના ઉદરમાંથી જ્ઞાનીઓ જ નીકળી જાય છે. જે માયાથી મુક્ત થયો નથી તે તો માના ઉદરથી જન્મ્યો, તોપણ ન જન્મ્યા

બરાબર છે.

જેને પુનઃમરણ થતું નથી તે જ મુવેલો જાણવો. એક સમય મરણ થયું, પુનઃ જન્મ થયો તો વળી મરવું પડે, પુનઃ પુનઃ જેને જન્મવું ને મરવું પડે છે તેનું નામ વાસ્તવિક મટવું નથી. ખરેખર તો મુવેલો જ્ઞાની જ છે; કેમકે તે વિદેહી થઈ જાય છે, તેથી પુનઃ જન્મ થતો નથી અને જન્મ થતો જ નથી તો પછી તેને મરવું શી રીતે સંભવી શકે. માટે વાસ્તવિક મરવું તો જ્ઞાનીનું જ છે. કારણ કે તેને ફરીને દેહ ધારણ કરવો પડતો નથી. માટે જેનો દેહ પડી ગયા પછી પુનઃ દેહ ધારણ કરવો ન પડે તે જ ખરેખરો મરેલો જ છે.

***મૂકોસ્તિ કો વા બધિરશ્ચ કો વા યુક્તં ન વક્તું સમયે સમર્થઃ ।***
***તથ્યં સુપથ્યં ન શૃણોતિ વાક્યં વિશ્વાસપાત્રં ન કિમસ્તિ નારી ॥૧૯॥***

**અર્થ :**

શિષ્ય - મૂંગો કોણ કહેવાય ?

ગુરુ - સમયાનુસાર યોગ્ય ન બોલી શકે તે.

શિષ્ય - બહેરો કોણ કહેવાય ?

ગુરુ - ખરાં અને હિતરૂપ વાક્યને જે ન સાંભળે તે.

શિષ્ય - વિશ્વાસ પાત્ર કોણ નથી ?

ગુરુ - સ્ત્રી આદિ - નાસ્તિક આદિ, વિશ્વાસઘાત કરનાર વિશ્વાસપાત્ર નથી.

જે સમયાનુસાર યોગ્ય ન બોલી શકે તે મૂંગો કહેવાય. મોક્ષ યોગ્ય દુર્લભ મનુષ્ય શરીર પ્રાપ્ત થયા છતાં અવસરે બ્રહ્મવિદ્ ગુરુ પાસે બંધ-મોક્ષ આદિ વિષયે પોતાના શ્રેયને માટે સ્પષ્ટ રીતે પૂછવા જે સમર્થ થતો નથી તે મૂંગો છે. ગમે તેવી શુદ્ધ ભાષા જાણતો હોય, વાણીમાં પુષ્કળ ચાતુર્ય હોય, છતાંપણ જેના મુખમાંથી સમયાનુસાર સન્માર્ગ દર્શાવનારું વિવેકયુક્ત વચન ન નીકળે તે બોલતાં છતાં પણ મૂંગો છે.

જે વેદાંત (આગમ) વાક્યને પાપ મુક્ત ચિત્તથી શ્રવણ કરતો નથી તે બહેરો છે; અર્થાત્ જે મનુષ્ય સત્ય અને શ્રેયસ્કર ગુરુ આદિના વચન શ્રવણ કરતો નથી તે બહેરો છે. વાસ્તવિક બહેરો તો તે જ સમજવો કે જે પોતાનાં હિતાહિતનાં વચન સાંભળી શકતો નથી.

સ્ત્રી એટલે સ્ત્રી જ નહીં પણ જે વિશ્વાસઘાત કરનાર હોય તેનો વિશ્વાસ કરવા યોગ્ય નથી, તે મૃત્યુનું જ દ્વાર છે. જેમ કે અનુચિત કર્મનો આરંભ, પોતાના જનોમાં વિરોધ, મોટાની સાથે સ્પર્ધા અને પ્રમદાનો વિશ્વાસ એ ચાર મૃત્યુનાં દ્વાર છે. નારી એ પદથી અન્ય નાસ્તિકાદિ જે હોય તે પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી; પરંતુ તેવાઓને તો દૂરથી નમસ્કાર કરવા યોગ્ય છે. તેવાઓના સંગમાં રહેવાથી સદ્‌બુદ્ધિનો નાશ થઈ જાય છે. માટે કોઈપણ રીતે અનાચારી જેવા જણાતા એવા સાથે વિશ્વાસ કરવો નહિ. તેવો વિશ્વાસ શ્રેયકારી ગણાતો નથી તે નુકસાનકર્તા જ પુરવાર થતો હોય છે.

***તત્ત્વં કિમેકં શિવમદ્વિતીયમ્ કિમુત્તમં સચ્ચરિતં યદસ્તિ ।***
***કિં કર્મ કૃત્વા ન ચ શોચનીયઃ કામારિકંસારિસમર્ચનાખ્યમ્ ॥૨૦॥***

**અર્થ :**

શિષ્ય - એક તત્ત્વ કયું કહેવાય ?

ગુરુ - અદ્વિતીય શીવ – શુદ્ધ સિદ્ધ અવસ્થા.

શિષ્ય - ઉત્તમ શું કહેવાય ?

ગુરુ - સારું ચરિત્ર હોય તે.

શિષ્ય - શું કર્મ કરવાથી પુરુષ શોચનિય થતો નથી ?

ગુરુ - શિવ-વિષ્ણુની સેવા કરવાથી – સિદ્ધ અને અરિહંત તેમજ સદ્‌ગુરુની સેવા કરવાથી

અદ્વિતીય શુદ્ધ પરમાનંદ બોધરૂપ એક તત્ત્વ તે શિવ-સિદ્ધ છે. પ્રપંચ માત્રથી ભિન્ન જીવ- શિવનો ભેદ ટાળીને અભેદ એક રૂપ જાણવાનું નામ એક

તત્ત્વ કહેવાય છે. જેણે દ્વૈતભાવની નિવૃત્તિ થતા અદ્વૈત એવા શિવ-શુદ્ધ આત્મ તત્ત્વનો બોધ થયેલો છે. તેને પછી બીજા દાનાદિ સાધનોની અગત્ય રહેતી નથી, કેમકે સાધના દ્વારા જે પ્રાપ્ત થવાનું હતું તે તો પ્રાપ્ત થઈ ચૂક્યું છે. આ શિવ-શુદ્ધ આત્મતત્ત્વ સદ્ગુરુના કૃપા યુક્ત બોધ દ્વારા મળે છે અને ઓળખી શકાય છે. શિવ તત્ત્વનો બોધ એકલો જ સર્વ આશા રૂપ ઘાસનો અગ્નિ છે એટલે કે તત્ત્વનો બોધ થતાં આશાનાં અંકુરો નિર્મૂળ થઈ જાય છે. આશાના અંકુરો નિર્મૂળ થતાં જ તત્ત્વના આનંદમાં તલ્લીન થઈ જવાય છે, એટલે જ અદ્વૈત શિવ જ એક તત્ત્વ છે.

શાસ્ત્રનુસાર સદાચરણથી અનુસરવું તે સચ્ચરિત છે. પોતે જે ધર્મમાં - ગૃહસ્થ કે સાધુપણામાં હોય તેને ઉચિત ધર્માચરણ, સત્ય, અદ્રોહ, શાસ્ત્રનું અવલોકન વગેરે મુમુક્ષુએ આચરણ કરવાને ઉત્તમ છે તે સાધનથી અંતઃકરણ શુદ્ધિ દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કામક્રોધાદિકનો પરાજય કરી, ઈન્દ્રિયો તથા મનને વશ કરી અદ્વૈત શિવને જાણવાની જિજ્ઞાસા કરવી, સાધુનો સમાગમ, સદ્ગુરુની સેવા, સદૈવ સત્ શાસ્ત્રનું શ્રવણ, વાંચન વગેરે દ્વારા અધ્યાત્મ વિચારણાની સ્ફુરણા થાય છે. વિચારણા દ્વારા જ વસ્તુ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. આત્મજ્ઞાની ને જે આનંદ થાય છે તે આનંદને દેવતાઓ પણ પામ્યા નથી. અદ્વૈત શિવની પ્રાપ્તિ અર્થે જે સાધનો કરવાં તે સચ્ચરિત્ર કહેવાય છે.

શિવ (સિદ્ધ) અને વિષ્ણુ (અરિહંત અથવા સત્પુરુષ કે સદ્ગુરુ)ની સેવા કરવાવાળો શોચનીય નથી. તે પ્રમાણે સેવા કરવાથી અંતઃકરણ શુધ્ધિ દ્વારા સુખની પ્રાપ્તિ થાય છે. દાન, શીલ, તપ, ભાવના આદિના આચરણથી અનેક જન્મોમાં અર્જીત કરેલા પાપના સંચયનો નાશ થાય છે. માટે શિવ અને વિષ્ણુ (અરિહંત કે સદ્ગુરુ)ની સેવા કરવાથી શ્રેય થાય છે. આ સેવામાં કોઈપણ પ્રકારનો સંસાર ભાવ રાખવો નહીં તેમ કરવાથી બંધન થાય છે. અંતઃકરણ નિર્મળ થતાં ઉત્તમ બોધની પ્રાપ્તિ થાય છે. માટે આ સેવા કરવાથી હિત જ થાય છે માટે સેવા-પૂજન કરવું એ અગત્યનું કર્ત્તવ્ય રૂપ કર્મ (ક્રિયા) છે.

*શત્રોર્મહાશત્રુતરોઽસ્તિ કો વા કામઃ સકોપાનૃતલોભતૃષ્ણા ।*
*ન પૂર્યતે કો વિષયૈઃ સ એવ કિં દુઃખમૂલં મમતાભિધાનમ્ ॥૨૧॥*

**અર્થ :**

શિષ્ય - શત્રુ કરતાં પણ મહાશત્રુ કોણ છે ?

ગુરુ - ક્રોધ, અનૃત, લોભ અને તૃષ્ણાસહ કામ છે તે.

શિષ્ય - વિષયો થકી શું પુરાતું નથી.

ગુરુ - ઉપર કથેલા કામ-આદિ વિકારો.

શિષ્ય - દુઃખનું મૂળ શું છે ?

ગુરુ - મમતા છે તે દુઃખનું મૂળ છે.

ક્રોધ, અનૃત લોભ અને તૃષ્ણા સહ કામ છે તે મહાશત્રુ છે. મનમાં જે કાંઈ વિષયાદિક જે કામના ઉત્પન્ન થાય છે, તેનું નામ કામ કહેવાય છે. જે પોતાના પરમાનંદ સ્વરૂપ આત્મામાં પોતે જ આત્મારામી થઈ પ્રસન્ન રહે છે, અને મનમાં પ્રાપ્ત વિષયાદિની તુચ્છ કામનાને તજી દે છે, ત્યારે તે નિશ્ચળ બુદ્ધિવાળો કહેવાય છે. મિથ્યાને વિષે આસક્તિ કરવી તે રાગ કહેવાય છે અને કાંઈ ભોગની ઈચ્છામાં પ્રતિબંધ થતાં રોષ ઉત્પન્ન થાય તે ક્રોધ કહેવાય છે. એ પણ મોટા શત્રુ છે. અનાત્મ ભાવને વિષે આત્મભાવ બાંધવો તે અનૃત કહેવાય છે. એ મહાશત્રુ છે. નાશવંત એવા દ્રવ્યનો સંચય કરવા આસક્તિ કરવી તે લોભ છે. તે પણ મોટો શત્રુ છે. જે પદાર્થો મિથ્યા છે, તેમાં મન વારંવાર દોડે છે અને પાછું વાળવાનો પ્રયત્ન કરતાં છતાં તેમાં લુબ્ધ થઈ રહે છે તેનું નામ તૃષ્ણા છે. એ પણ મહાશત્રુ છે. આ કામાદિક પાંચે શત્રુઓ પોતાનામાંથી જ ઉત્પન્ન થઈને પોતાનો (આત્માનો) જ નાશ કરે છે. આ પાંચે શત્રુઓનો પરાભવ કરવાથી જ સુખની પ્રાપ્તિ થાય છે.

આ પાંચેય શત્રુઓ વિવિધ પ્રકારના અનેક ભોગ ભોગવવાં છતાં તૃપ્ત થતાં નથી અને ઉપરથી સતેજ થતા જાય છે. માટે તે જે પ્રકારે શાંત થાય તેવા

ઉપાયો યોજવા ઘટે છે. આ કામાદિક શાંત થતાં ત્રિવિધ તાપ ટળી જાય છે.

મમતા છે તે દુ:ખનું મૂળ છે. 'હું' એવા અભિમાને કરીને જે બદ્ધ છે. બંધાયેલ છે તે વારંવાર જન્મ મરણ પામી દુ:ખ ભોગવે છે. 'હું' અને 'મારું' એવું જે અભિમાન છે તે જ મમતા છે. એ મમતા જ દુ:ખનું કારણ છે. જો અહંતા-મમતાનો નાશ થાય, તો મોક્ષ થતાં વાર લાગતી નથી. જ્યારે 'હું' પણાનું મમત્ત્વ નથી ત્યારે મોક્ષ અને જ્યારે 'હું' પણાનું મમત્વ છે ત્યારે જ બંધન થાય છે.

'હું કર્તા છું', એવું જે આત્માને વિષે અભિમાન તે રૂપી જે મોટા કાળા સર્પ છે તે તને કરડેલો છે, તેથી તું દુ:ખ ભોગવે છે; માટે હું તો અકર્તા આત્મા છું એવું વિશ્વાસરૂપી અમૃતપાન કરીને સુખી થા.

મમતાનો નાશ કરવો અઘરો છે, પણ ઉપાય દ્વારા નાશ કરી શકાય છે. મમતા જે સર્વથા દુ:ખના કારણ રૂપ છે, તેથી તેનો સત્વરે નાશ કરવો એ જ કલ્યાણકારક છે.

***કિં મંડનં સાક્ષાતર મુખસ્ય સત્યં ચ કિં ભૂતં હિતં તદેવ ।***
***ત્યક્ત્વા સુખં કિં સ્રિયમેવ સમ્યક્ દેયં પરં કિં ત્વભયં સદૈવ ॥૨૨॥***

**અર્થ :**

શિષ્ય - મુખનું ઘરેણું શું કહેવાય ?

ગુરુ - સાક્ષરતા

શિષ્ય - સત્ય શું કહેવાય ?

ગુરુ - જે સર્વના હિતરૂપ હોય તે.

શિષ્ય - શું ત્યાગવાથી સુખ છે ?

ગુરુ - સમ્યક્ પ્રકારે સ્ત્રીનો (કામવાસનાનો) ત્યાગ કરવાથી.

શિષ્ય - ઉત્તમ દાન શું છે ?

ગુરુ - જે નિરંતર અભય છે તે.

પરબ્રહ્મ પ્રતિપાદક તેમજ મોક્ષ શાસ્ત્ર કથન કરવું તે મુખનું ભૂષણ છે. સંસ્કારવાળી વાણીથી પુરુષ શોભે છે. મોક્ષવાણી રૂપ ઘરેણું તેજ અક્ષય ઘરેણું છે. વિવિધ પ્રકારની વિદ્યા સંપાદન કરી હોંશિયાર થવું એનું નામ સાક્ષરતા છે, પણ બ્રહ્મ - આત્મ - વિચારમાં કુશળતા મેળવવી એ સર્વોત્તમ સાક્ષરતા છે. 'અહંબ્રહ્માસ્મિ' એવો દૃઢ અનુભવપૂર્વક ઉચ્ચાર કરવો તે મુખની શોભા છે. બ્રહ્મ વિદ્યા વગર અન્ય જે કાંઈ બોલવું તે વ્યર્થ છે, માટે જ આધ્યાત્મિક સાક્ષરતા એ જ મુખનું ઘરેણું છે.

ભૂત-પ્રાણીનું જેથી હિત થાય તે સત્ય કહેવાય. મન. વચન અને કાયાથી પ્રાણી માત્રનું નિરંતર હિત ચિંતવે છે, તે જ સત્ય છે, તે જ તપ છે, તે જ ધન છે અને તે જ ધર્મ છે. સર્વોત્તમ સત્ય તો એજ છે કે જે વડે પ્રાણી માત્રનું શ્રેય થાય, માટે સાંસારિક દુઃખથી મુક્ત થવા માટે સ્વસ્વરૂપને જાણીને ઉત્તમ જ્ઞાન સંપાદન કરી જીવનમુક્ત થવું એ જ સત્ય છે.

સમ્યક્ પ્રકારે કામ વાસનાનો ત્યાગ કરવાથી સુખ થાય છે. સુખની ઈચ્છાવાળાઓએ મનથી જ કામવાસનાનો ત્યાગ કરવો જોઈએ.

નિરંતર અભયદાન પ્રાણીઓને આપવું એ જ પરમોત્તમ દાન છે. પ્રાણીઓને મુક્તિનું દાન આપવું તે ઉત્તમદાન છે. મુક્તિ પછી કોઈપણ પ્રકારનો ભય રહેતો નથી. અને જન્મ મરણ ટળી જાય છે. મુક્તિનું દાન એ જ અભય દાન છે. ભર્તૃહરિ એ કહ્યું છે કે :-

ભોગમાં રોગનો ભય, કુળમાં ભ્રષ્ટ થવાનો ભય, ધનમાં રાજાનો ભય, મૌનમાં દીનતાનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં જરાનો ભય, શાસ્ત્રમાં વાદનો ભય, ગુણમાં ખળતાનો ભય, અને કાર્યોમાં કાળનો ભય, એમ સર્વ વસ્તુ મનુષ્યોને જગતમાં ભયવાળી છે, માત્ર એક વૈરાગ્ય જ અભય છે. માટે વૈરાગ્યપૂર્વક સાંસારિક ભયથી અન્યને મુક્ત કરવો, તે જ સર્વોત્કૃષ્ટ અભયદાન છે.

***કસ્યાસ્તિ નાશે મનસો હિ મોક્ષઃ ક્વ સર્વથા નાસ્તિ ભયં વિમુક્તૌ ।***
***શલ્યં પરં કિં નિજમૂર્ખતૈવ કે કે ઉપાસ્યા ગુરુવશ્ચ વૃદ્ધા ।।૨૩।।***

અર્થ :

શિષ્ય - કોનો નાશ થવાથી મોક્ષ થાય ?

ગુરુ - મનનો નાશ થવાથી.

શિષ્ય - સર્વથા કયાં ભય નથી ?

ગુરુ - મુક્તિમાં.

શિષ્ય - અતિશલ્ય શું કહેવાય ?

ગુરુ - પોતાનુ મુર્ખત્વ.

શિષ્ય - ઉપાસના કોની કરવી ?

ગુરુ - ગુરુની અને વૃદ્ધની.

મનનો નાશ થવાથી મુક્તિ થાય છે. પ્રથમ તો સંકલ્પ વિકલ્પ રૂપ જે મનનો ધર્મ છે તે રાખવો જોઈએ. પછી સંયમ કરવાથી મન વશ થઈ જાય છે. પ્રણવની સાધના એ સંયમ છે. પ્રણવ સાધતાં મન નાશ પામે છે. આ પોતાની મેળે સમજવી અશક્ય છે. માટે કોઈપણ સદ્‌ગુરુ દ્વારા તેનું શિક્ષણ લેવું જોઈએ. સંકલ્પ વિકલ્પથી મુક્ત થયેલું મન મરેલું જ છે અને મન મર્યું એટલે મોક્ષ છે.

કૈવલ્ય મુક્તિમાં સર્વથા ભય નથી, તે વગર સર્વત્ર ભય છે. આ મુક્તિનું જ્ઞાન સદ્‌ગુરુ દ્વારા મેળવવાનું છે. માટે જ્ઞાનવાન્, તત્ત્વને જાણનારા ગુરુને શરણ જઈ જ્ઞાન સંપાદન કરવું અને એ જ્ઞાનનું પરિણમન થતાં સ્વરૂપની પ્રાપ્તિ થશે, કે જેમાં કશો પણ ભય નથી, એવી મુક્તિ પ્રાપ્તિ થાય છે.

પોતાની મૂર્ખતાના સમાન એક પણ શલ્ય (કાંટો) નથી. દેહમાં અહં બુદ્ધિ છે તે જ શલ્ય છે. મૂર્ખતા એ મહાશલ્ય છે કારણ કે મૂર્ખતાથી અસંખ્ય દુઃખો ઊભા થાય છે અને ભોગવવા પડે છે. જ્યાં સુધી બ્રહ્મવિદ્યા સંપ્રાપ્ત થતી નથી. ત્યાં સુધી તે મુર્ખ જ છે અને જન્મ મરણના દુઃખને મટાડી શકતો નથી. જેને આત્મજ્ઞાન નથી તે મૂર્ખતાથી મહાકલેશ અનુભવે છે. જ્ઞાન સંપાદન થતાં મૂર્ખતા નાશ પામે છે અને જન્મ મરણના ફેરા ટળી જાય છે.

ગુરુ અને વૃદ્ધજનોની ઉપાસના કરવી જોઈએ. બ્રહ્મ વિદ્યાનો જે ઉપદેશ કરે તે ગુરુ. ગુરુ પાંચ પ્રકારના કહ્યા છે. પિતા, ગોર, વિદ્યાગુરુ, મંત્રગુરુ અને જ્ઞાનગુરુ. પ્રથમના ચાર ગુરુ તો જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનારા છે. પરંતુ પાંચમા જ્ઞાનગુરુ છે તે સ્વસ્વરૂપનું ઓળખાણ કરાવી સંસારમાંથી મુક્ત થવાનું અભયદાન આપે છે. જ્ઞાનગુરુને જ વૃદ્ધ ગુરુ કહેવામાં આવે છે. માટે આવા ગુરુની અનન્ય ભાવથી સુશ્રુષા કરવી. કારણ માત્ર જ્ઞાનગુરુ જ સંસારમાંથી મુક્ત થવાનો માર્ગ બતાવે છે. જેમ સૂર્યોદય થતાં અંધકારના નાશ સાથે કમળ પ્રફુલ્લિત થાય છે તેમ જ્ઞાનગુરુના બોધ દ્વારા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થતાં જ્ઞાનરૂપી કમળ પ્રફુલ્લિત થાય છે. માટે જ્ઞાનને પ્રગટાવાના સાધન રૂપ ગુરુની આપણા શ્રેયાર્થે ઉપાસના કરવી જોઈએ.

જ્ઞાની ગુરુની જે શ્રદ્ધાપૂર્વક ભક્તિ-સેવા કરે છે, તેને સંસાર તરવો સહેલો છે. ભવસાગરથી તારનારો ખરો બ્રહ્મવેત્તા હોય તે જ ગુરુપદને યોગ્ય છે. તેવાઓની સેવાથી ઉત્તમગતિ-મોક્ષ મળે છે માટે તેની સેવા કરવી અને સર્વ પ્રકારે પોતાનું શ્રેય થાય તેમ કરવું.

***ઉપસ્થિતે પ્રાણહરે કૃતાંતે કિમાશુ કાર્યં સુધિયા પ્રયત્નાત્ ।***
***વાક્કાયચિત્તૈઃ સુખદં યમઘ્નમ્ મુરારિપાદાંબુજમેવ ચિંત્યમ્ ॥૨૮॥***

**અર્થ :**

શિષ્ય - પ્રાણને હરનારો કાળ આવે, ત્યારે સદ્‌બુદ્ધિવાળાએ ત્વરાથી શું પ્રયત્ન કરવું ?

ગુરુ - સુખને આપનારાં અને યમને નાશ કરનારાં મુરારિ-પરમેશ્વરનાં ચરણાવિન્દનું વાણી, શરીર અને ચિત્ત વડે ચિંતવન કરવું.

મુરારિ પાદાંબુજ - મુર નામના દૈત્યના અરિ-શત્રુ સમાન પરમેશ્વર તેના ચરણકમલ તેનું ચિંતવન કરવું. મુર અને સંસાર ભાવો રૂપી દૈત્ય અને અરિ એટલે તેનો નાશ કરનાર પરમેશ્વરનું ચિંતવન કરવું. કારણ તે સુખને અપાવનારા, યમના દૂત (મૃત્યુ) ના ભયનો નાશ કરનારા છે. તેમનું ભજન કરવાથી જન્મ સફળ થાય છે. પ્રારબ્ધ અનુસાર કાળ સર્વનો ક્ષય કરે છે. એ કાળ જ્યારે

અચાનક આવે ત્યારે બુદ્ધિમાને મન, વચન અને કાયાથી ઈશ્વર ચિંતવન કરવું જોઈએ. અંતકાળે સાંસારિક પદાર્થો અને ભાવોથી અલગ થઈને મનને પ્રભુમાં - આત્મામાં તલ્લીન કરવું એ બુદ્ધિમાનનું મૃત્યુ સમયે કરવાનું કર્તવ્ય છે. એમ કરવાથી ઉત્તમોત્તમ સુખની પ્રાપ્તિ થાય છે.

***કે દસ્યવઃ સંતિ કુવાસનારવ્યાઃ કઃશોભતે યઃ સદસિ પ્રવિદ્યઃ***
***શાંતેવ કા યા સુખદા સુવિદ્યા કિમેધતે દાનવશાત્ સુવિદ્યા ॥૨૫॥***

**અર્થ :**

શિષ્ય - ચોર કોણ કહેવાય ?

ગુરુ - નઠારી વાસનાઓ હોય તે.

શિષ્ય - સભામાં કોણ શોભે ?

ગુરુ - મહાવિદ્વાન્ હોય તે - ઉત્તમ વિદ્વાન હોય તે.

શિષ્ય - શાંતિ સદશ સુખ આપનારા કોણ છે ?

ગુરુ - સુવિદ્યા-આપનાર સદ્‌ગુરુ.

શિષ્ય - દાન આપવાથી શું વધે છે ?

ગુરુ - સુવિદ્યા પ્રાપ્ત થવા રૂપ નિમિત્તો વધે છે.

નઠારી - કુવાસના છે તે આત્મસંપત્તિનો ચોર છે. કુવાસના એટલે મલીન વાસના. લોક વાસના, શાસ્ત્ર વાસના અને દેહ વાસના એ ત્રણ મલીન વાસના છે. આ લોક, શાસ્ત્ર અને દેહ વાસનાથી મનુષ્યને યથાયોગ્ય જ્ઞાન થતું નથી.

મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ ભાવના રૂપ વાસના ઉપરોક્ત વાસનાઓ કરતાં પ્રતિકુળ છે. આ વાસનાઓથી મલિન વાસનાઓ નાશ પામે છે. જ્યાં સુધી વાસના છે ત્યાં સુધી મોક્ષ નથી, મોક્ષ તો સંશય વાસના અને અજ્ઞાન નાશ પામે ત્યારે એની મેળે જ થાય છે. માટે અહંગ્રથિ - હું અને મારું, કર્મ ગ્રંથિ-પાપ પુણ્ય, સંશય ગ્રંથિ-આમ હશે વા નહિ હોય, તેથી મુક્તિ થવાથી મોક્ષ.

જ્યાં સુધી મનસ્થિર નથી, ત્યાં સુધી મોક્ષ નથી. મન સ્થિર થાય ત્યારે મોક્ષ સહજ છે. ચિત્તના અસ્થિરપણાથી વાસના થાય છે. માટે ચિત્તને ચિદ્માં લય કરી દેવું. નિર્મળ જ્ઞાન પ્રાપ્ત થતાં, પોતાના સ્વરૂપનો યથાર્થ અનુભવ થતાં આત્મામાં અખંડાકાર વૃત્તિ રહે તે સુવાસના છે. હું બ્રહ્મ-આત્મા છું એવી દૃઢ વાસના અવિદ્યાથી થયેલા ચિત્તના વિક્ષેપોનો નાશ કરે છે. મનુષ્યે જ્ઞાન થવા માટે ઉત્તમ સાધનો ગ્રહણ કરવા જોઈએ, તેના દ્વારા જ્ઞાન થતાં બાહ્ય પ્રવૃત્તિ એની મેળે જ ટળી જાય છે.

બ્રહ્માકાર વૃત્તિમાં જો કાંઈ ન્યૂનતા રહી હોય, તો મુક્ત ન થતાં અવતાર લેવો પડે છે. બ્રહ્માકાર વૃત્તિ થયા પછી કુવાસના રહેવી ન જોઈએ, ખાવું, પીવું, વસ્ત્ર, આભૂષણ, પ્રજા, નાત, જાત આદિ અનેક પદાર્થો કુવાસનાના છે. તેમાં વૃત્તિ રહી જાય તો - મરણ સમયે જેવી મતિ થાય છે, તે મતિ પ્રમાણે ગતિ થાય છે. માટે કુવાસના નિર્મૂળ કરવાના સાધનો કર્યા કરવાં, વાસના નિર્મૂળ થતાં, દેહ પડ્યા પછી જન્મ મરણનું દુઃખ રહેતું નથી.

ઉત્તમ વિદ્યા જાણનાર સભામાં શોભે છે. તે ઉત્તમ બ્રહ્મવિદ્યા સમજવી. બ્રહ્મ વિદ્યા બંધનથી મુક્ત કરનાર તથા સર્વ વિદ્યાઓમાં ઉત્તમ છે. એ વિદ્યા વગર સત્પુરુષોની સભામાં કોઈ શોભતો નથી. બ્રહ્મ વિદ્યા પ્રાપ્ત થતાં સર્વ મિથ્યા જણાય છે અને આડુંઅવળું ભટકવાનું મટી જાય છે અને બ્રહ્મવિદ્યા પ્રભાવે શાંતિ પામે.

સુવિદ્યા - બ્રહ્મવિદ્યા દાન થકી વૃદ્ધિ પામે છે. પણ ન્યૂન થતી નથી. બ્રહ્મવિદ્યા તો આપવાથી ઉત્તરોત્તર વધતી જાય છે. એકવાર જ્ઞાન કળા ઉત્પન્ન થાય તો પછી નિરંતર વધ્યા જ કરે છે.

તત્ત્વજ્ઞાનરૂપ સર્વોત્કૃષ્ટ કલા તો એક વખત ઉદય થઈ તો પછી ઉત્તરોત્તર વૃદ્ધિ પામ્યા જ કરે છે. માટે એ બ્રહ્મવિદ્યા જ સર્વોત્કૃષ્ટ છે. તે આપવાથી અહર્નિશ વૃદ્ધિ પામે છે, સુપાત્રને આપેલી, બ્રહ્મવિદ્યા વૃદ્ધિ પામે છે માટે વૃદ્ધિ પામતી જે સુવિદ્યા-બ્રહ્મવિદ્યા તેનું દાન આપવું તે જ વાસ્તવિક્ દાન છે.

*કુતો હિ ભીતિઃ સતતં વિધેયા લોકાપવાદાદ્ ભવ કાનનાચ્ચ ।*
*કો વાસ્તિ બંધુઃ પિતરૌ ચ કૌ વા વિપત્સહાયઃ પરિપાલકૌ યૌ॥૨૬॥*

**અર્થ :**

શિષ્ય - નિરંતર ભીતિ કોની રાખવી ?

ગુરુ - લોકોના અપવાદની અને સંસારરૂપ અરણ્યની.

શિષ્ય - બંધુ કોણ કહેવાય અને માતા-પિતા કોણ કહેવાય ?

ગુરુ - વિપત્તિ આવી પડતાં જે સહાય કરે તે બંધુ, અને જે પાલન પોષણ કરે તે માતા- પિતા કહેવાય.

લોકાપવાદથી ડરવું, નિંદા થાય તેવું કૃત્ય કરવું જ નહિ. તેમજ ભવ સંસારરૂપી જે વન - અરણ્ય તેનો ભય રાખવો. વિચાર શૂન્ય કુતર્કથી અન્ય લોકો ઉપર ખોટું આળ ચડાવે તે લોકાપવાદ છે, માટે લોકઅપવાદ જેવું કૃત્ય કરવું નહિ. જો કે કાર્ય શુદ્ધ હોય, છતાં પણ જો લોક વિરુદ્ધ હોય તો તેવું કામ કરવું નહિ અને તેવું આચરણ પણ કરવું નહિ. જે પ્રમાણે લોક અપવાદની ભયંકર ભીતિ રાખવી જોઈએ છીએ, તે પ્રમાણે આ સંસારરૂપ કાનન (જંગલ)ના દુઃખો ભોગવવા સંબંધી પણ બીક રાખવી જોઈએ. સંસારની વાર્તા કરવી કે સાંભળવી નહિ, માયા મોહ જનક છે, સંસાર જોવાથી કે તેની વાતો શ્રવણ કરવાથી ક્ષોભ જનક પૂરવાર થવાનો સંભવ છે અને બંધન પણ થઈ જાય છે. માટે સંસારના બંધનમાં ન આવી પડાય તેનો ભય રાખવો જોઈએ. યશ ઘટે અને અપકીર્તિ વૃદ્ધિ પામે નહિ તેથી અમુક આચરણો ન કરવા અને મુક્ત છતાં પણ સંસારમાં કદાચ ફસાઈ જઈશું એવો ભય રાખવો જોઈએ.

વિપત્તિમાં જે સહાય કરે, તે બંધુ કહેવાય. વિપત્તિ એટલે અજ્ઞાનજન્ય જન્મ મરણની વિપત્તિ. જન્મ મરણની વિપત્તિમાંથી મુક્તિ કરનાર અને બ્રહ્મને જાણનાર ગુરુ છે. તે બંધુ સમાન છે અને તે જ સાચો બંધુ છે. સંસારનું દુઃખ જ્ઞાનીના બોધ દ્વારા મટે છે અને પછી અન્ય વિપત્તિઓ નડતી નથી. દુઃખનું મૂળ

સંસાર છે, એ સંસાર જેને હોય તે જ દુ:ખીયો છે. તે સંસાર તો ત્યાગ જે કરે છે તેના સમાન અન્ય કોઈ સુખી નથી.

જે આપણને અન્નાદિક (પુરાં પાડી, ઉછેરી મોટા કરે તે માતા-પિતા કહેવાય. એ માતા પિતા બાળકનો સુખાર્થે પોતાનો પ્રાણ પણ આપી દે છે. આવા માતા પિતાનો ઉપકાર શરીરનાં ચામડાનાં પગરખાં શિવડાવી પહેરાવવાથી પણ વળતો નથી. પરંતુ તે માતાપિતા સાંસારિક લાલન પાલનમાં સુખ દેવાવાળાં છે, માટે માતાપિતાની ઈશ્વર સદૃશ સેવા કરવી. આ વાર્તા સાંસારિક છે, પણ જે વડે અખંડ સુખની પ્રાપ્તિ થાય, એવું જ કરી આપે તે જ ખરાં માતા પિતા છે. માતા પિતાનો બાળકને દુ:ખથી મુક્ત કરવાનો ધર્મ છે, તો જે સંસારરૂપ મહા દુ:ખમાંથી મુક્ત કરનાર સદાચરણી બ્રહ્મનિષ્ટ ગુરુ છે, માટે તેવા ગુરુનો આશ્રય કરી સાંસરિક આફતોથી પાર થઈ જવું જોઈએ.

*બુધયા નં બુદ્ધં પરિશિષ્યતે કિં શિવં પ્રશાંતં સુખ બોધ રુપમ્ ।*
*જ્ઞાતે તું કસ્મિન્વિદિતં જગત્સ્યાત્ સર્વાત્મકે બ્રહ્મણિ પૂર્ણરૂપે ।।૨૭।।*

**અર્થ :**

શિષ્ય - બુદ્ધિ વડે ન જણાય એવું છેવટ શું રહે છે ?

ગુરુ - સુખરૂપ અને બોધરૂપ એવું જે શાંત શિવતત્ત્વ છે તે.

શિષ્ય - કોને જાણવાથી આ જગત જાણવામાં આવે ?

ગુરુ - સર્વના આત્મરૂપ સદૈવ પૂર્ણ પરબ્રહ્મ જાણવાથી.

સ્વસ્વરૂપના યથાર્થ બોધનું સુખ બુદ્ધિ દ્વારા જણાય પણ નહિ, અને ઓળખાય પણ નહિ, કેમકે બુદ્ધિ તો અવલંબનવાળી વાત ગ્રહણ કરી શકે છે. જ્યારે પરમાત્મ સ્વરૂપ તો નિરાલંબ છે, માટે તે બુદ્ધિનો વિષય નથી. પરમાત્મ સ્વરૂપનું વાણીથી વર્ણન થઈ શકતું નથી. મન દ્વારા ચિંતવન થતું નથી. તે સ્વરૂપનું ઓળખાણ થયા પછી જન્મ મરણના ફેરા ટળી જાય છે. આત્માનો બોધ, ગુરુ દ્વારા બતાવેલ માર્ગે આરાધના કરવાથી, અનુભવથી જ થાય છે. શબ્દના વાચ્યાર્થનો ત્યાગ કરી લક્ષ્યાર્થને ગ્રહણ કરવામાં આવે, તો શુદ્ધ

સ્વરૂપની પ્રાપ્તિ થાય છે. સર્વાત્મા પૂર્ણ બહ્મ જણાતા બીજું કાંઈ જાણવાનું રહેતુ નથી, કારણ કે જે કાંઈ છે તે સર્વ આત્મામાં છે. માટે જો આત્માને જાણ્યા વગર બીજું કાંઈ જાણ્યુ હોય, તો તે ન જાણવા સમાન છે. જો આત્માને જાણ્યો તો સર્વ જાણ્યું અને જો તેને ન જાણ્યો તો કશું જાણ્યું નથી. સંસારના જન્મ મરણના અસહ્ય દુ:ખમાંથી મુક્ત થવું હોય તો આત્માને જાણવાની અતિ આવશ્યકતા છે.

*કિં દુર્લભં સદ્‌ગુરુ રસ્તિ લોકે સત્સંગતિર્બહ્મવિચારણા ચ ।*
*ત્યાગો હિ સર્વસ્ય નિજાત્મ બોધઃ કિં દુર્જયં સર્વજનૈર્મનોજ ॥૨૮॥*

**અર્થ :**

શિષ્ય - જગત્‌માં દુર્લભ શું છે ?

ગુરુ - સદ્‌ગુરુ, સત્સંગતિ અને બ્રહ્મવિચાર.

શિષ્ય - સર્વનો ત્યાગ એટલે શું ?

ગુરુ - પોતાના આત્માનો બોધ.

શિષ્ય - મનુષ્યથી જીતાય નહિ એવું શું છે ?

ગુરુ - મનોજ એટલે કામ.

સદ્‌ગુરુ, સત્સંગતિ અને બ્રહ્મવિચાર એ ત્રણે ત્રૈલોક્યમાં મળવા દુર્લભ છે. મૃત્યુ લોકમાં કોઈ સમયે, કોક જ સ્થળે પ્રાપ્ત થાય છે. સદ્‌ગુરુ બ્રહ્માનંદરૂપ છે. પરમ સુખ દેનારા છે, કેવળ જ્ઞાનની જ મૂર્તિ છે. હર્ષ શોક આદિ દ્વન્દ્વોથી રહિત છે. આકાશ જેવા નિર્લેપ છે. તત્ત્વમસિ આદિ મહાવાક્યોથી જણાય એવા છે, એક છે, નિત્ય કે વિમલ છે, અચળ છે. નિરંતર સાક્ષી રૂપ છે. ભાવથી પણ પર છે અને ત્રણ ગુણથી રહિત છે, એવા સદ્‌ગુરુને હું નમસ્કાર કરું છું.

જ્યારે શુદ્ધ જ્ઞાનવાન સમદષ્ટિવાળા ગુરુ મળે ત્યારે તેના સદ્‌બોધ દ્વારા બ્રહ્મવિચાર કરવો જોઈએ, ઉત્તમ શાસ્ત્રોનું શ્રવણ, સત્પુરુષોનો બોધ, સત્પુરુષોનો સમાગમ, નિરંતર સંસારમાં વૈરાગ્યયુક્ત દૃષ્ટિ રાખી ક્ષણે ક્ષણે બ્રહ્મનો વિચાર

કરવો તેનું નામ સત્સંગ છે અને સત્સંગ કરવો એ જ મનુષ્ય જન્મનું અગત્યનું કર્તવ્ય છે. સદૈવ સંસારમાં વિરાગી રહીને આત્મ- અનાત્મ વસ્તુનો વિચાર કરી બ્રહ્મનું સ્વરૂપ ઓળખી તેનાં શ્રવણ, મનન અને નિદિધ્યાસનમાં મગ્ન રહેવું તેનું નામ બ્રહ્મવિચાર-આત્મ વિચારણા છે. આ બ્રહ્મવિચાર મૃત્યુલોક સિવાયના બીજા લોકમાં થઈ શકતો નથી. માટે મૃત્યુલોકમાં દેહ પામ્યા છીએ તો સ્વશ્રેયાર્થે દુર્લભ એવો બ્રહ્મ વિચાર નિરંતર કરવો.

જ્યાં સુધી સ્વસ્વરૂપનો બોધ થયો નથી, ત્યાં સુધી જગતના ગમે તેટલા પદાર્થોના ત્યાગ કરે, પણ તે ત્યાગ કહેવાય જ નહિ, માટે મમતાનો ત્યાગ કરી શરીરથી ભિન્ન પોતાના સ્વરૂપને જાણી અસંગ થઈ રહેવું તે જ ખરો ત્યાગ છે. એટલે કે આત્માના બોધનું પરિણમન જ સર્વ સંસાર ભાવનો ત્યાગ કરાવનાર બને છે.

મનુષ્યથી જીતાય નહીં, કોઈથી પણ જેનો પરાજય થઈ શકે નહિ એવો કામ છે. કામને વશ થવાથી લક્ષ ચોરાશીમાં ફરી તેણે દુઃખનો અનુભવ કરવો પડે છે. કામ, વિષય વાસનાને બુદ્ધિથી પ્રબળ સ્વેચ્છાચારી દુઃસહ જાણીને, આત્મા વડે આત્માને સ્થિર કરીને કામ રૂપ દુર્જય શત્રુનો નાશ કર.

જો કામને આધીન ન થવાય, તો લક્ષ ચોરાશીમાં ભટકવું પડતું નથી, પણ કામને આધીન થતાં પોતાનાં શિવ સ્વરૂપને ભૂલી, જીવ સ્વરૂપ પ્રાપ્ત થઈ જતાં, પછી કોઈ જોર ચાલતું નથી.

કામનો પરાજય તો મહાપુરુષોના ઉપદેશથી તથા પૂર્વ પુણ્યથી જ તથા શાસ્ત્ર સંગના શુભ વિચારથી હજારે એક જ કરનાર હોય છે. પોતાના પરમાનંદ સ્વરૂપ આત્મામાં પોતે જ આત્મારામી થઈને પ્રસન્ન રહે છે, અને મનમાં પ્રાપ્ત વિષયાદિની તુચ્છ કામનાને ત્યજી દે છે, ત્યારે તે નિશ્ચલ બુદ્ધિવાળો કહેવાય છે.

મનમાં ઉદ્‌ભવતી કામનાઓનો, મોટી વિદ્વતા બતાવનારા પણ, ત્યાગ કરી શકતા નથી, અને એમ ન થતાં આત્મામાં સંતોષ પામી શકતા નથી, માટે જ કામનાને જ જીતાય એમ કથેલ છે.

*પશોઃ પશુઃ કો ન કરોતિ ધર્મ પ્રાધીતશાસ્ત્રોપિ ન ચાત્મબોધઃ ।*
*કિં તદ્વિષં ભાતિ સુધોપમં સ્ત્રી કે શત્રવો મિત્રવદાત્મજાદ્યાઃ ॥૨૯॥*

**અર્થ :**

શિષ્ય - પશુથી પણ પશુ કોણ કહેવાય ?

ગુરુ - જે ધર્મ કરતો નથી, અને જેને શાસ્ત્રાભ્યાસ કર્યા છતાં પણ પોતાના સ્વરૂપનો બોધ થયો નથી તે.

શિષ્ય - અમૃત સદશ જણાય એવું ઝેર કયું ?

ગુરુ - કામવાસના રૂપ ઝેર.

શિષ્ય - મિત્ર સદશ લાગે એવો શત્રુ કોણ છે ?

ગુરુ-પુત્ર-આદિ સંબંધીઓ.

જે ધર્મ કરતો નથી તે પશુથી પણ પશુ કહેવાય છે. ગૃહસ્થે જે નિત્ય ધર્મ પોતાની સ્થિતિને અનુસરીને કરવાના છે તે ન કરે તો તે પશુથી પણ બદતર સ્થિતિવાળો પશુ કહી શકાય. કામના - ઈચ્છાથી જે ધર્મ કરવામાં આવે છે તે કામ્ય ધર્મ મુમુક્ષુ - સાધકો માટે નથી. મોક્ષની આકાંક્ષાવાળાએ કામ્ય કર્મનો ત્યાગ કરવો. કામનાની નિવૃત્તિને અર્થે, અંતઃકરણ શુદ્ધિ દ્વારા મોક્ષના ઉપાયભૂત જ્ઞાનની ઉત્પત્તિના હેતુને અર્થે, મુમુક્ષુએ જ્યાં સુધી બ્રહ્મજ્ઞાન થયું ન હોય ત્યાં સુધી, નિત્યકર્મનો ત્યાગ કરવો નહિ. જે વાસનાનો પરિત્યાગ કરે છે તે જ કર્મ ત્યાગ છે.

સત્ય, દયા, તપ, પવિત્રતા, સહનશીલતા, વિવેક, મનોનિગ્રહ, ઈન્દ્રિયનિગ્રહ, અહિંસા, બ્રહ્મચર્ય, દાન, જપ, સરલતા, સંતોષ, સેવા ધીરે ધીરે પ્રવૃત્તિના કર્મોની નિવૃત્તિ, નિષ્ફળ જતી ક્રિયાઓનો વિચાર, મૌન અર્થાત્ વૃથા ભાસણનો ત્યાગ, દેહાદિકથી આત્મા જુદો છે, એવું અનુસંધાન પોતાના અન્નાદિકમાંથી બીજા પ્રાણીઓનો યથોચિત વિભાગ, સર્વ પ્રાણી માત્રને આત્મ અને દેવરૂપ જાણવાં, ભગવાનનું શ્રવણ, કીર્તન, સ્મરણ, સેવા, પૂજા, નમસ્કાર, દાસભાવ

અને સ્વાત્મ સમર્પણ આ ત્રીસ લક્ષણવાળો ધર્મ, સર્વ મનુષ્યને માટે સાધારણ ધર્મ કહેવાય છે. જેનું આચરણ કરવાથી બ્રહ્મ-આત્મા પ્રસન્ન થાય છે. આ પ્રમાણે સત્વ શુદ્ધિ દ્વારા જ્ઞાનફળ યુક્ત ધર્મનું જે અનુસરણ કરતો નથી તે જ પશુ છે. જે બ્રહ્મવિદ્યા શૂન્ય છે તે પશુ છે.

વિવેક જ્ઞાની છે તે મનુષ્ય છે. પણ જે પુરુષ શાસ્ત્રનો જ્ઞાતા છે, પણ પરમાર્થને જાણતો નથી, તે પુરુષનું બધુ કાગડાની બોલી જેવું છે. જાણીને વિવેકજ્ઞાન અને તત્ત્વજ્ઞાન સંપાદન કરવું એ જ તેનું સફળપણું છે. જે ભણી ગણીને તત્ત્વ સમજે નહિ તે પશુથી પણ પશુ છે.

કામ વાસના રૂપ ઝેર જીવોને અમૃત સરખું લાગે છે. સુખ તે વિષયસુખ ઝેર સમાન દુઃખ આપે છે. માટે તે જ સુધા-અમૃતની ઉપમાવાળુ વિષ કહેવાય છે.

કામ વાસના રૂપ વિષયને જોઈને મનુષ્ય આનંદ પામે છે, અને તેના સંયોગમાં અત્યંત સુખ માને છે. વિષયરૂપી બંધનથી જ જીવાત્મા સંસાર પરિભ્રમણ કર્યા કરે છે. વિષયો સુખ આપતા જણાર્ય છે પણ પરિણામે તો મહાક્લેશ આપનાર છે. માટે જ કામવાસનાને અમૃતનાં વિષની ઉપમા આપી છે.

પુત્ર આદિ પરિવાર સર્વ મિત્ર સદેશ શત્રુ છે. જો કે તેઓ નિજ સંબંધ ભાવથી મિત્ર સમાન જણાય છે; પરંતુ શત્રુ જ છે; કારણ કે તે સર્વ ધન ધાન્યાદિકને હરનારા છે; તેઓના કારણે વિવિધ પ્રકારનાં દુઃખો સહન કરવા પડે છે અને મરણ પછી નરક યાતના ભોગવવી પડે છે. આમ પ્રિય લાગતો પરિવાર શત્રુના સમાન ફળ આપે છે. અન્ય સગા પણ સ્વાર્થને લીધે જ વળગી રહેલાં હોય છે. આમ તે બધા શત્રુ સમાન છે અને તેઓની ઉપાધિનાં ગુંથાએલા રહેવાથી આત્મકલ્યાણ થઈ શકતું નથી.

***વિદ્યુચ્ચલં કિં ધનયૌવનાયુર્દાનં પરં કિં ચ સુપાત્રદત્તમ્ ।***

***કંઠં ગતૈરપ્યસુભિર્ન કાર્યં કિં વા વિધેયં મલિનં શિવાર્ચા ॥૩૦॥***

**અર્થ :**

શિષ્ય - વિધતૂના સદૃશ ચંચળ શું શું છે ?

ગુરુ - ધન, યૌવન અને આયુષ્ય.

શિષ્ય - ઉત્તમ દાન કયું કહેવાય ?

ગુરુ - સુપાત્રને આપેલ હોય તે.

શિષ્ય - કંઠે પ્રાણ જાય ત્યાં સુધી પણ શું કરવું નહિ ?

ગુરુ - પાપકર્મ કરવું નહિ.

શિષ્ય - કંઠથી પ્રાણ જાય ત્યાં સુધી શું કરવું ?

ગુરુ - શિવાર્ચન કરવું. પરમાત્મ તત્ત્વ અને આત્મા એક જ છે એમ જાણી તેમાં તલ્લીન રહેવું તે શિવ અર્ચના (પરમાત્માભાવ રૂપ સ્થિતિ) છે.

ધન, યૌવન અને આયુષ્ય જે વિજળી સમાન ચંચળ છે. આયુષ્ય પ્રતિદિન ઘટતું જઈ નાશ પામે છે, તેથી યૌવનનો ક્ષય થઈ જાય છે. લક્ષ્મી પાણીના તરંગ સમાન ભંગ (નાશ) થનારી છે અને જીવન વિદ્યુતના સમાન ચપળ-ચંચળ રહેલ છે માટે ધન, યૌવન અને આયુની સત્તામાં જે સારું કામ થાય તે ત્વરાથી કરી લેવું જોઈએ; ધન, યૌવન અને આયુ ક્ષણભંગુર જાણીને તેના દ્વારા સત્કર્મ કરી લેવાં જોઈએ. ધનનો સદુપયોગ પરલોકમાં હિત કરનાર થાય છે.

દાન રાજસ્, તામસ્ અને સાત્વિક્ - ત્રણ પ્રકારનું છે. આ ત્રણેમાં સાત્વિક્ દાન શ્રેષ્ઠ છે. સત્વ શુદ્ધિના હેતુ માટે જે સુપાત્રને દાન આપવામાં આવે તે દાન સાત્વિક્ કહેવાય છે.

જે પુરુષ પોતાના ઉપકારને માટે અથવા ફળની ઈચ્છાના ઉદ્દેશથી અમંગળ દ્રવ્યનું દાન આપે તે રાજસ્ દાન કહેવાય છે.

અયોગ્ય દેશ, અયોગ્ય કાળમાં કુપાત્ર પુરુષને અને અસત્કારપૂર્વક જે દાન દેવામાં આવે છે તે તામસ્ કહેવાય છે.

માટે સુપાત્રને દાન આપવામાં આવે તે જ ઉત્તમ દાન છે. કુપાત્રને જો ઉત્તમ દાન આપ્યું હોય; તો પણ તેથી તો વિપરીત ફળ થાય છે. અને સુપાત્રને જો થોડું દાન આપ્યું હોય તો તેથી ઉત્તમ ફળ થાય છે. જે સદ્‌ગુણી, સદાચારી, અને જેને તત્ત્વનું જ્ઞાન હોય તે સુપાત્ર કહેવાય છે. દાન સમય અને પાત્રને જોઈને વિવેકથી વિચારીને આપવું. જે વિચારીને આપે છે તે અપરિમિત ફળને પામે છે.

મલીન, નરકના ફળને આપનાર, જેનો શાસ્ત્રમાં પણ નિષેધ કરલો છે તેવા પાપ કૃત્ય બુદ્ધિમાને કરવાં નહિ. પોતાના ધર્મનો પરિત્યાગ, અભક્ષ્યાભક્ષ્ય અવિવેક, શરણાગતનો ત્યાગ, રસનો વિક્રય તથા તિર્યંગ યોનિનો વધ વગેરે મલીન કૃત્ય છે. અર્થાત્ નરકમાં લઈ જનાર છે.

તે ઉપરાંત મદ્યપાન, માંસભક્ષણ, અસત્ય ભાષણ, ઠગાઈ, કપટ વગેરે મલીન કાર્યો મનુષ્યે કરવા નહિ.

તો શું કરવું ? તેના પ્રત્યુત્તર આપતા કહે છે કે શિવ અર્ચના કરવી. એટલે પરમાત્મ તત્ત્વ અને આત્મતત્ત્વ એક જ છે એમ તેમાં તલ્લીન રહેવું અને સમભાવ રાખવો. આમ કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે તથા વૈરાગ્યદિ સાધન સંપત્તિ તથા સદ્‌ગુરુ અને સત્‌શાસ્ત્ર શ્રવણની પ્રાપ્તિ થાય છે. પ્રાણીમાત્રમાં રહેલો આત્મા અને મારો આત્મા એક જ છે એમ જાણી સમભાવ રાખવો અને તે સાથે એકતા કરી (પરમાત્મા સ્વરૂપ સાથે એકતા કરી) તેમાં તલ્લીન થઈ જવું, તે શિવ-અર્ચના છે.

મનુષ્ય દેહ મેળવવો દેવોને પણ દુર્લભ છે, માટે પ્રત્યેક મનુષ્યે પોતાના જન્મને સફળ કરવા પ્રયત્નશીલ રહેવું.

***કિં કર્મ યત્ પ્રીતિકરં મુરારેઃ ક્વાસ્થા ન કાર્યા સતતં ભવાબ્ધૌ ।***
***અહર્નિશ કિં પરિચિંતનીયમ્ સંસાર મિથ્યાત્વ શિવાત્મતત્વમ્ ॥૩૧॥***

**અર્થ :**

શિષ્ય - નિષ્કામ કર્મ શું કહેવાય ?

ગુરુ - મુરારી ભગવાનને જે પ્રીતિ ઉપજાવે તે.

શિષ્ય - નિરંતર આસ્થા કયાં કરવી નહિ ?

ગુરુ - ભવાબ્ધિમાં.

શિષ્ય - નિરંતર શું ચિંતવવું ?

ગુરુ - સંસારનું મિથ્યાપણું અને શિવરૂપ આત્મતત્ત્વ.

મુરારિ કહેતા શ્રી કૃષ્ણચંદ્ર જે કર્મ (નિષ્કામ કર્મ) થકી પ્રસન્ન થાય તે કર્મ સાત્ત્વિક કર્મ છે. કર્મ-ક્રિયાના ત્રણ પ્રકાર - સાત્વિક્, રાજસ્ અને તામસ્ છે.

ફળાકાંક્ષા રહિત જે કર્મ(ક્રિયા) કરવામાં આવે તે સાત્વિક્ કર્મ છે. અહંકારાભિનિવેશથી જે કરવામાં આવે તે રાજસ અને અભિચારાદિ કર્મ તે તામસ્ કર્મ છે. શ્રદ્ધા ભક્તિ સંપન્નતાથી, અર્પણ બુદ્ધિથી જે કરવામાં આવે તે સાત્વિક કર્મ છે. તે જ પરમાત્માની પ્રીતિ ઉપજાવનાર છે.

કર્મ યોગી મનુષ્ય ફળ આસક્તિનો ત્યાગ કરીને બંધ નિવૃત્તિને અર્થે શરીર, મન, બુદ્ધિ અને અભિનિવેશ સહિત જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિય વડે કર્મ (ક્રિયા) કરે છે.

સંસારમાં નિરંતર આસ્થા રાખવી નહિ. સ્ત્રી, પુત્ર, સગાં, દ્રવ્યધન, ઘરબાર આદિમાં મમતા રાખી તેમાં આસક્ત થઈ અહર્નિશ તેનું જ સ્મરણ કરવું, તે સંસારમાં આસ્થા છે. આ બધા સાધનો મને સુખ આપનારા છે. સર્વ મારું જ છે, આવા ક્ષણભંગુર અને શોક તથા ભયના સ્થાનકમાં મમતા કરવી તે નઠારી ગતિ કરાવે છે.

સ્ત્રી, પુત્ર-આદિમાં આસ્થા મરણ સમયે નઠારી ગતિ આપે છે, કેમકે નિરંતરના અભ્યાસથી પરમાત્મ સ્વરૂપનું સ્મરણ ન રહેતા, સ્ત્રી પુત્રાદિકમાં જ ધ્યાન રહે છે અને એમને એમ પ્રાણી નીકળી જાય તેથી જ્યાં વૃત્તિ હોય ત્યાં જન્મ લેવો પડે છે. જડ ભરતજીને મૃગ ઉપર મમતા થઈ ગઈ હતી તેથી મૃગરૂપે જન્મવું પડ્યું હતું. માટે સંસાર ઉપર આસ્થા બેઠેલી હોય તેનો નાશ કરવો.

સંસાર છે તે મિથ્યા છે. અને શિવરૂપ આત્મતત્ત્વ સત્ય છે, એ પ્રમાણે નિરંતર ચિંતવન કરવું. સ્ત્રી પુત્રાદિક પદાર્થો કે જેને વિષે મમતા બંધાય છે, અને જે જન્મ મરણના સાધન રૂપ થાય છે તેમાં મિથ્યાબુદ્ધિ રાખવી અને નિર્વિકાર ચૈતન્ય સ્વરૂપ એ મારું સ્વરૂપ છે એમ જાણવું એમ જાણીને નિરંતર બ્રહ્મ-આત્મ પરાયણ રહેવું આવા પ્રકારની સ્થિતિ થાય તો ઉત્તમ ગતિની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી સંસારમાં મિથ્યાપણું સમજાયું નથી, જ્યાં સુધી આત્મ તત્ત્વ ઓળખાયું નથી, ત્યાં સુધી જન્મ-મરણ મટનાર નથી. માટે બ્રહ્મ-આત્માનો વિચાર કરવો એ જ કર્તવ્ય છે.

***કંઠં ગતા વા શ્રવણ ગતા વા પ્રશ્નોત્તરાખ્યા મણિરત્નમાલા ।***
***તનોતુ મોદં વિદુષાં પ્રયત્નાત્ રમેશગૌરીશપદૌ સુસેવ્યૌ ।।૩૨।।***

**અર્થ :**

સાધન સાધ્ય વિષયક પ્રશ્નનો જેમાં ઉત્તર છે, એવી પ્રશ્નોત્તરાખ્યાન્ 'મણિરત્નમાળા' કે જેમાં પ્રશ્નના ઉત્તર આપેલા છે. તેને વિદ્વાન્ લોકો પ્રયત્નથી એટલે કે તેમાં કહ્યા અનુસાર અનુસરીને, તેને કંઠમાં રાખે; અર્થાત તેનો કંઠે પાઠ રાખે, વા શ્રવણ કરવાથી કાનમાં રાખે, વા અન્યનૈ સંભળાવે, તો તે રમેશરમા કહેતાં લક્ષ્મી તેના ઈશ - પતિ હરિ અને ગૌરી - પાર્વતી તેના ઈશ પતિ હર એટલે કે હરિ-હરનાં ચરણારવિન્દ જેમ વિદ્વાનોને આનંદ આપે છે, તેમ (મણિરત્નમાળા) આનંદ આપો.

સંસાર સમુદ્ર મહા-ગહન છે, તેમાંથી પાર ઉતરવા માટે મહાત્મા-મહર્ષિઓના વચન વિચારતાં તે અનુભવની ખાણ રૂપ ઠરે છે. તેઓનું જીવન અને શિક્ષણ જીવાત્માને સંસાર સમુદ્ર તરવાનો સિદ્ધ ઉપાય છે. આ ગ્રંથમાં લખાયેલા વચનો એક અનુભવી મહાત્માના છે. તેને વિચારવાં એ જ આ ક્ષણભંગુર સંસારમાં અક્ષય આનંદ દાતા છે. આ વચનોના મનનથી અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય તેમ છે. જીવન પવિત્ર થાય તેવા વચનો છે. આ વચનોને વિચારી, મનન કરી પરમાનંદમાં નિમગ્ન થઈએ એજ અભ્યર્થના।

॥ ૐ ॥

# પ્રકરણ - ૨

## શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીકૃત યોગશાસ્ત્ર

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી વચનામૃતમાં મુનિને કહ્યું છે કે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીકૃત યોગશાસ્ત્રના પ્રકાશ ૧ થી ૪ વાંચવા વિચારવાં.

યોગ એટલે જ્ઞાન-દર્શન-ચારિત્ર અને યોગ એટલે મન, વચન, કાયા. યોગ એટલે મન વચન અને કાયાનું શુભાશુભ પ્રવર્તન એટલે કે સંસારપરિભ્રમણ અહીંયા કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીએ યોગ એટલે સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રનો અર્થ ગ્રહણ કરી યોગશાસ્ત્રનું વર્ણન કરેલ છે. જેના પર વિચાર કરવાથી આપણે પણ યોગને પ્રાપ્ત કરી શકીએ.

"પ્રમાદથી યોગ ઉત્પન્નત થાય છે. અજ્ઞાનીને પ્રમાદ છે. જ્ઞાનીને યોગ હોય પણ પ્રમાદ હોય નહીં" - (ઉપદેશ છાયા ૫-૬૯૫)

અહીંયા શ્રીમદ્જી પ્રમાદથી યોગ એટલે મન, વચન, કાયાની પ્રાપ્તિરૂપ સ્થિતિ એટલે શરીર અને સંસાર પરિભ્રમણરૂપ સ્થિતિની વાત કરે છે. જ્ઞાનીને પણ યોગ હોય પણ તેઓ યોગના બહિર્મુખ પરિણમનરૂપ પ્રવર્તન કરતાં નથી. તેથી યોગ હોવા છતાં પ્રમાદ હોતો નથી. પ્રમાદ એટલે સંસારભાવોમાં રમણતારૂપ સ્થિતિ.

### પ્રથમ પ્રકાશ

***નમો દુર્વારરાગાદિ, વૈરિવાર નિવારિણે ।***
***અર્હતે યોગિનાથાય મહાવીરાય તાયિને ॥૧॥***

ઘણી મહેનતે દૂર કરી શકાય એવા રાગાદિ શત્રુઓના સમુહનું નિવારણ કરનાર અર્હંત, યોગીઓના સ્વામી અને જગતના જીવોનું રક્ષણ કરનાર મહાવીરદેવને નમસ્કાર કરું છું. ૧

શ્રી હેમચંદ્રાચાર્યજીએ યોગશાસ્ત્રની રચના કરતાં મંગલાચરણમાં વીતરાગ સર્વજ્ઞ અરિહંત યોગીનાથ મહાવીરને સ્તુતિરૂપે નમસ્કાર કરેલ છે.

વાર્યા વારી ન શકાય, વારવા બહુ બહુ મુશ્કેલ એવા રાગદ્વેષ અજ્ઞાનરૂપી શત્રુના સમુહને જેણે વાર્યા-જીત્યા, જે વીતરાગ સર્વજ્ઞ થયા, અને વીતરાગ અર્હત્ થતાં મોક્ષ અર્થે પ્રવર્તન છે જેનું એવા જુદા જુદા યોગીઓના જે નાથ થયા, તેના થયા, અને એમ નાથ થતાં જે જગતના નાથ, તાત, ત્રાતા થયા, એવા જે મહાવીર તેને નમસ્કાર હો.

આ શ્લોકમાં સત્‌દેવના (૧) અપાય અપગમ અતિશય (૨) જ્ઞાન અતિશય (૩) વચન અતિશય (૪) પૂજા અતિશય સૂચવ્યા. આ સ્તુતિ કરતાં હેમચંદ્રાચાર્યજીએ "યોગશાસ્ત્ર"નો સાર સમાવી દીધો છે. સમગ્ર વસ્તુસ્વરૂપ તત્ત્વજ્ઞાન સમાવી દીધું છે તેમજ સત્‌દેવ કેવા હોય તેનું નિરૂપણ પણ કરી દીધું છે. (ઉપદેશ નોંધ-૨૩)

***પન્નગે ચ સુરેન્દ્રે ચ કૌશિકે પાદસંસ્પૃશિ ।***
***નિર્વિશેષ-મનસ્કાય શ્રી વીરસ્વામિને નમઃ ॥૨॥***

ડંશ કરવાની બુદ્ધિથી પગને સ્પર્શ કરનાર, પૂર્વ જન્મના કૌશિક ગોત્રી સર્પના ઉપર અને નમન કરવાની બુદ્ધિથી પગનો સ્પર્શ કરનાર ઈન્દ્રના ઉપર પણ તે મહાશયનું મન સરખું જ હતું તે શ્રીમન વીર સ્વામી (મહાવીર સ્વામી)ને નમસ્કાર કરું છું (દૃષ્ટાંત :- ચંડકૌશિક અને ઈન્દ્રનું) કેવી મહાવીરની સમદૃષ્ટિ તેવી જ રીતે પાર્શ્વનાથ ભગવાન પણ વર્ત્યા હતા. (દૃષ્ટાંત : ધરણેન્દ્ર અને મેઘમાળી-કમઠ) (૨)

***કૃતાપરાધેડપિ જને, કૃપામંથરતારયોઃ ।***
***ઈષદ્‌બાષ્પાર્દ્રયોર્ભદ્રં શ્રીવીરજિનનેત્રયોઃ ॥૩॥***

અપરાધ કરવાવાળા જીવો પર પણ દયાથી નમ્ર અને અશ્રુથી આર્દ્ર એવા શ્રી વીર પરમાત્માના નેત્રોનું (થી) કલ્યાણ થાઓ. ૩

(સંગમનો ઉપદ્રવ અને સૌધર્મેન્દ્રની સ્તુતિનું દૃષ્ટાંત)

સંગમ જ્યારે છ છ મહિના સુધી ઉપસર્ગ આપ્યા પછી પણ ભગવાન મહાવીરને ડગાવી શક્યો નહિ ત્યારે પ્રભુને નમસ્કાર કરી ચાલી નીકળ્યો તે સમયે ભગવાન મહાવીરના હૃદયમાં જે કરુણાનો ધોધ વહેતો હતો તેને અનુસરી તેઓ વિચારવા લાગ્યા કે, જેના શરણમાં આવવાથી ભવ-મોક્ષ થઈ જાય તેના સંગમા આવી આ જીવ અનંત સંસારમાં પરિભ્રમણ કરવા ચાલ્યો

ગયો. આ વિચારથી તેઓની આંખમાં બે અશ્રુના બિંદુ ઉપસી આવ્યા. કેવી કરુણા !

***શ્રુતાંભોધેરધિગમ્ય, સંપ્રદાયાચ્ચ સદ્ગુરોઃ ।***
***સ્વસંવેદનતશ્ચાપિ, યોગશાસ્ત્રં વિરચ્યતે ॥૪॥***

યોગશાસ્ત્ર બનાવવાનો આધાર : સિદ્ધાંતરૂપ સમુદ્રમાંથી કેટલોક ભાગ લઈને, કેટલોક ભાગ સદ્ગુરુની પરંપરાથી મેળવીને અને કેટલોક ભાગ મને પોતાને જે અનુભવ થયો છે તે, એમ ત્રણે આધાર મેળવીને આ યોગશાસ્ત્ર બનાવું છું. ૪

***યોગઃ સર્વવિપદ્વલ્લી; વિતાને પરશુઃ શિતઃ ।***
***અમૂલમંત્રતંત્ર ચ, કાર્મણં નિવૃત્તિશ્રિયઃ ॥૫॥***

દુનિયાની વિવિધ પ્રકારની વિપત્તિઓના સમુહરૂપ વેલીઓને કાપવા માટે આ યોગ એક તીક્ષ્ણ ધારવાળા કુહાડા સરખો છે અને મોક્ષલક્ષ્મીનું મૂળ મંત્ર અને તંત્ર વિનાનું વશીકરણ છે. ૫

માટે અક્ષય અને મહાસુખ આપનારા નિવૃત્તિરૂપ મોક્ષલક્ષ્મીને સ્વાધીન કરવાનો પ્રયત્ન કરો. તેમાં નથી મંત્રનું કામ, નથી તંત્રનું કામ, નથી જડીબુટ્ટીનું કામ, પણ એક યોગના અવલંબનથી જ તે નિરંતરનું સુખ પ્રાપ્ત થશે.

***ભૂયાંસોઽપિ હિ પાપ્માનઃ, પ્રલયં યાંતિ યોગતઃ ।***
***ચંડવાતાદ્ ઘનઘના, ઘનાઘન ઘટા ઈવ. ॥૬॥***

જેમ પ્રચંડ પવન વડે ઘણી ઘટ્ટ એવી વાદળાની ઘરા વિખરાય જાય છે. (નાશ પામે છે). તેમ યોગના પ્રભાવથી ઘણા પાપ હોય તોપણ તેનો પ્રલય-નાશ થઈ જાય છે. ૬

ઘણા ભવનાં કરેલા પાપો હોય તો તે પણ યોગથી હઠી શકે ખરાં ? તે શંકાનું સમાધાન હવે કરે છે.

***ક્ષિણોતિ યોગ : પાપાનિ, ચિરકાલાર્જિતાન્યપિ ।***
***પ્રચિતાનિ યથૈધાંસિ, ક્ષણાદેવાશુશૂક્ષણિઃ ॥૭॥***

ઘણા વખતથી એકઠાં કરેલા લાકડાંઓને પ્રબળ અગ્નિ એક ક્ષણવારમાં

બાળીને ભસ્મ કરી શકે છે, તેમ ઘણા કાળથી પેદા કરેલાં કર્મોનો - પાપોનો પણ યોગ ક્ષય કરે છે.

કર્મોનો નાશ યોગરૂપ અગ્નિથી ઘણી સહેલાઈથી અને અલ્પકાળમાં થઈ શકે છે. જેટલો કાળ કર્મોને એકઠો કરવામાં ગયો છે તેટલો વખત તે કર્મો કાઢવામાં જોઈતો હતો તો આ જીવનો મોક્ષ કોઈ પણ વખત ન જ બની શકે.

(સમ્યક્) યોગની પ્રબળતા એ જ કર્મરૂપ લાકડાંઓને બાળવામાં અગ્નિની ગરજ સારે છે. અને એટલા ટૂંક વખતમાં કર્મને બાળી શકે છે, કે નવિન કર્મ બંધ થતાં છતાં આત્મા જલ્દી છૂટી શકે છે યા નિર્મળ થઈ શકે છે.

### - યોગની શક્તિઃ-

***કફવિપુણ્યમલામર્ષ સર્વોષધિમર્ધયઃ ।***
***સંભિન્નશ્રોતો લબ્ધિશ્ચ યોગ તાંડવડંબર ॥૮॥***

યોગીપુરુષોના કફ, થુંક, મળ અને શરીરનો સ્પર્શ વગેરે સર્વ ઔષધિનું કામ કરે છે. મહાન ઋદ્ધિવાળી ઔષધિની ગરજ સારે છે. અર્થાત્ ઔષધિ જે કામ કરે છે તે સર્વ કામ આ યોગિઓના કફાદિ કરી શકે છે. આવી લબ્ધિઓ પેદા થાય છે. આ સર્વ યોગનો જ મહિમા છે. ૮ (સનત્ ચક્રવર્તીની કથા)

***ચારણાશીવિષાવધિ - મનઃ પર્યાયસંપદઃ ।***
***યોગકલ્પદ્રુમસ્યૈતા, વિકાસિકુસુમશ્રિયઃ ॥૯॥***

આકાશમાં ચાલવાની લબ્ધિ, નિગ્રહ-અનુગ્રહ કરવામાં સમર્થતાવાળી લબ્ધિ, અવધિજ્ઞાનની સંપદા અને બીજાના મનના પર્યાયને જાણવાની સંપદા આ સર્વ યોગરૂપ કલ્પવૃક્ષના વિકસ્વર થયેલા પુષ્પોની શોભા છે. ૯

જે વૃક્ષોના પુષ્પો પણ આશ્ચર્યજનક અને સુખદાયક લાગે છે, ત્યારે તેના ફળો કેટલા બધાં સુખરૂપ હશે એ પોતે જ વિચારવાનું છે.

***અહો યોગસ્ય માહાત્મ્યં, પ્રાજ્યં સામ્રાજ્યમુદ્રહન ।***
***અયાપ કેવલજ્ઞાનં, ભરતો ભરતાધિપઃ ॥૧૦॥***

અહો શું યોગનું મહાત્મ્ય ! મહા વિસ્તારવાળા સ્વતંત્ર રાજ્યને ધારણ કરનારા ભરતક્ષેત્રના અધિપતિ ભરતરાજા આરિસાભુવનમાં યોગના મહાત્મ્યથી

કેવળજ્ઞાન પામ્યા !

*પૂર્વપ્રાપ્તધર્માપિ, પરમાનંદ-નંદિતા ।*
*યોગપ્રભાવતઃ પ્રાપ, મરુદેવા પરંપદમ્ ॥૧૧॥*

પહેલાં કોઈપણ જન્મમાં ધર્મ નહિ પામેલાં છતાં યોગના પ્રભાવથી પરમાનંદથી સમૃદ્ધિવાન મરૂદેવીમાતા પરમ-પદ-મોક્ષપદ પામ્યા. ૧૧

વનસ્પતિકાયમાંથી સીધા પંચેન્દ્રિય મનુષ્યમાં જન્મ લીધો અને ત્યાં જ મોક્ષની પ્રાપ્તિ કરી, ફક્ત યથાર્થ વિચારધારાને આધારે.

*બ્રહ્મસ્ત્રીભ્રણગોઘાત પાતકાન્નરકાતિથેઃ ।*
*દૃઢપ્રહારિપ્રભુતે, યોગો હસ્તાવલંબનમ્ ॥૧૨॥*

બ્રાહ્મણ સ્ત્રી બાળક અને ગાયના ઘાત કરવાના પાપથી નરકના અતિથિ તરીકે જવાને તૈયાર થયેલા દૃઢપ્રહારી આદિનું રક્ષણ કરનાર યોગ જ છે. ૧૨ (દૃઢ પ્રહારીનું દૃષ્ટાંત)

દૃઢપ્રહારીએ નરકના અતિથિપણાને મૂકીને યોગના અવલંબનથી છ માસમાં મોક્ષપદ પ્રાપ્ત કર્યું. તે માટે તેમણે કરેલો પાપનો પશ્ચાતાપ, પાપથી છુટવાની આતુરતા, મહાત્માના વચન ઉપર શ્રદ્ધા, મહાન ક્ષમા, ધૈર્યતા અને પરિણામની વિશુદ્ધિ, એ સર્વ ગુણો વારંવાર મનન કરી આદર કરવા જેવો છે. આવા અતિશાયિક ગુણ સિવાય અતિ ઉચ્ચતર લાભ થતો નથી.

*તત્કાલકૃતદુષ્કર્મ - કર્મઠસ્ય દુરાત્મનઃ ।*
*ગોત્રે ચિલાતીપુત્રસ્ય યોગાય સ્પૃહયેન્ન કઃ ॥૧૩॥*

પૂર્વાપર વિચાર કર્યા સિવાય દુષ્કર્મ કરવામાં પ્રવીણ દુરાત્મા ચિલાતીપુત્ર જેવાનું પણ રક્ષણ કરનાર યોગની કોણ સ્પૃહા-ઈચ્છા ન કરે ?

ચિલાતીપુત્ર વિષે પણ પરમકૃપાળુદેવે ઉપદેશછાયા ૧૧માં કહ્યું છે કે "ચિલાતીપુત્ર કોઈનું (સુસમાનું) માથુ કાપી લાવ્યો હતો ત્યારબાદ જ્ઞાનીને મળ્યો, અને કહ્યું કે "મોક્ષ આપ" નહીં તો માથું કાપી નાખીશ. પછી જ્ઞાનીએ કહ્યું કે બરાબર નક્કી કહે છે ? વિવેક (સાચાને સાચુ સમજવું), શમ (બધા

ઉપર સમભાવ રાખવો) અને ઉપશમ (વૃત્તિઓને બહાર ન જવા દેવી અને અંતર્વૃત્તિ રાખવી)ને વિશેષ વિશેષ આત્મામાં પરિણમાવવાથી આત્માનો મોક્ષ થાય છે. જ્ઞાનીએ તો ત્રણ શબ્દ જ કહ્યાં કે "હે ભવ્ય ! ઉપશમ્ સંવર અને વિવેક આ ત્રણ ધર્મ છે." આના પર વિચાર કરતાં કરતાં વિશુદ્ધ પરિણતિએ ચડતાં-દેવગતિને પામ્યો અને આગળ વધી મોક્ષ પામશે.

## યોગ-આવશ્યકતા અને મોક્ષનું કારણ

***તસ્યાજનનિરેવાસ્તુ, નૃપશોર્મોધજન્મનઃ ।***
***અવિધ્ધકર્ણો યો યોગ, ઈત્યક્ષરશલાકયા ॥૧૪॥***

યોગ એવા અક્ષરોરૂપ શલાકા (કાન વિંધવાની શળી) વડે કરી જે માણસના કાન વિંધાયેલા નથી. તેવા મનુષ્ય રૂપે પશુતુલ્ય નિરર્થક જન્મવાળા મનુષ્યોનો જન્મ આ દુનિયા ઉપર ન જ થવો જોઈએ. ૧૪

***ચતુર્વર્ગેઽગ્રણીર્મોક્ષો યોગસ્તસ્યચ કારણમ્ ।***
***જ્ઞાન શ્રદ્ધાન ચારિત્ર, રૂપ રત્નત્રય ચ સઃ ॥૧૫॥***

ધર્મ, અર્થ કામ અને મોક્ષ આ ચારે વર્ગોમાં મોક્ષ તે જ ઉત્તમ છે. એ મોક્ષનું કારણ યોગ છે. જ્ઞાન શ્રદ્ધા (દર્શન) અને ચારિત્રરૂપ ત્રણ રત્નો તે યોગ કહેવાય છે. ૧૫

યોગરૂપ નિમિત્ત અવશ્ય મેળવવું જોઈએ. કારણ કે કારણ સિવાય કાર્યની ઉત્પત્તિ થતી જ નથી. જ્ઞાન-દર્શન-ચારિત્ર આ ત્રણ વસ્તુ તે યોગ છે.

## જ્ઞાનયોગ

***યથાવસ્થિતતત્વાનાં, સંક્ષેપાદ્વિસ્તરેણ વા ।***
***યોઽવબોધસ્તમત્રાહુઃ, સમ્યગ્જ્ઞાનં મનીષિણઃ ॥૧૬॥***

જેવી રીતે તત્ત્વોનું સ્વરૂપ રહેલું છે, તેવી જ રીતે સંક્ષેપથી કે વિસ્તારથી બોધ થવો યા જાણવું તેને જ્ઞાનીપુરુષો સમ્યગ્જ્ઞાન કહે છે. ૧૬

નવ તત્ત્વ-જીવ, અજીવ, આસ્રવ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. જીવ અને અજીવમાં જ છ દ્રવ્યો સમાયેલા છે. (૧) જીવાસ્તિકાય (૨)

અજીવ - પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાય, આકાસ્તિકાય અને કાળ તત્ત્વોની વિચારણા ઘણીવાર થયેલી છે એટલે અહીં વિસ્તાર કર્યો નથી.

## દર્શનયોગ

***રુચિર્જિનોક્તતત્ત્વેષુ, સમ્યક્શ્રદ્ધાનમુચ્યતે ।***
***જાયતે તન્નિસર્ગેણ, ગુરોરધિગમેન ચ ॥૧૭॥***

જિનેશ્વર ભગવાન દ્વારા કહેલા તત્ત્વોને વિષે રુચિ થવી. એ સત્ય છે એવી પ્રતીતિ થવી તેને સમ્યક્શ્રદ્ધાન કહે છે. આ શ્રદ્ધા સ્વાભાવિક રીતે યા ગુરુના ઉપદેશથી થાય છે.

## ચારિત્રયોગ

***સર્વસાવદ્યયોગાનાં, ત્યાગશ્ચારિત્રમિષ્યતે ।***
***કીર્તિતં તદહિંસાદિ, વ્રતભેદેન પંચધા ॥૧૮॥***

સર્વ દોષવાળા મન, વચન, કાયાદિ યોગનો ત્યાગ કરવો તેને ચારિત્ર કહેવામાં આવે છે. આ ચારિત્ર અહિંસાદિ વ્રતના ભેદે કરી પાંચ પ્રકારે કહેલું છે. ૧૮

જ્ઞાનથી જાણવામાં આવ્યું. દર્શનથી નિશ્ચય થયો તે પ્રમાણે વર્તન કરવું તે ચારિત્ર.

## પ્રથમ મહાવ્રત

***અહિંસાસત્યમસ્તેય, બ્રહ્મચર્યાપરિગ્રહાઃ ।***
***પંચભિઃ પંચભિર્યુક્તાઃ ભાવનાભિર્વિમુક્તયે. ॥૧૯॥***

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ (મમતા રહિતપણું) આ પાંચ મહાવ્રતોનું યથાર્થ પાલન) ચારિત્ર કહેવાય છે. એક એક મહાવ્રતની પાંચપાંચ ભાવનાઓ છે. પાંચ પાંચ ભાવના સહિત પાંચ મહાવ્રતો મુક્તિ અપાવે છે. ૧૯ અહિંસા એટલે પોતાના આત્માને કોઈપણ પ્રકારે હિંસક થવા ન દેવો. ૨. સત્ય એલે આત્મા સિવાય બીજી કોઈપણ વસ્તુને પોતાની માનવી કે કહેવી ન જોઈએ. ૩. અચૌર્ય-પુદ્ગલિક વસ્તુનો ઉપયોગ ન કરવો જોઈએ. ૪. બ્રહ્મચર્ય એટલે આત્મભાવમાં રમણ કરવું. ૫. અપરિગ્રહ એટલે શુભાશુભ કર્મો ઉપર પણ મમત્વ ન હોવું જોઈએ.

***ન યત્પ્રમાદયોગેન, જીવતિવ્યપરોપણમ્ ।***
***ત્રસાનાં સ્થાવરાણાં ચ, તદહિંસાવ્રતંમતમ્ ॥૨૦॥***

પ્રમાદના કારણથી ત્રસ અને સ્થાવર જીવોનું જીવિતવ્ય નાશ ન કરવું તે અહિંસા વ્રત માનેલું છે.

જીવનો નાશ થતો નથી પણ શરીરનો નાશ થાય છે તો ત્રસ સ્થાવર જીવોનો નાશ ન કરવો એમ કહેવાનો હેતુ શો છે ?

દેહધારી જીવોને વધારેમાં વધારે દશ પ્રાણ હોય છે. આ દશ પ્રાણમાંથી એક પણ પ્રાણનો વ્યય કરવો તે હિંસા છે.

પાંચ જ્ઞાનેન્દ્રિયના પાંચ પ્રાણ યોગના ત્રણ બળ (મન, વચન, કાયા),

શ્વાસોશ્વાસ અને આયુષ્ય

એકેન્દ્રિયના પ્રાણ :- ૪. સ્પર્શ, કાયાબળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય.

બેન્દ્રિયના પ્રાણ :- ઉપરના ચાર તથા રસેન્દ્રિય અને વચનબળ એમ ૬ પ્રાણ. ત્રેન્દ્રિયના પ્રાણ :- ઉપરના ૬ ઉપરાંત ઘ્રાણેન્દ્રિય કુલ સાત. ચૌરિંન્દ્રિયના પ્રાણ :- ઉપરના સાત અને ચક્ષુઈન્દ્રિય. પંચેન્દ્રિયના પ્રાણ :- અસંજ્ઞીના- ઉપરના આઠ અને શ્રોતેન્દ્રિય એમ નવ પ્રાણ.

સંજ્ઞી પંચેન્દ્રિયના પ્રાણ :- પાંચ ઈન્દ્રિય, મન વચન કાયા, શ્વાસોશ્વાસ અને આયુષ્ય, એમ દશ પ્રાણ.

## બીજુ મહાવ્રત

***પ્રિય પથ્યં વચસ્તથ્યં, સૂનૃતવ્રતમુચ્યતે ।***
***તત્તથ્યમપિનો તથ્યમપ્રિયંચાહિતં ચ યત્ ॥૨૧॥***

બીજાને પ્રિય લાગે તેવું હિતકારી અને સત્ય વચન બોલવું તે સત્ય નામનું મહાવ્રત કહેવાય છે. અપ્રિય અને અહિતકર વચન સત્ય હોય તો પણ તે સત્ય નથી. (કેમકે તે બીજાને ખેદનું અને પરિણામે અનર્થનું કારણ છે.)

યોગીઓએ કઠોર વચનથી પણ બીજા જીવોને દુઃખ ન આપવું. એવો અર્થ

નીકળે છે. આવી સૂક્ષ્મ અહિંસક વૃત્તિઓથી યોગીઓમાં હિંસક પ્રાણીઓ ઉપર કાબુ ધરાવવાની કે વચન સિદ્ધિ આદિ અનેક અતિશયોવાળી સિધિઓ ઉત્પન્ન થઈ શકે છે.

## ત્રીજુ મહાવ્રત

*અનાદાનમદત્તસ્યા, સ્તેયવ્રતમુદીરિતમ્ ।*
*બ્રાહ્યાઃ પ્રાણા નૃણામર્થો, હરતા તં હતા હિ તે ॥૨૨॥*

આપ્યા સિવાય કાંઈ લેવું નહિ તે અચૌર્યવ્રત કહેલું છે. ધન એ મનુષ્યોનો બાહ્ય પ્રાણ છે તે હરણ કરતાં તે મનુષ્યોના દ્રવ્ય પ્રાણોનો નાશ કર્યો કહી શકાય છે.

વસ્તુના માલિકની રજા સિવાય કે તેના આપ્યા સિવાય કોઈપણ વસ્તુ ગ્રહણ ન કરવી, તે ત્રીજુ અચૌર્યવ્રત કહેવાય છે. ત્યાગીઓ માટે અદત્ત ચાર પ્રકારનું છે.

૧. તીર્થંકરની આજ્ઞા હોય તે જ ગ્રહણ કરી શકાય.

૨. તીર્થંકરની આજ્ઞા હોય પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવની અપેક્ષાએ તે ગ્રહણ કરાય તેવી છે, તો તેવી વસ્તુ વિદ્યમાન ગુરુની આજ્ઞા સિવાય ન લઈ શકાય.

૩. દ્રવ્ય ક્ષેત્રાદિને જાણીને લાભાલાભ જાણીને ગુરુ તેને ગ્રહણ કરવાની આજ્ઞા આપે, તેમ જ વસ્તુના માલિકની આજ્ઞા હોય તો જ તે વસ્તુ ગ્રહણ કરી શકાય.

૪. સજીવ શિષ્યાદિને તેની પોતાની મરજી અથવા તેના વડીલોની આજ્ઞા હોય તો શિષ્યાદિપણે ગ્રહણ કરી શકાય.

આ પ્રમાણે તીર્થંકર ગુરુ માલિક અને જીવ સંબંધી એમ ચાર પ્રકારના અદત્તનો ત્યાગ કરવો.

## ચોથું મહાવ્રત

*દિવ્યૌદારિકકામાનાં કૃતાનુમતિકારિતૈઃ ।*
*મનોવાક્કાયતસ્ત્યાગો બ્રહ્માષ્ટાદશધા મતમ્ ॥૨૩॥*

દિવ્ય અને ઔદારિક વિષયોનો મનથી, વચનથી અને કાયાથી કરવા કરાવવા, અનુમોદવાનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું કહેલું છે.

દિવ્ય એટલે દેવ સંબંધી અને ઔદારિક એટલે મનુષ્ય તથા તિર્યંચ સંબંધી વિષયોનો ત્યાગ કરવો.

મન, વચન, કાયાથી વિષય સેવન ન કરવું, ન કરાવવું અને કરનારને અનુમોદન ન આપવું. એમ ૩ x ૩ = ૯ ભેદ થયા. આ નવ ભેદ દેવતા સંબંધી અને નવ ભેદ મનુષ્ય તિર્યંચ સંબંધી એમ કુલ અઢારભેદથી બ્રહ્મચર્યનું પાલન કરવું.

## પાંચમું વ્રત

***સર્વભાવેષુ મૂર્ચ્છાયા, સ્ત્યાગઃસ્યાદ્પરિગ્રહઃ ।***
***યદરુત્સ્વપિ જાયતે, મૂર્ચ્છયા ચિત્તવિપ્લવઃ ।।૨૪।।***

સર્વ પદાર્થોને વિષેથી આસક્તિનો ત્યાગ કરવો તે અપરિગ્રહવ્રત કહેવાય છે. પાસે વસ્તુ ન હોય તો પણ આસક્તિથી-ઈચ્છા હોવાથી મનમાં અનેક વિચારો વિકૃત્તિઓ પેદા થાય છે.

સર્વ પદાર્થોમાંથી મોહ, મૂર્ચ્છા, ઈચ્છા, આસક્તિ યા સ્નેહનો ત્યાગ કરવો તે જ ખરેખર ત્યાગ છે. ઈચ્છાની ઓછાશ વિનાનો ત્યાગ વિટંબણારૂપે છે. એકલા બાહ્ય ત્યાગથી શાંતિની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનીપુરુષો વારંવાર કહે છે કે "મુચ્છા પરિગ્ગહો વુત્તો" મૂર્છા છે તે જ પરિગ્રહ છે.

***ભાવનાભિર્ભાવિતાનિ, પંચભિઃ પંચભિઃ ક્રમાત્***
***મહાવ્રતાનિ નો કસ્ય, સાધ્યંત્યવ્યયં પદમ્ ।।૨૫।।***

અનુક્રમે પાંચ પાંચ ભાવનાથી વાસિત થયેલાં આ મહાવ્રતો કોને મોક્ષપદ સાધી નથી આપતા ? અર્થાત્ આ મહાવ્રતોનો ભાવનાસહિત આદર કરનાર અવશ્ય મોક્ષપદ મેળવે છે.

## મહાવ્રતોની ભાવના

***૧. મનો ગુપ્ત્યેષણા દાનેર્યાભિઃ સમિતિભિઃ સદા ।***
***દૃષ્ટાન્નપાનગ્રહણેનાહિંસા ભાવયેત્સુધીઃ ।।૨૬।।***

૨. હાસ્યાલોભભયક્રોધ પ્રત્યાખ્યાનૈર્નિરન્તરમ્ ।
આલોચ્ય માષણએનાપિ ભાવયેત્ સૂનૃતવ્રતમ્ ॥૨૭॥

૩. આલોચ્યાવગ્રહયાચ્ચાડભીક્ષ્ણાવગ્રહણયાચનમ્ ।
એતાવન્માત્રમેવૈતદિત્યવગ્રધારણમ્ ॥૨૮॥

સમાનધાર્મિકેભ્યશ્ચ તથાવગ્રહયાચનમ્ ।
અનુજ્ઞાપિતપાનાન્નાશનમસ્તેય ભાવનાઃ ॥૨૯॥

૪. સ્ત્રીષંઢપશુમદ્વેશ્માસન કુડયાંતરો જજ્ઞનાત્ ।
સરાગસ્ત્રીકથાત્યાગાત્ પ્રાગ્રતસ્મૃતિવર્જનાત્ ॥૩૦॥

સ્ત્રીરમ્યાંગેક્ષણસ્વાગસંસ્કારપરિવર્જનાત્ ।
પ્રણીતાત્યશનત્યાગાત્ બ્રહ્મચર્ય તું ભાવયેત્ ॥૩૧॥

૫. સ્પર્શ, રસે ચ ગંધે રૂપે શબ્દે ચ હારિણિ ।
પંચસ્વિતીંદ્રિયાર્થેસુ ગાઢં ગાર્ધ્યસ્ય વર્જનમ્ ॥૩૨॥

એતેષ્વેવામનોજ્ઞેષુ સર્વથા દ્વેષ વર્જનમ્;
આકિંચન્યવ્રતસ્યૈવં ભાવનાઃ પંચ કીર્તિતાઃ ૩૩

**ભાવાર્થ : ૧. પ્રથમ મહાવ્રતની ભાવનાઓ**

૧. મનોગુપ્તિ ૨. એષણા સમિતિ ૩. આદાનસમિતિ ૪. ઈર્યા સમિતિ ૫. અન્નપાન જોઈને ગ્રહણ કરવું. આ પાંચ ભાવના દ્વારા અહિંસાને પુષ્ટિ આપવી અથવા વાસિત કરવી. ૨૬

**૨. બીજા મહાવ્રતની ભાવનાઓ**

૧. હાંસી ૨. લોભ ૩. ભય અને ૪. ક્રોધના પચ્ચખાણ, ત્યાગ કરવા વડે કરીને, ૫. નિરંતર વિચારપૂર્વક બોલવા વડે સત્યવ્રતને વાસિત – મજબૂત કરવું. ૨૭

**૩. ત્રીજા મહાવ્રતની ભાવનાઓ**

૧. વિચાર કરી અવગ્રહની યાચના કરવી.

૨. વારંવાર અવગ્રહની યાચના કરવી.

૩. આટલો જ અવગ્રહ વાપરીશું એમ નિશ્ચય કરી તેટલો અવગ્રહ રાખવો.

૪. સ્વધર્મીઓ પાસેથી અવગ્રહની યાચના કરવી.

૫. અન્ન, પાન, આસન વગેરે ગુરુની આજ્ઞા મેળવીને વાપરવાં.

અવગ્રહ એટલે સાધુને જરૂરી ઉપયોગવાળી જગ્યા, ગૃહસ્થો પાસેથી માંગીને લેવી. (અવગ્રહ એટલે જગ્યા)

આવો સૂક્ષ્મ અદત્તનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનાર મહાત્માઓનો ગૂઢ આશય હોવો જોઈએ. સાધક સાધુએ સદાચારણોથી ભરપૂર નીતિથી અને આત્મજ્ઞાનની જાગૃતિથી શાંતભાવમાં પોતાનું જીવન નિર્ગમન કરવું જોઈએ.

માટે તદ્દન નિર્દોષ અને શાંત રીતે જીવન પ્રવાહિત કરવાને ઈચ્છતા યોગીઓએ કોઈપણ પ્રકારનું અદત્ત ન લેતાં ત્રીજા વ્રતની પાંચ ભાવનાઓથી વાસિત થઈ વર્તન કરવું જોઈએ. (૨૮, ૨૯)

**૪. ચોથા મહાવ્રતની પાંચ ભાવનાઓ.**

૧. સ્ત્રી નપુંસક અને જનાવરોવાળા ઘર, આસન અને ભીંતના આંતરે રહેવાનો ત્યાગ કરવો.

૨. રાગ પેદા થાય તેવી સ્ત્રી-પુરુષ કથાઓનો ત્યાગ કરવો.

૩. સાધુ થયા પહેલા અનુભવેલા વિષયોની સ્મૃતિ ન કરવી.

૪. સ્ત્રી-પુરુષોના રમણીય અંગો ન જોવા.

૫. પોતાના શરીર ઉપર શણગારોનો ત્યાગ કરી, રસવાળા – પ્રમાણથી અધિક આહારનો ત્યાગ કરવો.

આ પાંચ ભાવનાઓથી બ્રહ્મચર્યનું રક્ષણ કરવું અને વૃદ્ધિ કરવી. (૩૦-૩૧)

**૫. પાંચમા મહાવ્રતની પાંચ ભાવનાઓ**

૧. સ્પર્શ ૨. રસ ૩ ગંધ ૪. રૂપ અને ૫ શબ્દ - આ પાંચ ઈન્દ્રિયના

મનોહર વિષયોને વિષે સર્વથા દ્વેષનો ત્યાગ કરવો.

તે અકિંચન્ય-અપરિગ્રહ યા નિમર્મત્વ વ્રતની પાંચ ભાવનાઓ છે તે આદરવી. (૩૨-૩૩)

*અથવા પંચસમિતિગુપ્તિત્રયપવિત્રત્રિતમ્;*
*ચરિત્રં સમ્યક્ચારિત્રમિત્યાહુર્મુનિપુગવાઃ ॥૩૪॥*

આવા પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી પવિત્ર ચારિત્રને આચરણને તીર્થંકરો સમ્યક્ચારિત્ર કહે છે. ૩૪

ચારિત્રનો નિશ્ચય-ઉત્સર્ગમાર્ગ એ ગુપ્તિનો છે. અને સમિતિ એ અપવાદ, વ્યવહાર માર્ગ છે. સમિતિ એ શરીરના ગુણધર્મોને કેવી રીતે પ્રવર્તવવાં કે જેથી મોક્ષમાર્ગની હાનિ ન થાય તેનો વિચાર કરવાનો છે.

*ઈર્યાભાષૈષણાદાનનિક્ષેપોત્સર્ગસંજ્ઞિકાઃ ।*
*પંચાહુઃ સમિતિસ્તિસ્ત્રો ગુપ્તિસ્ત્રિયોગ નિગ્રહાત્ ॥૩૫॥*

૧. ઈર્યા સમિતિ ૨. ભાષા સમિતિ ૩. એષણા સમિતિ ૪. આદાન નિક્ષેપ સમિતિ ૫. ઉત્સર્ગ સમિતિ. આ પાંચને સમિતિ કહે છે અને મન, વચન કાયાના ત્રણ યોગોનો નિગ્રહ કરવો તેને ત્રણ ગુપ્તિ કહે છે. (૩૫)

*લોકાતિવાહિતે માર્ગે ચુંબિતે ભાસ્વદંશુભિઃ ।*
*જંતુરક્ષાર્થમાલોકય ગતિરીર્યા મતા સતામ્ ॥૩૬॥*

અનેક લોકો જેના પર ચાલેલા છે અને સૂર્યાના કિરણોથી પ્રગટ દેખાતા માર્ગે જંતુઓની રક્ષાને માટે જોઈને ચાલવું તેને સત્પુરુષોએ ઈર્યાસમિતિ કહેલી છે. ૩૬

લોકોનો ચાલેલો માર્ગ સૂર્યથી પ્રકાશિત થયો હોય ત્યારે પણ સાડાત્રણ હાથ દૃષ્ટિ જમીન ઉપર લાંબી પડે તેટલી નીચી દૃષ્ટિ રાખીને જીવોની પગ નીચે વિરાધના ન થાય તેવી રીતે જોઈને ચાલવું તે ઈર્યાસમિતિ કહેવાય છે.

*અવદ્યત્યાગતઃ સર્વજનીનં મિતભાષણમ્ ।*
*પ્રિય વાચંયમાનાં સા ભાષાસમિતિરુચયતે ॥૩૭॥*

નિર્દોષી, સર્વ જીવને હિતકારી અને પ્રમાણોપેત થોડું બોલવું તેને ભાષા સમિતિ કહે છે. તે ભાષા સમિતિ મુનિઓને હિતકારી છે. ૩૭

***દ્વિચત્વારિંશતા ભિક્ષાદોષૈર્નિત્યમ દૂષિતમ્ ।***
***મુનિર્યદન્નમાદત્તે સૈષણાસમિતિર્મતા ॥૩૮॥***

મુનિઓ ભિક્ષાના બેતાલીસ દોષોથી નિરંતર અદૂષિત, દોષ રહિત જે આહાર, અન્ન, પાણી આદિ-ગ્રહણ કરે છે તેને એષણા સમિતિ કહે છે. ૩૮

જેમ ભ્રમર સ્વાભાવિક ઉત્પન્ન થયેલા કમળ ઉપર બેસી તેમાથી રસ ગ્રહણ કરી પોતાના આત્માને સંતોષે છે અને કમળને પીડા ઉપજાવતો નથી તેમ ગૃહસ્થોએ પોતાને માટે બનાવેલા આહારમાંથી તેને ફરી બનાવવો ન પડે તેવી રીતે સ્વલ્પ આહાર ગ્રહણ કરી મુનિઓએ પોતાના દેહને પોષણ આપવાનું છે. આને એષણા સમિતિ કહેવામાં આવે છે. ૩૮

***આસનાદીનિ સંવીક્ષ્ય પ્રતિલિખ્ય ચ યત્નતઃ ।***
***ગૃહણીયાન્નિક્ષિપેદ્વા યત્ સાદાનસિમિતિ સ્મૃતાઃ ॥૩૯॥***

આસનાદિક દૃષ્ટિથી જોઈને તથા ઓઘા પ્રમુખથી પ્રમાર્જન કરીને યત્નાપૂર્વક લેવાં અથવા મૂકવાં તેને આદાન નિક્ષેપ સમિતિ કહી છે. ૩૯

ઉપયોગ રાખ્યા સિવાય ઉન્મત યા ઉચ્છ્રંખલપણે પ્રવર્તન કરતા દરેક કાર્યમાં બીજા જીવોના મરણ સાથે પોતાનો આત્મા પણ કર્મથી મરાય છે, બંધાય છે. તેનો બચાવ પણ સાથે જ કરવાનો છે. આમ જોઈએ તો પોતાના જીવનો બચાવ કરવો તે જ બીજાના જીવોનો બચાવ છે. કારણ કે પોતે પોતાના આત્માને કર્મબંધ ન થાય તેવો પ્રયત્ન કરવો શરૂ કર્યો કે બીજાનો બચાવ થઈ જ ગયો. આ પ્રમાણે વર્તવાથી આદાનનિક્ષેપ સમિતિનું પાલન થાય છે. ૩૯

***વિમુક્ત કલ્પનાજાલં સમત્વે સુપ્રતિષ્ઠિતમ્ ।***
***આત્મરામં મનસ્તજજ્ઞૈર્મનો ગુપ્તિ રુદા હતા ॥૪૧॥***

કલ્પનાઓની જાળથી મુક્ત થયેલા, સમભાવમાં સ્થિત થયેલા અને આત્મભાવમાં રમણ કરતા મનને જ્ઞાની પુરુષોએ મનોગુપ્તિ કહેલી છે. ૪૧

અહીંયા આર્ત્ત અને રૌદ્રધ્યાનને કલ્પનાની જાળ કહેવામાં આવી છે, માટે આર્ત્ત રૌદ્રધ્યાનથી પર થઈને અનેક જાતના શુભ આલંબનો લઈને મનને સ્થિર કરવાનું છે. એટલે કે અશુભમાં મનને જતું રોકી ધર્મધ્યાનનાં વિચારોમાં દૃઢ કરવાનું છે. ત્યાર પછીની સ્થિતિમાં મનને આત્મભાવમાં રમણ કરતું રાખવાનું છે.

***સંજ્ઞાદિ પરિહારેણ યન્મૌનસ્યાવલંબનમ્ ।***
***વાગ્વૃત્તેઃ સંવૃત્તિર્વાયા, સા વાગ્ગુપ્તિરિહોચ્યતે ॥૪૨॥***

સંજ્ઞાદિકનો ત્યાગ કરીને જે મૌનપણું રાખવું તેને અથવા એકલી વચનની વૃત્તિઓને રોકવી તેને અહીં વચનગુપ્તિ કહે છે. ૪૨

હાથની, આંખની, આંગળીની કે ખોંખારા પ્રમુખની સંજ્ઞાનો સર્વથા ત્યાગ કરવો, તેને અથવા સંજ્ઞા વગેરે ખુલ્લી રાખી, વચનથી બોલવાનો નિરોધ કરવો– મૌન કરવું તેને વચનગુપ્તિ કહે છે.

***ઉપસર્ગ પ્રસંગેડપિ કાયોત્સર્ગ જુષો મુનેઃ ।***
***સ્થિરીભાવઃ શરીરસ્ય કાયગુપ્તિ ર્નિગદ્યતે ॥૪૩॥***

***શયાનાસનનિક્ષેપા આદાનચક્રમણેષુ યઃ ।***
***સ્થાનેષુ ચેષ્ટા નિયમઃ કાયગુપ્તિસ્તુ સાપરા ॥૪૪॥***

ઉપસર્ગ જેવા પ્રસંગે પણ કાયોત્સર્ગમાં-ધ્યાનમાં રહેલા મુનિનો શરીર સંબંધી જે સ્થિર ભાવ-સ્થિરતા-તેને કાયગુપ્તિ કહે છે. ૪૩ (અથવા) શયન કરવું આશને બેસવું, મૂકવું- લેવું અને ચાલવું વગેરે સ્થાને, તે તે ક્રિયાના સંબંધમાં નિયમ રાખવો, તેને કાયગુપ્તિ કહે છે. ૪૪

***એતાશ્ચારિત્રગાત્રસ્ય જનનાત્ પરિપાલનાત્ ।***
***સંશોધનાશ્ચ સાધુનાં, માતરોડષ્ટૌ પ્રકીર્તિતાઃ ॥૪૫॥***

જેમ માતા પુત્રના શરીરને પેદા કરે છે. દુધાદિ પાઈ શરીરનું રક્ષણ કરે છે અને મળમૂત્રાદિથી શુદ્ધ કરે છે. તેમ આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ ચારિત્રરૂપ શરીરને પેદા કરતી હોવાથી સાધુઓને આઠે માતા સમાન કહેલી છે. તેને અષ્ટ પ્રવચન માતા કહેવામાં આવે છે એટલે કે આત્માનું સંસારમાંથી છોડાવવારૂપ ભાવોનું સંવર્ધન કરી આત્માને સંસારથી છોડાવવા માટે ઉપયોગી થાય છે.

*સર્વાત્મના યતીંદ્રાણામેતશ્ચારિત્રમીરિતં ।*
*યતિધર્માનુરકતાનાં દેશતઃ સ્યાદગારિણામ્ ॥૪૬॥*

સર્વ વિરતિ ચારિત્ર સર્વસંગપરિત્યાગ કરનાર મુનિઓને માટે છે અને યતિધર્મ ઉપર પ્રેમવાળા પણ તે પ્રમાણે આદરવામાં અશક્ત ગૃહસ્થીઓ માટે તે ચારિત્ર દેશથી-અમુક અંશથી હોય છે. ૪૬

ચારિત્રના બે વિભાગો કરવામાં આવ્યા છે. એક સર્વવિરતિ અને બીજું દેશવિરતિ પાંચ મહાવ્રત મૂલગુણ અને અષ્ટ પ્રવચન માતાને જે પૂર્ણ રીતે પાળી શકે તે સર્વવિરતિ કહેવાય છે. પણ જેઓ પૂર્ણપણે પાળી શકે તેમ ન હોય તેઓ પોતાની પાત્રતા વધારવા માટે દેશવિરતિરૂપ ચારિત્રને અંગીકાર કરે છે અને તેમ કરી સંપૂર્ણ ચારિત્ર તરફ આગળ વધવા પુરુષાર્થી બને છે.

## ગૃહસ્થ ધર્મ અને નીતિપૂર્વક જીવન

*ન્યાયસંપન્નવિભવઃ શિષ્ટાચાર પ્રશંસકઃ ।*
*કુલશીલ સમૈઃ સાર્દ્ધ કૃતોદ્વદોઽન્ય ગોત્ર જૈઃ ॥૪૭॥*

*પાપભીરુઃ પ્રસિદ્ધં ચ દેશાચારં સમાચરન્ ।*
*અવર્ણવાદી ન કવાપિ રાજાદિષુ વિશેષતઃ ॥૪૮॥*

*અનતિવ્યક્તગુપ્તે ચ સ્થાને સુપ્રાતિ વેશ્મિકે ।*
*અનેક નિર્ગમદ્વાર વિવર્જિત નિકેતનઃ ॥૪૯॥*

*કૃતસંગઃ સદાચારૈ ર્માતાપિત્રોશ્ચ પૂજકઃ ।*
*ત્યજન્નુપપ્લુતં સ્થાનમ્ પ્રવતશ્ચ ગર્હિતે. ॥૫૦॥*

*વ્યમમાયોચિત કુર્વન્ વેષં વિત્તાનુસારતઃ ।*
*અષ્ટભિર્ધીગુણૈર્યુકતઃ શૃણ્વાનો ધર્મમન્વહમ્ ॥૫૧॥*

*અજીર્ણે ભોજન ત્યાગી કાલે ભોક્તા ચ સાત્મ્યતઃ ।*
*અન્યોઽન્યાપ્રતિબંધેન ત્રિવર્ગમપિ સાધયન્ ॥૫૨॥*

*યથાવદતિથૌ સાધૌ દીને ચ પ્રતિપત્તિકૃત્ ।*
*સદાનભિનિવિષ્ટશ્ચ પક્ષપાતી ગુણેષુ ચ ॥૫૩॥*

*અદેશાકાલયોશ્ચર્યા ત્યજન્ જાનન્ વલાવલમ્ ।*
*વૃતસ્થજ્ઞાનવૃદ્ધાનાં પૂજક પોષ્યપોષકઃ ॥૫૪॥*

*દીર્ઘદર્શી વિશેષજ્ઞઃ કૃતજ્ઞો લોકવલ્લભઃ ।*
*સલજ્જઃ સદયઃ સૌમ્યઃ પરોપકૃતિ કર્મઠઃ ॥૫૫॥*

*અંતરંગારિષડ્વર્ગ પરિહાર પરાયણઃ ।*
*વશીકૃતેન્દ્રિયગ્રામો ગૃહિ ધર્માય કલ્પતે ॥૫૬॥*

**માર્ગાનુસારી ગૃહસ્થના ૩૫ ગુણો**

૧. પૈસો ન્યાયથી પેદા કરવો ૨. ઉત્તમ આચારવાળાની પ્રશંસા કરવી. ૩. જુદા ગોત્રવાળા તથા કુલ અને આચાર જેના સરખા હોય તેની સાથે વિવાહ કરવો. ૪. પાપથી ભય રાખવો. ૫. પ્રસિદ્ધ દેશના આચાર પ્રમાણે આદર કરવો. ૬. કોઈના અવર્ણવાદ ન બોલવાં. તેમાં રાજાના અવર્ણવાદનો વિશેષપણે ત્યાગ કરવો. ૭. ઘણા ખુલ્લા નહિ તેમ ઘણા ગુપ્ત નહિ તેવા ઘરમાં સારા પાડોશીની સાથે નિવાસ કરવો. મકાનમાં પેસવાં નીકળવાનાં અનેક દ્વારો ન હોવાં જોઈએ. ૮. સદાચારવાળા મનુષ્યોની સોબત કરવી. ૯. માતાપિતાની ભક્તિ કરવી. ૧૦. ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો. અર્થાત્ તે સ્થળ મૂકી બીજે સ્થળે જઈ વસવું. ૧૧. નિંદનીય કાર્યમાં પ્રવૃત્તિ ન કરવી. ૧૨. આવકને અનુસારે ખર્ચ કરવો. ૧૩. પૈસાને અનુસારે વસ્ત્રાભૂષણાદિ વેશ પહેરવો. ૧૪. બુદ્ધિના આઠ ગુણ પેદા કરવા. (શૂશ્રૂષા, શ્રવણ, ગ્રહણ ધારણ, વિજ્ઞાન, ઈહા, અપોહ અને તત્ત્વાભિનિવેશ) ૧૫. નિરંતર ધર્મ સાંભળવા જવું. ૧૬. અજીર્ણ થયું હોય તો ભોજન ન કરવું. ૧૭. વખતસર શાંતભાવે ભોજન કરવું. ૧૮. અન્યોઅન્ય ધર્મ, અર્થ અને કામને બાધ ન આવે તેવી રીતે તે ત્રણે વર્ગનું સાધન કરવું. ૧૯. અતિથિ, સાધુ અને દીન માણસની યથાયોગ્ય ભક્તિ કરવી. ૨૦. કોઈપણ ખોટો કદાગ્રહ ન રાખવો. ૨૧. ગુણવાન પુરુષોના ગુણને વિષે પક્ષપાત કરવો. ૨૨. નિષેધ કરેલાં દેશમાં કે નિષેધ કરેલા કાળમાં

ગમન ન કરવું. ૨૩. પોતાની શક્તિ કે નિર્બળતાના જાણનાર થવું. ૨૪. વ્રતમાં રહેલા, જ્ઞાનથી કે ઉંમરથી વૃદ્ધ માણસોનું યોગ્યતાનુસાર પૂજન કરવું. ૨૫. પોષણ કરવા લાયક પોતાના પરિવારનું પોષણ કરવું. ૨૬. દીર્ઘ દૃષ્ટિવાન થવું. ૨૭. ગુણ અને અવગુણના અંતર જાણનાર - વિશેષજ્ઞ. ૨૮. કરેલા ગુણને જાણનાર - અન્યના ઉપકારને જાણનાર. ૨૯. લોકનેવલ્લભ. ૩૦. લજ્જાવાન. ૩૧. દયાવાન.૩૨. સૌમ્ય-શાંત-પ્રકૃત્તિવાળા. ૩૩. પરોપકાર કરવામાં તત્પર. ૩૪. ક્રોધ માન, માયા, લોભ, રાગ-દ્વેષ આ છ અંતરંગ શત્રુઓનો પરિહાર કરવામાં પ્રયત્નવાન.૩૫. ઈન્દ્રિયોના સમૂહને વશ કરનાર.

આ પાંત્રીસ ધર્મને યથાર્થપણે જાણનાર અને તે પ્રમાણે વર્તનાર ગૃહસ્થધર્મ દેશ વિરતિ ચારિત્ર પાળવાને યોગ્ય થાય છે. (૪૭ થી ૫૬)

શ્લોક ૨ (૧) ચંડકૌશિક, ઈન્દ્ર અને મહાવીર સ્વામીનું

શ્લોક ૩ (૨) સૌધમેન્દ્ર અને સંગમ તથા મહાવીર સ્વામીનું

શ્લોક ૮ (૩) સનત ચક્રવર્તીની કથા

શ્લોક ૧૦ (૪) ભરત ચક્રવર્તીની કથા

શ્લોક ૧૧ (૫) મરુદેવામાતાની કથા

શ્લોક ૧૨ (૬) દૃઢપ્રહારીની કથા

શ્લોક ૧૩ (૭) ચિલાતીપુત્રની કથા

*

# દ્વિતિય પ્રકાશઃ

## ગૃહસ્થ ધર્મ : દેશવિરતિ ચારિત્ર ધર્મ

*સમ્યક્ત્વમૂલાનિ પંચાણુંવ્રતાનિ ગુણાસ્ત્રયઃ ।*
*શિક્ષાપદાની ચત્વારિ વ્રતાનિ ગૃહમેધિનાં ॥૧॥*

*યા દેવે દેવતા બુદ્ધિ, ગુંરો ચ ગુરુતામિતિઃ ।*
*ધર્મે ચ ધર્મધીઃ શુદ્ધા, સમ્યક્ત્વામિદમુચ્યતે ॥૨॥*

સમ્યક્ત્વપૂર્વક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એમ ગૃહસ્થ ધર્મના બાર વ્રતો છે. (૧) જે દેવને વિષે દેવપણાની બુદ્ધિ, ગુરુને વિષે ગુરુપણાની બુદ્ધિ અને ધર્મ વિષે શુદ્ધ ધર્મ બુદ્ધિ તે સમ્યક્ત્વ કહેવાય. (૨)

જ્ઞાનરૂપ વૃક્ષનું મૂળ સમ્યક્ત્વ છે. જો મૂળ ન હોય તો વૃક્ષ હોતું નથી. તેમ સમ્યક્ત્વ ન હોય તો જ્ઞાન હોતું નથી. સમ્યક્ત્વ વગર પુણ્યાનુબંધી પુણ્ય હોતું નથી. મોક્ષના દ્વારરૂપ સમ્યક્ત્વ છે. સર્વ આત્મસંપદાના નિધાન સરખું સમ્યક્ત્વ છે. ગુણથી રત્નોના આધારવાળું સમ્યક્ત્વ છે. ચારિત્રરૂપ ધનના પાત્ર સરખું સમ્યક્ત્વ છે. સૂર્યોદય થવાથી જેમ અંધકારનો નાશ થઈ જાય છે તેમ સમ્યક્ત્વથી વાસિત જીવોમાં અજ્ઞાનરૂપી અંધકાર રહી શકતો નથી. સમ્યક્ત્વની હાજરીમાં ૧. સ્ત્રીવેદ ૨. નપુંસક વેદ ૩. નરક ૪. અનાર્યકુળના મનુષ્યમાં ૫. હલકી કોટીના દેવોમાં ૬. તિર્યંચ વગેરે આયુષ્યનો બંધ પડતો નથી. સમ્યક્ત્વ આવ્યા પહેલાં ઉપરોક્ત બંધ ન પડ્યો હોય તો તેની હાજરીમાં ફક્ત વૈમાનિક દેવ અથવા આર્યકુળના મનુષ્યના આયુષ્યનો જ બંધ પડે છે. એક અંતઃમુહુર્ત માત્ર પણ આ સમ્યક્ત્વની સેવના કરીને જો તેનો ત્યાગ થઈ ગયો હોય તોપણ તે જીવ સંસારમાં ઘણો વખત પરિભ્રમણ નથી કરતો. જે જીવો નિરંતર સમ્યક્ત્વના સેવનમાં જ છે તે જીવો ઘણા જ થોડા વખતમાં મોક્ષ મેળવે છે. ૧, ૨

*અદેવે દેવબુદ્ધિર્યા, ગુરુધીરગુરૌચ યા ।*
*અધર્મે ધર્મબુદ્ધિશ્ચ, મિથ્યાત્વં તદ્વિપર્યયાત્ ॥૩॥*

દેવના ગુણો જેમાં ન હોય છતાં તેમાં દેવપણાની બુદ્ધિ કરવી, ગુરુના ગુણો ન હોય છતાં તેમાં ગુરુપણાની ભાવના રાખવી અને અધર્મ વિષે ધર્મપણાની બુદ્ધિ રાખવી તે સત્યથી વિપરીત હોવાથી મિથ્યાત્વ કહેવાય છે. ૩

મિથ્યાત્વ એ મહાન રોગ છે, મહાન અંધકાર છે, મહાન શત્રુ છે, મહાન વિષ છે. જો આ મિથ્યાત્વને દૂર કરવાનો ઉપાય ન કરવામાં આવે તો અનંત જન્મમરણરૂપ દુઃખ ભોગવવું પડે છે.

*સર્વજ્ઞો જિતરાગાદિ, દોષસ્ત્રૈલોકયપૂજિતઃ ।*
*યથાસ્થિતાર્થવાદી ચ, દેવોર્હન્ પરમેશ્વરઃ ॥૪॥*

***સર્વજ્ઞ :*** ભૂત ભવિષ્ય અને વર્તમાન સંબંધી સર્વ દ્રવ્યોના જાણનાર રાગદ્વેષાદિ દોષોને જીતનાર, ત્રણ લોક સંબંધી પૂજનીક અને સત્યવક્તા તે દેવ અર્હત્ અથવા પરમેશ્વર કહેવાય છે; અથવા તે પરમ ઐશ્વર્યવાન્ અર્હત્દેવ કહેવાય છે. ૪

*ધ્યાતવ્યોડયમુપાસ્યોય, મયં શરણમિષ્યતાં ।*
*અસ્થૈવ પ્રતિપત્તવ્ય, શાસનં ચેતનાસ્તિ ચેત્ ॥૫॥*

જો તમારામાં કોઈ સદ્-અસદ્ વિચાર કરવાની બુદ્ધિ અથવા ચેતના હોય તો આ દેવનું ધ્યાન કરવું. આની ઉપાસના કરવી, આનું શરણ ઈચ્છવું અને આ દેવની (વીતરાગ દેવ)ની જ આજ્ઞા અંગીકાર કરવી. ૫

*યે સ્ત્રીશસ્ત્રાક્ષ સૂત્રાદિ, રાગધંકકલંકિતાઃ ।*
*નિગ્રહાનુગ્રહપરાસ્તે દેવઃ સ્યુર્ન મુક્તયે ॥૬॥*

*નાટયાટટહાસંગીતા, ધ્રુપપ્લબવિસંસ્થૂલાઃ ।*
*લંબયેયુઃ પદં શાન્વં, પ્રપન્નાન્ પ્રાણિનઃ કથં ॥૭॥*

***કુદેવ :*** જે દેવો સ્ત્રી, શસ્ત્ર અને જપ માલાદિ રાગના ચિહ્નોથી દૂષિત

છે અને બીજાને નિગ્રહ તથા અનુગ્રહ કરવામાં તત્પર છે, તે દેવોના ઉપસનાદિ મુક્તિને માટે થતા નથી. (૬) જે દેવો નાટક, અટ્ટહાસ્ય અને સંગીતાદિ ઉપદ્રવોથી આત્મસ્થિતિમાં ઢીલા-અસ્થિર થયેલા છે; તેઓ પોતાના આશ્રિતભક્તોને કેવી રીતે શાંત પદ-મોક્ષ પમાડી શકે. ૭

***મહાવ્રતધરા ધીરા, ભૈક્ષમાત્રૌપજીવિતઃ ।***
***સામાયિકસ્થા ધર્મો, પદેશકા ગુરવો મતાઃ ॥૮॥***

***સુગુરુ :*** પાંચ મહાવ્રતને ધારણ કરનાર, પરિષહાદિ સહન કરવામાં ધીર, મધુકર (ગૌચારી) વૃત્તિ એ ભિક્ષા કરી જીવન ચલાવનારા, સમભાવમાં રહેલા અને ધર્મોપદેશ આપનારને ગુરુ માનેલા છે, ગુરુ કહેવામાં આવે છે. ૮

***સર્વાભિલાષિણઃ સર્વ ભોજિનઃ સપરિગ્રહાઃ ।***
***અબ્રહચારિણો મિથ્યોપદેશકા, ગુરવોનતુ ॥૯॥***

***પરિગ્રહારંભયમગ્નાસ્તારયેયુઃ કથં પરાન્ ।***
***સ્વયં દરિદ્રો ન પરમીશ્વરીકર્તુમીશ્વરઃ ॥૧૦॥***

***કુગુરુ :*** સર્વ વસ્તુઓના ઈચ્છાઓના અભિલાષી, ભક્ષ્યાભક્ષ્યાદિ સર્વ પ્રકારના ભોજન કરનાર, ધન, સ્ત્રી, પુત્ર આદિ પરિગ્રહધારી, અબ્રહ્મચારી અને મિથ્યાઉપદેશ દેવાવાળા ગુરુઓ ન જ કહેવાય. ૯ પરિગ્રહ અને આરંભમાં મગ્ન થયેલા ગુરુઓ બીજાને કેવી રીતે તારી શકે ? કેમકે પોતે દરિદ્ર હોય તે બીજાને ધનાઢ્ય બનાવવાને કેમ સમર્થ થાય ? (૧૦) દૃષ્ટાંત : મિથ્યાભિમાની ધર્મગુરુ અને રાજાનું.

***દુર્ગતિપ્રપતત્પ્રાણિ ધારણાધર્મ ઉચ્યતે ।***
***સંયમાદિર્દશવિધઃ સર્વજ્ઞોક્તો વિમુક્તયે ॥૧૧॥***

***ધર્મ :*** દુર્ગતિમાં પડતાં પ્રાણીઓને તેમાંથી બચાવી તેઓનું રક્ષણ કરે તેનું નામ ધર્મ છે અને તે સંયમાદિ દશ પ્રકારનો સર્વજ્ઞનો કહેલો ધર્મ મોક્ષને માટે થાય છે. (૧૧)

ક્ષમા, નમ્રતા, સરળતા, નિર્લોભતા, તપ, સંયમ, સત્ય, શૌચ અકિંચન અને બ્રહ્મચર્ય આ દશ પ્રકારનો ધર્મ છે.

***અપૌરુષેયં વચનમસંભવિ ભવેદ્યદિ ।***
***ન પ્રમાણં ભવેદ્વાચાં હ્યાપ્તાધીના પ્રમાણતા ॥૧૨॥***

પુરુષ વિના ઉત્પન્ન થયેલું વચન સંભવતું નથી અને કદાચ માનો કે સંભવે તો પણ તે વચનો પ્રમાણ નથી કેમ કે વચનોની પ્રમાણિકતા એ આપ્તપુરુષોને આધીન છે. (૧૨)

***મિથ્યાદૃષ્ટિ ભિરામ્નાતો હિંસાદ્યૈઃ કલુષીકૃતઃ ।***
***સ ધર્મ ઇતિ વિત્તોષિ ભવભ્રમણકારણમ્ ॥૧૩॥***

મિથ્યાદૃષ્ટિઓએ પ્રતિપાદન કરેલો, તથા મુગ્ધબુદ્ધિવાળા પ્રાણીઓમાં ધર્મપણે પ્રસિદ્ધિ પામેલો ધર્મ ભવભ્રમણના કારણરૂપે છે, કેમકે તે હિંસાદિ દોષોથી દુષિત થયેલો છે. (૧૩)

***સરાગોડપિ હિ દેવશ્ચેત્ ગુરુબ્રહ્મચર્યપિ ।***
***કૃપાહીનોડપિ ધર્મઃ સ્યાત્ કષ્ટં નષ્ટં હંહા જગત્ ॥૧૪॥***

સરાગીને પણ જો દેવ કહેવાય, અબ્રહ્મચારીને (અજ્ઞાનીને) પણ જો ગુરુ મનાય અને દયારહિત ધર્મ પણ ધર્મ કહેવાય, તો મહાખેદની વાત છે કે દેવ, ગુરુ, ધર્મથી શૂન્ય આ જગતનો નાશ થવો સમજવો. (૧૪)

આ પ્રમાણે સત્દેવ, સત્ગુરુ અને સત્ધર્મ ઉપર શ્રદ્ધાન કરવું તે સમ્યક્ત્વ આ સમકીત આત્મપરિણામરૂપ હોવાથી બીજા તેને જોઈ ન શકે. છતાં તેના ચિહ્નો જાણી શકાય છે.

***શમ સંવેગ નિર્વેદાનુકંપાસ્તિકય લક્ષણૈઃ ।***
***લક્ષણૈઃ પંચભિઃ સમ્યક્સમ્યક્ત્વમલક્ષ્યતે ॥૧૫॥***

**સમ્યક્ત્વના લક્ષણો :** શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય (શ્રદ્ધા)ના લક્ષણોરૂપ પાંચ લક્ષણોએ કરી સારી રીતે- બરોબર-સમકિત ઓળખી શકાય છે. (૧૫)

શમ :- ક્રોધાદિક કષાયોનું સમાઈ જવું ઉદય આવેલા કષાયોમાં મંદતા થવી, વાળી લેવાય તેવી આત્મદશા થવી અથવા અનાદિકાળની વૃત્તિઓ શમાઈ જવી તે શમ.

સંવેગ :- મુક્ત થવા સિવાય બીજી કોઈપણ પ્રકારની ઈચ્છા નહીં અભિલાષા નહીં, તે સંવેગ.

નિર્વેદ :- જ્યારથી એમ સમજાયું કે ભ્રાંતિમાં જ પરિભ્રમણ કર્યું ત્યારથી હવે ઘણી થઈ. અરે જીવ ! હવે થોભ, પાછો વળ એ નિર્વેદ. તીવ્ર વૈરાગ્ય-પ્રશમરતિભાવ.

અનુકંપા :- એ સઘળા વડે જીવમાં સ્વાત્મતુલ્ય બુદ્ધિ તે અનુકંપા. તે બે પ્રકારની છે સ્વ અને પર.

આસ્તિકતા-આસ્થા-શ્રદ્ધા : મહાત્મ્ય જેનું પરમ છે એવા નિસ્પૃહી પુરુષોના વચનમાં જ તલ્લીનતા તે શ્રદ્ધા-આસ્થા-આસ્તિકતા.

***સ્થૈર્ય પ્રભાવના ભક્તિઃ કોશલં જિનશાસને ।***
***તીર્થસેવા ચ પંચાસ્ય ભૂષણાનિ પ્રચક્ષતે ॥૧૬॥***

**સમ્યકૃત્વ ભૂષણો :** સ્થિરતા, પ્રભાવના, ભક્તિ, જિનશાસનમાં કુશળતા અને તીર્થસેવા આ પાંચ ભૂષણો છે.

***શંકાકાંક્ષાવિચિકિત્સા મિથ્યાદૃષ્ટિ પ્રશંનમ્ ।***
***તત્સંસ્તવશ્ચ પંચાપિ સમ્યકૃત્વ દુષયંત્યલમ્ ॥૧૭॥***

**સમ્યકૃત્વના દૂષણો :** ૧. શંકા ૨. કાંક્ષા (ઈચ્છાઓ) ૩. વિચિકિત્સા ૪. મિથ્યાદૃષ્ટિની પ્રશંસા અને ૫. તેનો પરિચય આ પાંચે સમ્યકૃત્વને અત્યંદ દૂષિત કરનાર છે.

આ પ્રમાણે ટૂંકમાં સમ્યકૃત્વનું સ્વરૂપ સમજાવ્યું. જેમ જેમ કષાયભાવમાં મંદતા આવતી જાય તેમ તેમ સમ્યકૃત્વ નિર્મળ અને પ્રબળ બનતું જાય છે.

આ સમ્યકૃત્વની પ્રાપ્તિ થયા પછી ગૃહસ્થ-શ્રાવકના વ્રતો લેવાને લાયક થાય છે. સમ્યકૃત્વ પ્રાપ્ત થયા પછી ગૃહસ્થના વ્રતો પાળવાથી-આદરવાથી

ચારિંત્રને રોકનાર કર્મો પાતળા પડી ક્ષય થાય છે.

**ગૃહસ્થના પાંચ અણુવ્રતો :**

***વિરતિ સ્થૂલ હિંસાદેર્દ્વિવિધ ત્રિવિધાદિના ।***
***અહિંસાદીનિ પંચાણુવ્રતાનિ જગદ્દર્જિનાઃ ॥૧૮॥***

સ્થૂલ હિંસાદિકની દ્વિવિધ, ત્રિવિધ પ્રકારે વિરતિ કરવી, તેને જિનેશ્વરો અહિંસાદિ પાંચ અણુવ્રતો કહે છે. (૧૮)

મન, વચન, કાયાથી સ્થૂળ લીધેલા નિયમો કરવા નહિ અને કરાવવા નહિ એમ (૩x૨)= ૬ ભાંગા થાય. એટલે ગૃહસ્થોએ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ પાંચ સ્થૂલ વ્રતો છ ભાંગા (દ્વિવિધ, ત્રિવિધ પ્રકારે) ગ્રહણ કરે છે.

**૧. અહિંસાવ્રત**

***પંગુકુષ્ટિકુણિત્યાદિ દૃષ્ટ્વા હિંસાફલં સુધીઃ ।***
***નિરાગસ્ત્રસજંતૂનાં હિંસા સંકલ્પતસ્ત્યજેત્ ॥૧૯॥***

પાંગળાપણું, કોઢીયાપણું, હાથ આદિનું ઠુઠાપણું, આ સર્વ હિંસા કરવાનાં ફળો છે, એમ જાણી બુદ્ધિમાન જીવોએ નિરપરાધી ત્રસ જીવોની સંકલ્પથી હિંસા કરવાનો ત્યાગ કરવો. (૧૯)

***આત્મવત્ સર્વભૂતેષુ સુખદુઃખે પ્રિયાપ્રિયે ।***
***ચિંતયન્નાત્મનોઽનિષ્ટા હિંસામન્યસ્ય નાચરેત્ ॥૨૦॥***

જેમ પોતાને સુખ વહાલું છે અને દુઃખ અપ્રિય છે તેમ સર્વજીવોને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય છે, એમ જાણી પોતાને અનિષ્ટ લાગતી હિંસા બીજાના સંબંધમાં ન કરવી જોઈએ. અર્થાત્ બીજા જીવોને ન મારવા જોઈએ. (૨૦)

***નિરર્થકા ન કુર્વીત જીવેષુ સ્થાવરેષ્વપિ; ।***
***હિંસામહિંસા ધર્મજ્ઞઃ ક્ષન્ મોક્ષમુપાસકઃ ॥૨૧॥***

અહિંસા ધર્મના જાણ તથા મોક્ષની ઈચ્છાવાળા (ઉપાસના કરનાર) શ્રાવકોએ-

ગૃહસ્થોએ સ્થાવર જીવોની પણ વગર પ્રયોજને હિંસા ન કરવી. (૨૧)

*પ્રાણી પ્રાણિતલોભેન યો રાજયમપિ મુંચતિ ।*
*તદ્વધોત્થમઘં સર્વોર્વીદાનેડપિ ન શામ્યતિ ॥૨૨॥*

મનુષ્યો, પ્રાણીઓ, જીવનના લોભથી રાજ્યનો પણ ત્યાગ કરે છે - મૂકી દે છે. તેનો વધ કરવાથી ઉત્પન્ન થયેલું પાપ આખી પૃથ્વીનું દાન આપે તો પણ કેવી રીતે શાંત થાય ? શાંત ન થાય. (૨૨)

*વને નિરપધાનાં વાયુતોય તૃણાશિનાં ।*
*નિઘ્નન્ મૃગાણાં માંસાર્થી વિશિષ્યતે કથં શુનઃ ॥૨૩॥*

*દીર્યમાણઃ કુશેનાપિ યઃ સ્વાંગે હંત દૂયતે ।*
*નિર્મતૂન્ સ કથં જંતૂનં તયેજ્જિશિતાયુધેઃ ॥૨૪॥*

*નિર્માતુ ક્રૂરકર્માણઃ ક્ષણિકામાત્મનો ધૃતિં ।*
*સમાપયંતિ સકલં જન્મન્યસ્ય શરીરિણઃ ॥૨૫॥*

*મ્રિયસ્વેત્યુચ્યમાનોપિ દેહી ભવતિ દુઃખિતઃ ।*
*માર્યમાણઃ પ્રહરણૈર્દારુણૈઃ સ કથં ભવેત્ ॥૨૬॥*

*શ્રૂયતે પ્રાણિઘાતેન રૌદ્ર ધ્યાન પરાયણો ।*
*સુભૂમો બ્રહ્મદત્તશ્ચ સાતમં નરકં ગતૌ ॥૨૭॥*

વનને વિષે રહેનારા અને વાયુ, પાણી તથા લીલાઘાસને ખાનારા બિચારા નિરપરાધી હરિણોને મારનારા માંસના અર્થીઓ કુતરાં કરતાં અધિક કેમ કહી શકાય ? અર્થાત્ ન જ કહી શકાય. (૨૩) જે માણસ પોતાના શરીરે એક ડાભનું તૃણ વાગવાથી પણ દુભાય છે તે નિરપરાધી પ્રાણીઓને તીક્ષ્ણ હથિયારો વડે કરી શા માટે મારતા હશે ? (૨૪) તે ક્રૂર કર્મ કરનારાઓ એક ક્ષણ માત્ર વાર પોતાની તૃપ્તિ કરવા માટે પ્રાણીઓનો આખો જન્મ નાશ કરી નાખે છે. (૨૫) "અરે તું મરી જા" એટલું કહેવાથી પણ જ્યારે પ્રાણીઓ દુઃખી થાય છે તો તેને ભયંકર શસ્ત્રોથી મારતાં કેટલું દુઃખ થતું હશે, એ મારનાર જીવે પોતે

જ વિચારવાનું છે. (૨૬) શાસ્ત્રમાં કહેવામાં આવેલું છે કે પ્રાણીઓના ઘાત કરવા વડે કરી રૌદ્ર ધ્યાનમાં તત્પર સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીઓ સાતમી નરકે ગયા છે. (૨૭)

*કુણિર્બરં વરં પંગુરશરીરી વર પુમાન્ ।*
*અપિ સંપૂર્ણ સર્વાંગો નતુ હિંસા પરાયણઃ ॥૨૮॥*

મનુષ્યોએ હાથ વિનાના થવું તે સારું છે. પાંગળા થવું તે સારું છે, અને શરીર વિનાના થવું તે સારું છે, પણ સંપૂર્ણ શરીરવાળા થઈને હિંસા કરવામાં તત્પર થવું તે સારું નથી. (૨૮)

*હિંસા વિઘ્નાય જાયેત વિઘ્નશાંત્યે કૃતાઽપિદિ ।*
*કુલાચારધિયાયેષા કૃતા કુલ વિનાશિની ॥૨૯॥*

*અતિ વંશકમાયાતાં યસ્તુ હિંસા પરિત્યજેત્ ।*
*સ શ્રેષ્ઠઃ સુલસ ઈવ કાલસૌકરિકાન્મજઃ ॥૩૦॥*

વિઘ્નની શાંતિ થવા માટે કરાયેલી હિંસા પણ ઊલટી વિઘ્નને માટે થાય છે અને કુલાચારની બુદ્ધિથી કરાયેલી હિંસા કુલનો વિનાશ કરનારી થાય છે. (૨૯) કાલસૌકરિકના પુત્ર સુલકની માફક જે કુળક્રમથી ચાલી આવેલી પણ હિંસાનો ત્યાગ કરે છે તે શ્રેષ્ઠ કહેવાય છે. (૩૦)

*દમો દેવગુરુપાસ્તિર્દાનમધ્યયનંતપઃ ।*
*સર્વમપ્યેતદફલં હિંસા ચેન્નપરિત્યજેત્ ॥૩૧॥*

જો હિંસાનો ત્યાગ ન કરવામાં આવે તો ઈન્દ્રિયોનું દમન કરવાપણું, દેવગુરુની સેવા, દાન, અધ્યયન અને તપ એ સર્વ નિષ્ફળ છે. અર્થાત્ હિંસાનો ત્યાગ કર્યા વિના તેઓ બિલકુલ ફળ આપતા નથી. (૩૧)

*વિશ્વસ્તો મુગ્ધધી લોઁકઃ પાત્યતે નરકાવનૌ ।*
*અહો નૃશંસૈ લોઁભાંધ હિંસા શાસ્ત્રોપદેશકૈઃ ॥૩૨॥*

અહો ! મહાન ખેદની વાત છે કે નિર્દય અને લોભથી આંધળા થયેલા હિંસાવાળા શાસ્ત્રના ઉપદેશકો આ બિચારા વિશ્વાસી અને મુગ્ધ બુદ્ધિવાળા ભોળા લોકોને નરકની પૃથ્વીમાં પાડે છે. (૩૨)

***યજ્ઞાર્થં પશવઃ સૃષ્ટાઃ સ્વયમેવ સ્વયંભુવા ।***
***યજ્ઞોऽસ્ય ભૂત્યૈ સર્વસ્ય તસ્માદ્યજ્ઞે વધોऽવધઃ ॥૩૩॥***

***ઔષધ્યઃ પશવો વૃક્ષાસ્તિર્યંચઃ પક્ષિણસ્તથા ।***
***યજ્ઞાર્થં નિધનં પ્રાપ્તઃ પ્રાપ્નુવત્યુચ્છ્રિતિં પુનઃ ॥૩૪॥***

***મધુપર્કે ચ યજ્ઞે ચ પિતૃદૈવત કર્મણિ ।***
***અત્રૈવ પશવો હિંસ્યા નાન્યત્રેત્યબ્રવીન્મનુઃ ॥૩૫॥***

***એષ્વર્થેષુ પશૂન્ હિંસન્ વેદતત્વાર્થ વિદ્દ્વિજઃ ।***
***આત્માનં ચ પશૂશ્ચૈવ ગમયન્ચુત્તમાં ગતિમ્ ॥૩૬॥***

હિંસાના ઉપદેશકની વાત કરી તેઓના શાસ્ત્રોની વાત કરે છે.

બ્રહ્માએ પોતેજ યજ્ઞને માટે પશુઓ બનાવ્યાં છે. યજ્ઞ આ સર્વ પ્રાણીઓની વિભૂતિ- કલ્યાણને માટે છે. યજ્ઞમાં જે વધ થાય છે તે વધ ન કહેવાય. (૩૩) ડાભ પ્રમુખઔષધીઓ, બકરા આદિ પશુઓ, વૃક્ષો, ગાય, ઘોડા અદિ તિર્યંચો અને કપિંજલ આદિ પક્ષીઓ યજ્ઞને માટે મરણ પામેલા ફરી ઉચ્ચતા-ઊંચી ગતિ, લાંબુ આયુષ્ય વગેરે પામે છે. (૩૪) મનુ કહે છે કે મધુપર્ક ક્રિયા વિશેષમાં જ્યોતિષ્ટોમાદિ યજ્ઞમાં અને પિતૃઓના અથવા દેવતાના કર્મો જે મહાયજ્ઞો તેમાં આટલે ઠેકાણે જ પશુઓ મારવા, પણ બીજા ઠેકાણે મારવા નહિં. (૩૫) વેદના તંત્વાર્થને જાણનારો બ્રાહ્મણ આ પૂર્વે કહેલ કાર્યોમાં પશુઓની હિંસા કરતો પોતાને અને પશુઓને ઉત્તમ ગતિમાં પહોંચાડે છે. (૩૬)

***યે ચકુઃ ક્રૂરમાંણઃ શાસ્ત્ર હિંસાપદેશકમ્ ।***
***ક્વતે યાસ્યંતિ નરકે નાસ્તિકેભ્યોऽપિ નાસ્તિકાઃ ॥૩૭॥***

*વરં વરાકશ્ચાર્વાકો યો સો પ્રકટ નાસ્તિકઃ ।*
*વેદોક્તિ તાપસછદ્મછન્નં રક્ષો ન જૈમિનિઃ ॥૩૮॥*

*દેવોપહારવ્યાજેન યજ્ઞવ્યાજેન યેઽથવા ।*
*ધ્નંતિ જંતૂન્ ગતધૃણા ઘોરાં તે યાંતિ દુર્ગતિમ્ ॥૩૯॥*

*શમ શીલદયામૂલં હિત્વા ધર્મ જગદ્ધિતં ।*
*અહો હિંસાપિ ધર્માય જગદે મંદબુદ્ધિભિઃ ॥૪૦॥*

જે ક્રૂર કર્મવાળા હિંસાના ઉપદેશવાળા શાસ્ત્રો બનાવે છે, તે નાસ્તિકથી પણ નાસ્તિકો કયા નરકમાં જશે ? (૩૭) બીચારો ચાવાર્ક તેઓના કરતાં કાંઈક સારો છે કે તે પ્રગટ નાસ્તિક છે, અર્થાત્ તે ખુલ્લી રીતે ધર્માધર્માદિ કાંઈ માનતો નથી, અથવા જીવાજીવાદિ કાંઈ માનતો નથી પણ (આવા) વેદના વચનો કહેતાં તાપસનાં બહાનાથી ગુપ્ત રાક્ષસ સરખો જૈમિનિ સારો નથી, (૩૮) દેવોને બલિદાન આપવાના બહાનાએ અથવા યજ્ઞને બહાને જેઓ નિર્દય થઈને પ્રાણીઓને મારે છે, તે ઘોરથી ઘોર પણ દુર્ગતિમાં જાય છે. (૩૯) સર્વ જીવો પર સમભાવ, શીલ અને દયારૂપ મૂળવાળા જગતને હિત કરનાર ધર્મનો ત્યાગ કરીને, મહાન ખેદની વાત છે કે મંદ બુદ્ધિવાળાઓએ હિંસા પણ ધર્મને માટે કહેલી છે. (૪૦)

*હવિર્યશ્ચિરરાત્રાય યચ્ચાનંત્યાય કલ્પતે ।*
*પિતૃભ્યો વિધિવદ્દત્તં તત્પ્રવક્ષ્યામ્ય શેષતઃ ॥૪૧॥*

*તિલબ્રીહિયવૈમાર્પૈર ધિમમૂલ ફલેન વા ।*
*દત્તેન માસં પ્રીયન્તે વિધિવત્ પિતરો નૃણાં ॥૪૨॥*

*દ્વૌ માસૌ મત્સ્યમાંસેન ત્રીન્માસાન્ હારિણેન તું ।*
*ઔરભ્રેણાથ ચતુરઃ શાકુને નેહ પંચતુ ॥૪૩॥*

*ષણ્માસાં છાગમાંસેન પાર્ષતેનેહ સપ્ત વૈ ।*
*અષ્ટાવેણસ્ય માંસેને શૈરવેણ નવૈવ તું ॥૪૪॥*

*દશામાસાંસ્તુ તૃપ્યંતિ વરાહમહિષામિષૈઃ ।*
*શશકૂર્મયોર્માસેન માસાનેકાદશૈવ તું ॥૪૫॥*

*સંવત્સરં તુ ગવ્યેન પયસા પાયસેન તું ।*
*વાધ્રીણસસ્ય માંસેન તુપ્તિર્વ્યાદશવાર્ષિકો ॥૪૬॥*

*ઇતિ સ્મૃત્યનુસારેણ પિતૃણાં તર્પણાય યા ।*
*મૂઢૈર્વિધીયતે હિંસા સાપિ દુર્ગતિહેતવે ॥૪૭॥*

પિતૃઓને વિધિપૂર્વક આપેલુ હવિ (શ્રાદ્ધ) ચિરરાત્રિ માટે અને અનંતકાળને માટે થાય છે. તે સર્વ કહું છું. (૪૧) તલ, ડાંગર, જવ, અડદ પાણી, મૂળ અને ફળ આ સર્વ વિધિપૂર્વક આપવાથી મનુષ્યોના પિતૃઓ એક મહિના સુધી તૃપ્ત થાય છે. (૪૨) મત્સ્યના માંસ વડે બે મહિના, હરિણનાં માંસ વડે ત્રણ મહિના, ઘેટાનાં માંસ વડે ચાર મહિના, અને પક્ષીના માસ વડે પાંચ મહિના પર્યંત્ પિતૃઓ તૃપ્ત થાય છે. (૪૩) બકરાનાં માંસથી છ મહિના, પૃષત જાતિના હરણના માંસ વડે સાત મહિના, એણ જાતિના જનાવરના માંસ વડે આઠ મહિના. (૪૪) તથા રોરવ જાતિના જનાવરના માસથી નવ મહિના, ડુક્કરના અને પાડાના માંસ વડે દશ મહિના અને સસલા તથા કાચબાંના માસ વડે અગિયાર મહિના પર્યંત પિતૃઓ તૃપ્ત થાય છે. (૪૫) ગાયના દૂધ અને ક્ષીર વડે બાર માસ અને વૃદ્ધ બકરાના માંસે કરી બાર વર્ષ પર્યંત પિતૃઓની તૃપ્તિ થાય છે. (૪૬) આ પ્રમાણે પિતૃઓને તૃપ્ત કરવા માટે સ્મૃતિને અનુસારે મૂઢ પુરુષો જે હિંસા કરે છે તે પણ દુર્ગતિને માટે થાય છે. (૪૭)

નિરપરાધી, નિરાધાર મૂંગા અને કરુણાજનક પોકાર કરનાર, ગરીબ, પ્રાણીઓને રીબાવી રીબાવી મારીને, ધર્મ માનવો એ જ પહેલી મૂર્ખતા છે; અને અગ્નિમાં નાંખેલા કે હોતૃઓએ ખાધેલા તેના માંસથી પિતૃઓની તૃપ્તિ થવી એ બીજી મૂર્ખતા છે. મરી ગયેલા અને કર્માનુસાર અન્ય યોનિમાં ઉત્પન્ન થયેલા જીવોને આવી રીતનાં ક્રૂર કાર્યોથી તૃપ્ત થવું કે સુખી થવું એ કેવળ અસંભવિત છે. પણ હિંસા કરનારને તો બદલો ભોગવવા જ પડે છે. આમ કરનાર અને

કરાવનાર બન્ને મૂઢ-અજ્ઞાની છે.

*યો ભૂતેષ્વભયંદધાદ્ ભૂતેભ્યસ્તસ્યનો ભયં ।*
*યાગદ્ વિતીર્યતે દાનં તાદૃગા સદ્યતે ફલં ।।૪૮।।*

જે પ્રાણીઓને અભય આપે છે, તેને પ્રાણીઓ તરફનો ભય થતો નથી. કેમકે જેવું ધન આપ્યું હોય તેવું તેનું ફળ પમાય છે. (૪૮)

*કો દંડદંડચકાસિ - શૂલશક્તિ ધરાઃ સુરાઃ ।*
*હિંસકા અપિ હા કષ્ટ પૂજ્યન્તે દેવતા ધિયા ।।૪૯।।*

મોટા ખેદ સાથે જણાવવું પડે છે કે, ધનુષ્ય દંડ, ચક્ર, ખડગ, શૂળ અને શક્તિને ધારણ કરવાવાળા હિંસક દેવોને પણ દેવપણાની બુદ્ધિથી પૂજે છે અર્થાત્ આવા દેવોને પૂજવા- માનવા ન જોઈએ. (૪૯)

**અહિંસાનું ફળ**

*માતવે સર્વભૂતાનાં - અહિંસા હિતકારિણી ।*
*અહિંસૈવ હિ સંસાર - મરાવમૃતસારિણીઃ ।।૫૦।।*

*અહિંસા દુઃખ દાવાગ્નિ પ્રાવૃષૈણ્ય ધનાવલી ।*
*ભવભ્રમિરુગાર્તાનામ્ - અહિંસા પરમૌષધોઃ ।।૫૧।।*

*દીર્ઘમાયુઃ પરંરૂપ-મારોગ્યં શ્લાધનીયતા ।*
*અહિંસાયાઃ ફલં સર્વ કિમન્યત્કામદૈવ સા ।।૫૨।।*

માતાની માફક અહિંસા સર્વ જીવોને હિતકારિણી છે, અહિંસા જ સંસારરૂપી મરૂધર ભૂમિમાં અમૃતને નીક સમાન છે (૫૦) દુઃખરૂપ દાવાનળને બૂઝાવવા માટે વર્ષાઋતુના મેઘની શ્રેણી તુલ્ય છે; અને ભવોમાં પરિભ્રમણ કરવારૂપ રોગથી પીડાયેલા જીવોને પરમ ઔષધી તુલ્ય પણ અહિંસા જ છે. (૫૧) સુખદાયી લાંબુ આયુષ્ય, ઉત્તમરૂપ નીરોગતા અને પ્રશંસનીયતા એ સર્વ અહિંસાના ફળો છે. વધારે શું કહેવું ? મનોવાંછિત ફળ દેવા માટે અહિંસા કામધેનુ સમાન છે. (૫૨)

***મન્મનત્વં કાહલત્વં મૂકત્વં મુખરોગિતા ।***
***વીક્ષ્યાઽસત્યફલં કન્યાલીકાદ્ય સત્યમુત્સૃજેત્ ॥૫૩॥***

***કન્યાગોભૂમ્યલીકાનિ ન્યાસાપહરણં તથા ।***
***કૂટસાક્ષ્યં ચ પંચેતિ સ્થૂલા સત્યાન્યકીર્તયન્ ॥૫૪॥***

મન્મનપણું, ન સમજાય તેવી રીતે બોલવાપણું, મૂંગાપણું અને મોઢામાં થતાં રોગો આ સર્વ અસત્ય બોલવાનાં ફળો છે, એમ જાણીને કન્યાલીકાદિ અસત્ય બોલવાનો ત્યાગ કરવો. (૫૩) કન્યા સંબંધી, ગાય સંબંધી, ભૂમિ સંબંધી, થાપણ ઓળવવા સંબંધી અને ખોટી સાક્ષી ભરવા સંબંધી આ પાંચ મોટા અસત્યો કહેવામાં આવ્યા છે. (૫૪)

અહીંયા કન્યા સંબંધી કોઈપણ વ્યક્તિના સંબંધમાં અસત્ય ન બોલવું એમ સમજવું. ગાયના સંબંધમાં છે ત્યાં બીજા પશુઓના સંબંધમાં સમજી લેવું.

***સર્વ લોકવિરુદ્ધ યદ્યદ્વિશ્વસિતઘાતકમ્ ।***
***યદ્વિપક્ષશ્ચ પુણ્યસ્થ ન વદેત્તદ સૂનૃતં ॥૫૫॥***

જે સર્વ લોકમાં વિરુદ્ધ ગણાતું હોય, જે વિશ્વાસનો ઘાત કરવાવાળું હોય અને જે પુણ્યનું વિપક્ષી હોય; અર્થાત્ પાપકારી હોય તેવું અસત્ય ન જ બોલવું. (૫૫)

***અસત્યતો લઘીયસ્ય-મસત્યાદ્વચનીયતી ।***
***અધોગતિ રસત્યાશ્ચ તદસત્યં પરિત્યજેત્ ॥૫૬॥***

***અસત્યવચનં પ્રાજ્ઞઃ પ્રમાદેનાપિનોવદેત્ ।***
***શ્રેયાંસિ યેન ભજયન્તે વાન્યયેવ મહાદ્રુમાઃ ॥૫૭॥***

***અસત્ય વચનાદ્વૈર - વિષાદા પ્રત્યયાધ્ય ।***
***પ્રાદુર્ષંતિ ન કે દોષાઃ કુપથ્યા દ્વયા ધયો યથા ॥૫૮॥***

*નિગોદેષ્વથ તિર્યક્ષુ તથા નરકવાસિષુ ।*
*ઉત્પદ્યન્તે મૃષાવાદ-પ્રતાપેન શરીરિણઃ ।।૫૯।।*

*બ્રૂયાદ્ ભિયોપરોધાદ્વા ના સત્યં કાલિકાર્યવત્ ।*
*યસ્તુ બ્રૂતે સ નરકં પ્રાયતિ વસુરાજવત્ ।।૬૦।।*

અસત્ય બોલવાથી લોકમાં લઘુપણું થાય છે, અસત્ય બોલવાથી આ માણસ જૂઠો છે એવી વચનીયતા થાય છે, અને અસત્ય બોલવાથી અધોગતિ થાય છે. માટે અસત્ય બોલવાનો ત્યાગ કરવો. (૫૬) બુદ્ધિમાનોએ પ્રમાદથી પણ અસત્ય ન બોલવું, કેમ કે જેમ પ્રબળ વાયરાથી મોટા વૃક્ષો ભાંગી જાય છે તેમ અસત્યથી કલ્યાણનો નાશ થાય છે. (૫૭) જેમ કુપથ્ય સેવવાથી અનેક વ્યાધિઓ થાય છે તેમ અસત્ય વચનથી વેર, વિખવાદ, અપ્રતીતિ આદિ કયા દોષો પ્રગટ નથી થતા ? થાય છે જ. (૫૮) અસત્ય બોલવાના પ્રતાપથી પ્રાણિઓ નિગોદ, તિર્યંચ અને નરકાવાસાદિમાં ઉત્પન્ન થાય છે. (૫૯) રાજા પ્રમુખના ભયથી કે વહાલા મનુષ્યના આગ્રહથી પણ કાલિકાચાર્યની માફક અસત્ય ન જ બોલવું. જે માણસ ભયથી કે આગ્રહથી અસત્ય બોલે છે તે વસુરાજાની માફક નરકમાં જાય છે. (૬૦) દૃષ્ટાંત : કાલિકાચાર્ય અને વસુરાજાનું.

*ન સત્યમપિ ભાષેત પરપીડાકરં વચઃ ।*
*લોકેઽપિ શ્રૂયતે યસ્માત્ કૌશિકો નરકંગતઃ ।।૬૧।।*

*અલ્પાદપિ મૃષાવાદ ક્ષરૌરવાદિષુ સંભવઃ ।*
*અન્યથા વદતાં જૈની વાચં ત્વહહ કાગતિઃ ।।૬૨।।*

બીજાને જેથી પીડા થાય તેવા સત્ય વચનો પણ ન બોલવા. કારણ કે લોકમાં પણ સંભળાય છે કે તેવાં વચનો બોલી કૌશિક નરકમાં ગયો. (૬૧)

થોડા પણ મૃષાવાદથી નરકાદિકમાં ઉત્પન્ન થવું પડે છે, તો જિનેશ્વરની વાણીને અન્યથા બોલતાં અરેરે તેઓની શું ગતિ થશે ? ૬૨

*જ્ઞાનચારિત્રયોર્મૂલં સત્યમેવ વદન્તિ યે ।*
*ધાત્રી પવિત્રી ક્રિયતે તેષાં ચરણ રેણભિઃ ।।૬૩।।*

*અલીકં યે ન ભાષન્તે સત્યવ્રતમહાધનઃ ।*
*નાપરાધ્ધુમલં તેભ્યો ભૂતપ્રેતોરગાદયઃ ।।૬૪।।*

જે મનુષ્યો જ્ઞાન અને ચારિત્રના મૂલરૂપ સત્યને જબોલે છે, તે મનુષ્યોના પગથી રેણુ વડે કરીને આ પૃથ્વી પવિત્ર થાય છે. (૬૩) તથા સત્યવ્રતરૂપ મહાધનવાળા જે જીવો અસત્ય બોલતા નથી તેઓને દુઃખ આપવા માટે ભૂતપ્રેત અને સર્પાદિ કોઈપણ સમર્થ થતા નથી. (૬૪)

### ૩. ત્રીજું અસ્તેય અણુવ્રત

*દૌર્ભાગ્યં પ્રેષ્યતાં દાસ્યમંગચ્છેદં દરિદ્રતામ્ ।*
*અદત્તાત્તફલં જ્ઞાત્વા સ્થૂલસ્તેયં વિવર્જયેત્ ।।૬૫।।*

દુર્ભાગ્યપણું, પરનું કામ કરવાપણું (પ્રેષ્યપણું), દાસપણું (શરીરની પરાધીનતા) શરીરનું છેદાવું અને દરિદ્રતા એ અદત્ત લેવાનું ફળ છે એમ સમજી તેને તજવું.

*પતિત વિસ્મૃત નષ્ટ સ્થિતં સ્થાપિતમાહિતમ્ ।*
*અદતં નાદદીત સ્વં પરકીયં કવચિત્સુધીઃ ।।૬૬।।*

*અયં લોકઃ પરલોકો ધર્મો ધૈર્ય ધૃતિર્મતિઃ ।*
*મુષ્ણતા પરકીય સ્વ મુષિત સર્વમપ્યદઃ ।।૬૭।।*

પડી ગયેલું, ભૂલાઈ ગયેલું, નષ્ટ થયેલું (કોઈ લઈ ગયેલું) ઘરમાં રહેલું, સ્થાપન કરેલું અને દાટેલું આ સર્વ પરનું ધન બુદ્ધિમાન જીવોએ ધણીના આવ્યા સિવાય કોઈ વખત લેવું નહિ. (૬૬) પરનું ધન ચોરનાર માણસે તેનું ધન જ લૂટ્યું છે એટલું જ નહિ પણ તેની સાથે તેનો આ ભવ, પરભવ, ધર્મ ધૈર્યતા, ધૃતિ અને મતિ આ સર્વ ચોરેલું છે એમ સમજવું કેમકે ધન લૂંટાયાની ગમગીનીમાં તેનો આ ભવ બગડે છે. ધીરતા રહેતી નથી, શાંતિમાં ખલેલ પડે છે અને બુદ્ધિ ગુમ થઈ જાય છે. માટે એક ધન ચોરનારે ધન જ લૂટ્યું એમ નહિ પણ તેણે આ સર્વ વસ્તુઓનો નાશ કર્યો છે એમ સમજવું. (૬૭)

*એકસ્યૈકક્ષણં દુઃખં માર્ણમાણસ્ય જાયતે ।*
*સપુત્ર પૌત્રસ્ય પુનર્યાવજ્જીવં હૃતે ધને. ।।૬૮।।*

*ચૌર્યપાપદ્રુમસ્યેહ વધબંધાદિકં ફલમ્ ।*
*જાયતે પરલોકે તું ફલં નરકવેદના ॥૬૯॥*

*દિવસે વા રજન્યાં વા સ્વપ્ને વા જાગરેપિ વા ।*
*સશલ્ય ઈવ ચૌર્યેણ નૈતિ સ્વાસ્થ્યં નરઃ કવચિત્ ॥૭૦॥*

*મિત્રપુત્રકલત્રાણિ ભ્રાતરઃ પિતરોઽપિ હિ ।*
*સંસજન્તિ ક્ષણમપિ ન મ્લેચ્છૈરિવ તસ્કરૈઃ ॥૭૧॥*

*સંબંધ્યપિ નિગૃહ્યતે ચૌર્યાન્મણ્ડિહ વન્નૃપૈઃ ।*
*ચૌરોઽપિ ત્યક્તચૌર્યઃ સ્યાત્સ્વર્ગભાગ્ રોહિણેયવત્ ॥૭૨॥*

એક જીવને મારવામાં આવે તો તે મારતાં એક ક્ષણવાર મરનાર જીવને દુઃખ થાય છે, પણ ધનનું હરણ કરવાથી તો તેના પુત્ર પૌત્રાદિ આખા કુટુંબને યાવત્ જીવ પર્યંત દુઃખ થાય છે. (૬૮) ચોરીરૂપ પાપવૃક્ષનાં ફળો આ ભવમાં વધ બંધાદિકથી અને પરલોકમાં નરકની વેદનાએ કરી ભોગવવા પડે છે. (૬૯) શરીરમાં રહેલ શલ્યવાળા માણસની માફક દિવસે અથવા રાત્રે સ્વપ્નમાં કે જાગૃતમાં ચોરી કરવાવાળો માણસ કોઈપણ વખત શાંતિ પામતો નથી (૭૦) તેમજ ચોરી કરનારનાં મિત્ર, પુત્ર, સ્ત્રી, ભાઈઓ અને માતા પિતાઓ વગેરે જેમ મ્લેચ્છની સાથે તેમ તે ચોરની સાથે એક ક્ષણ માત્ર સંસર્ગ કરતાં નથી. (૭૧) ચોરી કરવાવાળા પોતાના સંબંધીનો પણ મંડિકની માફક રાજાઓ નિગ્રહ કરે છે અને ચોર હોય તો પણ ચોરીનો ત્યાગ કરવાથી રોહિણીયાની માફગ સ્વર્ગને ભોગવનાર દેવ થાય છે. (૭૨) દૃષ્ટાંત :- મંડિક ચોર અને રોહિણીયા ચોરનું.

*દૂર પરસ્ય સર્વસ્વ મપહર્તુમુપક્રમઃ ।*
*ઉપાદદીત નાદત્તં, તૃણમાત્રમપિ ક્વચિત્ ॥૭૩॥*

અરે બીજાના સર્વ ધન ચોરવાનો પ્રયત્ન તો દૂર જ રહો, પણ એક તૃણમાત્ર જેટલું કોઈનું અદત્ત મનુષ્યોએ કોઈપણ વખત ન લેવું જોઈએ. (૭૩)

*પરાર્થગ્રહણે યેષાં નિયમઃ શુદ્ધ ચેતસામ્ ।*
*અભ્યાયાન્તિ શ્રિયસ્તેષા સ્વયમેવ સ્વયંવરા ॥૭૪॥*

*અનર્થા દૂરતો યાન્તિ સાધુવાદ પ્રવર્તતે ।*
*સ્વર્ગસૌખ્યાનિ ઢૌકંતે સ્ફુટમસ્તેયચારિણાં ॥૭૫॥*

જે શુદ્ધ ચિત્તવાળા મનુષ્યોને બીજાનું ધન ન ગ્રહણ કરવાનો નિયમ છે, તેઓને સ્વયંવરામી માફક પોતાની મેળે જ લક્ષ્મી સન્મુખ આવી મળે છે, (૭૪) સર્વ અનર્થો દૂર થઈ જાય છે, દુનિયામાં કીર્તિ ફેલાય છે અને ચોરીનો ત્યાગ કરનારને પ્રગટ રીતે સ્વર્ગના સુખો પણ આવી મળે છે. (૭૫)

### ૪. ચોથું બ્રહ્મચર્ય અણુવ્રત

*ષઢત્વમિંદ્રિયચ્છેદં વીક્ષ્યાબ્રહ્મફલં સુધીઃ ।*
*ભવેત્સ્વદારસંતુષ્ટોઽન્યદારાન્ વા વિવર્જયેત્ ॥૭૬॥*

નપુંસકપણું તથા ઈન્દ્રિયના છેદાવાપણાદિકને અબ્રહ્મચર્યના ફળ જાણીને બુદ્ધિમાન મનુષ્યોએ પોતાની સ્ત્રી (પોતાના પુરુષમાં) સંતોષિત થવું અને પરસ્ત્રી (પરપુરુષ)નો ત્યાગ કરવો. (૭૬)

*રમ્યમાપાત માત્રેણ પરિણામેતિદારૂણમ્ ।*
*કિમ્પાકફલં સંકાશં તત્કઃ સેવેત મૈથુનમ્ ॥૭૭॥*

*કમ્પઃ સ્વેદઃ શ્રમો, મૂર્છા, ભ્રમિગ્લાનિર્બલક્ષયઃ ।*
*રાજયક્ષ્માદિરોગાશ્ચ ભવેયુર્મૈથુનોત્થિતઃ ॥૭૮॥*

કિંપાકનાં (ઝેરી ફળ) ફળ સરખા, દેખાવ માત્રથી રમણીય પણ પરિણામે ભયંકર દુઃખ આપનાર મૈથુનની કોણ સેવા કરે ? (૭૭) કંપ, પરસેવો, પરિશ્રમ, મૂર્છા, ભ્રમિ ગ્લાનતા, નિર્બળતા, ક્ષય અને ભગદંશાદિ મહારોગો મૈથુન સેવવાથી લાગુ પડે છે. (૭૮)

*યોનિ યંત્ર સમુત્પન્નાઃ સુસૂક્ષ્મા જંતુરાશયઃ ।*
*પીડ્યમાના વિપદ્યંતે યત્ર તન્મૈથુનં ત્યજેત્ ॥૭૯॥*

યોનીરૂપી યંત્રમાં અનેક સૂક્ષ્મ જંતુઓ ઉત્પન્ન થાય છે, તેઓ તેને વિષે દબાવાથી મરણ પામે છે, માટે મૈથુનનો ત્યાગ કરવો. (૭૯)

*રક્તાભઃ કૃમયઃ સૂક્ષ્મા મૃદુમધ્યાધિશક્તયઃ ।*
*જન્મવર્ત્મસુ કંડૂતિ જનયન્તિ તથા વિધામ્ ॥૮૦॥*

કામ શાસ્ત્રના રચયિતા વાત્સાયન પણ કહે છે કે - લોહીથી પેદા થયેલ સૂક્ષ્મ, મૃદુ, મધ્યમ, અધિક શક્તિવાળા કૃમીઆઓ, યોનીમાર્ગમાં તથા પ્રકારની પોતપોતાની શક્તિ અનુસાર ખરજ ઉત્પન્ન કરે છે. (૮૦)

*સ્ત્રી સંભોગેન યઃ કામજ્વરં પ્રતિચિકીર્ષતિ ।*
*સ હુતાશં ઘૃતાહુત્યા વિધ્યાપાયતુમિચ્છતિ ॥૮૧॥*

*વરં જ્વલદયઃ સ્તંભ પરિરંભો વિધીયતે ।*
*ન પુનર્નરકદ્વારં રામાજઘન સેવનમ્ ॥૮૨॥*

સ્ત્રી (પુરુષ) સંબંધી વિષય સેવન કરી જે મનુષ્યો કામરૂપ જ્વરને શાંત કરવા ઈચ્છે છે તે બળતાં અગ્નિમાં ઘી હોમીને અગ્નિને બુઝાવવાને ઈચ્છા છે. (૮૧) અર્થાત્ તેથી શાંતિ નથી થતી પણ ઊલટી વિશેષ ઈચ્છા પ્રદીપ્ત થાય છે. અગ્નિથી જાજ્વલ્યમાન થયેલા લોઢાના સ્તંભને આલિંગન કરવું તે સારું છે, પણ નરકના દ્વાર તુલ્ય સ્ત્રીઓના જઘનનુ-યોનિનું સેવન કરવું તે શ્રેષ્ઠ યા કલ્યાણકારી નથી. (૮૨)

*સતામપિ હિ વામભ્રૂર્દદાના હૃદયે પદમ્ ।*
*અભિરામ ગુણગ્રામ નિર્વાસયતિ નિશ્ચતમ્ ॥૮૩॥*

*વંચકત્વં નૃશંસત્વં ચંચલત્વં કુશીલતા ।*
*ઈતિ નૈસર્ગિકા દોષા યાસાં તાસુ રમેતકઃ ॥૮૪॥*

*પ્રાપ્તું પારમપારસ્ય પારાવારસ્ય પાર્યતે ।*
*સ્ત્રીણાં પ્રકૃતિ વક્રાણાં દુશ્ચરિત્રસ્ય નો પુનઃ ॥૮૫॥*

*નિતંબિન્યઃ પતિ પુત્રં પિતરં, ભ્રાતરં ક્ષણાત્ ।*
*આરોપયંત્યકાર્યેપિ દુર્વૃત્તાઃ પ્રાણ સંશયે ॥૮૬॥*

*ભવસ્યબીજં નરકદ્વારમાર્ગસ્ય દીપિકાઃ ।*
*સુચાંકંદ કલેર્મૂલ દુઃખાના ખા નિરંગતા ॥૮૭॥*

સત્પુરુષોના પણ હૃદયમાં જો સ્ત્રી (કામવાસના) પગ આપે (અર્થાત્ નિવાસ કરે) તો મનોહર ગુણોના સમુદાયને નિશ્ચયે ત્યાંથી તે કાઢી મૂકે છે. (૮૩) ઠગવાપણું, નિર્દયતા, ચંચળતા અને કુશીલતા આ તો જેનામાં સ્વાભાવિક દોષો રહેલા છે, તેવી સ્ત્રીઓ (પુરુષોમાં) કોણ રતિ કરે ? (૮૪) સમુદ્રનો પાર પામી શકીએ પણ સ્વભાવથી વક્રતાવાળી સ્ત્રીઓ (પુરુષો)ના દુરાચરણોનો પાર ન પામી શકીએ. (૮૫) દૂરાચરણવાળી સ્ત્રીઓ (પુરુષો) એક ક્ષણવારમાં પોતાના પતિને (સ્ત્રીને) પુત્રને પિતાને કે ભાઈને પ્રાણના સંશયવાળા અકાર્યને વિષે આરોપિત કરે છે. (૮૬) સ્ત્રીઓ (વિષયો) સંસારનું બીજ છે, નરકના દ્વારના માર્ગમાં જવા માટે રસ્તો બતાવનાર દીપિકા તુલ્ય છે. શોકની ઉત્પત્તિના કંદ સરખી છે, અને દુઃખની ખાણ સમાન સ્ત્રી (વિષયો) છે. (૮૭)

*મનસ્યન્યદ્વચસ્યન્યત્ક્રિયા યા મન્યદેવહિ ।*
*યાસાં સાધારણસ્ત્રીણાં તાઃ કથં સુખહેતવઃ ॥૮૮॥*

*માંસમિશ્રસુરામિશ્ર મનેક વિટચુંબિતમ્ ।*
*કો વેશ્યાવદનં ચુંબેદુચ્છિષ્ટમિવ ભોજનમ્ ॥૮૯॥*

*અતિ પ્રદત્તંસર્વસ્વાત્ કામુકાત્ક્ષીણ સંપદઃ ।*
*વાસોવ્યાચ્છેત્તુમિચ્છન્તિ ગચ્છતઃ પણ્યયોષિતઃ ॥૯૦॥*

*ન દેવાન્ન ગુરુન્નાપિ સુહૃદો ન ચ બાંધવાન્ ।*
*અસત્સંગરતિર્નિત્યં વે વ્યાવશ્યો હિ મન્યતે ॥૯૧॥*

*કુષ્ટિનોઽપિ સ્મરસમાન્ પશ્યન્તી ધનકાંક્ષયા ।*
*તન્વતી કૃત્રિમસ્નેહા નિઃસ્નેહાં ગણિકાં ત્યજેત્ ॥૯૨॥*

મનમાં કોઈ અન્ય પુરુષ (સ્ત્રી) ઉપર પ્રેમ હોય છે, વચનમાં તેનાથી વળી કોઈ જુદા સાથે પ્રીતિ રાખે છે, અને વળી ક્રિયામાં (કાયાથી) તો વળી કોઈ

જુદા જ પુરુષ (સ્ત્રી) સાથે રમે છે. (૮૮) જેનું માંસ ખાવાથી માંસથી દુર્ગંધિત, મદિરાથી મિશ્ર અને અનેકવિદ-જાર પુરુષો (સ્ત્રીઓ)થી ચુંબન કરાયેલું છે એવું ઉચ્છિષ્ટ એઠાં ભોજનની માફક વેશ્યા સ્ત્રીના (પુરુષના) મુખને કોણ ચુંબન કરે ? (૮૯) કામી પુરુષે પોતાનું સર્વ ધન વેશ્યાને આપ્યું હોય પણ જ્યારે તે નિર્ધન થઈ ત્યાંથી ચાલ્યો જાય છે, ત્યારે તે વેશ્યા જતાં કામી પુરુષના વસ્ત્રો પણ ખેંચી લેવાની ઈચ્છા રાખે છે. (૯૦) વેશ્યા-વિષયને સ્વાધિન થયેલો પુરુષ નિરંતર લુચ્ચા, જુગારી, રંડીબાજાદિ ખરાબ પુરુષોની સોબતમાં જ આનંદ માણે છે પણ દેવ ગુરુ, સારા મિત્રો અને બાંધવોની સોબતને બિલકુલ ઈચ્છતો નથી. (૯૧) ધનની ઈચ્છાથી કોઢીઆઓને પણ કામદેવ સમાન જોનારી અને કૃત્રિમ સ્નેહને વિસ્તારનારી સ્નેહ વિનાની વેશ્યા સ્ત્રીનો સમજુ માણસોએ અવશ્ય ત્યાગ કરવો. (૯૨)

***નાશકત્યા સેવતીયાહિ સ્વદારા અપ્યુપાસકૈઃ ।***
***આકરઃ સર્વ પાપાનાં કિં પુનઃ પરયોષિતઃ ॥૯૩॥***

***સ્વપતિં યા પરિત્યજ્ય નિસ્ત્રપોપપતિં ભજેત્;***
***તસ્યા ક્ષણિક ચિત્તાયાં વિશ્રંભઃ કોન્યયોષિતિ ॥૯૪॥***

શ્રાવકોએ આસક્તિપૂર્વક પોતાની સ્ત્રી પણ સેવવી ન જોઈએ, તો સર્વ પાપોની ખાણ સમાન પરસ્ત્રી માટે તો શું કહેવું ? અર્થાત્ પરસ્ત્રીનું સેવન ન કરવું. (૯૩) જે સ્ત્રી પોતાના વહાલા પતિને મૂકી નિર્લજ્જ થઈ અન્ય પુરુષ પાસે જાય છે, તેવી ક્ષણિક ચિત્તવાળી આ ક્ષણિક પ્રેમવાળી અન્ય સ્ત્રીનો વિશ્વાસ શો ? તેનો વિશ્વાસ ન જ રાખવો. (૯૪)

***ભીરોરાકુલચિતસ્ય દુઃસ્થિતસ્ય પરસ્ત્રિયાં ।***
***રતિર્નયુજ્યતે કર્તુ મુપશૂનં પશોરિવ ॥૯૫॥***

***પ્રાણ સંદેહજનન પરમવૈરકારણમ્ ।***
***લોકદ્વદવિરુધ્ધં ચ પરસ્ત્રીગમનં ત્યજેત્ ॥૯૬॥***

***સર્વસ્વહરણં બંધં શરીરાવયવચ્છિદામ્ ।***
***મૃતશ્ચ નરક ઘોરં લભતે પારદારિકઃ ॥૯૭॥***

**સ્વદારરક્ષણે યત્નં વિધ્ધાનો નિરંતરમ્ ।**
**જાનન્નાપિ જનો દુઃખ પરદારાન્ કથં વ્રજેત્ ॥૯૮॥**

**વિક્રમાક્રાંતવિશ્વોપિ પરસ્ત્રીષુ પરિરસયા ।**
**કૃત્વા કુલક્ષયં પ્રાય નરક દશકન્ધરઃ ॥૯૯॥**

એક શ્વાનને મૈથુન સેવન કરવામાં અન્ય શ્વાનો તરફથી જે જે ભય રહેલો છે તથા તે વખતની તેની જેવી સ્થિતિ હોય છે, તેવા જનાવરોની માફક પરસ્ત્રીમાં આસક્ત થયેલા પુરુષને, અન્ય તરફથી ભય, ચિત્તની આકુળતા અને ગમે તેવી જમીન ઉપર પડ્યા રહેવાપણું વગેરે સંકટો ભોગવવા પડે છે માટે પરસ્ત્રીમાં (પરપુરુષમાં) પશુની માફક રતિ કરવી તે ઉત્તમ મનુષ્યને લાયક નથી. (૯૫) પ્રાણનાશના સંદેહને ઉત્પન્ન કરનાર, પરમ વૈરનું કારણ અને આ લોક તથા પરલોક વિરુદ્ધ પરસ્ત્રી (પરપુરુષ)ગમનનો ત્યાગ કરવો. (૯૬) પરદારા (પરપુરુષ)માં આસકત મનુષ્યો આ લોકમાં સર્વ ધનનું હરણ, બંધન અને શરીરના અવયવોનું છેદન એ આદિ દુઃખો પામે છે તથા મરણ પામ્યા બાદ ઘોર નરકમાં જાય છે. (૯૭) પોતાની સ્ત્રી ઉપર કોઈ ખરાબ નજર કરે તેના રક્ષણ માટે નિરંતર યત્ન કરનાર અને સ્વસ્ત્રીના ખરાબ આચરણોથી ઉત્પન્ન થતા દુઃખોનો અનુભવ કરનાર માણસે પરસ્ત્રી (પરપુરુષ) ગમન શા માટે કરવું જોઈએ ? (૯૮) જેણે પોતાના પરાક્રમથી આ વિશ્વને સ્વાધીન કર્યું હતું તેવો મહાપરાક્રમી રાવણ પણ પરસ્ત્રીમાં રમવાની ઈચ્છાથી કુળનો ક્ષય કરી નરકમાં ગયો (૯૯)

માટે પોતાનું કુશળ ઈચ્છનારા સત્પુરુષોએ અવશ્ય વિષયોનો ત્યાગ કરવો.

**લાવણ્યપુણ્યાવયવાં પદં સૌંદર્ય સંપદઃ ।**
**કલાકલાપ કુશલામપિ જહ્યાત્ પરસ્ત્રિયાં. ॥૧૦૦॥**

લાવણ્યતાએ કરી પવિત્ર અવયવોવાળી, સૌંદર્યતાની સંપદાના ઘર સમાન, અને કલાના સમુદાયમાં કુશળતાવાળી પણ સ્ત્રીનો ત્યાગ કરવો. (૧૦૦)

**અકલંકમનોવૃત્તઃ પરસ્ત્રીસંનિધાવપિ ।**
**સુદર્શનસ્ય કિં બ્રુમઃ સુદર્શનસમુન્નતઃ ॥૧૦૧॥**

પોતાના ઉપર આશક્ત થયેલી પૂર્વોકત ગુણોવાળી પરસ્ત્રીની પાસે પણ જે

મહાશયની વૃત્તિ નિષ્કલંક રહી છે, તેવા શાસનની ઉન્નતિ કરનાર સુદર્શન શ્રેષ્ઠીના ગુણોની અમે કેટલી સ્તુતિ કરીએ ? તેઓના સંબંધમાં અમો કેટલું બોલીએ અથવા શું બોલીએ ? અર્થાત્ તેઓના સંબંધમાં જેટલું બોલીએ તેટલું ઓછું છે. (૧૦૧)

દૃષ્ટાંત : સુદર્શન શેઠ, કપિલા અને અભયા રાણી

***ઐશ્વર્ય રાજરાજોપિ રુપમીન ધ્વજોપિ ચ ।***
***સીતયા રાવણ ઈવ ત્યાજ્યો નાર્યો નરઃ પરઃ ।।૧૦૨।।***

ઐશ્વર્યમાં રાજાના રાજા સરખો અને રૂપમાં કામદેવ જેવા પણ રાવણનો જેમ સીતાએ ત્યાગ કર્યો તેમ સ્ત્રીઓએ પરપુરુષનો ત્યાગ કરવો. (૧૦૨)

***નપુસંકત્વં, તિર્યક્ત્વં દૌર્ભાગ્યં ચ ભવે ભવે ।***
***ભવેન્નરાણાં સ્ત્રીણાં ચાન્યકાંતાસક્ત ચેતસામ્ ।।૧૦૩।।***

બીજા પુરુષ અને બીજી (પર) સ્ત્રીઓમાં આસક્ત મનવાળા સ્ત્રી પુરુષોને ભવોભવમાં નપુંસકપણું, તિર્યંચપણું દૌર્ભાગ્યપણું પ્રાપ્ત થાય છે. (૧૦૩)

***પ્રાણભૂતંચરિત્રસ્ય પરબ્રહ્મૈકારણમ્ ।***
***સમાચરન્ બ્રહ્મચર્ય પૂજિતૈરપિ પૂજ્યતે ।।૧૦૪।।***

***ચિરાયુષઃ સુસંસ્થાના દઢ સંહનના નરાઃ ।***
***તેજસ્વિનો મહાવીર્યા ભવેયુર્બ્રહ્મચર્યતઃ ।।૧૦૫।।***

ચારિત્રના પ્રાણ સરખા અને મોક્ષના એક અસાધારણ કારણ સરખા બ્રહ્મચર્યને આદરવાથી દેવો વડે કરીને પણ તે પૂજાય છે. (૧૦૪) બ્રહ્મચર્યના પાલન કરવાથી લાંબા આયુષ્યવાળા સારા સંસ્થાન (આકૃતિ)વાળા દઢ સંઘયણવાળા, તેજસ્વી અને મહાન પરાક્રમવાળા પુરુષો થઈ શકે છે. (૧૦૫)

આ પ્રમાણે ગૃહસ્થ માટેનું સ્વદારા સંતોષ (સ્વપુરુષસંતોષ) કરવારૂપ ચોથું વ્રત પૂરું થયું.

### ગૃહસ્થનું પાંચમું અણુવ્રત

***અસંતોષમ વિશ્વાસં આરંભં દુઃખકારણમ્ ।***
***મત્વા મૂર્છાફલંકુર્યાત્ પરિગ્રહ નિયંત્રણં ।।૧૦૬।।***

દુઃખના કારણરૂપ અસંતોષ, અવિશ્વાસ અને આરંભ આ સર્વ મૂર્છાનાં ફળો છે એમ જાણીને પરિગ્રહનો નિયમ કરવો, પરિમાણ કરવું. (૧૦૬)

*ન સો પરિગ્ગહો વુત્તો નાયપુત્તેણ તાઈણા ।*
*મુચ્છા પરિગ્ગહો વુત્તો ઈઈવુત્તં મહેસિણા ॥*

કેમકે જગતના જીવોનું રક્ષણ કરનાર મહર્ષિ જ્ઞાતપુત્ર ભગવાન મહાવીરદેવે મુર્છા છે તે પરિગ્રહ છે, પણ મુર્છા-આસક્તિ ન હોય તો તે પરિગ્રહ નથી આ પ્રમાણે કહેલું છે.

*પરિગ્રહમમત્વાદ્ધિ મજ્જત્યેવ ભાવમ્બુધૌ;*
*મહાપોત ઈવ પ્રાણી ત્યજેતસ્માત્પરિગ્રહમ્ ॥૧૦૭॥*

*ત્રસરેણુસમોપ્યત્ર ન ગુણઃ કોડપિ વિદ્યતે;*
*દોષાસ્તુ પર્વતસ્થૂલાઃ પાદુઃષંતિ પરિગ્રહે ॥૧૦૮॥*

જેમ ઘણા ભારથી ભરેલુ મોટું વહાણ સમુદ્રમાં ડુબી જાય છે. તેમ પરિગ્રહ ઉપરના મમત્વથી પ્રાણીઓ સંસારરૂપ સમુદ્રમાં ડૂબે છે. માટે પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ. (૧૦૭) એક ત્રસરેણુના જેટલો પણ પરિગ્રહમાં કોઈપણ ગુણ વિદ્યમાન નથી, છતાં પર્વત જેવા મોટા મોટા દોષો તો તેનાથી ઉત્પન્ન થાય છે. (૧૦૮)

ધર્મ નિમિત્તે આરંભ ન કરવો શાસ્ત્રમાં કહ્યું છે કે

*કંચણમણિસોવાણં થંભસહસ્સોસિયં સુવણ્ણતલં ।*
*જો કારિજ્જઈ જિણહરં તઓવિ તવસંયમો અહિઓ ॥*

સુવર્ણ અને મણિના પગથિયાવાળું અને મણિના હજાર સ્તંભોથી ઊંચુ સુવર્ણના તળીયાવાળું જે જિનમંદિર કરાવે તેનાથી પણ તપ અને સંયમ અધિક છે. અર્થાત્-પૈસાથી જે ધર્મ થાય તેના કરતાં પોતાના આત્માથી ઈચ્છાના નિરોધરૂપ તપ તથા સંયમથી અધિક લાભ થાય છે; કેમકે પૈસારૂપ પુદ્ગલથી કરાયેલા ધર્મને પુદ્ગલિક સુખ આપે છે અને આત્માથી કરાયેલ ધર્મ તે આત્મિક સુખ આપે છે.

*સંગાદ્‌ભવન્ત્યસન્નોપિ રાગદ્વેષાદયો દ્વિષઃ ।*
*મુનેરપિ ચલેશ્ચેતો યત્તેના નાન્દોલિતાત્મનઃ ॥૧૦૯॥*

પરિગ્રહ-ધનથી અછતા પણ રાગદ્વેષાદિ શત્રુઓ પ્રગટ થાય છે, કેમકે તે પરિગ્રહથી આંદોલિત આત્માવાળા પ્રેરાયેલા મુનિઓનાં પણ ચિત્ત ચપળ થઈ જાય છે તો ગૃહસ્થોની તો વાત જ શી કરવી ?

*સંસારમૂલમારમ્ભા-સ્તેષાંહેતુઃ પરિગ્રહઃ ।*
*તસ્માદુપાસકઃ કુર્યા-દલ્પમલ્પં પરિગ્રહમ્ ॥૧૧૦॥*

સંસારનું મૂળ કારણ આરંભો છે અને આરંભનું મૂળ કારણ પરિગ્રહ છે. માટે શ્રાવકોએ- ગૃહસ્થોએ જેમ બને તેમ પરિગ્રહ ઓછો ઓછો કરવો – ઓછો રાખવો.

*મુષ્ણન્તિ વિષયસ્તેના દહતિ સ્મરપાવકઃ ।*
*રુધન્તિ વનિતાવ્યાધાઃ સંગૈરંગીકૃત નરમ્ ॥૧૧૧॥*

*તૃપ્તો ન પુત્રૈઃ સગરઃ કુચિકર્ણો ન ગોધનૈઃ ।*
*ન ધાન્યૈસ્તિલકશ્રેષ્ઠીન નંદઃ કનકોત્કરૈઃ ॥૧૧૨॥*

ધન અંગીકાર કરવાવાળા પુરુષને વિષયરૂપ ચોરો લૂંટી લે છે; કામરૂપ અગ્નિ નિરંતર બાળે છે, અને શરીરના સ્વાર્થી સ્ત્રીઓરૂપી (કામવાસના રૂપી) પારધીઓ સંસારમાં રોકી રાખે છે. (૧૧૧)

પુત્રો વડે સગર રાજા, ગાયો વડે કુચિકર્ણ ગૃહપતિ, અનાજ સંગ્રહે કરી તિલક શેઠ અને સોનાના ઢગલા વડે નંદરાજા તૃપ્ત થયો નહિ. (૧૧૨)

*તપઃ શ્રુત પરિવારાં શમ સામ્રાજ્યસંપદમ્ ।*
*પરિગ્રહગ્રસ્તા સ્ત્યજેયુર્યોગિનોપિ હિ ॥૧૧૩॥*

પરિગ્રહરૂપ ગ્રહથી ગ્રસિત થયેલા - ભક્ષણ કરાયેલા - યોગીઓ પણ પોતાની તપ અને શ્રુત જ્ઞાનના પરિવારવાળી શમભાવરૂપ સામ્રાજ્યનો (સ્વતંત્ર) લક્ષ્મીનો નાશ કરે છે. (ત્યાગ કરે છે) (૧૧૩)

***અસંતોષ વતઃ સૌખ્યં ન શક્રસ્ય ન ચક્રિણઃ ।***
***જન્તોઃ સંતોષભાજોય-દભયસ્યૈવ જાયતે ॥૧૧૪॥***

તે સુખ અસંતોષવાળા ઈન્દ્રને કે ચક્રવર્તીને પણ મળી શકતું નથી કે જે સુખ સંતોષ વૃત્તિવાળા અભયકુમાર જેવાને પ્રાપ્ત થાય છે. (૧૧૪)

***સંનિધૌ નિધયસ્તસ્ય કામગવ્યનુગામિનીઃ ।***
***અમરાઃ કિંકરાયન્તે સંતોષો યસ્યભૂષણમ્ ॥૧૧૫॥***

જે મહાશયનું સંતોષ તે જ ભૂષણ છે, તેની પાસે નિધાનો રહે છે, કામધેનું તેની પાછળ પાછળ ચાલે છે દેવો કિંકરની માફક આજ્ઞા ઉઠાવે છે. (૧૧૫)

આ પ્રમાણે પરિગ્રહની ઈચ્છાઓ રોધ કરવારૂપ ગૃહસ્થોનું પાંચમુ વ્રત કહેવાય.

શ્લોક ૧૦ (૮) મિથ્યાભિમાની ગૃહસ્થ ગુરુ અને રાજા

શ્લોક ૨૭ (૯) સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રવર્તીની કથા

શ્લોક ૩૦ (૧૦) સુલંસ અને કાલસોકરિકની કથા

શ્લોક ૬૦ (૧૧) કાલિકાચાર્ય તથા વસુરાજાની કથા

શ્લોક ૭૨ (૧૨) મંડિક તથા રોહિણીયા ચોરની કથા

શ્લોક ૧૦૧ (૧૩) સુદર્શન શેઠ, કપિલા અને અભયારાણીની કથા.

*

## તૃતીય પ્રકાશ:

### ૬. ગૃહસ્થનું ૬ઠ્ઠું વ્રત (૧લું ગુણવ્રત)

***દશસ્વપિ કૃતા દિક્ષુ યત્ર સીમા ન લંઘ્યતે ।***
***ખ્યાતં દિગ્વિરતિ રિતિ પ્રથમ તદ્ ગુણવ્રતં ॥૧॥***

જે વ્રતમાં દશે દિશાઓમાં જવા આવવાના કરેલા નિયમની મર્યાદાનું ઉલ્લંઘન ન કરાય તે દિગ્વિરતિ નામનું પહેલું ગુણવ્રત કહેલું છે. ૧

ગુણવ્રત એટલે પ્રથમના પાંચ અણુવ્રતોને ફાયદો કરનાર, ગુણ ઉત્પન્ન કરાવનાર આ છઠ્ઠુ વ્રત અહિંસાવ્રતને વિશેષ ફાયદાજનક છે. મૂળ વ્રતોને પુષ્ટિ કરનાર આ ઉત્તર વ્રતો છે.

વ્યાપારાદિ કાર્ય પ્રસંગે જવું આવવું થાય તેનો નિયમ રાખવો તેની મર્યાદા કરવી જેથી જવા આવવાથી થતાં પાપકર્મો ઓછા લાગે.

***ચરાચરાણાં જીવાનાં વિમર્દ્દન નિવર્તનાત્ ।***
***તપ્તાયોગોકલ્પસ્ય સદ્વ્રતં ગૃહિણોપ્યદઃ ॥૨॥***

જેમ તપેલો લોઢાનો ગોળો જ્યાં જાય ત્યાં જીવોનો નાશ કરે છે તેમ તપેલા લોઢા સરખા અવિરતિ ગૃહસ્થને આ વ્રતમાં ચર-અચર જીવોના વિમર્દનનું નિવર્તન કરવાપણું હોવાથી આ વ્રત ઉત્તમ છે.

***જગદાક્રમમાણસ્ય પ્રસરલ્લોભવારિધેઃ ।***
***સ્ખલનં વિધ્ધે તેન યેન દિગ્વિરતિઃ કૃતાઃ ॥૩॥***

જે માણસોએ દિશાઓમાં ગમન કરવાનો નિયમ લીધો છે, તેણે જગતને આક્રમણ કરવાને પ્રસરતા લોભરૂપી સમુદ્રને આગળ વધતો અટકાવ્યો છે.

## ૭. ગૃહસ્થનું ૭મું વ્રત (૨જું ગુણવ્રત)

*ભોગોપભોગયો : સંખ્યા શક્ત્યા યત્ર વિધીયતે ।*
*ભોગપભોગમાનં તદ્ દ્વૈતીયીકં ગુણવ્રતમ્ ॥૪॥*

શરીરની શક્તિ પ્રમાણે જે વ્રતમાં ભોગ ઉપભોગની (વસ્તુઓની) સંખ્યાનો નિયમ કરાય છે તે ભોગ ઉપભોગ નામનું બીજું ગુણવ્રત કહેવાય છે.

*સકૃદેવ ભૂજ્યતે યઃ સ ભોગોઽન્નસ્ત્રગાદિકઃ ।*
*પુનઃ પુનઃ પુનર્ભોગ્ય ઉપભોગો અંગનાદિકઃ ॥૫॥*

જે એક જ વાર ભોગવાય તે અનાજ, તાંબુલ, વિલેપન વગેરે ભોગ કહેવાય છે અને જે વારંવાર ફરી ફરી ભોગવવામાં આવે તે વસ્ત્ર અલંકાર ઘર, શય્યા, આસન વગેરે ઉપભોગ કહેવાય.

*મદ્ય માંસં નીવનીત મધૂદુંબર પચ્ચકમ્ ।*
*અનંતકાયમજ્ઞાત રાત્રૌ ચ ભોજનમ્ ॥૬॥*

*આમ ગોરસસંપૃક્તં દ્વિદલં પુષ્પિતૌદનમ્ ।*
*દધ્યહર્દ્વિતયાતીતં કુથિતાન્નં વિવર્જયેત્ ॥૭॥*

દારૂ, માંસ, મધ, ઉંબરાદિ પાંચ જાતના ટેટા, અનંતકાય-કંદમૂલાદિ, અજાણ્યા ફળ, રાત્રિ ભોજન (૬) કાચા દૂધ, દહીં તથા છાસની સાથે કઠોળ ખાવું તે, વાસી રાંધેલું અનાજ, બે દિવસ ઉપરાંતનું દહીં અને ચલિત રસવાળું કોહેલું અનાજ તેનો ત્યાગ કરવો. (૭)

*મદિરાપાન માત્રેણ બુદ્ધિર્નશ્યતિ દૂરતઃ ।*
*વૈદગ્ધીવંધુરસ્યાપિ દૌર્ભાગ્યેણેવ કામિની ॥૮॥*

*પાપાઃ કાદંબરીપાન વિવશીકૃત ચેતસઃ ।*
*જનની હા પ્રિયીયન્તિ જતનીયન્તિ ચ પ્રિયામ્ ॥૯॥*

*ન જાનાતિ પર સ્વં વા મદ્યાશ્ચલિત ચેતનઃ ।*
*સ્વામીયતિ બરાકઃ સ્વં સ્વામિનં કિંકરીયતિ ।।૧૦।।*

*મદ્યસ્ય શબસ્યેવ લુઠિતસ્ય ચતુષ્પથે ।*
*મૂત્રયન્તિ મુખે શ્વાનો વ્યાત્તે વિવરશંકયા ।।૧૧।।*

*મદ્યમાનરસે મગ્નો નગ્નઃ સ્વપિતિ ચત્વરે ।*
*ગૂઢ ચ સ્વમભિપ્રાયં પ્રકાશયતિ લીલયા ।।૧૨।।*

*વારુણીપાનતો યાંતિ કાંતિ કીર્તિમતિશ્રિયઃ ।*
*વિચિત્રાશ્ચિત્રરચના વિલુકત્કજ્જલાદિવ ।।૧૩।।*

*ભૂતાર્ત્તાવન્નરીનર્તિ શરરીતિ સશોકવત્ ।*
*દાદ જબરાર્ત્તવદ્ ભૂમો સુરાપો લોલુકીતિ ચ ।।૧૪।।*

*વિદધત્યંગ શૈથિલ્યં ગ્લાપયંતીદ્રિયાણિ ચ ।*
*મૂર્ચ્છામતુચ્છાં યચ્છન્તિ હાલાહલોપમા ।।૧૫।।*

*વિવેકઃ સંયમો જ્ઞાનં સત્ય શૌચ દયા ક્ષમા ।*
*મદ્યાત્પ્રલીપતે સર્વ તુણ્યા વહ્નિ કણાદિવ ।।૧૬।।*

*દોષાણાં કારણં મદ્યં મદ્યં કારણમાપદામ્ ।*
*રોગાતુરઈવાપથ્યં તસ્માન્મદ્યં વિષર્જયેત્ ।।૧૭।।*

મદિરા-દારુ પીવાથી થતો દોષ : જેમ વિદ્વતાએ કરી સુંદર માણસની પણ દૌર્ભાગ્યના કારણથી સ્ત્રી ચાલી જાય છે, તેમ મદિરાપાન કરવા વડે કરી બુદ્ધિ ચાલી જાય છે. (૮) મદિરાપાનથી પરાધીન થયેલ ચિત્તવાળા પાપી મનુષ્યો પોતાની માતાની સાથે સ્ત્રીની માફક વર્તન કરે છે અને સ્ત્રીની સાથે માતાની માફક વર્તન કરે છે. (૯) મદ્યથી ચલિત ચિત્તવાળાઓ પોતાને અને પરને જાણી શકતા નથી તેથી પોતે નોકર છતાં પોતાને સ્વામીની માફક ગણે છે અને પોતાના સ્વામીને કિંકરની માફક ગણે છે. (૧૦) કદાચ મડદાની માફક મેદાનમાં પડેલા અને ઉઘાડા મુખવાળા મદિરા પીવાવાળા માણસના મુખમાં

છિદ્રની શંકાથી કુતરાઓ પણ મૂતરે છે. (૧૧) મદ્યપાનના રસમાં મગ્ન થયેલો બજારમાં પણ નગ્નપણે સુવે છે અને એક સેજસાજમાં પોતાના ગૂઢ અભિપ્રાયને છાના વિચારોને બોલી નાખે છે. (૧૨) વિચિત્ર પ્રકારના ચિત્રોની રચના ઉપર કાજળ ઢોળાવાથી જેમ ચિત્રો નાશ પામે છે તેમ દારૂ પીવાથી ક્રાંતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી ચાલી જાય છે. (૧૩) મદિરા પીવાવાળો ભૂતથી પીડાયેલાની માફક નાચે છે; શોકવાળાની માફક રડ્યા કરે છે અને દાહજ્વરથી પીડાયેલાની માફક જમીન પર આળોટ્યા કરે છે. (૧૪) મદિરા શરીરના અંગોને શિથિલ કરી નાખે છે. ઈન્દ્રિયોને ગાળી નાખે છે. શિથિલ કરી નાખે છે. મૂર્ચ્છામા નાખી દે છે. (૧૫) જેમ અગ્નિના કણીયાથી ઘાસનો સમુહ નાશ પામે છે તેમ મદિરાથી વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા અને ક્ષમા તે સર્વનો નાશ થાય છે. (૧૬) દારૂ બધા દોષોનું કારણ છે અને બધી આપત્તિઓનું કારણ છે માટે જેમ રોગાતુર માણસ અપથ્યનો ત્યાગ કરે તેમ આત્મહિત ચિંતકોએ મદિરાનો ત્યાગ કરવો. (૧૭)

*ચિખાદિષતિ યો માસં પ્રાણિપ્રાણાપહારતઃ ।*
*ઉન્મૂલયત્યસૌ મૂલં દયાખ્ય ધર્મશાખિનઃ ॥૧૮॥*

*અશનીયન્ સદામાંસં દયાં યો હિ ચિકીર્ષતિ ।*
*જ્વલિત જ્વલને વલ્લી સ રોપયિતુ મિચ્છસિ ॥૧૯॥*

પ્રાણીઓના પ્રાણનો નાશ કરીને જે માંસ ખાવાને ઈચ્છે છે તે દયા નામના ધર્મવૃક્ષના મૂળને મૂળથી ઉખેડી નાખે છે. (૧૮) નિરંતર માંસ ખાય છે અને દયા કરવાની ઈચ્છા રાખે છે તે બળતા અગ્નિ વિષે વેલડી રોપવાને ઈચ્છે છે. અર્થાત્ માંસ ખાવાવાળામાં દયા ટકી શકતી નથી. (૧૯)

*હંતા પલસ્ય વિક્રેના સંસ્કર્તા ભક્ષકસ્તથા ।*
*કે તાનુમંતા દાતા ચ ઘાતકા એવ યન્મનુઃ ॥૨૦॥*

*અનુમંતા વિશસતિ નિહંતા ક્રયવિક્રયી ।*
*સંસ્કાર્તા ચોપહર્તા ચ ખાદકશ્ચેતિ ઘાતકાઃ ॥૨૧॥*

*ના કૃત્વા પ્રાણિના હિંસા માંસમુત્પદ્યને ક્વચિત્ ।*
*ન ચ પ્રાણિવધઃ સ્વર્ગ્યસ્તસ્માન્માંસ વિવર્જયેત્ ॥૨૨॥*

પ્રાણીઓને હણનાર, માંસ વેચનાર, રાંધનાર, ખાનાર, વેચાતું લેનાર, અનુમોદન આપનાર અને દેવાવાળો આ સર્વ હિંસા કરનાર જ છે એટલે કે આ બધા હિંસાના ભાગીદારો છે. (૨૦) મનુસ્મૃતિમાં પણ કહે છે કે "અનુમોદન આપનાર, વહેંચનાર, મારનાર, લેનાર, દેનાર, રાંધનાર અને ખાવાવાળા એ બધા પ્રાણીના ઘાત કરનાર છે. (૨૧) કેમકે પ્રાણીની હિંસા કર્યા સિવાય માંસ કદાપિ ઉત્પન્ન થતું નથી અને પ્રાણીનો વધ કરવાથી સ્વર્ગ મળતું નથી માટે માંસનો ત્યાગ કરવો. (૨૨)

*યે ભક્ષયંત્યન્યપલં સ્વકીયાપલપુષ્ટયે ।*
*ત એવ ઘાતકા યન્ન વધકો ભક્ષકં વિના ॥૨૩॥*

પોતાના માંસની પુષ્ટિ માટે જે માણસો અન્ય જનાવરોનું માંસ ભક્ષણ કરે છે તે જ જીવોના ઘાતક છે, કેમકે ખાનાર સિવાય વધ કરનાર હોય નહિ. (૨૩)

*મિષ્ટાન્નાન્યપિ વિષ્ટાસાદમૃતાન્યપિ મૂત્રસાત્ ।*
*સ્યુર્યસ્મિન્નંગ કસ્યાસ્ય કૃતે કઃ પાપમાચરેત્ ॥૨૪॥*

જે શરીરમાં નાખેલું (ખાધેલું) મિષ્ટ અન્નાદિ પણ વિષ્ટારૂપ થાય છે અને અમૃતાદિ (પાણી) પણ મૂત્ર રૂપે થાય છે તો આવા અસાર દેહ માટે કોણ પાપ આચરે ? (૨૪)

*માંસાશને ન દોષોઽસ્તીત્યુચ્યંતે યૈર્દુરાત્મભિઃ ।*
*વ્યાધગૃધવૃકવ્યાઘ્ર શૃગાલાસ્તૈર્ગુરૂકૃતાઃ ॥૨૫॥*

જે દુરાત્મા-પાપી જીવો માંસ ભક્ષણ કરવામાં દોષ નથી એમ કહે છે તેઓએ શિકારી, ગીધ, નાર, વરૂ, વાઘ અને શિયાળીયા પ્રમુખને પોતાના ગુરુ બનાવ્યા છે. (૨૫)

*માંસ ભક્ષયિતાઽમૂત્ર યસ્ય માંસામિહાદ્મ્યહમ્ ।*
*એતન્માસસ્ય માંસત્વે નિરુક્તિ મનુરબ્રવીત્ ॥૨૬॥*

જેનું માંસ અહીં હું ખાઉં છું (સ) 'તે' (માં) 'મને' પરભવમાં ભક્ષણ કરશે આ પ્રમાણે માંસ શબ્દની માંસ ખાનારના સંબંધમાં મનુએ નિરૂક્તિ કહેલી છે. માસના અક્ષરો અવળી રીતે વાંચવાથી (સમાં) તે મને ભક્ષણ કરશે તેવો અર્થ થાય છે. (૨૬)

***માંસાસ્વાદન લુબ્ધસ્ય દેહિનં દેહિનં પ્રતિ ।***
***હતું પ્રવર્તતે બુદ્ધિઃ શાકિત્યા દવિ દુધિર્મઃ ॥૨૭॥***

માંસ આસ્વાદન કરવામાં લુબ્ધ થયેલા માણસની શાકિનીની માફક દરેક પ્રાણીઓને હણવા માટે દુર્બુદ્ધિ થતી જાય છે. (૨૭)

***યે ભક્ષયંતિ પશિનં દિવ્યભોજ્યેષુ સત્સ્વપિ ।***
***સુધારસં પરિત્યજ્ય ભુંજતે તે હલાહલં ॥૨૮॥***

જે માણસો સુંદર દિવ્ય ભોજનો વિદ્યમાન હોવા છતાં તેને મૂકીને માંસ ભક્ષણ કરે છે, તે અમૃતના રસનો ત્યાગ કરીને ઝેર પીએ છે. (૨૮)

***ન ધર્મો નિર્દયસ્યાસ્તિ પલાદસ્ય કુતોદયા ।***
***પ્રલલુબ્ધો ન તદ્વેત્તિ વિદ્યાદ્વોપદિશેન્ન હિ ॥૨૯॥***

નિર્દય માણસમાં ધર્મ હોય નહિ તથા માંસ ભક્ષણ કરવામાં દયા કયાંથી હોય ? દયા અને ધર્મને માંસમાં લુબ્ધ થયેલ જાણતો નથી. અથવા કદાચ જાણે તો પણ પોતે માંસ ભક્ષક હોવાથી તેની નિવૃત્તિ માટે બીજાને ઉપદેશ આપે નહિ. (૨૯)

***કેચિન્માંસ મહામોહાદશ્નતિ ન પર સ્વયં ।***
***દેવપિત્રતિથિલ્યોપિ કલ્પયંતિ યદુચરે ॥૩૦॥***

કેટલાએક માણસો પોતે માંસ ખાય છે એટલું જ નહિ પણ મહાન અજ્ઞાનથી દેવ, પિતૃ અને અતિથિઓને માટે પણ તે માંસ આપે છે. (૩૦)

***ક્રીત્વા સ્વયં વાવ્યુત્પાદ્ય પરોપહતમેવ વા ।***
***દેવાન્ પિતૃન્ સમભ્યર્ચ્ય ખાદન્ માંસં ન દુષ્યતિ ॥૩૧॥***

(કસાઈની દુકાન સિવાય) બીજેથી વેચાતુ લાવીને અથવા પોતે ઉત્પન્ન કરીને (માંગી લાવીને) અથવા બીજાએ આપેલા માંસ વડે કરી દેવોને, પિતૃઓને પૂજીને તે માંસ પોતે ખાતાં દૂષિત થતો નથી. અર્થાત્ તેમ કરી નાખવામાં દોષ નથી. આ પ્રમાણે મનુ કહે છે (૩૧)

પહેલાં માંસ ન ખાવાનું કહે છે અને અહીંયા દેવોની ભક્તિ કરી ખાવાનું બતાવે છે. જ્યારે મનુષ્યોને માંસ ખાવું તે અનુચિત છે તો દેવોને તે કેવી રીતે ઉચિત ગણાય ? તેનો જવાબ આચાર્ય આપે છે.

*મંત્રસંસ્કૃતમવ્યધાધલાલ્પમપિનો પલં ।*
*ભવેજજીવિતનાશાય હાલાહલલવોપિ હિ ॥૩૨॥*

આચાર્ય કહે છે કે "મંત્રથી સંસ્કારિત કરાયેલું પણ માંસ એક જવના દાણા જેટલું થોડું પણ ખાવું નહિ. કેમકે એક ઝેરનો લેશ પણ જીવિતવ્યના નાશને માટે થાય છે અને તેમ થોડું પણ માંસ દુર્ગતિ આપનાર છે. (૩૨)

**માખણ ખાવાના દોષો :**

*અંતર્મુહુર્તાત્પરતઃ સુસૂક્ષ્મા જંતુરાશયઃ ।*
*યત્ર મૂર્ચ્છંતિ તન્નાદ્યં નવનીતં વિવેકિભીઃ ॥૩૪॥*

*એકસ્યાપિ હિ જીવસ્ય હિંસને કિમઘં ભવેત્ ।*
*જંતુજાનમયં તત્કો નવનીત નિષેવતે ॥૩૫॥*

છાશમાંથી બહાર કાઢ્યા પછી અંતર્મુહૂર્ત થયે તેમાં ઘણા સૂક્ષ્મ જંતુઓના સમુહો પેદા થાય છે, માટે વિવેકી પુરુષોએ તે માખણ ન ખાવું. (૩૪) એક પણ જીવને મારવામાં અત્યંત પાપ છે, તો જંતુઓના સમુદાયથી ભરપુર આ માખણનું કોણ ડાહ્યો માણસ ભક્ષણ કરે. (૩૫)

**મધ ખાવામાં દોષો :**

*અનેક જંતુ સંઘાત નિઘાતન સમુદ્ભવમ્ ।*
*જુગુપ્સનીયં લાલાવત્ કઃ સ્વાદયતિ માક્ષિકં ॥૩૬॥*

*ભક્ષયન્ માક્ષિકં ક્ષુદ્ર જંતુલક્ષ ક્ષયોદ્ભવં ।*
*સ્તોક જંતુનિહંતૃભ્યઃ સૌનિકેભ્યોઃ નિરિચ્યતે ॥૩૭॥*

અનેક જંતુઓના સમુદાયનો નાશ થવાથી પેદા થયેલું અને જુગુપ્સનીય લાળવાળું મધનું આસ્વાદન-ભક્ષણ કોણ કરે ? અર્થાત્ ન કરવું જોઈએ. (૩૬)

લાખો નાના જંતુઓના ક્ષયથી પેદા થયેલું મધ તેને ખાવાવાળો થોડા જીવોને મારવાવાળા ચંડાળથી પણ વધી જાય છે. (૩૭)

*એકૈકકુસુમ ક્રોડાદ્રસમાપીયમક્ષિકાઃ ।*
*યદ્વમંતિ મધૂચ્છિષ્ટ તદશ્નંતિ ન ધાર્મિકાઃ ॥૩૮॥*

*અપ્યોષધકૃતે જગ્ધમધુશ્ચભ્રનિખંધનમ્ ।*
*ભક્ષિતઃ પ્રાણનાશાય કાલકૂટકણોઽપિ હિ ॥૩૯॥*

*મધુનો પિહિમાધુર્યમ બોધૈરહહોચ્યતે ।*
*આસાદ્યંતે યદાસ્વાદાશ્ચિરં નરકવેદના ॥૪૦॥*

એક એક પુષ્પની અંદરથી માખીઓ રસ પીને બીજે ઠેકાણે તે રસને વમે છે, તેથી પેદા થયેલું તે મધ કહેવાય છે. આવું ઉચ્છિષ્ટ મધ ધાર્મિક પુરુષો ખાતા નથી. (૩૮) કેટલાએક મનુષ્યો મધનો ત્યાગ કરે છે પણ ઔષધને માટે તે મધ ખાય છે. જ્ઞાનીઓ કહે છે કે ઔષધને માટે ખાધેલું મધ પણ નરકનું કારણ છે કારણ કે કાળકુટ ઝેરનો કણીયો પણ ખાધો હોય તો તે પ્રાણના નાશ માટે થાય છે તેમ. (૩૯) કેટલાક અજ્ઞાની જીવો કહે છે કે મધમાં પણ મીઠાશ રહેલી છે. પણ જેનો આસ્વાદ કરવાથી ઘણા વખત સુધી નરકની વેદના ભોગવવી પડે તેને તાત્વિક મીઠાશ કેમ કહેવાય ? જેનું પરિણામ દુઃખદાયી આવે તેમાં મીઠાશ હોય તોપણ તે મીઠાશ ન કહેવાય, માટે મધનો વિવેકી પુરુષોએ ત્યાગ કરવો જોઈએ. (૪૦)

*મક્ષિકામુખનિષ્ટ્યૂતં જંતુઘાતોદ્ભવં મધુ ।*
*અહો પવિત્ર મન્વાના દેવસ્નાને પ્રયુંજતે ॥૪૧॥*

અહો ! મહાન અફસોસ કરવા જેવુ છે કે અનેક જંતુના ઘાતથી પેદા થયેલું માખીઓના મુખનું થુંક, તેને પવિત્ર માનીને દેવને સ્નાન કરવા માટે વાપરે છે. અર્થાત્ તે અપવિત્ર મધને દેવસ્નાન માટે ન વાપરવું જોઈએ. (૪૧)

*ઉદુંબરવપ્લક્ષ કાકોદુંબર શાખિનાં ।*
*પિપ્પલસ્ય ચ નાશ્નીયાત્ફલં કૃમિકુલાકુલમ્ ॥૪૨॥*

*અપ્રાપ્નુવન્નન્યલક્ષ્યમપિ ક્ષામો બુભુક્ષયા ।*
*ન ભક્ષયતિ પુણ્યાત્મા પંચોદુંબરજં ફલ ॥૪૩॥*

પાંચ પ્રકારના ફળોનો ત્યાગ-કૃમિઓના સમુહથી ભરપૂર ઉંબરાના, વડના, પીપરના, કાલુંબરના તથા પીપળાનાં વૃક્ષોના ફળો ખાવા ન જોઈએ. (૪૨) બીજું ખાવાનું ન મળતું હોય અને ભૂખથી ઉદર ખાલી હોય છતાં પણ પુણ્યાત્મા ઉત્તમ મનુષ્યો ઉંબરાદિ પાંચે પ્રકારના અભક્ષ્ય ફળો ખાતાં નથી. (૪૩)

**અનંતકાયનો ત્યાગ :**

*આર્દ્રઃ કંદઃ સમગ્રોપિ સર્વઃ કિશલયોપિ ચ ।*
*સ્નુહી લવણવૃક્ષત્વક્ કુમારી ગિરિકર્ણિકા ॥૪૪॥*

*શતાવરી વિરુઢાનિ ગડૂચી કોમલામ્બિકા ।*
*પલ્લયંકોમૃતવલ્લી ચ વલ્લઃ શૂકરસંજ્ઞિનઃ ॥૪૫॥*

*અનંતકાયાઃ સૂત્રોકતા અપરેપિ કૃપાપરૈઃ ।*
*મિથ્યાદશામવિજ્ઞાતા વર્જનીયા પ્રયત્નતઃ ॥૪૬॥*

સર્વ જાતનાં લીલા કંદમૂળ, સર્વ જાતના ઉગતા કુંપલીયાં, સ્નુહી (થોર) લવણ વૃક્ષની છાલ, કુમારપાઠું, ગિરિકર્ણિકા (૪૪) શતાવરી, દ્વિદળવાળાં અંકુર ફૂટેલ ધાન્ય, ગડુચી, કુણી આંબલી, પલ્યંકશાક વિશેષ, અમૃતવલ્લી વેલ વિશેષ, શુકર જાતના વાલ (૪૫) આ સર્વ આર્યદેશમાં પ્રસિદ્ધ છે. બીજા પણ મ્લેચ્છ દેશમાં પ્રસિદ્ધ સૂત્રોક્ત અનંતકાયો જીવદયામાં તત્પર મનુષ્યોએ પ્રયત્નપૂર્વક ત્યાગ કરવાં. આ અનંતકાયો મિથ્યાદષ્ટિઓએ જાણેલા નથી. (૪૬) કેમકે

તેઓ વનસ્પતિમાં જીવ માનતા નથી પણ હવે તો વિજ્ઞાનની શોધથી તેમાં જીવ છે તે સાબિત થયેલું છે.

***સ્વયં પરેણ વા જ્ઞાનં ફલમદ્યાદ્વિશારદઃ ।***
***નિષેધે વિષફલે વા માભૂદસ્ય પ્રવર્તનમ ॥૪૭॥***

અજાણ્યા ફળો કે જેનું નામ યા સ્વરૂપ પોતે યા બીજા જાણતા ન હોય તે ન ખાવા જોઈએ, કારણ કે તેમ કરવાથી કદાચ નિષેધ કરેલા ફળમાં અથવા વિષવૃક્ષનાં પળો ખાવામાં પ્રવૃત્તિ થઈ જાય, માટે વિદ્વાનોએ પોતે અથવા બીજાએ જાણીતા ફળો હોય તે ખાવાં જોઈએ. (૪૭)

રાત્રિભોજન નિષેધ તથા દોષો

***અન્ન પ્રેતપિશાચાદ્યૈઃ સંચરદ્ભિર્નિરંકુશૈઃ ।***
***ઉચ્છિષ્ટં ક્રિયતે યત્ર તત્ર નાદ્યાદિનાત્યયે ॥૪૮॥***

***ઘોરાંધકારરુદ્ધાક્ષૈઃ પતંતો તત્ર જંતવઃ ।***
***નૈવ ભોજ્યે નિરીક્ષ્યંતે તત્ર ભુંજીત કો નિશિ ॥૪૯॥***

રાત્રિના વખતે નિરંકુશપણે વિચરતા પ્રેત પિશાચાદિક અન્નને એઠું કરે છે, માટે સૂર્યાસ્ત થવા પછી ભોજન ન કરવું. (૪૮) ઘોર અંધકારથી નેત્રની શક્તિ રુંધાઈ જવાવાળાં મનુષ્યો જે ભોજનની અંદર પડતાં જંતુઓને જોઈ શકતાં નથી તે રાત્રિ વિષે કોણ ભક્ષણ કરે ? (૪૯)

***મેધાં પિપીલિકા હન્તિ યૂકા કુર્યાજ્જલોદરમ્ ।***
***કુરુતે મક્ષિકા વાંતિ કુષ્ટ રોગંચ કોલિકઃ ॥૫૦॥***

***કંટકો દારુખંડ ચ વિતનોતિ ગલવ્યથાં ।***
***વ્યંજનાંત ર્નિપતિતસ્તાલું વિધ્યતિ વૃશ્ચિકઃ ॥૫૧॥***

***વિલગ્નશ્ચ ગલે વાલઃ સ્વરભંગાય જાયતે ।***
***ઈત્યાદયો દષ્ટદોષાઃ સર્વેષાં નિશિભોજને ॥૫૨॥***

ભોજનમાં જો કીડી ખાવામાં આવી જાય તો બુદ્ધિનો નાશ થાય છે, માખી

આવી જાય તો વમન થાય છે, કરોળીયાથી કોઢનો રોગ થાય છે. (૫૦) કાંટો અગર લાકડાની કરચ ગળામાં દુઃખ ઉત્પન્ન કરે છે. શાકની અંદર વીંછી આકારની વનસ્પતિ થાય છે તેની અંદર જો વીંછી આવી જાય તો તાળવું વિંધી નાખે છે (૫૧) અને જો ગળામાં વાળ રહી જાય તો સ્વરનો ભંગ થાય છે. આ સર્વ દોષો રાત્રિભોજનમાં દેખાય છે. (૫૨)

***નાપેક્ષ્ય સૂક્ષ્મજંભૂનિ નિશ્યદ્યાત્ પ્રાશુકાન્યપિ ।***
***અપ્યુદ્યત્ કેવલજ્ઞાનૈર્નાદિતં યન્નિશાશનમ્ ।।૫૩।।***

રાત્રે નાના જંતુઓ જોઈ શકાતા નથી, માટે પ્રાશુક (મોદક પ્રમુખ) પણ ન ખાવાં, કેમકે પ્રગટ કેવળજ્ઞાનીઓએ પણ તેવું રાત્રિભોજન કરવું સ્વીકાર્યું નથી. (૫૩)

***ધર્મવિન્નૈવ ભુંજીત કદાચન દિનાત્યયે ।***
***બાહ્યા અપિ નિશાભોજયં યદભોજ્યં પ્રચક્ષતે ।।૫૪।।***

ધર્મના જાણકાર મનુષ્યે દિવસ અસ્ત થયા પછી કોઈ વખત ખાવું નહિ. જૈન સિવાયના બીજા દર્શનકારો પણ રાત્રિભોજનને અભોજન તરીકે કહે છે. (૫૪)

***ત્રયીતેજોમયો ભાનુરિતિ વેદવિદો વિદુઃ ।***
***તત્કરૈઃ પૂતમખિલં શુભ કર્મ સમાચરેત્ ।।૫૫।।***

***નૈવાહુતિર્ન ચ સ્નાનં ન શ્રાદ્ધં દેવતાર્ચનમ્ ।***
***દાનં વા વિહતં રાત્રૌ ભૌજન તું વિશેષતઃ ।।૫૬।।***

વેદના જાણકાર સૂર્યને ત્રણ તેજોમય કહે છે. તેના કિરણોએ કરી પવિત્ર થયેલા સર્વે શુભ કાર્ય સમાચરવાં (૫૫) રાત્રે આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવતાર્ચન અને દાન ન કરવા તથા ભોજન તો વિશેષ પ્રકારે ન કરવું (૫૬) વેદમાં પણ રાત્રિભોજનો ત્યાગ કહયો છે.

(ત્રણ તેજોમય એટલે ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણે વેદોનું તેજ સૂર્યમાં સંક્રમે છે તે)

*દિવસસ્યાષ્ટમે ભાગે મંદિભૂતે દિવાંકરે ।*
*નક્તં તદ્ધિ વિજાનીયાન્ન નક્તં નિશિભોજનમ્ ॥૫૭॥*

દિવસનો આઠમો ભાગ કે જે અવસરે સૂર્યનું તેજ મંદ થાય છે તે વખતે ભોજન કરવું તે નક્ત ભોજન જાણવું પણ રાત્રિભોજન કરવું તે નક્ત ભોજન ન કહેવાય. (૫૭)

*દેવસ્તુ ભુક્ત પૂર્વાહ્નને ઋષિભિસ્તથા ।*
*અપરાહ્નને તુ પિતુભિઃ સાયાહ્નને દૈન્યદાનવૈઃ ॥૫૮॥*

*સંધ્યાં યક્ષરક્ષોભિઃ સદાભુક્ત કલોદ્રહ ।*
*સર્વવેલા વ્યતિક્રમ્ય રાત્રૌ ભુક્તમ ભોજનમ્ ॥૫૯॥ યુગ્મમ્*

(હે યુધિષ્ઠિર) ! નિરંતર દેવોએ દિવસના પહેલા ભાગમાં ભોજન કરેલું છે, મધ્યાહ્ને ઋષિઓએ, ત્રીજા પહોરે પિતૃઓએ, સાંજે દૈત્ય તથા દાનવોએ (૫૮) અને સંધ્યાવેળાએ યક્ષ તથા રાક્ષસોએ ભોજન કરેલું છે. આ સર્વ દેવાદિકની ભોજન વેળાઓ ઓળંગીને જે રાત્રિભોજન કરવું તે અભોજન છે. અર્થાત્ તે ખરાબ ભોજન છે. (૫૯)

*હૃન્નાભિ પદ્મસંકોચ શ્ચંડરોચિરપાયતઃ ।*
*અતો નક્તં ન ભોક્તવ્યં સૂક્ષ્મજીવાદનાદપિ ॥૬૦॥*

આર્યુવેદમાં કહ્યું છે કે "સૂર્ય અસ્ત થવા પછી હૃદયકમળ અને નાભિકમળ સંકોચાઈ જાય છે તેથી તથા સૂક્ષ્મ જીવોનું પણ ભક્ષણ થઈ જાય છે માટે રાત્રે ભોજન ન કરવું. (૬૦)

*સંસજ્જજીવસંઘાનં ભુંજાનાં નિશિભોજનં ।*
*રાક્ષસેભ્યો વિશિષ્યંતિ મૂઢાત્માનઃ કથંનુતે ॥૬૧॥*

જે ભોજનમાં અનેક જીવો એકઠા મળ્યા છે તેવા રાત્રિભોજનને ખાનારા મૂઢ જીવોને રાક્ષસોથી જુદા કેમ પાડી શકાય ? અર્થાત્ રાક્ષસોથી તેમાં કાંઈ વિશેષતા નથી. (૬૧)

*વાસરે ચ રજન્યાં ચ યઃ ખાદન્નેવ તિષ્ઠતિ ।*
*શૃંગપુચ્છ પરિભ્રષ્ટઃ સ્પષ્ટ સ પશુરેવહિ ॥૬૨॥*

દિવસે અને રાત્રે જે માણસ ખાતો રહે છે તે શિંગડા અને પુંછડા વિનાનો પ્રગટ રીતે પશુ જ છે.

*અહ્નોમુખેડવસાને ચ યો દ્વે દ્વે ઘટિકે ત્યજન્ ।*
*નિશાભોજન દોષજ્ઞાડશ્નાત્યસૌ પુણ્ય ભોજનમ્ ॥૬૩॥*

જે રાત્રિ ભોજનના દોષનો જાણ માણસ દિવસની આદિની અને દિવસની અંતની બબ્બે ઘડી મૂકીને ભોજન કરે છે તેને પુણ્યનું ભોજન થાય છે. (૬૩)

*અકૃત્વા નિયમ દોષા ભોજનાદિ ભોજ્યપિ ।*
*ફલં ભજેન્ન નિર્વ્યાંજ ન વૃદ્ધિર્ભાષિત વિના ॥૬૪॥*

દિવસે ભોજન કરે છે છતાં પણ રાત્રિભોજન ત્યાગનો નિયમ ન કરેલો હોવાથી કારણ સિવાય ફળ મળતું નથી લોકમાં પણ એ ન્યાય છે કે વ્યાજની બોલી કર્યા સિવાય મૂકેલી થાપણનું વ્યાજ મળતું નથી. (૬૪)

*યે વાસરં પરિત્દજ્ય રજન્યામેવ ભુંજતે ।*
*તે પરિત્યજ્ય માણિક્યં કાચમાદદતે જડાઃ ॥૬૫॥*

*વાસરે સતિ યે શ્રેયસ્ કામ્યયા નિશિ ભુંજતે ।*
*તે વપંત્યુષરે ક્ષેત્રે શાલીન્ સત્યપિ પલ્વલે ॥૬૬॥*

જે મનુષ્યો દિવસને મુકીને રાત્રિમાં જ ભોજન કરે છે તે જડ મનુષ્યો માણેકનો ત્યાગ કરીને કાચ ગ્રહણ કરે છે. (૬૫) દિવસ વિદ્યમાન છે છતાં જે કલ્યાણની ઈચ્છાએ રાત્રે ભોજન કરે છે તે મીઠાપાણીના ક્યારા ભરેલા છે, છતાં પણ ખારી જમીનવાળા ક્ષેત્રમાં ડાંગર વાવે છે તેના સરખુ કરે છે (૬૬)

*ઉલુકકાકમાર્જાર - ગૃધ્રશંબરવરસૂકરાઃ ।*
*અહિવૃશ્ચિકગોધાશ્ચ જાયંતે રાત્રિભોજનાત્ ॥૬૭॥*

રાત્રિભોજન કરવાથી મનુષ્યો ઘુવડ, કાગડા, બિલાડી, ગીધ, સાબર,

ભુંડ, સર્પ, વીંછી અને ગોધા પ્રમુખપણે ઉત્પન્ન થાય છે. (૬૭)

***શ્રૂયતેઽયન્યશપથા - નાનદત્યૈવ લક્ષ્મણઃ ।***
***નિશાભોજન શપથં - કારિતો વાનમાલયા ॥૬૮॥***

બીજા સોગનનો અનાદર કરીને વનમાલાએ લક્ષ્મણને રાત્રિભોજનના સોગન કરાવ્યા હતા એમ રામાયણમાં કહેલું છે. (૬૮)

***કરોતિ ધન્યો વિરતિં યઃ સદા નિશિભોજનાત્ ।***
***સોઽર્ધં પુરુષાયુષ્કસ્ય સ્યાદવશ્યમુપોષિતઃ ॥૬૯॥***

***રજની ભોજનત્યાગે, યે ગુણાઃ પરિતોઽપિ તાન્ ।***
***ન સર્વજ્ઞાદત્તે કશ્ચિ-દપરો વક્તુમીશ્વરઃ ॥૭૦॥***

જે માણસ નિરંતર રાત્રિભોજનથી વિરતિ કરે છે તેને ધન્ય છે. માણસનું અર્ધું આયુષ્ય અવશ્ય ઉપવાસમાં વ્યતીત થાય છે. (૬૯) રાત્રિભોજન ત્યાગ કરવામાં જે ગુણો રહેલા છે તે સર્વ કહેવાને સર્વજ્ઞ સિવાય બીજો કોઈ સમર્થ નથી. (૭૦) આઠ પહોરના દિવસરાત્રિમાં-ચાર પહોરનો રાત્રિનો ઉપવાસ થયો તેથી રાત્રિભોજનનો ત્યાગ કર્યો ત્યારથી અર્ધું આયુષ્ય ઉપવાસમાં ગયું કહી શકાય.

***આમગોરસ સંપૃક્ત-દ્વિદલાદિષુ જંતવઃ ।***
***દૃષ્ટાઃ કેવલિભિઃ સૂક્ષ્મ-સ્તસ્માતાનિ વિવર્જયેત્ ॥૭૧॥***

કાચા દહીં, દૂધ અને છાશરૂપ ગોરસની સાથે દ્વિદલ-કઠોળનો સંયોગ થવાથી ઉત્પન્ન થતા સૂક્ષ્મ જંતુઓ કેવળજ્ઞાનીઓએ જોયા છે માટે તે ગોરસ અને કઠોળના સંયોગવાળી વસ્તુ ખાવાનો ત્યાગ કરવો. (૭૧)

***જંતુમિશ્રં ફલં પુષ્પં, પત્રં ચાન્યદપિ ત્યજેત્ ।***
***સંધાનમપિ સંસક્તં જિન ધર્મ પરાયણ ॥૭૨॥***

ત્રસ જીવોની મિશ્રતાવાળાં ફળ, ફૂલ, પાંદડા અને બીજા પણ તેવાં જ જીવમિશ્રિત બોળ અથાણાં વગેરેનો જૈનધર્મ પરાયણ શ્રાવકોએ ત્યાગ કરવો. (૭૨)

૮. ગૃહસ્થનું આઠમું વ્રત :

*આર્તરૌદ્રમપધ્યાનં, પાપકર્મોપદેશિતા ।*
*હિંસાપકારિદાનં ચ, પ્રમાદાચરણં તથા ।।૭૩।।*

*શરીરાદ્યર્થદંડસ્ય પ્રતિપક્ષતયા સ્થિતઃ ।*
*યોઽનર્થદંડસ્તત્યાગ - સ્તૃતીયં તુ ગુણવ્રતમ્ ।।૭૪।।*

આર્ત્તરૌદ્ર ધ્યાનરૂપ ખરાબ ધ્યાન, પાપકર્મનો ઉપદેશ આપવો, જેનાથી હિંસા થાય તેવાં ઉપકરણો બીજાને આપવાં અને પ્રમાદ આચરણ (૭૩) આ ચાર શરીરાદિકના અર્થે થાય તે અર્થદંડ તેના પ્રતિપક્ષપણે અર્થાત્ પોતાના શરીરાદિકના પ્રયોજન સિવાય જે કાંઈ વગર ફોગટનું કરવામાં આવે તે અનર્થદંડ, એવા ચાર પ્રકારના અનર્થદંડનો ત્યાગ કરવો, તે ગૃહસ્થોનું ત્રીજુ ગુણવ્રત કહેવાય છે. (૭૪)

*વૈરિઘાતો નરેન્દ્રત્વ પુરઘાતાગ્નિદીપને ।*
*ખેચરત્વાદ્ય અપધ્યાનં મુહૂર્તાત્પરતસ્ત્યજેત્ ।।૭૫।।*

વૈરીનો ઘાત કરું, હું રાજા થાઉં, શહેર નાશ કરું, અગ્નિ સળગાવી મુકું, યા આકાશમાં ઊડવાની વિદ્યા મળે તો આકાશમાં ઊડું, અથવા વિદ્યાધર થાઉં તો ઠીક, વગેરે ખરાબ ધ્યાનનો એક મુહૂર્તવાર તેને ટકવા ન દેવા અર્થાત્ તત્કાળ તેનો ત્યાગ કરવો. (૭૫)

*વૃષભાન્ દમય ક્ષેત્ર કૃપ પંઢય વાજિનઃ ।*
*દાક્ષિણ્યાવિષયે પાપો પદેશોઽયં ન યુજ્યંતે ।।૭૬।।*

બળદોનું દમન કરવું, ક્ષેત્ર ખેડવું, ઘોડાઓને નપુંસક કરવા વગેરે. જ્યાં પુત્ર, સ્ત્રી ભાઈ વગેરે સિવાયના બીજા માણસોમાં દાક્ષિણતા ન પહોંચે તેમ હોય ત્યાં આવો પાપનો ઉપદેશ આપવો ન જોઈએ । (૭૬)

અર્થાત્ કુટુંબના આગેવાન તરીકે સલાહ કે ઉપદેશ આપ્યા સિવાય ન ચાલે તેમ હોય તેવા ઠેકાણાઓને છોડી વગર પ્રયોજને બુદ્ધિનું ડહાપણ વાપરવા યા

લોકોમાં સારા થવા માટે આવા પાપોપદેશો વ્રતધારી ગૃહસ્થીઓએ ન આપવા. નહીંતર આઠમા વ્રતનો ભંગ થાય છે.

*યંત્ર લાંગલશસ્ત્રાગ્નિ - મુશલોદ્ખલાદિકમ્ ।*
*દાક્ષિણ્યાવિષયે હિંસ્ત્ર નાર્પયેત્ કરુણાપરઃ ॥૭૭॥*

કરુણામાં તત્પર શ્રાવકોએ જ્યાં ઉપર જણાવેલ રીતે દાક્ષિણતા ન પહોંચતી હોય ત્યાં યંત્ર, હળ, શસ્ત્ર, અગ્નિ, સાંબેલું અને ઘંટી, ખાંડણીઓ વગેરે હિંસા થાય તેવા ઉપકરણો ન આપવાં. (૭૭)

*કુતૂહલાદ્ ગીતનૃત્યુ-નાટકાદિનિરીક્ષણમ્ ।*
*કામશાસ્ત્રપ્રસક્તિશ્ચ ધૃતમદ્યાદિ સેવનમ્ ॥૭૮॥*

*જલક્રીડાંદોલનાદિ વિનોદો જંતુયોધનમ્ ॥*
*રિપોઃ સુતાદિના વૈરં ભક્તસ્ત્રી દેશરાટ્કથાઃ ॥૭૯॥*

*રોગમાર્ગશ્રમૌમુક્ત્વા સ્વાપશ્ચ સકલાં નિશાં ।*
*એવમાદિ પરિહરેત્ પ્રમાદાચરણં સુધીઃ ॥૮૦॥*

કુતુહલથી ગીત, નાચ અને નાટકાદિ જોવાં, કામ શાસ્ત્રમાં આસક્તિ રાખવી, જુગાર તથા મદિરાદિ સેવન કરવું. (૭૮) જળમાં ક્રીડા કરવી, હીંચોળા પ્રમુખ વિનોદ કરવો, આપસમાં જનાવરોનાં યુદ્ધ કરાવવાં, શત્રુનાં પુત્રાદિક ઉપર વેર વાળવું, આહાર, સ્ત્રી, દેશ તથા રાજકથા કરવી. (૭૯) અને રોગ અથવા રસ્તાના પરિશ્રમ સિવાય આખી રાત્રિ સૂઈ રહેવું એ આદિ પ્રમાદના આચરણોનો બુદ્ધિમાનોએ ત્યાગ કરવો. (૮૦)

*વિલાસહાસનિષ્ઠાયૂત - નિદ્રાકલહદુઃકથાઃ ।*
*જિનેન્દ્રભવનસ્યાંત - રાહારં ચ ચતુર્વિધમ્ ॥૮૧॥*

તેમજ જિનેશ્વરના મંદિરની અંદર વિલાસ, હાસ્ય, થૂકવું, નિંદ્રા, ક્લેશ ખરાબ કથા અને ચાર પ્રકારના આહારનો ત્યાગ કરવો. (૮૧)

૯. ગૃહસ્થનું નવમું વ્રત :

*ત્યક્તાર્ત રૌદ્રધ્યાનસ્ય ત્યક્ત સાવદ્ય કર્મણઃ ।*
*મુહૂર્ત સમતા યા તા વિદુઃ સામાયિક વ્રતં ॥૮૨॥*

*સામાયિકવ્રતસ્થસ્ય ગૃહિણોપિ સ્થિરાત્મનઃ ।*
*ચંદ્રાવતંરાકસ્ટોવ, ક્ષીયતે કર્મ સંચિતમ્ ॥૮૩॥*

આર્ત રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી તથા સાવધ (પાપ) કર્મનો ત્યાગ કરી એક મુર્હૂત પર્યંત જે સમભાવમાં રહેવું તેને સામાયિક વ્રત કહે છે. (૮૨) સામાયિક વ્રતમાં રહેલા સ્થિર પરિણામવાળા ગૃહસ્થિઓને પણ ચંદ્રાવતંસક રાજાની માફક સંચય કરેલ કર્મનો ક્ષય થાય છે. (૮૩)

સમ + આય + ઈક સમપરિણામે રહીને જ્ઞાનાદિકનો લાભ થાય યા કર્મની નિર્જરા થાય તેને સામાયિક કહેવામાં આવે છે. સાવદ્ય રહી તથા મનથી વચનથી અને શરીરથી કાંઈ પાપકારી પ્રવૃત્તિ ન થાય તેને માટે સાવચેત રહી સામાયિક જેટલી વાર થાય તેટલી વાર કરવી.

દૃષ્ટાંત - ચંદ્રાવતંસક રાજાનું સામાયિકમાં જ કર્મ ખપાવી સ્વર્ગમાં જઈ પછી માનવભવમાં આવી મોક્ષે ગયા.

૧૦. ગૃહસ્થોનું દશમું વ્રત :

*દિગ્વ્રતે પરિમાણં યત્ તસ્ય સંક્ષેપેણં પુનઃ ।*
*દિને રાત્રૌ ચ દેશાવ-કાશિક વ્રતમુચ્યતે ॥૮૪॥*

છઠ્ઠા દિગ્વ્રતમાં જે પરિમાણ જવા આવવાનું રાખવામાં આવ્યું છે તેનો દિવસે તથા રાત્રે સંક્ષેપ કરવો તે દેશાવકાશિકવ્રત કહેવાય છે.

આ દેશવકાશિક વ્રતનો નિયમ રાખવાથી બહાર ફરતાં આપણાથી જે અકાર્ય, અધર્મ કે આરંભ થવાનો હોય તે અટકી જાય છે. તેમજ બીજા ભોગોપભોગ વ્રતોના પણ સંક્ષેપ આ વ્રતમાં કરી શકાય છે. (૮૪)

૧૧. ગૃહસ્થોનું અગીયારમું વ્રત :

*ચતુઃ પર્વ્યાં ચતુર્થાદિ કુવ્યાપારનિષેધનમ્ ।*
*બ્રહ્મચર્ય ક્રિયાસ્નાના-દિ ત્યાગઃ પૌષધવ્રતં ॥ ૮૫ ॥*

ચાર પર્વમાં ઉપવાસાદિ તપ કરવો, પાપવાળા સદોષ વ્યાપારનો ત્યાગ કરવો, બ્રહ્મચર્ય પાળવું અને સ્નાનાદિ શરીરની શોભાનો ત્યાગ કરવો એમ પૌષધવ્રત ચાર પ્રકારનું છે. (૮૫)

આઠમ, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા આ ચાર પર્વો કહેવાય છે. પૌષધ બે પ્રકારનાં છે. અંશે અને સંપૂર્ણપણે (દેશથી અને સર્વથી) પૌષધ ચાર પ્રહરનો કે આઠ પ્રહરનો થઈ શકે છે.

*ગૃહિણોપિ હિ ધન્યાસ્તે પુણ્ય યે પૌષધવ્રતમ્ ।*
*દુઃપાલ પાલયન્ત્યેવ યથા ચ ચુલની પિતા ॥૮૬॥*

તે ગૃહસ્થીઓને પણ ધન્ય છે કે જે ચુલની પિતાની માફક દુઃખે પાળી શકાય તેવા પવિત્ર પૌષધ વ્રતને પાળે છે. (૮૬)

દૃષ્ટાંત : ચુલની પિતા પૌષધવ્રતમાં - દેવનો ઉપસર્ગ - ડગી જવું - તેનું પ્રાયશ્ચિત - સૌધર્મ દેવલોકમાં - ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ કર્મ ખપાવી મોક્ષે જશે (ભગવાન મહાવીરદેવ પાસે ગૃહસ્થના વ્રત અંગીકાર કર્યા હતા.)

૧૨. ગૃહસ્થ ધર્મનું બારમું વ્રત :

*દાનંચતુર્વિધાહાર પાત્રાચ્છાદનસદ્મનાં ।*
*અતિથિભ્યોઽતિથિસંવિભાગવ્રતમુદીરિતં ॥૮૭॥*

*પશ્ય સંગમકો નામ, સંપદ વત્સપાલકઃ ।*
*ચમત્કાર કરીં પ્રાપ મુનિદાન પ્રભાવતઃ ॥૮૮॥*

ચાર પ્રકારનો આહાર (અશન-પાન-ખાદિમ-સ્વાદિમ) પાત્ર, વસ્ત્ર રહેવાનો મુકામ આ અતિથિઓને સાધુઓને આપવું તે અતિથિ સંવિભાગ નામનું વ્રત કહેલું છે. (૮૭) જુઓ સંગમક નામના વાછરડાંનો પાળવાવાળો, મુનિને દાન

આપવાના પ્રભાવથી ચમત્કાર ઉત્પન્ન થાય તેટલી સંપદાને પામ્યો (૮૮) દૃષ્ટાંત - સંગમક, શાલિભદ્ર)

**વ્રતના અતિચાર :**

***વ્રતાનિ સાતિચારાણિ સુકૃતાય ભવન્તિ ન ।***
***અતિચારાસ્તતો હેયાઃ પંચ પંચ વ્રતે વ્રતે ॥૮૯॥***

અતિચારવાળા વ્રતો કલ્યાણ માટે થતાં નથી માટે દરેક વ્રતમાં લાગતા પાંચ પાંચ અતિચારો - દોષોનો ત્યાગ કરવો (૮૯)

***ક્રોધાદ્ બંધચ્છવિચ્છેદોઽધિકભારાધિરોપણમ્ ।***
***પ્રહારોઽન્નાધિરોધશ્ચા હિંસાયાં પરિકીર્તિતા ॥૯૦॥***

તીવ્ર ક્રોધથી મરી જશે તેની દરકાર રાખ્યા સિવાય (૧) મનુષ્ય તથા જનાવરાદિને બાંધવા (૨) તેમની ચામડી છેદવી (૩) શક્તિ કરતાં વિશેષ ભાર ભરવો (૪) મર્મસ્થળાદિમાં પ્રહાર કરવો. (૫) અનાજ આદિ ખોરાક આપવો બંધ કરવો. આ અતિચારો અહિંસાવ્રતમાં કહેલા છે, માટે તેને ત્યાગવા.

***મિથ્યોપદેશઃ સહસાભ્યાખ્યાનં ગુહ્યભાષણમ્ ।***
***વિશ્વસ્તમંત્રભેદશ્ચ કૂટલેઅશ્વ સૂનૃતે ॥૯૧॥***

(૧) બીજાને દુઃખ થાય તેવો મિથ્યા પાપકારી ઉપદેશ આપવો. (૨) વિચાર્યા વિના બીજા ઉપર ખોટો આરોપ મૂકવો. (૩) જે પ્રગટ કરવા લાયક ન હોય તે ઇંગિતાદિ આકારથી જાણી પ્રગટ કરી આપવું. (૪) મિત્ર કલત્રાદિ વિશ્વાસવાળાની ગુપ્ત વાત પ્રકાશ કરી દેવી (૫) જૂઠા લેખ લખવા આ પાંચ સત્યવ્રતના અતિચારો છે તેને છાંડીને વર્તવું.

***સ્તેનાનુજ્ઞા તદાનીતા દાનં દ્વિડ્રાજ્યલંઘનમ્ ।***
***પ્રતિરૂપક્રિયા માનાઽન્યત્વં ચાસ્તેયસંશ્રિતા ॥૯૨॥***

(૧) ચોરને ચોરી કરવામાં પ્રેરણા કરવી. (૨) ચોરીનો માલ ચોરી કરી

લાવેલ હોય તે વેચાતો ગ્રહણ કરવો. (૩) વેપાર નિમિત્તે વિરુદ્ધ રાજ્ય શત્રુ રાજાના નિષેધ કરેલાં દેશમાં જવું. (૪) માલમાં સારી નરસી વસ્તુનો ભેળ સંભેળ કરવો. (૫) ખોટાં તોલા માપ બનાવવા – વધુ માપથી લેવું, ઓછા માપથી દેવું - આ પાંચ અચૌર્ય વ્રતના અતિચારો છે. માટે ત્યાગવા. (૯૨)

*ઇત્તવરાત્તાગમોનાત્તા ગતિરન્યવિવાહનમ્ ।*
*મહનાત્યાગ્રહોડનંગ ક્રીડા ચ બ્રહ્મણિ સ્મૃતા ॥૯૩॥*

(૧) થોડા વખત માટે ભાડુ આપી પોતાની કરી રાખેલી સ્ત્રી વેશ્યાગમન. (૨) વેશ્યા, અનાથ, વિધવા, સ્વૈરિણી, પ્રેષિતભર્તૃકા વગેરેનું સેવન કરવું. (૩) પોતાના પુત્રપુત્રીની સિવાય અન્યના વિવાહ કરવા. (૪) સ્વસ્ત્રી સંબંધી વિષયમાં પણ વિશેષ આસકિત. (૫) અનંતક્રીડા હસ્ત કર્માદિ - આ પાંચ ચોથા વ્રતના અતિચાર છે માટે ત્યાગવા.

*ધનાધાનસ્ય કુપ્યસ્ય ગવાદેઃ ક્ષેત્ર વાસ્તુનઃ ।*
*હિરણ્યહેમ્નશ્ચ સંખ્યા ડતિક્રમોડત્ર પરિગ્રહે ॥૯૪॥*

*બંધનાદ્ ભવતો ગર્ભા દ્યોજનાદ્દાનતસ્તથા ।*
*પ્રતિપન્ન વ્રતસ્યેવ પંચધાપિ ન યુજ્યતે ॥ ૯૫ ॥*

(૧) ધનધાન્ય સંબંધી. (૨) ઘરવખરી (સોનારૂપા વિનાની તેના સંબંધી) (૩) ગાયાદિ જનાવરો સંબંધી. (૪) ક્ષેત્ર, ઘર હાટ (દુકાન) સંબંધી. (૫) સોનારૂપા સંબંધી રાખેલી સંખ્યાના પરિમાણનું ઉલ્લંઘન કરવું તે પરિગ્રહ વ્રતના પાંચ અતિચારો છે. (૯૪) બંધન કરવાથી, ભાવથી, ગર્ભથી જોડાવાથી અને લેવાંથી અતિચાર લાગે છે માટે પરિગ્રહ વ્રત ગ્રહણ કરનારને આ પાંચમાંથી કાંઈ પણ અતિચારરૂપે કરવું તે યોગ્ય નથી. (૯૫)

*સ્મૃત્યંતર્ધાનમૂર્ધ્ધાધ સ્તિર્યગ્ભાગવ્યતિક્રમઃ ।*
*ક્ષેત્રવૃદ્ધિશ્ચ પંચતિ સ્મૃતા દિગ્વિરતિ વ્રતે ॥૯૬॥*

(૧) દિશામાં જવા આવવાના નિયમનું ભૂલી જવાપણું. (૨) ઉંચે. (૩)

નીચે. (૪) તિર્છી દિશાઓમાં ભૂલથી લીધેલ નિયમથી વધારે ચાલ્યા જવું. (૫) ક્ષેત્રની વૃદ્ધિ કરવી. આ છઠ્ઠા વ્રતના અતિચાર છે.

***સચિત્તસ્તેનસંબંધઃ સંમિશ્રોઽભિષવસ્તથા ।***
***દુઃપકવાહાર ઈત્યેતે ભોગોપલભોગમાનગાઃ ।।૯૭।।***

***અમી ભોજનતસ્ત્યાજ્યાઃ કર્મતઃ ખરકર્મતુ ।***
***તસ્મિન્પંચદશ મલાન્ કર્માદાનાનિ સંત્યજેત્ ।।૯૮।।***

(૧) સચિત આહાર. (૨) સચિત સાથે જોડાયેલ. (૩) સચિત અચિત્તથી મિશ્ર. (૪) અનેક દ્રવ્ય સંયોગથી બનેલ સુરા સોવીરાદિ. (૫) સેજસાજ પાકેલો આહાર (અપક્વ આહાર) આ પાંચ અતિચારો સચિત વસ્તુના ત્યાગ કરનારને ભોગપભોગ વ્રતમાં લાગે છે. (૯૭) ઉપર બતાવેલ પાંચ અતિચારો ભોજન આશ્રિત ત્યાગ કરવા અને કર્મ આશ્રયી ખર કર્માદિ પંદર કર્માદાનરૂપ અતિચારોનો ત્યાગ કરવો. (૯૮)

કર્માદાનરૂપ એટલે પાપના કારણરૂપ અતિચાર.

***અંગારવન શકટ ભાટકસ્ફોટક જીવિકા ।***
***દંતલાક્ષરસકેશ વિષ વાણિજ્યકાનિ ચ ।।૯૯।।***

***યંત્ર પીડા નિર્લાંછન મસતીપોષણાં તથા ।***
***દવદાન સરઃ શોષ ઇતિ પંચદશ ત્યજેત્ ।।૧૦૦।।***

(૧) અંગારાનો વ્યાપાર, (૨) વન કાપવાનો, (૩) ગાડા બનાવવાનો, (૪) ભાડાં કરવાનો, (૫) જમીન ફોડવાનો, (૬) દાંતનો, (૭) લાખનો, (૮) રસનો, (૯) કેશનો, (૧૦) વિષ વેચવાનો (૯૯) (૧૧) યંત્રથી વસ્તુ પીલવાનો, (૧૨) બળદ પ્રમુખને નિર્લાંછન કરવાનો, (૧૩) અસતી પોષણનો, (૧૪) ક્ષેત્રદિમાં અગ્નિ લગાડવાનો (૧૫) તલાવ પ્રમુખ સૂકાવી નાખવાનો વ્યાપાર (૧૦૦)

આ પંદર પ્રકારના કર્મના આવવાના ધંધા હોવાથી તેનો ત્યાગ કરવો.

અંગારભ્રાષ્ટ્રકરણ કુંભવ્ય: સ્વર્ણકારિતા ।
ઠઠારત્વેષ્ટકાપાકા વિતિ યંગાર જીવિકા ॥૧૦૧॥

છિન્નાછિન્નવનપત્ર પ્રસૂનફલ વિક્રય: ।
કણાના દલનાત્પેષા દ્વત્તિશ્ચ વનજીવિકા ॥૧૦૨॥

શકટાના તદંગાના ઘટનં ખેટલં તથા ।
વિક્રયશ્ચેતિ શકટ જીવિકા પરિકીર્તિતા ॥૧૦૩॥

શકટોક્ષલુલાયોષ્ટ્ર ખરાશ્ચતરવા જિનામ્ ।
ભારસ્ય વાહનાદ્વૃતિ ર્ભવેદ્ ભાટકજીવિકા ॥૧૦૪॥

સર: કૂપાદિખનન શિલાકુટ્ટનકર્મભિ: ।
પૃથિવ્યારંભ સંભૂતે ર્જીવન સ્ફોટજીવિકા ॥૧૦૫॥

દંત કેશ ન ખાસ્થિત્વગ્રોમ્ણો ગ્રહણમાકરે ।
ત્રસાંગસ્ય વણિજ્યાર્થં દંત વાણિજ્યમુચ્યતે ॥૧૦૬॥

લાક્ષામન: શિલાનીલી ઘાતકી ટંકણાદિન: ।
વિક્રય: પાપસદનં લાક્ષવાણિજ્ય મુચ્યતે ॥૧૦૭॥

નવનીતવસાક્ષૌદ્ર મદ્ય પ્રભૃતિ વિક્રય: ।
દ્વિપાશ્ચતુષ્પાદિ વિક્રયો વાણિજ્યં રસકેશયો: ॥૧૦૮॥

વિષાસ્ત્રહલયંત્રાયો હરિતાલાદિવસ્તુન: ।
વિક્રયો જીતિતઘ્નસ્ય વિષવાણિજ્ય મુચ્યતે ॥૧૦૯॥

તિલેક્ષુસર્પપૈરંડ જલયંત્રાદિ પીડનમ્ ।
દલતૈલસ્ય ચ કૃતિ ર્યંત્રપીડા પ્રકીર્તિતા ॥૧૧૦॥

નાસાવેધો અંકનં મુષ્કચ્છેદનં પુષ્ટગાલનમ્ ।
કર્ણકંબલ વિચ્છેદો નિર્લાંછનમુદીરિતમ્ ॥ ૧૧૧ ॥

*સારિકા શુક માર્જાર શ્વકુર્કુટકલાપિનામ્ ।*
*પોપો હાસ્યાશ્ચ વિત્તાર્થ મસતીપોષણંવિધુઃ ।।૧૧૨।।*

*વ્યસનાત્ પુણ્યબુધ્યા વા દયદાનં ભવેદ્દ્વિધા ।*
*સરશોષઃ સરઃ સિંધુ હ્દાદેરંવુસંપ્લવઃ ।।૧૧૩।।*

(૧) અંગાર કર્મ : લાકડાના કોલસા બનાવવાનો, ચણા પ્રમુખ અનાજ ભુંજવાનો, કુંભારનો, લુહારનો, સોનીનો, કંસારાનો અને ઈંટ પકાવવા વગેરેથી આજીવિકા કરવી તે અંગારકર્મ કહેવાય છે. (૧૦૧)

(૨) વન કર્મ : છેદેલાં અને નહિ છેદેલાં વનમાં થતાં પાંદડા, ફુલ, ફળ વગેરે વેચવા તથા અનાજને દળીને કે પથ્થર ઉપર પીસાવીને જે આજીવિકા કરવી તે વનઆજીવિકા કહેવાય છે. (૧૦૨)

(૩) શકટ આજીવિકા : ગાડાઓ તથા પૈડાં પ્રમુખ તેના અંગોને ઘડવાં-ઘડાવવાં, ખેડવાં અને વેચવા વગેરેથી જે આજીવિકા કરવી તે શકટ આજીવિકા કહેલી છે. (૧૦૩)

(૪) ભાટક આજીવિકા : ગાંડા, બળદ, પાડા, ઊંટ, ગધેડા, ખચ્ચર અને ઘોડા પ્રમુખ ઉપર ભાર વહન કરાવી આજીવિકા કરવી તે ભાટક આજીવિકા કહેવાય છે. (૧૦૪)

(૫) સ્ફોટક આજીવિકા : સરોવર, કુવા પ્રમુખ ખોદાવવા અને પથ્થર ફોડવારૂપ પૃથ્વીના આરંભવાળા કર્મો વડે કરી આજીવિકા કરવી તે સ્ફોટક આજીવિકા કહેવાય છે. (૧૦૫)

(૬) દાંતનો વ્યાપાર : હાથી દાંત ચમરી ગાય પ્રમુખવાળા નખ હાડકાં ચામડાં તથા રોમ- રૂવાટાં પ્રમુખ ત્રસ જીવોના અંગોને વ્યાપારને અર્થે ઉત્પત્તિને ઠેકાણે જઈ ગ્રહણ કરવા તેને દંતવાણિજ્ય કહે છે. (૧૦૬)

(૭) લાખનો વ્યાપાર : લાખ, મનશીલ, ગાળી, ધાવડી અને ટંકણ ખારાદિ એ સર્વ વિશેષ પાપના સ્થાનકરૂપ છે તેનો વ્યાપર કરવો તે લાખ વાણિજ્ય કહે છે. (૧૦૭)

(૮ : ૯) રસ તથા કેશનો વ્યાપાર : માખણ, ચરબી, મધ અને મદિરાદિ વેચવું તે રસ વાણિજ્ય અને મનુષ્ય તથા જનાવરોના વ્યાપર કરવા તે કેશ વાણિજ્ય કહેવાય છે. (૧૦૮)

(૧૦) વિષ વાણિજ્ય : ઝેર, હથિયાર, દળ, અરહટ્ટાદિયંત્ર, લોઢું અને હરતાલ આદિ જીવોના નાશ કરનારી વસ્તુઓનો વેપાર કરવો તેને વિષ વાણિજ્ય કહે છે. (૧૦૯)

(૧૧) યંત્રપીડન કર્મ : તલ પીલવાનાં યંત્રો, ઈક્ષુ (શેરડી) પીલવાનાં, સરસવ પીલવાનાં, એરંડા પીલવાનાં, અરહટાદિ જલ ખેંચવાના યંત્રો અને ખોળ કાઢી તેલ લેવું એ આદિના યંત્રો બનાવી તેનાથી આજીવિકા કરવી તે યંત્ર પીડન કર્મ. (૧૧૦)

(૧૨) નિર્લાંછન કર્મ : જનાવરોની નાસિકા વિંધવી, આંકવું, અંડ છેદવો, પૃષ્ટ ગાળી નાખવી અને કાન તથા કંબલ છેદવા, આ વડે આજીવિકા ચલાવવી તેને નિર્લાંછન કર્મ કહ્યું છે. (૧૧૧)

(૧૩) અસતી પોષણ : સારિકા, શુક, બિલાડી, કુતરા, કુકડા, મયુર (મોર) અને દાસી પ્રમુખનું ધન કમાવવા નિમિત્તે પોષણ કરવું તેને અસતી પોષણ કહ્યું છે. (૧૧૨)

(૧૪ : ૧૫) દવ આપવા અને તલાવ સુકાવવા : કુટેવથી અથવા પુણ્યબુદ્ધિએ દવ (આગ) લગાડવો, તથા તળાવ, નદી અને દ્રહ કુંડાદિના પાણીને શોષી નાંખવા તે સરશોષ કર્માદાન કહેવાય છે. (૧૧૩)

આ પંદર કર્માદાન કહેવાનો અભિપ્રાય એવો છે કે આ વ્યાપારોથી વિશેષ પાપ આવે છે માટે તેનો ત્યાગ કરવો. આમ ભોગપભોગ વ્રતના વીશ અતિચારો છે.

*સંયુક્તાધિકરણત્વ મુપભોગાતિરિક્તતા ।*
*મૌખર્યમથ કૌકુચ્યં કંદર્પોડનર્થદંડગાઃ ॥૧૧૪॥*

(૧) હળ, મુશળ ગાડી પ્રમુખ અધિકરણો પ્રયોજી (જોડી) રાખવાં. (૨) પ્રમાણથી અધિક ઉપભોગની વસ્તુ રાખવી. (૩) વાચાળપણું અર્થાત્ પૂર્વાપર

વિચાર કર્યા સિવાય બોલવું. (૪) ભાંડાદિકના જેવી ભ્રૂનયન ઓષ્ઠાદિકથી ચેષ્ટા કરવી. (૫) કામ ઉત્પન્ન થાય તેવા વચનો બોલવાં. આ અનર્થદંડ વિરમણ વ્રતના પાંચ અતિચારો છે. (૧૧૪)

***કાયવાઙ્મનાસાં દુષ્ટ પ્રણિધાનમનાદરઃ ।***
***સ્મૃત્યનુપસ્થાન ચ સ્મૃતાઃ સામાયિકવ્રતે ॥૧૧૫॥***

(૧, ૨, ૩) મન, વચન કાયાને સાવદ્ય કાર્યમાં પ્રવર્તાવવા. (૪) સામાયિકનો અનાદર (અનુત્સાહ દર્શાવવો). (૫) સામાયિક કર્યું કે ન કર્યું તે સ્મૃતિ ન રાખવી. આ સામાયિક વ્રતના અતિચાર છે. (૧૧૫)

***પ્રેષ્યયોગાનયને પુદ્ગલક્ષેપણં તથા ।***
***શબ્દરૂપાનુપાતો ચ વ્રતે દેશાવકાશિકે ॥૧૧૬॥***

(૧) નિયમિત કરેલી જગ્યા બહાર કાર્ય પ્રસંગે બીજાને મોકલવો. (૨) નિયમિત ક્ષેત્ર બહારથી કોઈ વસ્તુ મંગાવવી, (૩) નિયમિત જગ્યાની બહાર રહેલા માણસને જણાવવા માટે કાંકરો પ્રમુખ ફેકવો. (૪) શબ્દ કરી બોલાવવો અને (૫) રૂપ દેખાડવું એટલે પોતે સન્મુખ ઊભા રહેવું. તેને જોઈ દૂર રહેલા માણસ તેને માટે ત્યાં આવે. આ પાંચ દેશાવકાસિક વ્રતના અતિચારો છે.

***ઉત્સર્ગદાન સંસ્તારા - નનવેક્ષ્યાંપ્રંભૃમ્ય ચ ।***
***અનાદરઃ સ્મૃત્યનુપ સ્થાપનં ચેત્તિ પૌષધે ॥૧૧૭॥***

(૧) નજરથી જોયા અને વસ્ત્ર પ્રમુખના છેડાથી પ્રમાર્જ્યા વિના મળ મૂત્રાદિનો ત્યાગ કરવો. (૨) પાટ પાટલા પ્રમુખ જોયા તથા પ્રમાર્જન કર્યા વિના લેવા. (૩) જોયા, પ્રમાર્જન કર્યા વિના સંથારો (પથારી) કરવો. (૪) પૌધવમાં અનાદર. (૫) પૌષધ કર્યો કે નહિ તેની સ્મૃત્તિ ન રહેવી. આ પાંચ પૌષધ વ્રતના અતિચારો છે. (૧૧૭)

***સચ્ચિતે ક્ષેપણં તેન પિધાનં કાલલંઘનં ।***
***મત્સરોઽન્યાપદેશશ્ચ તુર્યે શિક્ષાવ્રતે સ્મૃતાઃ ॥૧૧૮॥***

મુનિ આહારર્થે ઘેર આવ્યે (૧) દેવા લાયક વસ્તુ સચિત્ત ઉપર મૂકે. (૨) સજીવ વસ્તુથી તે ઢાંકે. (૩) ગોચરીનો વખત થયા પછી ભોજન તૈયાર કરે. (૪) ઈર્ષા કરી દાન આપે. (૫) આ બીજાની વસ્તુ છે એમ બહાનું કરી ન આપે. આ ચોથા શિક્ષાવ્રતના પાંચ અતિચારો કહ્યા. (૧૧૮)

***એવં વ્રતસ્થિતો ભકત્યા સપ્તક્ષેત્ર્યાંધનં વપન્ ।***
***ધ્યયા ચાતિદીનેષુ મહાશ્રાવક ઉચ્યંતે ॥૧૧૯॥***

આ પ્રમાણે બાર વ્રતમાં રહ્યો છતા ભક્તિપૂર્વક સાત ક્ષેત્રો (સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિક, પ્રતિમા, દેરાસર અને જ્ઞાન)માં ધન ખરચતો અને દયા વડે કરી અતિ દીન જીવોને ધન આપતો તે મહાશ્રાવક કહેવાય છે. (૧૧૯)

***યઃ સદ્‌બાહ્ય નિત્યં ચ ક્ષેત્રેષુ ન ધન વપેત્ ।***
***કથં વરાકશ્ચારિત્રં દુશ્ચરં સ સમાચરેત્ ॥૧૨૦॥***

જે માણસ પોતાની પાસે ધન વિદ્યમાન છે, વળી તે બાહ્ય છે અને અનિત્ય છે, છતાં તે ઉત્તમ સ્થળે ખર્ચી શકતો નથી. તે બિચારો દુઃખે પાળી શકાય તેવું ચારિત્ર કેવી રીતે આદરી શકશે ? (૧૨૦)

***બ્રાહ્મે મુહૂર્તે ઉત્તિષ્ઠેત્ પરમેષ્ઠિસ્તુતિ પઠન્ ।***
***કિં ધર્મા કિંકુલાશ્ચસ્મિ કિંવ્રતોડસ્મીતિ ચ સ્મરન્ ॥૧૨૧॥***

***સુચિ : પુષ્પામિષસ્તોત્રૈ - ર્દેવમભ્યર્ચ્ય વેશ્યમનિ ।***
***પ્રત્યાખ્યાનં યથાશક્તિ કૃત્વા દેવગૃહં વ્રજેત્ ॥૧૨૨॥***

***પ્રવિશ્ય વિધિના તત્ર ત્રિઃ પદક્ષિણયે જિનમ્ ।***
***પુષ્પાદિભિસ્તમભ્યર્ચ્ય સ્તવનૈરુતમૈઃ સ્તુયાત્ ॥૧૨૩॥***

શ્રાવકની દિનચર્યા : પાછલી બે ઘડી રાત્રી રહે (ત્યાર પહેલા અથવા) ત્યારે જાગૃત થઈ પંચ પરમેષ્ઠિ નવકાર મંત્રની સ્તુતિ કરી શ્રાવકે યાદ કરવું કે મારો શું ધર્મ છે ? મારું કુળ કયું છે ? મે કયા કયા વ્રતો અંગીકાર કર્યા છે ? તે સર્વ યાદ કરી (૧૨૧) પવિત્ર થઈ પુષ્પ નૈવેદ્ય અને સ્તોત્ર વડે કરી પોતાના

ગૃહ ચૈત્યમાં રહેલ દેવાધિદેવની પૂજા કરી શક્તિ અનુસાર (નવકારશી વગેરે) પચ્ચખાણ કરી દેવાલય તરફ જવું. (૧૨૨) વિધિપૂર્વક મંદિરમાં પ્રવેશ કરી જિનેશ્વરના ફરતી ત્રણ પ્રદક્ષિણા કરી પછી પુષ્પાદિથી પૂજન કરી ઉત્તમ સ્તવનો વડે કરી ભગવાનની સ્તુતિ કરવી. (૧૨૩)

*તતો ગુરુણામભ્યર્ણે પ્રતિપત્તિ પુનઃસરમ્ ।*
*વિધ્ધીત વિશુધ્ધાત્મા પ્રત્યાખ્યાન પ્રકાશનમ્ ॥૧૨૪॥*

પછી ગુરુ મહારાજની પાસેઆવી નમસ્કારાદિ ભક્તિ કરવાપૂર્વક વિશુદ્ધ આત્મા શ્રાવકે પોતે પહેલા દેવ સાક્ષીએ કરેલું પચ્ચખાણ ગુરુ પાસે પ્રકાશિત કરવું અર્થાત્ ગુરુ પાસે ફરી પચ્ચખાણ કરવું. (૧૨૪)

*અભ્યુત્થાનં તદા લોકેડભિયાનં ચ તદાગમે ।*
*શિરસ્યંજલિ સંશ્લેષઃ સ્વયમાસન ઢૌકનમ્ ॥૧૨૫॥*

*આસનાભિગ્રહ ભકત્યા વંદના પર્યુપાસનમ્ ।*
*તદ્યાનેડનુગમશ્ચેતિ પ્રતિપત્તિરિયં ગુરોઃ ॥૧૨૬॥*

ગુરુને જોતાં જ ઊભા થઈ જવું. આવતા સાંભળી સન્મુખ જવું. દૂરથી મસ્તકે હાથ જોડવા, બેસવાને આસન આપવું (૧૨૫) ગુરુ બેઠા હોય ત્યાં સુધી પોતે આસન પર ન બેસવું. ભક્તિથી વંદના તથા સેવા કરવી અને ગુરુ જતાં હોય તો તેની પાછળ કેટલાક પગલા જવું તથા ગુરુ પાસે ધર્મ સાંભળવો. આ સર્વ ગુરુની પ્રતિપ્રત્તિ ભક્તિ-ઉચિત આચરણા કહેવાય છે. (૧૨૬)

*તતઃ પ્રતિનિવૃત્તઃ સન્ સ્થાનં ગત્વા યથોચિતમ્ ।*
*સુધીર્ધર્માવિરોધેન વિધ્ધીતાર્થ ચિંતનમ્ ॥૧૨૭॥*

*તતો માધ્યાહ્નિકીં પૂજા કૂર્યાત્ ચ ભોજનમ્ ।*
*તદ્ વિદ્દભિઃ સહ શાસ્ત્રોર્થ રહસ્યાનિ વિચારયેત્ ॥૧૨૮॥*

*તતશ્ચ સંધ્યા સમયે કૃત્વા દેવાર્ચન પુનઃ ।*
*કૃતાવશ્યકકર્મા ચ કુર્યાત્ સ્વાધ્યાયમુત્તમમ્ ॥૧૨૯॥*

*ન્યાય્યે કાલે તતો દેવ ગુરુસ્મૃતિપવિત્રિતઃ ।*
*નિદ્રમલ્પમુપાસીત પ્રાયેણા બ્રહ્મવર્જકઃ ॥૧૩૦॥*

*નિદ્રાછેદે યોષિદંગ સતત્વં પરિચિંતયેત્ ।*
*સ્થૂલભદ્રાદિ સાધુના તન્નિવૃત્તિ પરામૃશન્ ॥૧૩૧॥*

ગુરુ પાસેથી પાછા ફર્યા બાદ વ્યાપાર કરવા ઉચિત સ્થાને જઈ ધર્મને બાધા ન પહોંચે એવી રીતે બુદ્ધિમાન શ્રાવકે ધન કમાવવાનો પ્રયત્ન કરવો. (૧૨૭) પછી મધ્યાહ્ન વખતની પૂજા કરે, ત્યારબાદ ભોજન કરી શાસ્ત્રના જાણકારોની સાથે શાસ્ત્રના અર્થો અને રહસ્યોનો વિચાર કરે. (૧૨૮) પછી સંધ્યાવેળાએ ફરી દેવઅર્ચન તથા પ્રતિક્રમણ કરી પછી ઉત્તમ પ્રકારના સ્વાધ્યાય, ધ્યાન વગેરે કરવું. (૧૨૯) સ્વાધ્યાયાદિ ધર્મધ્યાન કરવામાં કેટલોક કાળ વ્યતીત કર્યા બાદ પોતાના ઈષ્ટદેવ, ગુરુને સંભારીને પવિત્ર થઈ પ્રાયઃ અબ્રહ્મચર્યનો ત્યાગ કરીને અલ્પનિંદ્રા કરવી. (૧૩૦) નિદ્રા ત્યાગ કર્યા પછી સ્થૂલભદ્રાદિ સાધુઓએ કરેલી તત્ત્વપૂરક વિષયની અસારતાનું ચિંતવન કરે. (૧૩૧)

*દુઃસ્થા ભવસ્થિતિ સ્થેમ્ના સર્વજીવેષુ ચિંતયન્ ।*
*નિસર્ગ સુખસર્ગ તેષ્વપવર્ગ વિમાર્ગપેત્ ॥૧૩૭॥*

સંસારમાં રહેવાપણું તે સર્વ જીવોને દુઃખરૂપ છે, એમ સ્થિર ચિત્તથી વિચાર કરતા શ્રાવકે સર્વ જીવોને માટે સ્વાભાવિક સુખના સંસર્ગવાળુ મોક્ષ પદ માગવું (૧૩૭)

*સંસર્ગવ્યુપસર્ગાણાં દૃઢ વ્રત પરાયણઃ ।*
*ધન્યાસ્તે કામદેવાદ્યાઃ શ્લાધ્યાસ્તીર્થ કૃતામપિ ॥૧૩૮॥*

ઉપસર્ગના પ્રસંગમાં પણ વ્રત રક્ષણની દૃઢતામાં મજબૂત રહેલા અને તેથી જ તીર્થંકરે પણ પ્રશંસા કરેલા તે કામદેવાદિ શ્રાવકોને ધન્ય છે એમ વિચારવું. (૧૩૮) **દૃષ્ટાંત : કામદેવ શ્રાવક**

*જિનોદેવઃ કૃપા ધર્મો ગુરવો યત્ર સાધવઃ ।*
*શ્રાવકત્વાય કસ્તસ્મૈ ન શ્લાઘેતા વિમુઢધીઃ ॥૧૩૯॥*

જિનેશ્વર જેનો દેવ છે, દયામય ધર્મ છે, અને જ્યાં નિર્ગ્રંથો ગુરુ તરીકે છે, તેવા શ્રાવકપણાની કયો બુદ્ધિમાન પ્રશંસા ન કરે ? પ્રશંસા કરે જ. (૧૩૯)

**શ્રાવકોના મનોરથો :**

*જિન ધર્મવિનિર્મુક્તો માભૂવં ચક્રવર્ત્યપિ ।*
*સ્યા ચેટોઽપિ દરિદ્રોઽપિ જિનધર્માધિવાસિતઃ ॥૧૪૦॥*

જૈન ધર્મથી રહિત થઈ ચક્રવર્તી પણ હું ન થાઉં, પણ જૈનધર્મથી વાસિત દાસ કે દરિદ્ર પણ થાઉ તો તે મને સંમત છે. (૧૪૦)

*ત્યક્તસંગો જીર્ણવાસા મલક્લિન્ન કલેવરઃ ।*
*ભજન માધુકરીં વૃત્તિં મુનિચર્યાં કદાશ્રયે ॥૧૪૧॥*

*ત્યજન્ દુઃશીલ સંસર્ગ ગુરુ પાદરજઃ સ્પૃશન્ ।*
*કદાહં યોગમભ્યસ્યન્ પ્રભવેયં ભવચ્છિદે ॥૧૪૨॥*

*મહાતિશાયાં પ્રવૃત્તે કાયોત્સર્ગે પુરાદ્બહિઃ ।*
*સ્તંભવત્સ્કંધકર્ષણ વૃષાઃ કર્યઃ કદામયિ. ॥૧૪૩॥*

*વને પદ્માસનાસીનં ક્રોડસ્થિતિમૃગાર્ભકં ।*
*કદાઘ્રાસ્યંતિ વક્ત્રે મા જરંતો મૃગયૂથપાઃ ॥૧૪૪॥*

*શત્રૌ મિત્રે, તૃણે સ્ત્રૈણે સ્વર્ણેઽસ્મિનિમણૌ મૃદિ ।*
*મોક્ષે ભવે ભળિષ્યામિ નિર્વિશેષમતિઃ કદા ॥૧૪૫॥*

*અધિરોઢું ગુણશ્રેણિ નિશ્રેણી મુક્તિવેશ્મનઃ ।*
*પરાનંદલતાકંદાન કુર્યાદિતિ મનોરથાન્ ॥૧૪૬॥*

*ઈત્યાહોરાત્રિકી ચર્યામપ્રમત્તઃ સમાચરન્ ।*
*યથાવદુક્ત વૃત્તસ્થો ગૃહસ્થોપિ વિશુદ્ધયતિ ॥૧૪૭॥*

અહો ! હું આ સર્વ સંયોગોનો ત્યાગ કરી, જીર્ણ પ્રાય વસ્ત્રવાળો થઈ, મળથી નિરપેક્ષ બની. માધુકરી વૃત્તિવાળી મુનિચર્યાનો ક્યારે આશ્રય કરીશ ?

(૧૪૧) દુઃશીલોની સોબતનો ત્યાગ કરી, ગુરુ મહારાજની પાદરજને સ્પર્શ કરતો, યોગનો અભ્યાસ કરી આ ભવોનો નાશ કરવાને ક્યારે સમર્થ થઈશ. (૧૪૨) મધ્યરાત્રિએ શહેરની બહાર કાર્યોત્સર્ગ મુદ્રાએ ધ્યાનમાં રહેલા મને સ્તંભ જાણી બળદો પોતાના સ્કંધને ક્યારે ઘસશે ? (૧૪૩) વનની અંદર પદ્માસનમાં બેઠેલા અને ખોળામાં મૃગનાં બચ્ચાઓ રહેલા અને મોઢા ઉપર વૃદ્ધ મૃગ યૂથપતિઓ ક્યારે સુંઘશે ? (૧૪૪) શત્રુ અને મિત્ર ઉપર, તૃણ અને રૂપ પર, સોના અને પથ્થર ઉપર, મણિ અને માટી ઉપર, મોક્ષ અને ભવ ઉપર એક સરખી બુદ્ધિવાળો ક્યારે થઈશ ? (૧૪૫) આ પ્રમાણે મોક્ષ મહેલ પર ચડવાને ગુણઠાણાની શ્રેણિરૂપ નિસરણી સરખા તથા પરમ આનંદરૂપ લતાના કંદ સરખા મનોરથો શ્રાવકોએ સેવવા (૧૪૬) આ પ્રમાણે અહોરાત્રી સંબંધી ચર્યાને અપ્રમાદી પણે આચરતો અને પૂર્વે જેવી રીતે કહ્યું છે તેવી રીતે વ્રતમાં રહેલો ગૃહસ્થ વિશુદ્ધ થાય છે. (૧૪૭)

*સોથાવશ્યકયોગાનાં ભંગે મૃત્યોરથાગમે ।*
*કૃત્વા સંલેખનામાદૌ પ્રતિપદ્યે ચ સંયમ ॥૧૪૮॥*

*જન્મદીક્ષાજ્ઞાનમોક્ષ સ્થાનેષુ શ્રીમદર્હતાં ।*
*તદભાવે ગૃહેડરણ્યે સ્થંડિલે જંતુવર્જિતે ॥૧૪૯॥*

*ત્યકત્વા ચતુર્વિધાહારં નમસ્કારપરાયણઃ ।*
*આરાધના વિધાયોશ્ચૈ શ્ચતુઃ શરણમાશ્રિતઃ ॥૧૫૦॥*

*ઈહલોકે પરલોકે જીવિતે મરણે તથા ।*
*ત્યકત્વા શંસા નિદાન ચ સમાધિ સુધયોક્ષિતઃ ॥૧૫૧॥*

*પરિષહોપસર્ગેભ્યો નિર્ભીકો જિન ભક્તિભાક્ ।*
*પ્રતિપદ્યતે મરણ આનંદ શ્રાવકો યથા ॥૧૫૨॥*
*પંચભિ કુલકમ્ ।*

*પ્રાપ્તઃ સ કલ્પેષ્વિદ્રત્વ મન્યદા સ્થાનમુત્તમમ્ ।*
*મોદતેડનુતરપ્રાજ્ય પુણ્યસંભારતાક્ તતઃ ॥૧૫૩॥*

**ચ્યુત્વોત્પદ્ય મનુષ્યેષુ ભુક્ત્વા ભોગાન્ સુદુર્લભાન્ ।**
**વિરક્તો મુક્તિમાપ્નોતિ શુદ્ધાત્માંતર્ભવાષ્ટકં ॥૧૫૪॥**

શ્રાવક અવશ્ય કરવા લાયક સંયમાદિ યોગો કરવામાં અશક્ત હોય અથવા મરણ નજીક આવ્યું જણાય તો શરીર તથા કષાયને પાતળા કરવારૂપ સંલેખના કરી પછી સંયમ અંગીકાર કરે. (૧૪૮) સર્વથા સંલેખના કરવા માટે શ્રીમાન અરિહંતના જન્મ, દીક્ષા, જ્ઞાન યા મોક્ષ કલ્યાણક જેવા સ્થળોમાં જવું અથવા તેવા સ્થળો નજીક ન હોય તો જીવજંતુ વર્જીત ઘેર અથવા અરણ્યવાળી જગ્યાએ સંલેખના કરવી. (૧૪૯) ત્યાં પ્રથમ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી નમસ્કાર મંત્ર જપવામાં તત્પર થવું, તથા સારી રીતે આરાધના કરી અરિહંતાદિ ચાર શરણનો આશ્રય કરવો. (૧૫૦) તથા આ લોક સંબંધી પરલોક સંબંધી, જીવિત સંબંધી, મરણ સંબંધી ઈચ્છાનો તથા નિયાણાનો ત્યાગ કરી સમાધિરૂપ અમૃતથી સિંચાયેલો. (૧૫૧) પરિષહ તથા ઉપસર્ગોથી નિર્ભય અને જિનેશ્વર વિષે યા આરાધના વિષે બહુમાન ધરતો આનંદ શ્રાવકની માફક સમાધિમરણ અંગીકાર કરે. (૧૫૨) આ પ્રમાણે ઉત્તમ શ્રાવકધર્મ પાળી તેઓ વૈમાનિક દેવોમાં ઈન્દ્રપણું અથવા સામાનિક દેવાદિપણું પામી અનન્યસદૃશ અને મહાન પુણ્ય સમુહને ભોગવતાં આનંદમાં રહે છે. (૧૫૩) ત્યાંથી આયુષ્ય પૂર્ણ થયે ચવી મનુષ્યભવમાં ઉત્પન્ન થઈ દુર્લભયોગોને ભોગવી, સંસારથી વિરકત થઈ, તે શુદ્ધાત્માઓ આઠ ભવની અંદર મોક્ષ પામે છે. (૧૫૪) (અહીંયા મનુષ્યના આઠ ભવ થાય એ અપેક્ષા છે.)

**ઈતિ સંક્ષેપતઃ સમ્યક્ રત્નત્રયમુદીરિતં ।**
**સર્વોપિ યદનાસાદ્ય નાસાધ્યતિ નિર્વૃતિ ॥ ૧૫૫ ॥**

જે રત્નત્રય-સમ્યક્દર્શન જ્ઞાન-ચારિત્રને પામ્યા સિવાય કોઈપણ મોક્ષ પામી શકતું નથી, તે સમ્યક્ રત્નત્રયનું આ પ્રમાણે સંક્ષેપથી વર્ણન કર્યું. (૧૫૫)

*

# ચતુર્થ પ્રકાશ : આત્મજ્ઞાનનાં સાધન

પૂર્વ પ્રકરણોમાં ધર્મ અને ધર્મનો ભેદ વ્યવહારનયની અપેક્ષાએ કરી આત્માને રત્નત્રય મુક્તિનું કારણ છે એ જણાવ્યું. હવે અભેદનયની અપેક્ષાએ આત્માનું રત્નત્રયની સાથે એકયપણું બતાવે છે.

***આત્મૈવ દર્શન જ્ઞાન-ચારિત્રાણ્યથવા યતેઃ ।***
***યત્તદાત્મક એવૈવ શરીરમધિતિષ્ઠતિ ॥૧॥***

અભેદ નયની અપેક્ષાએ યતિને (સાધકને) આત્મા જ દર્શન-જ્ઞાન અને ચારિત્ર છે કેમ કે જ્ઞાન દર્શન ચારિત્રરૂપ જ આત્મા શરીરમાં રહેલો છે. (૧)

***આત્માનમાત્મના વેત્તિ મોહત્યાગાદ્ય આત્મનિ ।***
***તદેવ તસ્ય ચારિત્રં તજ્જ્ઞાનં તચ્ચ દર્શનમ્ ॥૨॥***

જે યોગી મોહના ત્યાગ કરવાથી આત્માને વિષે આત્મા વડે કરી આત્માને જાણે છે, તે જ તેનું ચારિત્ર છે, તે જ જ્ઞાન છે અને તે જ દર્શન છે. (૨)

***આત્મજ્ઞાનભવં દુઃખ માત્મજ્ઞાનેન હન્યતે ।***
***તપસાપ્યાત્મવિજ્ઞાન હીનૈચ્છેતું ન શક્યતે ॥૩॥***

આત્માના અજ્ઞાન વડે પેદા થયેલું દુઃખ આત્મજ્ઞાન વડે નાશ પામે છે, જે દુઃખને આત્મવિજ્ઞાન વિનાના મનુષ્યો તપસ્યા વડે કરીને પણ છેદી શકતા નથી. (૩)

***અયમાત્મૈવઃ ચિદ્રૂપઃ શરીરી કર્મયોગતઃ ।***
***ધ્યાનાગ્નિદગ્ધકર્મા તુ સિધ્ધાત્મા સ્યાન્નિરંજનઃ ॥૪॥***

***અયમાત્મૈવ સંસારઃ કષાયેંદ્રિયાનિર્જિતઃ ।***
***તમેવ તદ્વિજેતારં મોક્ષમાહુર્મનીષિણઃ ॥૫॥***

કર્મના યોગ વડે આત્મા શરીરધારી કહેવાય છે તથા ધ્યાંનરૂપી અગ્નિ વડે કરીને કર્મોને બાળી નાંખે છે, ત્યારે નિરંજન સિધ્ધાત્મા થાય છે. (૪) કષાય તથા ઈન્દ્રિય વડે આત્મા જિતાઈ જાય છે ત્યારે તે જ આત્મા સંસારી કહેવાય છે અને જ્યારે તે કષાય અને ઈન્દ્રિયોને જીતનાર બને છે ત્યારે મહાજ્ઞાની પુરુષો તેને મોક્ષ કહે છે. (૫)

*સ્યુઃ કષાયાઃ ક્રોધમાન-માયાલોભાઃ શરીરિણાં ।*
*ચતુર્વિધાસ્તે પ્રત્યેકં ભેદૈઃ સંજવનાદિભિઃ ॥૬॥*

*પક્ષં સંજ્વલનઃ પ્રત્યાખ્યાનો માસ ચતુષ્ટયમ્ ।*
*અપ્રત્યાખ્યાનકો વર્ષ જન્માનંતાનુબંધકઃ ॥૭॥*

*વીતરાગયતિશ્રાદ્ધ સમ્યગ્દૃષ્ટિત્વઘાતકાઃ ।*
*તે દેવત્વમનુષ્યત્વ તિર્યક્ત્વનરક પ્રદાઃ ॥૮॥*

દેહધારી જીવોને ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકારના કષાયો હોય છે, તે ક્રોધાદિ સંજ્વલન, પ્રત્યાખ્યાની, અપ્રત્યાખ્યાની અને અનંતાનુબંધી એમ ચાર પ્રકારના છે. (તેના ૪x૪ = ૧૬ ભેદ થાય છેઃ (૬) તેમાં સંજવલન કષાયો એક પખવાડિયાની મર્યાદાવાળા છે. પ્રત્યાખ્યાની ચાર માસ, અપ્રત્યાખ્યાની એક વર્ષ અને અનંતાનુબંધી કષાયો યાવત્ જીવ સુધી રહે છે. (અનંતજન્મો સુધી અનંતાનુબંધી રહે છે) (૭) તે સંજવલનાદિ કષાયો અનુક્રમે વીતરાગપણાનો, યતિપણાનો, શ્રાવકપણાનો અને સમ્યક્દર્શનપણાનો નાશ કરે છે તેમજ સંજવલનાદિ કષાયો અનુક્રમે દેવગતિ, મનુષ્યગતિ, તિર્યંચગતિ અને નરકગતિ આપનારા છે. (૮)

*તત્રોપતાપકઃ ક્રોધઃ ક્રોધો વૈરસ્ય કારણં ।*
*દુર્ગતેર્વર્તની ક્રોધઃ ક્રોધઃ શમસુખાર્ગલા ॥૯॥*

*ઉત્પદ્યમાનઃ પ્રથમં દહત્યેવ સ્વમાશ્રય ।*
*ક્રોધ કૃશાનુવત્પશ્ચા દન્યં દહતિ વા ન વા ॥૧૦॥*

ક્રોધ શરીર તથા મનને ઉતાપ કરનાર છે, ક્રોધ વૈરનું કારણ છે. ક્રોધ

દુર્ગતિનો માર્ગ છે અને શમ સુખને રોકવાને અર્ગલા (ભોગળ) સરખો ક્રોધ છે. (૯) અગ્નિની માફક ઉત્પન્ન થતો ક્રોધ પહેલું તો પોતાનુ સ્થાન (આત્મગુણો) ને બાળે છે અને પછી અન્યને બાળે કે ન પણ બાળે. (૧૦)

*ક્રોધવહ્નેસ્તદહ્નાય શમનાય શુભાત્મભિઃ ।*
*શ્રયણીયા ક્ષમૈકૈવ સંયમારામસારણીઃ ॥૧૧॥*

ક્રોધરૂપ અગ્નિને તત્કાળ શાંત કરવા માટે ઉત્તમ મનુષ્યોએ સંયમરૂપી બગીચાને નવપલ્વિત કરનાર નીક સમાન એક ક્ષમાનો જ આશ્રય કરવો. એટલે કે ક્રોધને શાંત કરવા માટે એક ક્ષમા જ સમર્થ છે. (૧૧)

*વિનયશ્રુતશીલાનાં ત્રિવર્ગસ્ય ચ ઘાતકઃ ।*
*વિવેકલોચનં લુંપન માનોંડધકરણો નૃણાં ॥૧૨॥*

*જાતિલાભકુલૈશ્ચર્યબલરૂપતપઃ શ્રુતૈઃ ।*
*કુર્વન્ મદં પુનસ્તાનિ હિનાનિ લભતે જનઃ ॥૧૩॥*

*ઉત્સર્પયન્ દોષશાખા ગુણમૂલાન્યધોનયન્ ।*
*ઉન્મૂલનીયો માનદ્રુસ્તન્માર્દવ સરિત્પલવૈઃ ॥૧૪॥*

વિનય, શ્રુતજ્ઞાન, શીલ (આચાર)- આ ત્રણ વર્ગનો ઘાત કરનાર માન, વિવેકરૂપ નેત્ર ફોડી નાંખી મનુષ્યોને આંધળો કરે છે. (૧૨) જાતિ, લાભ, ઐશ્વર્ય, બલ, રૂપ, તપ અને શ્રુતનો મદ કરનાર માણસ ફરી ફરી તે તે વસ્તુની હીનતા પામે છે. (૧૩) માટે દોષરૂપી શાખાઓને વિસ્તારવા અને ગુણરૂપ મૂળોને નીચે લઈ જતા માનરૂપ વૃક્ષને નમ્રતા યા કોમળતારૂપ નદી (લઘુતાભાવ)ના પૂર વડે કરી મૂળથી ઉખેડી નાખવો. (૧૪)

*અસૂનૃતસ્ય જનની પરશુઃ શીલસાખિનઃ ।*
*જન્મભૂમિરવિદ્યાનાં માયા દુર્ગતિકારણમ્ ॥૧૫॥*

*કૌટિલ્ય પટવઃ પાપા માયયા બકવૃત્તયઃ ।*
*ભુવનં વંચયમાના વંચયંતે સ્વમેવહિં ॥૧૬॥*

*તદાર્જવ મહૌષધ્યા જગદાનંદહેતુના ।*
*જયેજ્જગદ્દ્રોહકરીં માયાં વિષધરીમિવ ॥૧૭॥*

માયા, કપટ-અસત્યને પેદા કરનારી, શીલરૂપ વૃક્ષને નાશ કરવા માટે ફરસી સમાન અવિદ્યાની જન્મભૂમિ સમાન અને દુર્ગતિમાં જવાના કારણ રૂપ છે. (૧૫) માયા વડે કરી બગલાની માફક આચરણ કરનારા અને કુટિલતામાં હોંશિયાર, પાપી મનુષ્યો જગતને ઠગતા, પોતે ઠગાઈ જાય છે. (૧૬) માટે જગતના જીવોને આનંદના હેતુરૂપ આર્જવતા-સરળતારૂપ મહા ઔષધ વડે જગતનો દ્રોહ કરનારી સર્પિણી સમાન માયાનો જય કરવો. (૧૭)

*આકરઃ સર્વદોષાણાં ગુણગ્રસનરાક્ષસઃ ।*
*કંદો વ્યસનવલ્લીનાં લોભઃ સર્વાર્થબાધકઃ ॥૧૮॥*

*ધનહીનઃ શતમેકં સહસ્ત્ર શતવાનપિ ।*
*સહસ્ત્રાધિપતિર્લક્ષ કોટિ લક્ષેશ્વરોપિ ચ ॥૧૯॥*

*કોટીશ્વરો નરેન્દ્રત્વં નરેન્દ્રશ્ચક્રવર્તિતાં ।*
*ચક્રવર્તી ચ દેવત્વં દેવોપીંદ્રત્વમિચ્છતિ ॥૨૦॥*

*ઈન્દ્રત્વેપિ હિ સંપ્રાપ્તે યદીચ્છા ન નિવર્ત્તતે ।*
*મૂલે લઘીયાંસ્તલ્લોભઃ શરાવ ઇવ વર્ધતે ॥૨૧॥*

*લોભ સાગરમુદ્વેલમતિવેલં મહામતિઃ ।*
*સંતોષસેતુ બંધેન પ્રસરંતં નિવારયેત્ ॥૨૨॥*

લોભ દુનિયાના સર્વ જાતના દોષોની ઉત્પત્તિની ખીણ સમાન છે. ઉત્તમગુણોનો નાશ કરવામાં, તેનું ગ્રસન કરવામાં રાક્ષસ તુલ્ય છે, દુઃખરૂપ વલ્લીઓના મૂળ સરખો છે અને ધર્મ કામાદિ પુરુષાર્થનો બાધ કરનાર લોભ જ છે. (૧૮) જેમકે ધનરહિત માણસ એકસો રૂપિયા નાણાંની ઇચ્છા કરે છે, સો વાળો હજારની, હજારવાળો લક્ષપતિ થવાની ઈચ્છા કરે છે અને લક્ષપતિવાળો કરોડની ઈચ્છા રાખે છે. (૧૯) કરોડવાળો રાજા થવાને ઈચ્છે છે, રાજા ચક્રવર્તી થવાને,

ચક્રવર્તી દેવથવાને અને દેવ ઈન્દ્ર થવાની ઈચ્છા કરે છે. (૨૦) ઈન્દ્રપણું પ્રાપ્ત થયા છતાં પણ ઈચ્છાની નિવૃત્તિ થતી નથી કારણ કે મૂળમાં શરાવ (રામપાતર) ની માફક લોભ નાનો છે પણ આગળ ચાલતા તે વૃદ્ધિ પામે છે. (૨૧) માટે વારંવાર મોટી ભરતીની માફક ફેલાતા લોભ સમુદ્રને મહાબુદ્ધિમાન યોગીએ સંતોષરૂપ પાળ બાંધીને તેને ફેલાવાનો વિરોધ કરવો. (૨૨)

*ક્ષાંત્યાક્રોધો, મૃદુત્વેન માનો માયાર્જવેન ચ ।*
*લોભશ્ચાનીહયા જેયાઃ કષાયા ઈતિ સંગ્રહઃ ॥૨૩॥*

ક્ષમા વડે ક્રોધનો, નમ્રતા વડે માનનો, સરળતાએ કરી માયાનો અને અનિચ્છાએ (સંતોષે) કરી લોભનો જય કરવો. આ પ્રમાણે સર્વ કષાયોને જીતવાનો સંગ્રહ (રસ્તો) બતાવ્યો. (૨૩)

*વિનેંદ્રિયજયં નૈવ કષાયાન્ જેતુમીશ્વરઃ ।*
*હન્યતે હૈમનં જાડયં ન વિના જ્વલિતાનલમ્ ॥૨૪॥*

*અદાંતરિંદ્રિયહયૈ—શ્ચલૈરપથગામિભિઃ ।*
*આકૃષ્ય નરકારણ્યે જંતુઃ સપદિ નીયતે ॥૨૫॥*

*ઈન્દ્રિયૈર્વિજિતો જંતુઃ કષાયૈરભિભૂયતે ।*
*વીરૈઃ કૃષ્ટેષ્ટકઃ પૂર્વં વપ્રઃ કૈઃ કૈર્ન ખંડયતે ॥૨૬॥*

*કુલઘાતાય પાતાય બંધાય ચ વધાય ચ ।*
*અનિર્જિતાનિ જાયંતે કરણાનિ શરીરિણામ્ ॥૨૭॥*

ઈન્દ્રિયોનો જય કર્યા સિવાય કષાયોને જીતવાને મનુષ્યો સમર્થ થતા નથી. કેમકે હેમંત ઋતુની ઠંડી જાજ્વલ્યમાન અગ્નિ સિવાય હણી શકાતી નથી. (૨૪) દમન નહીં કરેલા ચપળ અને ઉન્માર્ગે ચાલનારા ઈન્દ્રિયરૂપ ઘોડાઓ વડે ખેંચાઈને પ્રાણી તત્કાળ નરકરૂપ અરણ્યમાં જઈ પડે છે. (૨૫) એમ ઈન્દ્રિયો વડે જીતાયેલો પ્રાણી કષાયો વડે કરી પરાભવ પામે છે, કેમકે પહેલા વીરપુરુષે કિલ્લાની એક ઈંટ ખેંચી કાઢ્યા પછી તે કિલ્લાને કયા કયા માણસો ખંડિત નથી કરતા ? અર્થાત્ અલ્પ સત્ત્વવાળા પ્રાણીઓ પણ તે કિલ્લાને તોડી પાડે છે.

(૨૬) નહિ જીતેલી ઈન્દ્રિયો દેહધારીઓને (રાવણની માફક) કુળના નાશ માટે (સૌદાસની માફક) રાજ્યથી ભ્રષ્ટ કરવા માટે, (ચંડપ્રદ્યોતની માફક) બંધન માટે અને (પવનકેતુની માફક) વધને માટે થાય છે. (૨૭)

*વશાસ્પર્શસુખાસ્વાદ પ્રસારિતકરઃ કરી ।*
*આલાનબંધનક્લેશ-માસાદયતિ તત્ક્ષણાત્ ॥૨૮॥*

*પયસ્થગાધે વિચરન્ ગિલન્ ગલગતામિષમ્ ।*
*મનિકસ્ય કરે દીનો મીનઃ પતતિ નિશ્ચિતમ્ ॥૨૯॥*

*નિપતન્મત્તમાતંગ કપોલે ગંધ લોલુપઃ ।*
*કર્ણતાલ તલાઘાતાત્ મૃત્યુમાપ્નોતિ ષટ્પદઃ ॥૩૦॥*

*કનકચ્છેદસંકાશ શિખાલોકવિમોહિત ।*
*રભસેન પતન દીપે સલભો લભને મૃતિ ॥૩૧॥*

*હરિણો હરિણી ગીતિ માકર્ણયિતુમુધ્ધુરઃ ।*
*આકર્ણાકૃષ્ટચાપસ્ય યાતિ વ્યાધસ્ય વેધ્યતાં ॥૩૨॥*

*એવં વિષય અકૈકઃ પંચત્વાય નિષેવિતઃ ।*
*કથં હિ યુગપત્પંચ પંચત્વાય ભવંતિ ના ॥૩૩॥*

હાથણી સાથેના સ્પર્શ વિષય સુખના આસ્વાદ માટે સૂંઢને પ્રસારનાર હાથી આલાન સ્તંભ સાથે બંધનના ક્લેશને તત્કાળ પામે છે. (૨૮) ઊંડાપાણીમાં રહેવાવાળી માછલી જાળની સાથે બાંધેલા લોઢાના કાંટા ઉપર રહેલ માંસને (સ્વાદ) ભક્ષણ કરતો દીન થઈ માછીમારના હાથમાં સપડાય છે. (૨૯) મદોન્મત્ હાથીના કપોલ ઉપરની ગંધમાં આસક્ત થઈ કપોલ ઉપર બેસતા તેના કાનના ઝપાટાથી ભ્રમણ મરણ પામે છે. (૩૦) સુવર્ણના તેજ સરખા શિખાના પ્રકાશમાં મોહિત થયેલ પતંગીયું રસવૃત્તિથી દીવામાં પડીને મરણ પામે છે. (૩૧) મનોહર ગાયન સાંભળવામાં ઉત્સુક થયેલો હરણ, કાન પર્યંત ખેંચેલા વ્યાધના બાણથી મરણને શરણ થાય છે. (૩૨) આ પ્રમાણે એક એક ઈન્દ્રિય

દ્વારા સેવવામાં આવેલ વિષય વડે મરણ પામે છે, તો એકી સાથે પાંચે ઈન્દ્રિયોના વિષયોને સેવવામાં આવતાં મરણને માટે કેમ ન થાય ? અર્થાત્ થાય જ. (૩૩)

*તદિંદ્રિયજયં કુર્યાન્ મનઃશુદ્ધયા મહામતિઃ ।*
*યાં વિના યમનિયમૈઃ કાયક્લેશો વૃથા નૃણાં ॥૩૪॥*

માટે બુદ્ધિમાન મનુષ્યોએ મનની શુદ્ધિ કરીને ઈન્દ્રિયોનો જય કરવો. મનની શુદ્ધિ સિવાય મનુષ્યોને યમ નિયમો વડે કરી ફોગટ કાય ક્લેશ થાય છે. (૩૪)

*મનઃક્ષપાચરો-ભ્રામ્યન્નપશંકં નિરંકુશઃ ।*
*પ્રપાતયતિ સંસારા-વર્ત્તગર્તે જગત્રયી ॥૩૫॥*

*તથ્યમાનાંસ્તપો મુક્તૌ ગંતુકામાન્ શરીરિણીઃ ।*
*વાત્યેવ તરલં ચેતઃ ક્ષિપત્યન્યત્ર કુત્રચિત્ ॥૩૬॥*

*અનિરુદ્ધ મનસ્કઃ સન્ યોગશ્રધ્ધાં દધાતિ યઃ ।*
*પદ્દ્ભયાં જિગમિષુર્ગ્રામં સ પંગુરિવ હસ્યતે ॥૩૭॥*

*મનોરોધે નિરુધ્યતે કર્માણ્યપિ સમંતતઃ ।*
*અનિરુદ્ધ મનસ્કસ્ય પ્રસરંતિ હિ તાન્યપિ ॥૩૮॥*

*મનઃ કપિરયં વિશ્વપરિભ્રમણલંપટઃ ।*
*નિયંત્રણીયો યત્નેન મુક્તિ મિચ્છુભિત્મનઃ ॥૩૯॥*

નિશંક અને નિરંકુશપણે ભમતો આ મનસ્વી રાક્ષસ આવર્તવાળા સંસારરૂપ ખાડામાં ત્રણે જગતના જીવોને પાડે છે. (૩૫) વળી મોક્ષે જવાની ઈચ્છાથી કઠોર તપસ્યાવાળા મનુષ્યોને આ ચપળ મન પવનની માફક કોઈ જુદે જ ઠેકાણે રોકી દે છે. (૩૬) માટે મનને રોક્યા કે સ્વાધીન કર્યા સિવાય જે માણસ યોગી થવાનો નિશ્ચય રાખે છે તે જેમ પાંગળો માણસ પગ વડે ગ્રામાન્તર જવાની ઈચ્છા રાખતા હાંસી પાત્ર બને છે તેમ તે જગત જીવો હાંસી પાત્ર થાય છે. (૩૭) મનને રોકવાથી સર્વ બાજુથી આવતાં કર્મો પણ રોકાઈ જાય છે અને

જેણે મન રોક્યું નથી તેવા માણસને તે જ કર્મો વૃદ્ધિ પામે છે. (૩૮) માટે કર્મોથી પોતાની મુક્તિ મેળવવાના ઈચ્છક મનુષ્યોએ વિશ્વમાં પરિભ્રમણ કરવામાં લંપટ આ મનરૂપ વાંદરાને પ્રયત્નથી રોકી રાખવો. (૩૯)

***દીપિકા ખલ્વનિર્વાણા નિર્વાણપથદર્શિની ।***
***એકૈવ મનસઃ શુદ્ધિઃ સમામ્નતા મનિષિભિઃ ॥૪૦॥***

***સત્યાં હિ મનસઃ શુદ્ધૌ સત્યસંતોઽપિ યદ્‌ગુણાઃ ।***
***સંતોઽપ્યસત્યાંનો સંતિસૈવ કાર્યા બુધૈસ્તતઃ ॥૪૧॥***

***મનઃ શુદ્ધિમબિભ્રાણા યે તપસ્યંતિ મુક્તયે ।***
***ત્યક્ત્વા નાવં ભુજાભ્યાં તે તિતીર્ષંતિ મહાર્ણવં ॥૪૨॥***

***તપસ્વિનો મનઃશુદ્ધિ વિના ભૂતસ્ય સર્વથા ।***
***ધ્યાન ખલુ મુધા-ચક્ષુ-ર્વિકલસ્યેવ દર્પણઃ ॥૪૩॥***

***તથાવસ્યં મનઃશુદ્ધિઃ કર્તવ્યા સિદ્ધિમિચ્છતા ।***
***તપઃ શ્રુતયમપ્રાયૈઃ કિમન્યૈઃ કાયદંડનૈઃ ॥૪૪॥***

***મનઃ શુદ્ધયેવ કર્તવ્યો રાગદ્વેષ વિનિર્જયઃ ।***
***કાલુષ્યં યેન હિત્વાત્મા સ્વસ્વરુપેઽવતિષ્ઠતે ॥૪૫॥***

જ્ઞાનીપુરુષોએ એક મન શુદ્ધિને જ મોક્ષમાર્ગ દેખાડનારી અને નહિ બુઝાય તેવી દીપિકા કહેલી છે. (૪૦) જો મનશુદ્ધિ વિદ્યમાન હોય તો અવિદ્યમાન ગુણો પણ આવી મળે છે અને ગુણો વિદ્યમાન હોય છતાં જો મનશુદ્ધિ ન હોય તો તે ગુણો છે જ નહિ, (અર્થાત્ તે ગુણો ચાલ્યા જવાના) માટે વિદ્વાનોએ મનશુદ્ધિ અવશ્ય કરવી. (૪૧) મનશુદ્ધિને ધારણ કર્યા સિવાય જેઓ મોક્ષ મેળવવા માટે તપશ્ચર્યા કરે છે તેઓ પોતાને મળેલી નાવનો ત્યાગ કરીને ભુજાઓ વડે કરી મહાન સમુદ્રને તરવાને ઈચ્છે છે. (૪૨) આંધળા માણસને જેમ દર્પણ દેખાડવું નિરર્થક છે, તેમ મનની થોડી પણ શુદ્ધિ થયા સિવાયનું તપસ્વીઓનું ધ્યાન નિરર્થક છે. (૪૩) માટે મોક્ષની ઈચ્છા રાખનારાઓએ

અવશ્ય મનની શુદ્ધિ કરવી જોઈએ. તે શુદ્ધિ સિવાય બીજા તપ, શ્રુત અને યમાદિથી કરી કાયાને દંડવે કરી શું સાધ્ય થવાનું છે ? અર્થાત્ મનશુદ્ધિ સિવાય તે કેવળ સંસાર વધવાના કારણ સરખાં છે. (૪૪) મનશુદ્ધિ માટે રાગદ્વેષનો જય કરવો, કે જેથી આત્મા મલિનતાનો ત્યાગ કરી સ્વસ્વરૂપમાં રહી શકે. (૪૫)

*આત્મયત્તમપિ સ્વાંતં કુર્વાતામત્ર યોગિનાં ।*
*રાગાદિભિઃ સમાક્રમ્ય પરાયત્ત્ વિધીયતે ।।૪૬।।*

*રક્ષ્યમાણમપિ સ્વાંતં સમાદાય મનાગ્મિષં ।*
*પિશાચા ઈવ રાગાદ્યાશ્છલયંતિ મુહુર્મુહુઃ ।।૪૭।।*

*રાગાદિતિમિરિધ્વસ્ત-જ્ઞાનેન મનસા જનઃ ।*
*અંધેનાંધ ઈવાકૃષ્ટઃ પાત્યતે નરકાવટે ।।૪૮।।*

આત્માને આધીન કરતાં યોગીઓના મનને પણ રાગ દ્વેષ મોહાદિ રક્ત દ્વિષ્ટ અને મૂઢતા વડે દબાવી દઈ તેને પરાધિન કરી દે છે. (૪૬) યમનિયમાદિકે કરી તેનું રક્ષણ કરતાં છતાં પણ કાંઈક બહાનું કાઢીને પિશાચની માફક રાગદ્વેષાદિ તેને વારંવાર છળી (છેતરી) લે છે. (૪૭) રાગદ્વેષાદિ અંધકાર વડે જ્ઞાન આલોકનો (જ્ઞાનપ્રકાશનો) નાશ કરનાર મન જેમ આંધળો આંધળાને ખેંચીને ખાડામાં નાંખે છે તેમ મનુષ્યોને નરકરૂપ ખાડામાં પાડે છે. (૪૮)

*અસ્તતદ્રૈરતઃ પુંભિ ર્નિર્વાણપદકાંક્ષિભિઃ ।*
*વિધાતવ્યઃ સમત્વેન રાગદ્વેષદ્વિષજ્જયઃ ।।૪૯।।*

*અમંદાનંદજનને સામ્યવારિણિ મજ્જતાં ।*
*જાયતે સહસા પુંસા રાગદ્વેષમલક્ષયઃ ।।૫૦।।*

*પ્રણિહંતિ ક્ષણાર્ધેન સામ્યમાલંબ્ય કર્મ તત્ ।*
*યન્ન હન્યાન્નરસ્તીવ્ર-તપસા જન્મકોટિભિઃ ।।૫૧।।*

*કર્મ જીવં ચ સશ્લિષ્ટં પરિજ્ઞાત્મનિશ્ચયઃ ।*
*વિભિન્નીકુરુતે સાધુઃ સામાયિકશલાકયા ।।૫૨।।*

માટે નિર્વાણપદના ઈચ્છક પુરુષોએ સાવધાન થઈ સમભાવરૂપ શસ્ત્ર વડે

રાગ-દ્વેષરૂપ શત્રુનો વિજય કરવો. (૪૯) તીવ્ર યા મહાન આનંદ ઉત્પન્ન કરવા માટે સમભાવરૂપ પાણીમાં સ્નાન કરનાર પુરુષોને અકસ્માત્ રાગદ્વેષરૂપ મળનો ક્ષય થાય છે. (૫૦) સમભાવનું અવલંબન કરીને એક મુહૂર્તમાં પ્રાણીઓ જે કર્મોનો નાશ કરે છે તે કર્મોનો સમભાવ વિના તીવ્ર તપસ્યાવાળા કરોડો વર્ષો વડે કરીને પણ નાશ કરી શકતાં નથી. (૫૧) જેમ ચિકણી વસ્તુથી જોડાયેલું પત્રાદિ વાંસ પ્રમુખની સળી વડે જુદું કરી શકાય છે તેવી રીતે કર્મ અને જીવ આપસમાં જોડાયેલાં છે તેવો નિર્ણય કરીને સાધુઓ સમભાવરૂપ શલાકા વડે કરી કર્મ અને જીવને જુદા કરે છે. (૫૨)

***રાગાદિધ્વાતવિધ્વંસે કૃતે સામાયિકાંશુના ।***
***સ્વસ્મિન્ સ્વરૂપં પશ્યંતિ યોગિનઃ પરમાત્મનઃ ॥૫૩॥***

***સ્નિહયંતિ જંતવો નિત્યં વૈરિણોપિ પરસ્પરમ્ ।***
***અપિ સ્વાર્થકૃતે સામ્ય-ભાજઃ સાધોઃ પ્રભાવતઃ ॥૫૪॥***

સમભાવરૂપ સૂર્ય વડે રાગાદિ અંધકારનો નાશ કર્યે છતે યોગીઓ પોતાને વિષે પરમાત્માનું સ્વરૂપ જુએ છે (૫૩) પોતાના સ્વાર્થને માટે પણ સમભાવનું સેવન કરતા સાધુઓના પ્રભાવથી નિત્ય વેર ધારણ કરનારા પ્રાણીઓ પણ આપસમાં સ્નેહભાવ ધારણ કરે છે. આ સર્વ સમભાવનો જ પ્રભાવ છે. (૫૪)

માટે હે ભવ્યો ! જેના હોવાથી જ્ઞાનાદિ રત્નત્રય સફળ છે અને જેના અભાવે નિષ્ફળ છે, તે સામ્યતાનો આશ્રય કરો. (૫૪)

***સામ્યં સ્યાન્નિર્મમત્વેન તત્કૃતે ભાવનાઃ શ્રયેત્ ।***
***અનિત્યતામશરણ ભવમેકત્વમન્યતાં ॥૫૫॥***

***અશૌચમાશ્રવવિધિં સંવરં કર્મનિર્જરાં ।***
***ધર્મસ્વાખ્યાતતાં લોક દ્વાદશી બોધિભાવનાં ॥૫૬॥***

સામ્યપણું-સમભાવ-નિર્મમત્વ વડે કરી થાય છે અને તે નિર્મમત્વતા માટે ભાવનાનો આશ્રય કરવો. ભાવનાઓ બાર છે તે અનુક્રમે બતાવે છે. ૧.

અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ (૫૫) ૬. અશુચિ, ૭. આશ્રવ, ૮. સંવર ૯. કર્મ નિર્જરા, ૧૦. ધર્મ સુસ્વાખ્યાત, ૧૧. લોક અને ૧૨ બોધિભાવના (૫૬)

આ ભાવનાઓનું સ્વરૂપ ઘણીવાર વિસ્તારથી આરાધના શિબિરમાં તથા સ્વાધ્યાયમાં કરેલ હોવાથી અહીંયા તેનું વર્ણન કરેલ નથી. (ગાથા ૫૭ થી ૧૧૦)

**સમભાવનું ફળ :**

***વિષયેભ્યો વિરક્તાનાં સામ્યવાસિત ચેતસામ્ ।***
***ઉપશામ્યેત્ કષાયાગ્નિ બોધિદીપઃ સમુન્મિલેત્ ॥૧૧૧॥***

***સમત્વમવલંબ્યાથ ધ્યાનં યોગી સમાશ્રયેત્ ।***
***વિના સમત્વમારબ્ધે ધ્યાને સ્વાત્મા વિડંબ્યતે ॥૧૧૨॥***

***મોક્ષઃ કર્મક્ષયાદેવ સં ચાત્મજ્ઞાનતો ભવેત્ ।***
***ધ્યાન સાધ્યં મતં તચ્ચ તદ્ધ્યાનં હિતમાત્મનઃ ॥૧૧૩॥***

***ન સામ્યે-ન વિના ધ્યાનં ન ધ્યાનેન વિના ચ તત્ ।***
***નિષ્કમ્પં જાયતે તસ્માદ્ દ્વયમન્યોઽન્યકારણમ્ ॥૧૧૪॥***

વિષયોથી વિરામ પામેલા અને સમભાવથી વાસિત ચિત્તવાળા મનુષ્યોનો કષાય અગ્નિ ઉપશમી જાય છે અને સમ્યક્ત્વ દીપ પ્રદીપ્ત થાય છે. (૧૧૧) સમત્વનું અવલંબન કરીને યોગીઓએ ધ્યાનનો આશ્રય કરવો. (ધ્યાન કરવું) સમભાવ સિવાય ધ્યાનનો પ્રારંભ કરવામાં આવે તો ધ્યાનમાં પ્રવેશ ન થતાં આત્મા વિડંબના પામે છે. (૧૧૨) કર્મક્ષયથી જ મોક્ષ થાય છે, તે કર્મક્ષય આત્મજ્ઞાનથી થાય છે, તે આત્મજ્ઞાન ધ્યાનથી સાધ્ય થાય છે, માટે તે ધ્યાન જ આત્માને હિતકારી માનેલું છે (૧૧૩) સામ્યતા સિવાય ધ્યાન હોતું નથી અને ધ્યાન સિવાય નિષ્કંપ (સ્થિર/મજબૂત) સામ્યતા આવતી નથી માટે તે બેઉ અન્યોઅન્ય હેતુરૂપ છે. (૧૧૪)

ધ્યાનનું સ્વરૂપ :

*મુહૂર્તાંતર્મનઃ સ્થૈર્યં ધ્યાન છદ્મસ્થયોગિનામ્ ।*
*ધર્મ્યં શુક્લં ચ તદ્ દ્વેધા યોગરોધસ્ત્વયોગિનામ્ ॥૧૧૫॥*

*મુહૂર્તાત્પરતશ્ચિંતાં યદ્વા ધ્યાનાંતરં ભવેત્ ।*
*બહ્વર્થસંક્રમે તુ સ્યા-દીર્ધાપિ ધ્યાનસંતતિઃ ॥૧૧૬॥*

*મૈત્રીપ્રમોદકારુણ્યમાધ્યસ્થાનિ નિયોજયેત્ ।*
*ધર્મધ્યાનમુપસ્કર્તું તદ્ધિ તસ્ય રસાયનમ્ ॥૧૧૭॥*

એક આલંબનમાં અંતમુર્હૂત પર્યંત મનની સ્થિરતા તે છદ્મસ્થ યોગીઓનું ધ્યાન કહેવાય છે. તે ધર્મધ્યાન અને શુકલધ્યાન એમ બે પ્રકારનું છે અને યોગમાં નિરોધરૂપ ધ્યાન અયોગીઓને (૧૪મા ગુણસ્થાનકવાળાને) હોય છે (૧૧૫) એક મુર્હૂત ધ્યાનમાં જવા પછી ધ્યાન સંબંધી ચિંતા હોય, અથવા આલંબનના ભેદથી બીજું ધ્યાનાંતર હોય એમ ઘણા અર્થમાં પ્રવેશ કરવાથી એટલે અંતમૂર્હૂત રહી વળી ત્રીજુ આલંબન લીધું એવી રીતે લાંબા વખત સુધી પણ ધ્યાનની સંતતિ હોય છે. (૧૧૬) ત્રુટેલા ધ્યાનને ફરી ધ્યાનાંતરની સાથે જોડવા માટે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થતા – આ ચાર ભાવનાઓ આત્માની સાથે પ્રયોજવી, કેમ કે આ ભાવનાઓ ધ્યાનને રસાયણની માફક પુષ્ટ કરનારી છે. (૧૧૭)

મૈત્રી આદિ ભાવનાઓ :

*મા કાર્ષીત્કોઽપિ પાપાનિ મા ચ ભૂત્કોપિ દુઃખિતઃ ।*
*મુચ્યતાં જગદપ્યેષાં મતિર્મૈત્રી નિગદ્યતે ॥૧૧૮॥*

*અપાસ્તાશેષદોષાણાં વસ્તુતત્ત્વાવલોકિનામ્ ।*
*ગુણેષુ પક્ષપાતો યઃ સ પ્રમોદઃ પ્રકીર્તિતઃ ॥૧૧૯॥*

*દીનેષ્વાર્ત્તેષુ ભીતેષુ યાચમાનેષુ જીવિતમ્ ।*
*પતીકારપરા બુદ્ધિઃ કારુણ્યમભિધીયતે ॥૧૨૦॥*

*ક્રૂરકર્મસુ નિઃશંકં દેવતાગુરુનિંદિષુ ।*
*આત્મશંસિષુ યોપેક્ષા તન્માધ્યાસ્થમુદીરિતમ્ ॥૧૨૧॥*

*આત્માનં ભાવયન્નાભિ-ર્ભાવનાભિર્મહામતિઃ ।*
*ત્રુટિતામપિ સંધત્તે વિશુધ્ધાં ધ્યાન સંતતિમ્ ॥૧૨૨॥*

કોઈપણ જીવો પાપ ન કરો, કોઈપણ દુઃખી ન થાઓ અને આ જગતના સર્વ જીવો પણ કર્મથી મુક્ત થાઓ આ પ્રકારની ભાવના બુદ્ધિ તે મૈત્રી કહેવાય છે. (૧૧૮) જીવહિંસાદિ સમગ્ર દોષોને દૂર કરનારા અને યથાસ્થિત વસ્તુતત્વને જોવાવાળા, ગુણો પ્રત્યે પક્ષપાતવાળા તેને પ્રમોદભાવના કહેલ છે. (૧૧૯) દીન, આર્ત, તૃષ્ણારૂપ અગ્નિ વડે કરી બળતા પ્રાણ ત્રાણ માટે યાચના કરતા જીવોને તે તે દુઃખોમાંથી મુક્ત કરવા માટે મદદ કરવી તે કરુણાભાવના કહેવાય છે. (૧૨૦) ક્રૂર કર્મ કરવાવાળા, નિઃશંકપણે દેવગુરુની નિંદા કરનારા અને સદોષ છતાં પણ પોતાની પ્રશંસા કવાવાળા જીવોની ઉપેક્ષા કરવી તેને માધ્યસ્થ ભાવના કહે છે. (૧૨૧) આ ભાવનાઓ વડે પોતાના આત્માને ભાવિત કરતાં- વાસિત કરતાં- મહાબુદ્ધિમાન જીવો ત્રુટેલી વિશુદ્ધ ધ્યાનની સંતતિને પાછી સજીવન કરે છે. (૧૨૨)

*તીર્થં વા સ્વસ્થતાહેતું યત્તદ્વા ધ્યાન સિધ્ધયે ।*
*કૃતાસનજ્યો યોગિ વિવિક્તં સ્થાનમાશ્રયેત્ ॥૧૨૩॥*

આસનનો જય કરવાવાળા યોગીએ ધ્યાનની સિદ્ધિ માટે તીર્થમાં (તીર્થંકરોના જન્મ, દિક્ષા, કેવળ અને નિર્વાણ ભૂમિકામાં) જવું જોઈએ. તેના અભાવે સ્વસ્થતા હેતુભૂત સારા એકાંત સ્થળનો આશ્રય કરવો. (૧૨૩)

ધ્યાન માટેના આસનો : પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, પદ્માસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગૌદોહિકાસન અને કાયોત્સર્ગાસન વગેરે આસનો કહેલા છે. આમાંથી જેને જે અનુકુળ આવે તે આસન કરી ધ્યાન કરી શકે છે. (૧૨૪ થી ૧૩૩)

*જાયતે યેન યે તેહ વિહિતેન સ્થિરં મનઃ ।*
*તત્તદેવ વિધાતવ્ય-માસનં ધ્યાનસાધનમ્ ॥૧૩૪॥*

જે આસન કરવાથી મન સ્થિર થાય, ધ્યાનના સાધનભૂત તે તે આસનો જ કરવા, અહીં અમુક આસન જ કરવું જોઈએ તેવો આગ્રહ નથી. સુખપૂર્વક લાંબો કાળ ચિત્ત સમાધિમાં બેસી શકાય તે આસન કરવા લાયક છે. આ સર્વ આસનોમાંથી તેવું પોતાને યોગ્ય કોઈપણ આસન કરવું. (૧૩૪)

*સુખાસનસમાસીનઃ સુશ્લિષ્ટાધરપલ્લવઃ ।*
*નાસાગ્રન્યસ્તદગ્દ્વંદ્વો દંતેર્દંતાનસંસ્પૃશન્ ॥૧૩૫॥*

*પ્રસન્નવદનઃ પૂર્વાભિમુખો વાપ્યુદઙ્મુખઃ ।*
*અપ્રમત્તઃ સુસંસ્થાનો ધ્યાતા ધ્યાનોદ્યતો ભવેત્ ॥૧૩૬॥*

લાંબા વખત સુધી સુખે બેસી શકાય તેવા આસને બેસી, પવન બહાર ન જાય તેવી રીતે સામાન્યપણે બન્ને હોઠો બંધ કરી, નાસિકાના અગ્રભાગ ઉપર બન્ને દૃષ્ટિ સ્થાપન કરી, ઉપરના દાંતોની સાથે નીચેના દાંતનો સ્પર્શ ન થાય તેવી રીતે દાંતોને રાખી. (૧૩૫) પ્રસન્ન વદન કરી પૂર્વ સન્મુખ યા ઉત્તર સન્મુખ બેસી અથવા જિનેશ્વરની પ્રતિમા સન્મુખ બેસી અપ્રમત અને શરીરને સરલ યા મેરૂદંડને અક્કડ રાખી ધ્યાતાએ ધ્યાન કરવા માટે ઉદ્યમવાન થવું. (૧૩૬)

## દ્વાદશ પ્રકાશ : અનુભવ પ્રકરણ

*શ્રુતસિંધોર્ગુરુમુખતો યદધિગતં તદિહ દર્શિત સમ્યક્ ।*
*અનુભવ સિદ્ધિમિદાનીં પ્રકાશ્યતે તત્ત્વમિદમમલં ॥૧॥*

સિદ્ધાંતરૂપ સમુદ્રથી અને ગુરુમુખથી યોગ સંબંધી જે કાંઈ મેં જાણ્યું હતું તે અહીં યથાર્થરૂપે દર્શાવ્યું છે. હવે મને પોતાને યોગ સંબંધી છે કાંઈ અનુભવ સિદ્ધ થયું છે તે, નિર્મળ તત્ત્વને પ્રકાશિત કરું છું. (૧)

મનના પ્રકાર :

*ઈહ વિક્ષિપ્ત યાતાયાતં શ્લિષ્ટ તથા સુલીનં ચ ।*
*ચેતશ્ચતુઃ પ્રકારં તજ્જ્ઞ ચમત્કારકારિ ભવેત્ ॥૨॥*

વિક્ષિપ્ત, યાતાયાત, શ્લિષ્ટ અને સુલીન એમ ચાર પ્રકારવાળું ચિત્ત તે તેના જાણનારના ચિત્તને ચમત્કાર કરનારું છે. (૨)

*વિક્ષિપ્ત ચલમિષ્ટં યાતાયાત ચ કિમપિ સાનંદમ્ ।*
*પ્રથમાભ્યાસે દ્રયમપિ વિકલ્પવિષયગ્રહં તત્સ્યાત્ ॥૩॥*

જ્યાં ત્યાં ભમતું અસ્થિર મન વિક્ષિપ્ત કહેવા યોગ્ય છે. બાહ્યવિષયોમાં જતુ અને કંઈક અંશે આત્મામાં સ્થિર થતું, કંઈક આનંદયુક્ત મન (ચિત્ત) યાતાયાત કહેવાય છે. તેમાં જેટલે અંશે આત્મામાં સ્થિર થાય છે તેટલે અંશે આનંદસહિત હોય છે. બંને પ્રકારના મન પ્રથમ અભ્યાસીને હોય છે અને વિકલ્પપૂર્વક બાહ્ય વિષયને ગ્રહણ કરે છે. (૩)

*શ્લિષ્ટં સ્થિરરસાનંદં સુલિનમતિનિશ્ચલં પરમાનંદમ્ ।*
*તન્માત્રકવિષયગ્રહમુભયમપિ બુધૈસ્તદામ્નાતમ્ ॥૪॥*

શ્લિષ્ટ નામની મનની ત્રીજી અવસ્થા, સ્થિરતા અને આનંદવાળી છે. સુલિન નામની ચોથી અવસ્થા નિશ્ચલ અને પરમાનંદવાળી છે. જેવા નામ છે તેવાં જ તેના ગુણો છે અને તે જ તે બેઉ મનને ગ્રહણ કરવાનો વિષય છે એમ જ્ઞાનીપુરુષોએ કહ્યું છે. (૪)

જેટલી મનની સ્થિરતા વધારે તેટલો આનંદ વધારે મળે છે ચોથી અવસ્થાનો આનંદ અલૌકિક હોય છે.

*એવં ક્રમશો ડભ્યાસવેશાદ્ધ્યાનં ભજેન્નિરાલંબમ્ ।*
*સમરસભાવં યાતઃ પરમાનંદ તતોનુભવેત્ ॥૫॥*

આ પ્રમાણે મનને ઉચ્ચતા પ્રાપ્ત કરવાના ક્રમે, અભ્યાસની પ્રબળતાથી નિરાલંબન ધ્યાન કરે તેથી સમરસભાવ પામી પરમાનંદપણાને અનુભવે. (૫)

*બાહ્યાત્માનપાસ્ય પ્રસક્તિભાજાંતરાત્મના યોગી ।*
*સતત પરમાત્માનં વિચિંતયેત્તન્મયત્વાય ॥૬॥*

આત્મસુખના પ્રેમી યોગીએ અંતરાત્મા વડે બાહ્યાત્મભાવને દૂર કરી, તન્મય થવા માટે નિરંતર પરમાત્મભાવનું ચિંતન કરવું. (૬)

*આત્મધિયા સમુપાત્તઃ કાયાદિઃ કીર્ત્યતેઽત્રબહિરાત્મા ।*
*કાયાદેઃ સમધિષ્ઠાયકો ભવત્યંતરાત્મા તુ ॥૭॥*

શરીરાદિકને આત્મબુદ્ધિએ ગ્રહણ કરનારને અહીં બહિરાત્મા કહીએ છીએ, શરીરાદિકનો અધિષ્ઠાતા (દ્રષ્ટા) તે અંતરાત્મા કહેવાય છે. (૭)

શરીર, સ્વજન, ધન, કુટુંબ, સ્ત્રી પુત્રાદિને પોતાના માનનાર અને તેના સંયોગ વિયોગથી સુખી દુઃખી થનાર એ બહિરાત્મા છે.

શરીર અને સ્વજનાદિનો હું દૃષ્ટા છું. બાહ્ય સંયોગો સંયોગજન્ય છે તથા મારાથી પર છે. શુભાશુભ કર્મ વિપાકજન્ય આ સંયોગ વિયોગ છે. એમ જાણી સંયોગ વિયોગમાં હર્ષ નહીં કરતાં દૃષ્ટા તરીકે રહ્યા કરે તે અંતરાત્મા છે. (૭)

*ચિદ્રુપાનંદમયો નિઃશેષોપાધિવર્જિતઃ શુદ્ધઃ ।*
*અત્યક્ષોઽનંતગુણઃ પરમાત્મા કીર્તિતસ્તજજ્ઞૈઃ ॥૮॥*

જ્ઞાનસ્વરૂપ, આનંદમય, સમગ્ર ઉપાધિ વર્જિત શુદ્ધ, ઈન્દ્રિય અગોચર અને અનંત ગુણવાનને તેના જાણનાર જ્ઞાનીઓએ પરમાત્મા કહ્યો છે. (૮)

*પૃથગાત્માનં કાયાત્પૃથકઃ ય વિદ્યાત્સહાત્મનઃ કાયં ।*
*ઉભયોર્ભેદજ્ઞાતાઽત્મનિશ્ચયે ન સ્ખલેદ્ યોગી ॥૯॥*

આત્માને શરીરથી જુદો જાણવો અને શરીરને આત્માથી જુદુ જાણવું. આમ આત્મા અને દેહના ભેદના જાણનાર યોગી આત્મ નિશ્ચય કરવામાં, આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં, સ્ખલના પામતો નથી.

*અંતઃપિહિત જ્યોતિઃ સંતુષ્યત્યાત્મનોઽન્યતો મૂઢઃ ।*
*તુષ્યત્યાત્મન્યેવ હિ બહિર્નિવૃત્તભ્રમો યોગી ॥૧૦॥*

જેની આત્મજ્યોતિ કર્મોની અંદર દબાઈ ગઈ છે, તેવા મૂઢ જીવો આત્માની બીજી બાજુ અર્થાત્ પુદ્ગલમાં સંતોષ પામે છે ત્યારે બહિરભાવમાં સુખની ભ્રાંતિની નિવૃત્તિ પામેલા યોગીઓ આત્માને વિષે જ સંતોષ પામે છે. (૧૦)

*પુંસામયત્નલભ્યં જ્ઞાનવતામવ્યયં પદં નૂનં ।*
*યદ્યાત્મન્યાત્મજ્ઞાનમાત્રમેતે સમીહતે ॥૧૧॥*

જો આત્માને વિષે માત્ર આત્મજ્ઞાનને જ (સાધકો) ઈચ્છતા હોય-રાખતા હોય તો હું નિશ્ચે કરીને કહું છું કે જ્ઞાનીપુરુષોને પ્રયત્ન સિવાય મોક્ષફળ મળી શકે. (૧૧)

*શ્રયતે સુવર્ણભાવં સિદ્ધરસસ્ય સ્પૃશતો યથા લોહં ।*
*આત્મધ્યાનાદાત્મા પરમાત્મત્વં તથાપ્નોતિ ॥૧૨॥*

જેમ સિદ્ધ થયેલા રસના સ્પર્શ થવાથી લોઢું સુવર્ણ ભાવને પામે છે. તેમ આત્મધ્યાનથી આત્મા પરમાત્મપણાને પામે છે. (૧૨)

*જન્માંતરસંસ્કારાત્સ્વયમેવ કિવ પ્રકાશતે તત્ત્વં ।*
*સુપ્તોત્થિતસ્ય પૂર્વં પ્રત્યયવન્નિરુપદેશમપિ ॥૧૩॥*

જેમ નિંદ્રામાંથી ઊઠેલા માણસને પૂર્વે-સૂતા પહેલા-અનુભવેલા કાર્યો ઉપદેશ વિના પણ યાદ આવે છે, તેમ જન્માંતરના સંસ્કારવાળા યોગીને કોઈના ઉપદેશ સિવાય પોતાની મેળે જ નિશ્ચે તત્ત્વજ્ઞાન પ્રકાશિત થાય છે. (૧૩)

*અથવાગુરુપ્રસાદાદિહૈવ તત્ત્વં સમુન્મિષતિ નૂનં ।*
*ગુરુચરણોપાસ્તિકૃતઃ પ્રશમજુષઃ શુદ્ધચિતસ્ય ॥૧૪॥*

અથવા જન્માંતરના સંસ્કાર સિવાય પણ ગુરુના ચરણની સેવા કરવાવાળા, શાંત રસ સેવનારા અને શુદ્ધ મનવાળા યોગીને ગુરુના પ્રસાદથી આજ ભવમાં નિશ્ચે કરી આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. (૧૪)

*તત્રપ્રથમે તત્વજ્ઞાને સંવાદકો ગુરુર્ભવતિ ।*
*દર્શયિતા ત્વપરસ્મિન્ ગુરુમેવ સદા ભજેતસ્માત્ ॥૧૫॥*

પૂર્વ જન્મમાં પ્રથમ આત્મજ્ઞાન પ્રાપ્તિમાં ઉપદેશદાતા ગુરુ હોય છે અને

બીજા ભવોમાં પણ તત્ત્વજ્ઞાન દેખાડનારા ગુરુ છે. આ કારણથી તત્ત્વજ્ઞાન માટે ગુરુની જ નિરંતર સેવા કરવી - આશ્રયભક્તિ કરવી - આજ્ઞા પ્રમાણે ચાલવું (૧૫)

***યદ્વત્સહસ્ત્રકિરણઃ પ્રકાશકો નિચિતતિમિરમગ્નસ્ય ।***
***તદ્વદ્ગુરુરત્ર ભવેદજ્ઞાન ધ્વાંતપતિતસ્ય ॥૧૬॥***

જેમ નિબિડ અંધકારમાં પડેલા પદાર્થોનો પ્રકાશક સૂર્ય છે, તેમ અજ્ઞાનરૂપ અંધકારમાં પડેલા જીવોને આ ભવમાં તત્ત્વોપદેશરૂપ સૂર્ય વડે કરી જ્ઞાનમાર્ગ દેખાડનાર ગુરુ છે. (૧૬)

***પ્રાણાયામ પ્રભૃતિક્લેશ પરિત્યાગતસ્તતો યોગી ।***
***ઉપદેશ પ્રાપ્ય ગુરોરાત્માભ્યાશે રતિં કુર્યાત્ ॥૧૭॥***

માટે પ્રાણાયામાદિ કલેશનો ત્યાગ કરી, ગુરુનો ઉપદેશ પામી, યોગીએ આત્મઅભ્યાસમાં પ્રીતિ કરવી. (૧૭)

***વચનમનઃકાયાનાં ક્ષોભં યત્નેન વર્જયેચ્છાંતં ।***
***રસભાંડમિવાડડત્માનં સુનિશ્ચલં ધારયેન્નિત્યં ॥૧૮॥***

યોગીએ મન, વચન અને કાયાની ચંચળતાનો ઘણા પ્રયત્નપૂર્વક ત્યાગ કરવો અને રસના ભરેલા વાસણની માફક આત્માને શાંત તથા નિશ્ચલ ઘણો વખત ધારી રાખવો. (૧૮)

મન, વચન, શરીરને જરા પણ ક્ષોભ ન થાય એ માટે બહુ જ પ્રયત્ન કરવો. કેમકે મન, વચન અને શરીર આધારરૂપ છે અને આત્મા તેમાં આધેયરૂપ રહેલો છે. આધારની અસ્થિરતાની અસર આધેય ઉપર થાય છે. માટે આત્માને નિશ્ચલ ધારી રાખવો અને મન વચન અને શરીરમાં ક્ષોભ ન થાય તે માટે એકાગ્રતા અવશ્ય કરવી જોઈએ.

**ઉદાસીનતા :**

***ઔદાસીન્યપરાયણવૃત્તિઃ કિંચિદપિ ચિંતયેન્નૈવ ।***
***યત્સંકલ્પાંકલિપ્તં ચિત્તં નાસાદયેત્સ્થૈર્યં ॥૧૯॥***

વળી ઉદાસીનતામય વૃત્તિઓએ કરી, કાંઈપણ વિચારવું - ચિંતવવું નહિ, કેમકે સંકલ્પરૂપ ચિહ્નથી લેપાયેલું, અર્થાત્ વિકલ્પવાળુ મન સ્થિરતા પામતું નથી. (૧૯)

*યાવત્ પ્રયત્નલેશો યાવત્સંકલ્પકલ્પના કાપિ ।*
*તાવન્ન લયસ્યાપિ પ્રાપ્તિસ્તત્ત્વસ્ય કા કથા ॥૨૦॥*

જ્યાં સુધી મન, વચન, શરીરનો લેશ માત્ર પણ પ્રયત્ન છે અને જ્યાં સુધી કાંઈપણ સંકલ્પવાળી કલ્પના છે, ત્યાં સુધી લયની પણ પ્રાપ્તિ થતી નથી તો તત્ત્વજ્ઞાનની વાત જ શી કરવી. અર્થાત્ સંકલ્પ-વિકલ્પ હોય ત્યાં સુધી આત્મજ્ઞાન ન જ થાય. (૨૦)

*યદિદં તદિતિ ન વક્તું સાક્ષાદ્ ગુરુણાપિ હેત શક્યેત્ ।*
*ઔદાસીન્યપરસ્ય પ્રકાશતે તત્સ્વયં તત્ત્વં. ॥૨૧॥*

જે પરમતત્ત્વ તે 'આ' એમ કહેવાને સાક્ષાત્ ગુરુ પણ શક્તિમાન નથી, તે તત્ત્વ ઔદાસીન્યતામાં તત્પર રહેલા યોગીને પોતાની મેળે પ્રગટ થાય છે.

*એકાંતેઽતિપવિત્રે રમ્યે દેશે સદા સુખાસીનઃ ।*
*આચરણાગ્ર શિખાગ્રચ્છિથિલિભૂતાખિલાવયવઃ ॥૨૨॥*

*રૂપં કાંતં પશ્યન્નપિ શૃણ્વન્નપિ ગિરં કલમનોજ્ઞામ્ ।*
*જિઘ્રન્નપિ ચ સુગંધીન્યપિ ભુંજાનો રસાસ્વાદં ॥૨૩॥*

*ભાવાન્ સ્પૃશન્નપિ મૃદુન્નવારયન્નપિ ચ ચેતસો વૃત્તિમ્ ।*
*પરિકલિતૌદાસી યઃ પ્રણષ્ટવિષયભ્રમો નિત્યં ॥૨૪॥*

*બહિરંતશ્ચ સમંતાત્ ચિંતાચેષ્ટાપરિચ્યુતો યોગી ।*
*તન્મયભાવં પ્રાપ્તઃ કલયતિ ભૃશમુન્મની ભાવં ॥૨૫॥*

*ચતુર્ભિઃ કલાપકમ્*

એકાંત (નિર્જન) પવિત્ર અને રમણીય પ્રદેશમાં સુખસાને બેસી, પગના અંગુઠાથી મસ્તકના અગ્ર ભાગ પર્યંતનાં સમગ્ર અવયવોને શિથિલ કરી. (૨૨)

મનોહરરૂપને જોતી, સુંદર મનોજ્ઞ વાણીને સાંભળતી, સુગંધી પદાર્થોને સુંઘતી રસના આસ્વાદને લેતી. (૨૩) અને કોમળ પદાર્થોને સ્પર્શતી મનની વૃત્તિઓને નહિ વારતાં છતાં પણ ઉદાસીન્યતામાં ઉપયુક્ત નિરંતર વિષયાસકિત વિનાનો. (૨૪) અને બાહ્ય તથા અંતરથી સર્વથા ચિંતા અને ચેષ્ટા રહિત થયેલો યોગી, તન્મય ભાવને પ્રાપ્ત થઈ, અત્યંત ઉન્મનીભાવને ધારણ કરે છે. (૨૫)

*ગૃહ્ણતિ ગ્રાહ્યાણિ સ્વાનિ સ્વાનીંદ્રિયાણિ નો રુંધ્યાત્ ।*
*ન ખલુ પ્રવર્તયેદ્વા પ્રકાશતે તત્વમચિરેણ ॥૨૬॥*

પોતપોતાના વિષયને ગ્રહણ કરતી ઈન્દ્રિયોને રોકવી નહિ અથવા ઈન્દ્રિયોને વિષયો પ્રત્યે પ્રેરવી નહિ એમ કરતાં થોડા વખતમાં તત્ત્વ પ્રગટ થાય છે. (૨૬)

***ચેતોડપિ યત્ર યત્ર પ્રવર્તતે નો તતસ્તતો વાર્યં ।***
***અધિકીભવતિ હિ વારિતમવારિમં શાંતમુપયાતિ ॥૨૭॥***

***મદમત્તો હિ નાગો વાર્યમાણોપ્યધિકી ભવતિ યદ્વત્ ।***
***અનિવારિતસ્તુ કામાંલ્લબ્ધ્વા શામ્યતિ મનસ્તદ્વત્ ॥૨૮॥***

મન પણ જે જે ઠેકાણે પ્રવર્તતું હોય તે તે ઠેકાણેથી તેને પાછું વાળવું નહિ, કેમકે વારવાથી તે અધિક દોડ્યા કરે છે અને તેને ન રોકવાથી શાંત થઈ જાય છે. (૨૭) જેમ મદોન્મત્ત હાથીને વારતાં પણ તે અધિક થાય છે (વિશેષ પ્રેરાય છે) અને જ્યારે તેને રોકવામાં નથી આવતો ત્યારે તે પોતાને જોઈતા વિષયને મેળવીને-પામીને શાંત થઈ જાય છે. તેમ મનને પણ વારવાથી અધિક થાય છે અને ન વારવાથી પોતાના જોઈતા વિષયને મેળવીને શાંત થાય છે (૨૮)

અહીંયા મન જ્યાં જાય છે તેના દૃષ્ટા રહેવાની વાત કરવામાં આવી છે. દ્રષ્ટા રહેવાથી મન પછી મનગમતા વિષયો તરફ નહીં જતાં સ્થિર થઈ જશે. એકાગ્ર થઈ જશે. (૨૭, ૨૮)

***યર્હિ યથા યત્ર યતઃ સ્થિરોભવતિ યોગિનશ્ચલં ચેતઃ ।***
***તર્હિ તથા તત્ર તતઃ કથંચિદપિ ચાલયેન્નૈવ ॥૨૯॥***

*અનયા યુકત્યાભ્યાસં વિદધાનસ્યાતિલોલમપિ ચેતઃ ।*
*અંગુલ્યગ્રસ્થાપિતદંડ ઈવ સ્થૈર્યમાશ્રયતિ ॥૩૦॥*

જ્યારે જેમ જે ઠેકાણે જેનાથી, યોગીનું ચપળ ચિત્ત સ્થિર થાય ત્યારે, તેમ તે ઠેકાણે, તેનાથી જરાપણ ચલાવવું નહિ. (૨૯) આ યુક્તિએ અભ્યાસ કરનારનું મન ઘણું ચપળ હોય તોપણ અંગુલી ના અગ્રભાગ ઉપર સ્થિર કરેલા દંડની માફક સ્થિરતાનો આશ્રય કરે છે. સ્થિર થાય છે. (૩૦)

*નિઃસૃત્યાદૌ દૃષ્ટિઃ સલીના યત્ર કુત્ર ચિત્સ્થાને ।*
*તત્રાસાદ્ય સ્થૈર્યં શનૈઃ શનૈર્વિલયમાપ્નોતિ ॥૩૧॥*

*સર્વત્રાપિ પ્રસુતા પ્રત્યગ્ભૂતા શનૈઃ શનૈર્દૃષ્ટિઃ ।*
*પરતત્ત્વામલમુકુરે નિરીક્ષતે હ્યાત્મનાત્માનમ્ ॥૩૨॥*

દૃષ્ટિ પ્રથમ નીકળીને ગમે તે સ્થાને લીન થાય ત્યાં સ્થિરતા પામીને, હળવે હળવે ત્યાં વિલય પામે છે. પાછી હઠે છે (૩૧) એમ સર્વ ઠેકાણે ફેલાયેલી અને ત્યાંથી હળવે હળવે પાછી હઠેલી દૃષ્ટિ પરમ તત્ત્વરૂપ નિર્મળ આરિસામાં આત્મા વડે આત્માને જુએ છે.

આને આ પ્રમાણે સમજાવી શકાય :

'હૈ દિલમે, દિલદાર સહી
અખીય ઊલટી કરતા હીં દીખૈ એ.'

એટલે દીલદાર-પરમાત્મા પોતામાં જ છે. તેને આંખો ઊલટાવીને (દિવ્ય ચક્ષુ વડે) જોઈ લેવો. બાહ્યદૃષ્ટિને ઊલટાવીને અંતર્મુખ દૃષ્ટિ કરતાં પોતાનાથી પોતાને પોતામાં જોઈ શકાય છે.

*ઔદાસીન્યનિમગ્નઃ પ્રયત્નપરિવર્જિતઃ સતતમાત્મા ।*
*ભાવિતપરમાનંદઃ ક્વચિદપિનમનો નિયોજયતિ ॥૩૩॥*

*કરણાનિ નાધિતિષ્ઠંત્યુપેક્ષિતં ચિત્તમાત્મના જાતુ ।*
*ગ્રાહ્યે તતો નિજનિજે કરણાન્યપિ ન પ્રવર્તતે ॥૩૪॥*

*નાત્મા પ્રેરયતિ મનો ન મનઃ પ્રેરયતિ ન યર્હિ કરણાનિ ।*
*ઉભયભ્રષ્ટ તર્હિ સ્વયમેવ વિનાશમાપ્નોતિ ॥૩૫॥*

*નષ્ટં મનસિ સમંતાત્ સકલં વિલયં સર્વતો યાતે ।*
*નિષ્કલમુદેતિ તત્ત્વં નિર્વાતસ્થાયિદીપવત્ ॥૩૬॥*

નિરંતર ઉદાસીનતામાં મગ્ન થયેલા; પ્રયત્ન વિનાના અને પરમાનંદદશાની ભાવના કરતા આત્માએ, કોઈપણ ઠેકાણે મનને જોડવું-પ્રેરવુ નહિ. (૩૩) આ પ્રમાણે થવાથી આત્મા વડે ઉપેક્ષા કરાયેલું મન, કોઈ વખત ઈન્દ્રિયોનો આશ્રય કરતું નથી અને મનના આશ્રય વિના ઈન્દ્રિયો પોતે પોતાના વિષયો પ્રત્યે પ્રવર્તી શકતી નથી. (૩૪) જ્યારે આત્મા મનને પ્રેરણા કરતો નથી, અને મન જ્યારે ઈન્દ્રિયોને પ્રેરણા કરતું નથી ત્યારે બેઉ તરફથી ભ્રષ્ટ થયેલું મન પોતાની મેળે જ વિનાશ પામે છે. (૩૫) મનને વિષે પ્રેરક પ્રેર્યતાભાવ બન્ને બાજુથી નષ્ટ થયે છતે, તથા ચિંતા, સ્મૃત્યાદિ વ્યાપાર સર્વથા વિલય થયે, વાયરા વિનાના સ્થાનમાં રહેલા દિપકની માફક નિષ્કલ-કર્મની કળા વિનાનું તત્ત્વ ઉદય થાય છે. અર્થાત્ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. (૩૬)

*અંગમૃદુત્વનિદાનં સ્વેદનમર્દન વિવર્જનેનાપિ ।*
*સ્નિગ્ધકરણતૈલં પ્રકાશમાનં દિ તત્ત્વમિદં ॥૩૭॥*

*અમનસ્કતયા સંજાયમાનયા નાશિતે મનઃશલ્યે ।*
*શિથિલીભવતિ શરીરં છત્રમિવ સ્તબ્ધતાં ત્યક્ત્વા ॥૩૮॥*

*શલ્યીભૂતસ્યાતઃ કરણસ્ય ક્લેશદાયિનઃ સતતં ।*
*અમનસ્કતાં વિનાન્યત્ વિશલ્યકરણોષધં નાસ્તિ ॥૩૯॥*

જ્યારે આ તત્ત્વ પ્રકાશમાન થાય છે ત્યારે સ્વેદન (પરસેવો) થયા વિના અને મર્દન કર્યા સિવાય પણ કારણ વિના શરીર કોમળ (સુવાળું) થાય છે. અને તૈલ વિના સ્નિગ્ધ થાય છે. (આ તત્ત્વજ્ઞાન પ્રાપ્તિની નિશાની છે) (૩૭) અમનસ્કભાવ-ઉન્મનીભાવ ઉત્પન્ન થવા વડે કરી, મનનું શલ્ય નાશ પામ્યે,

છત્રીની માફક, સ્તબ્ધતાનો ત્યાગ કરી, શરીર શિથિલ થાય છે. (૩૮) શલ્યરૂપ અને નિરંતર કલેશ આપનાર અંતઃકરણનું શલ્યરહિત કરવાનું. અમનસ્કતા ઉન્મનીભાવ સિવાય બીજું કોઈ ઔષધ નથી. (૩૯)

***કદલીવચ્ચાવિદ્યા લોલેંદ્રિયપત્રકા મનઃ કંદા ।***
***અમનસ્કફલે દૃષ્ટે નશ્યતિ સર્વ પ્રકારેણ ॥૪૦॥***

ચપળ ઈન્દ્રિયરૂપ પત્રોવાળી અને મનરૂપ સ્કંધવાળી અવિદ્યારૂપ કેળ, અમનસ્કતારૂપ ફળ દેખતાં જ, સર્વ પ્રકારે નાશ પામે છે.

કેળને ફળો આવ્યા પછી કાપી નાખવામાં આવે છે કારણ કે તેમાં ફરી ફળો આવતાં નથી તેવી જ રીતે પાંદડા તથા સ્કંધરૂપ ઈન્દ્રિય અને અજ્ઞાન મિથ્યાત્વરૂપ કેળ અમનસ્કતારૂપ ફળ દેખ્યા પછી નાશ પામે છે. (૪૦)

***અતિચંચલમતિસૂક્ષ્મ સુદુર્લભ વેગવત્તયા ચેતઃ ।***
***અશ્રાંતમ પ્રમાદાદડમનસ્ક શલાકયા ભિંદ્યાત્ ॥૪૧॥***

અતિ ચપળ, અતિ સૂક્ષ્મ અને વેગવાન હોવાથી દુઃખે રોકી શકાય તેવા મનને, વિશ્રામ લીધા સિવાય અને પ્રમાદ રહિત થઈ અમનસ્કરૂપ શલાકા-સળી વડે કરી ભેદી નાખવું, વિંધી નાખવું, છેદી નાખવું, નાશ કરવું. (૪૧)

***વિશ્લિષ્ટમિવ પ્લુષ્ટમિવોડ્ડીનમિવ પ્રલીનમિવ કાયં ।***
***અમનસ્કોદયસમયે યોગી જાનાત્યડસત્કલ્પં ॥૪૨॥***

***સમદૈરિંદ્રિયભુજગૈ રહિતે વિમનસ્કનવસુધાકુંડે ।***
***મગ્નોડનુભવતિ યોગી પરામૃતાસ્વાદમસમાનં ॥૪૩॥***

***રેચકપુરક કુંભક કરણાભ્યાસક્રમં વિનાપિ ખલુ ।***
***સ્વયમેવ નશ્યતિ મરુત્ વિમનસ્કે સત્યડયત્નેન ॥૪૪॥***

***ચિરમાહિતપ્રયત્નૈરપિ ધર્તું યો હિ શકયતે નૈવ ।***
***સત્યેડમનસ્કે તિષ્ઠતિ સ સમીરસ્તત્ક્ષણાદેવ ॥૪૫॥***

*યાતેઽભ્યાસે સ્થિરતામુદયતિ વિમલે ચ નિષ્કલે તત્વે ।*
*મુક્ત ઈવ ભાતિ યોગી સમૂલમુન્મલિતશ્વાસઃ ॥૪૬॥*

અમનસ્કના ઉદય વખતે, યોગી પોતાના શરીરને વિખરાઈ ગયું હોય, બળી ગયું હોય, ઊડી ગયું હોય, કે વિલય થઈ ગયું હોય તેમ અવિદ્યમાનપણે જાણે છે. અર્થાત્ પોતાની પાસે શરીર નથી તેમ જાણે છે,. (૪૨) મદોન્મત્ ઈન્દ્રિયરૂપ સર્પ વિનાના, ઉન્મનીભાવરૂપ નવીન અમૃતના કુંડમાં મગ્ન થયેલો યોગી અસદશ અને ઉત્કૃષ્ટ તત્ત્વામૃતના આસ્વાદને અનુભવે છે. (૪૩) અમનસ્કતાની પ્રાપ્તિ થયે છતે, રેચક, પૂરક, કુંભક અને આસનના અભ્યાસ ક્રમ વિના પણ પ્રયત્ન વિના પોતાની મેળે જ પવન નાશ પામે છે. (૪૪) ઘણા લાંબા વખત સુધી પ્રયત્ન કરવા વડે કરીને વાયુ ધારી શકાતો નથી (સ્થિર કરી શકાતો નથી) તે વાયુ ઉન્મનીભાવની પ્રાપ્તિથી તત્કાળ એક ઠેકાણે રોકાઈ રહે છે. (૪૫) આ અભ્યાસમાં સ્થિરતા પ્રાપ્ત થયે છતે અને નિર્મળ તથા કર્મજાળ વિનાનું તત્ત્વ ઉદય પામ્યે છતે, મૂલથી શ્વાસનું ઉન્મૂલન કરી, યોગી મુક્ત થયેલાની માફક શોભે છે. (૪૬)

*યો જાગૃદવસ્થાયાં સ્વસ્થઃ સુપ્ત ઇવ તિષ્ઠતિ લયસ્થઃ ।*
*શ્વાસોચ્છ્વાસવિહીનઃ સ હીયતે ન ખલુ મુક્તિજુષઃ ॥૪૭॥*

*જાગરણ સ્વપ્નજુષો જગતીતલવર્તિનઃ સદા લોકાઃ ।*
*તત્ત્વવિદો લયમગ્ના નો જાગ્રતિ શેરતે નાપિ ॥૪૮॥*

*ભળતિ ખલુ શૂન્યભાવઃ સ્વપ્ને વિષયગૃહશ્વ જાગરણે ।*
*એતદ્દ્વિતીયમતીત્યાઽઽનંદમયવંસ્થિતં તત્ત્વં ॥૪૯॥*

જાગૃત અવસ્થામાં આત્મભાવમાં રહેલો યોગી લય અવસ્થામાં ધ્યાનથી એક સ્થિતિમાં સૂતેલાની માફક રહે છે. તે લય અવસ્થામાં શ્વાસોચ્છ્વાસ વિના સિદ્ધના જીવોથી તે યોગી કાંઈ ઊતરતો નથી. (૪૭) આ પૃથ્વી તલ ઉપર રહેવાવાળા લોકો, નિરંતર જાગૃત અને સ્વપ્નઅવસ્થા અનુભવે છે, પણ લય અવસ્થામાં મગ્ન થયેલા તત્ત્વજ્ઞાનીઓ જાગતા પણ નથી અને સૂતા પણ નથી. (૪૮) સ્વપ્નદશામાં ખરેખર શૂન્યભાવ હોય છે, અને જાગૃતદશામાં જાગવા

પછી પાંચ ઈન્દ્રિયોના વિષયોનું ગ્રહણ થાય છે. આ બેઉ અવસ્થાને ઓળંગીને આનંદમય તત્ત્વ રહેલું છે. (૪૯)

*કર્માણ્યપિ દુઃખકૃતે નિષ્કર્મત્વં સુખાય વિહિતં તુ ।*
*ન તતઃ પ્રયતેત કથં નિઃકર્મત્વે સુલભમોક્ષે ॥૫૦॥*

*મોક્ષોઽસ્તુ માસ્તુ યદિ વા પરમાનંદસ્તુ વેદ્યતે સ ખલુ ।*
*યસ્મિન્નિખિલસુખાનિ પ્રતિભાસંતે ન કિંચિદિવ ॥૫૧॥*

*મધુ ન મધુરં નૈત શીતાસ્ત્વિષસ્તુહિનદ્યુતે ।*
*રમૃતમમૃતં નાનૈવાસ્યા ફલે તુ મુધા સુધા ॥*
*તદલમમુના સંરભેણ પ્રસીદ સખે મનઃ ।*
*ફલમવિકલં ત્વય્યેવૈતત્ પ્રસાદમુપેયુષઃ ॥૫૨॥*

કર્મો દુઃખને માટે છે અર્થાત્ કર્મોથી દુઃખ થાય છે અને કર્મરહિત થવું તે સુખને માટે છે એમ તમે જાણ્યું તો નિષ્કર્મરૂપ સુલભ મોક્ષમાર્ગને વિષે શા માટે પ્રયત્ન કરતા નથી ? (૫૦) મોક્ષ થાઓ અથવા ન થાઓ પણ ધ્યાનથી થતો પરમાનંદ તો અહીં ખરેખર ભોગવીએ છીએ. જે પરમાનંદની આગળ આ દુનિયાના સમગ્ર સુખ એક તૃણની માફક પ્રતિભા સમાન થાય છે. (૫૧) આ ઉન્મનીભાવના ફળ આગળ મધ તે મધુર નથી. આ ચંદ્રમાની ક્રાંતિ તે શીતળ નથી અમૃત તે નામ માત્ર અમૃત છે. અને સુધા તો ફોગટ છે. માટે હે મન મિત્ર ! આ (નાશ ભાગના) પ્રયાસથી સર્યું. મારા ઉપર તુ પ્રસન્ન થા; કેમકે આ તત્ત્વજ્ઞાનનું નિર્દોષ ફળ મેળવવું તે તારા પ્રસન્ન થવા થકી જ મળી શકે તેમ છે. (૫૨)

*સત્યેતસ્મિન્નરતિરતિદં ગૃહ્યતે વસ્તુ દૂરા ।*
*દપ્યાસન્નેપ્યસતિ તુ મનસ્યાપ્યતે નૈવ કિંચિત્ ॥*
*પુંસામિત્યપ્યવગતવતામુન્મનીભાવહેતા*
*વિચ્છા વાઢં ન ભવતિ કથં સદ્ગુરુપાસનાયાં ॥ ૫૩ ॥*

સદ્ગુરુની ઉપાસના કરવાથી, અરતિને આપવાવાળી વ્યાઘ્રાદિ વસ્તુ અને

રતિને આપવાવાળી વનિતાદિ વસ્તુઓને મનુષ્યો દૂરથી પણ ગ્રહણ આ સ્વાધીન કરી શકે છે. તે જ મનુષ્યો સદ્‌ગુરુની ઉપાસના અભાવે નજીક રહેલી વસ્તુ પણ ગ્રહણ કે સ્વાધીન કરી શકતા નથી. આવું જાણવા છતાં, ઉન્મની ભાવના હેતુભૂત સદ્‌ગુરુની ઉપાસના સંબંધમાં મનુષ્યોને પોતાના વિષે ગાઢ-અત્યંત ઈચ્છા કેમ થતી નથી. (૫૩)

*તાંસ્તાનાપરમેશ્વરાદપિ પરાન્ ભાવૈઃ પ્રસાદં નયં-*
*સ્તૈસ્તૈસ્તદુપાયમૂઢ ભગવન્નાત્મન્ કિમાયાસ્યસિ ॥*
*હંતાઽત્માનમપિ પ્રસાદય મનાગ્યનાસતાં સંપદઃ-*
*સામ્રાજ્યં પરમેઽપિ તેજસિ તપ પ્રાજ્યં સમુજ્જૃમ્ભતે ॥૫૪॥*

હે ઉપાયમૂઢ ! હે ભગવાન્ ! હે આત્મન્ ! ધન યશાદિને તે પ્રકારના ભાવે કરી આ પરમેશ્વરથી લઈ અપર દેવી દેવતાં પ્રમુખને પ્રસન્ન કરતો શા માટે પ્રયાસ કરે છે ? અરે આત્માને તું થોડો એક પ્રસન્ન કર તેથી આ પુદ્‌ગલિ સંપદા તો દૂર રહો, અર્થાત્ તે તો મળશે જ પણ પરમ તેજ પરમાત્મા તેનું મહાન સામ્રાજ્ય પણ તને મળશે. (૫૪)

*યા શાસ્ત્રાત્સુગુરોર્મુખાદનુભવાચ્ચાજ્ઞાપિ કિંચિત્ક્વચિત્ ।*
*યોગસ્યોપનિષદ્ વિવેકપરિપશ્ચેતચ્ચેમત્કારિણી ॥*
*શ્રી ચૌલુક્યકુમારાપાલનૃપતેરત્યર્થમભ્યર્થનાદ્ ।*
*આચાર્યેણ નિવેષિતા પથિગિરાં શ્રી હેમચંદ્રેણ સા ॥૫૫॥*

વિવેકી પર્ષદાના ચિત્તને ચમત્કાર કરવાવાળી યોગશાસ્ત્રની ઉપનિષદ્ યોગ સંબંધી રહસ્ય જે શાસ્ત્રથી સદ્‌ગુરુના મુખથી અને અનુભવથી કાંઈક કોઈ ઠેકાણે મેં જાણી તે શ્રીમાન ચૌલુક્ય વંશના કુમારપાળ રાજાની અત્યંત પ્રાર્થનાથી આચાર્ય શ્રીમાન્ હેમચંદ્રે વાણીના માર્ગમાં સ્થાપના કરી અર્થાત્ શાસ્ત્ર દ્વારા પ્રકાશિત કરી. (૫૫)

॥ ૐ ॥ અસ્તુ

*

* *

શ્રી રાજ-સૌભાગ-સત્સંગ મંડળ

સાયલા

મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ, મ્યુનિ. સ્કૂલ પાસે, નારણપુરા ગામ, અમદાવાદ-૧૩. ફોન : ૭૪૯૧૬૨૭